વર્ષ : ૬૧ ■ અંક : ૧૧ ■ તા.૧-૬-૨૦૨૧

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક




## તાઉતેનો ગુજરાતે કર્યો તાકાતથી મુકાબલો...

### રાહત સહાય માટે રૂ. ૧૦૦૦ કરોડની વડાપ્રધાનશ્રીની જાહેરાત

# મ્યુકરમાઈકોસિસ : સજ્જતા અને સમજદારી





**મ્યુકરમાઈકોસિસનાં દર્દીઓને Amphotericin Bનાં ઈન્જેક્શન પડતર કિંમતે મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા વ્યવસ્થા:**
**અત્યાર સુધી મેડિકલ કોલેજો/જનરલ હોસ્પિટલ/કોર્પોરેશન સંચાલિત દવાખાનાઓને ૨૦૭૦૦થી વધુ ઈન્જેક્શન ઉપલબ્ધ કરાવ્યાં**

**રાજ્યની ૧૪ સરકારી હોસ્પિટલ અને GMERS મેડિકલ કોલેજોમાં સ્પેશિયલ વોર્ડ શરૂ કરાયા**

## મ્યુકરમાઈકોસિસનાં લક્ષણો શું છે?

- કોવિડ-૧૯ના દર્દીઓ પોઝિટિવ હોય ત્યારે અથવા કોવિડમુક્ત થયા પછી મ્યુકરમાઈકોસિસ થઈ શકે છે.
- નાક બંધ થઈ જવું, નાકમાંથી લોહી અથવા ભૂખરું કે કાળું પ્રવાહી નીકળવું, દુખાવો થવો, શ્વાસ ચઢવો.
- ચહેરા પર સોજો આવવો, દુખાવો થવો અથવા ચામડીનો અમુક ભાગ નિષ્ક્રીય થઈ જવો.
- માથામાં અલગ અલગ જગ્યાએ દુખાવો થવો.
- દાંત, પેઢા અથવા જડબામાં દુખાવો થવો.
- આંખમાં દુખાવો થવો, દૃષ્ટિ ધૂંધળી થઈ જવી, તાવ આવવો, ચામડી ફાટી જવી કે લોહી ગંઠાઈ જવું અને સાંધામાં દુખાવો થવો.
- તાવ, શરદી, છાતીમાં દુખાવો, ફેફસાં નબળાં પડવાં.

## મ્યુકરમાઈકોસિસની અસરથી કેવી રીતે બચી શકાય?

- મ્યુકરમાઈકોસિસની અસર થવા પાછળનું મુખ્ય કારણ અનિયંત્રિત ડાયાબિટીસ છે. તેથી કોવિડ સંક્રમિત વ્યક્તિની સાર સંભાળ વખતે લોહીમાં ગ્લુકોઝનું યોગ્ય સંતુલન જાળવવું જરૂરી છે.
- ઓક્સિજનની કમી વાળા દર્દીઓને યોગ્ય માત્રામાં જ સ્ટીરોઈડ આપવામાં આવે તે જરૂરી છે.
- જો સ્ટીરોઈડ આપવું જ પડે તેમ હોય તો બ્લડ સુગર ખાસ ચેક કરતા રહેવું.
- કોવિડના દર્દીને રજા આપવામાં આવે ત્યારે તેમને મ્યુકરમાઈકોસિસના પ્રારંભિક લક્ષણો અંગે સાવધ કરવા જોઈએ.

## મ્યુકરમાઈકોસિસનું નિદાન કેવી રીતે કરવું?

- શંકાસ્પદ દર્દીનું તાત્કાલિક CT-સ્કેન કરાવવું જોઈએ. તેના ROCM તથા મગજ સહિતના MRI-PNS ટેસ્ટ કરવા જરૂરી છે.
- માઈક્રોસ્કોપી અને બાયોપ્સી માટે કાન-નાક-ગળાના નિષ્ણાતની સલાહ લેવી.
- છાતીનો એક્સ-રે અને/અથવા HRCTમાં ફેફસાંમાં નાની-નાની ગાંઠ જોવા મળે અથવા ઇન્ફેક્શન જોવા મળે તો મ્યુકરમાઈકોસિસ હોઈ શકે છે.
- ગેલેક્ટોમેનન અને બીટા-ગ્લુકન ટેસ્ટ સતત નેગેટિવ આવવો એ પણ પલ્મોનરી મ્યુકરમાઈકોસિસનું એક લક્ષણ હોઈ શકે.

## મ્યુકરમાઈકોસિસ અંગેની સાચી સમજ

- મ્યુકોરલ્સ કાળા કલરની ફંગસ નથી: કાળી ફંગસ જુદાં જુદાં પ્રકારની હોય છે.
- મ્યુકરમાઈકોસિસ સંસર્ગજન્ય નથી: ચેપી નથી.
- તે ઓક્સિજીનેશન, ભેજયુક્ત હવા અને પાણી દ્વારા ફેલાતો નથી, ફંગસ બંધિયાર અને ખુલ્લા વાતાવરણમાં પણ હોય છે. તે શ્વસનતંત્રમાં હવા વડે પ્રવેશી શકે છે.
- જો કોઈ કોવિડ સંક્રમિત વ્યક્તિમાં આવી ફંગસનું પ્રમાણ ૧૦ ટકાથી વધુ ન હોય તો કોઈપણ પ્રકારની એન્ટિ ફંગસ દવા આપવી જરૂરી નથી.

Gujarat
The Reliable fortnightly of Gujaratis
Year : 61 ■ Issue : 11 ■ Date 1-6-2021

**તંત્રી** : અશોક કાલરીયા
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**કાર્યવાહક તંત્રી** : પુલક ત્રિવેદી
**સંપાદક** : મિનેશ ત્રિવેદી
**સહસંપાદક** : દેવાંગ મેવાડા, હર્ષદ રૂપાપરા
**કલાનિર્દેશક** : જસ્મીન દવે
**વિતરણ** : જયેશ દવે, ઇશ્વર ઠાકોર

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ** : ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૨, ૦૭૯-૨૩૨૫૩૪૪૦
**ઈ-મેઇલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com
**ફેસબુક લીંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૪૪૧૨

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

72 + 4 Cover = Total 76 Pages

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત

આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
www.gujaratinformation.gujarat.gov.in

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઈ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેઇલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.


# શબ્દશઃ



- રાજ્ય સરકારના આગોતરા આયોજન, સમયસૂચક વ્યવસ્થાઓ અને ટીમ ગુજરાતની દિવસ-રાત કામગીરીને પગલે વાવાઝોડામાંથી મોટી હાનિ વગર ગુજરાત પાર ઉતર્યું.
- તાઉતે વાવાઝોડાથી પ્રભાવિત રાજ્યના ધરતીપુત્રો કૃષિ સહાય પેકેજ દ્વારા ઝડપભેર બેઠા થઈ પૂર્વવત સ્થિતિ મેળવશે.
- રાજ્ય સરકારે પહેલીવાર હેક્ટરદીઠ મહત્તમ રૂ. એક લાખની ઐતિહાસિક સહાય આપવાનો નિર્ણય કર્યો છે.
- રાજ્યમાં તમામ ગામો-રસ્તાઓ પૂર્વવત થયા છે, હવે કોઈ ગામ ડિસકનેક્ટેડ રહ્યું નથી.
- તાઉતે વાવાઝોડાથી અસરગ્રસ્ત સવા બે લાખ લોકોને રૂ.૧૦ કરોડ કેશડોલ્સ ચૂકવાઈ.
- બાગાયતી પાકોના ધરાશયી વૃક્ષોના પુનઃ-સ્થાપનનો રાજ્ય સરકારનો નવતર અભિગમ 'ઝાડ પડી ગયું છે ત્યાં જ ઝાડ'.
- પ્રથમવાર કૃષિ વૈજ્ઞાનિકો ફિલ્ડમાં જઈ બાગાયતી વૃક્ષોના પૂનઃ સ્થાપન માટેનું માર્ગદર્શન આપશે.
- રાજ્ય સરકારના સમગ્ર વહીવટી તંત્રએ ખૂબ જ ટૂંકાગાળામાં સર્વે, રિસ્ટોરેશન વગેરે કામગીરી કરીને ક્યારેય ન થઈ હોય તેવી અભૂતપૂર્વ ઝડપે કાર્યની સિદ્ધિ મેળવી છે.
- મ્યુકરમાઈકોસિસ રોગીઓની સારવાર માટે અલગ વોર્ડ તથા પૂરતા પ્રમાણમાં ઈન્જેકશન મળી રહે તેની પણ રાજ્ય સરકારે ચિંતા કરી છે.
- છેલ્લા બે મહિનામાં ગુજરાતની હોસ્પિટલ્સમાં વધુ બે લાખ બેડ ઊભા કરાયા.

(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યોના સંકલિત અંશો)



20 કવર સ્ટોરી **તાઉતેનો ગુજરાતે કર્યો તાકાતથી મુકાબલો...**

6 **સંવાદ**
મન કી બાત

10 **ત્વરીત પગલાં**
તાઉતે વાવાઝોડાથી થયેલી નુકસાનીનો સરવે યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવ્યો : CM

14 **રાહત પેકેજ**
વાવાઝોડા અસરગ્રસ્ત વિસ્તારોના ખેડૂતો માટે ૫૦૦ કરોડ રૂપિયાનું કૃષિ રાહત પેકેજ જાહેર

15 **આરોગ્ય સુખાકારી**
ગાંધીનગરમાં ૯૦૦ બેડની કોવિડ હોસ્પિટલ સંપૂર્ણ સજ્જ

16 **માર્ગદર્શન**
સતર્કતા, તકેદારી અને સમયસર સારવારથી મ્યુકરમાઇકોસિસ સામે રક્ષણ મળે છે - અમિતસિંહ ચૌહાણ

19 **સતર્કતા**
કોરોનાની બીજી લહેર સામે નિર્ણાયક જીતની દિશામાં ગુજરાતની આગેકૂચ

32 **અગમચેતી**
તાઉતે વાવાઝોડા સામે નિર્ણાયક સરકારના સફળ આયોજનથી નાગરિકો સલામત

36 **વ્યવસ્થાપન**
તાઉતે સામે બાથ ભીડી ઝડપથી પુનઃ ધબકતું થયું ગુજરાત

45 **ગૌરવ**
ગુજરાત કોરોનાકાળમાં સતત બીજા વર્ષે વિદેશી રોકાણ આકર્ષવામાં દેશમાં પ્રથમ ક્રમે

46 **નિર્ણાયકતા**
તાઉતે વાવાઝોડા દરમિયાન આગોતરા આયોજન, અગમચેતી, સહિયારા સક્રિય પ્રયત્નો અને લોકસહકારનો ચોપાંખીયો વ્યૂહ

53 **વિશેષ**

54 **સૌનો સાથ**
સંકટ સમયે સૌના સહકારથી સેવાકાર્યોની મહેક ફેલાવતી રાજ્યની સંસ્થાઓ

58 **નિર્ણય**

62 **આસપાસ**

64 **સમાચાર વિશેષ**

67 **સંભાળ**
"મુખ્યમંત્રી બાલ સેવા યોજના" ની મહત્વપૂર્ણ જાહેરાત

68 **વિકાસપથ**
અમદાવાદમાં રૂ. ૫૮૫ કરોડના વિકાસ કામોના ઇ-લોકાર્પણ-ખાતમુહૂર્ત

70 **અભિયાન**
શહેરોને કોરોનામુક્ત બનાવવા 'મારો વોર્ડ, કોરોનામુક્ત વોર્ડ' અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ

- ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા શિક્ષણનો સેવા યજ્ઞ - દેવાંગ મેવાડા

73 **નવતર**
રાજકોટમાં '૭ લેયર' માસ્કનું માસ પ્રોડક્શન - રાજકુમાર



74 **પ્રેરણા**
"માનવસેવા ટ્રસ્ટ"ની માનવ સેવા ભૂખ્યાને ભોજન દર્દીઓને દવા-સારવાર - હિમાંશુ ઉપાધ્યાય



# આગોતરા નક્કર આયોજન સાથે તાઉતેનો તાકાતથી મુકાબલો

આફતનો મક્કમતાથી સામનો કરવાની ગુજરાતીઓની પ્રકૃતિ છે. આગોતરા આયોજન દ્વારા ગુજરાત અનેક કુદરતી હોનારતો સામે સાંગોપાંગ ઉભરી શક્યું છે. ગુજરાત એના ખમીર અને ખુમારી માટે જગપ્રસિદ્ધ છે. જ્યાં મનસૂબા મજબૂત હોય ત્યાં મુસીબતના હાથ પણ હેઠા પડે. ગુજરાતે પાછલા કેટલાક દિવસોમાં અનેક મુસીબતો સામે સંપૂર્ણ તાકાતથી ઝીંક ઝીલી છે. પછી તે તાઉતે વાવાઝોડું હોય કે કોરોના મહામારી.

તાઉતે વાવાઝોડાએ ગુજરાત પર કેર વર્તાવવાનો પ્રયત્ન કર્યો પરંતુ રાજ્યના આગોતરા આયોજન અને લોકોના સહિયારા પ્રયાસોથી મોટી હોનારતને ટાળવામાં સફળતા મળી. છેલ્લી એક સદીમાં આવેલાં સૌથી ભયાનક તાઉતે વાવાઝોડાએ રાજ્યનાં 12 જિલ્લાઓમાં ભયાનક વિનાશ વેર્યો. માનવ ખુવારીથી માંડીને કૃષિ સહિત જાનમાલનું નુકસાન થયું. જોકે મુખ્યમંત્રીશ્રીના સમયસરના માર્ગદર્શન અને આગોતરા આયોજનથી રાજ્ય સરકારે વાવાઝોડા પહેલાં સ્થળાંતર કરાવીને જાનહાની ઓછી થાય તેવી ઉત્કૃષ્ઠ કામગીરી કરી છે. વાવાઝોડા બાદ સમયસર રાહત અને બચાવ કાર્ય શરૂ કરીને જનજીવન ફરી પૂર્વવત કરવાની દિશામાં પરિણામલક્ષી પગલાં ભરવા ઉપરાંત નુકસાનીનો સરવે કરાવી આર્થિક સહાય પૂરી પાડવા સુધીની કામગીરી ઝડપથી કરવામાં આવી.

રાજ્યના નિર્ણાયક મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી સતત બે દિવસ મોડી રાત સુધી કંટ્રોલ રૂમમાં પરિસ્થિતિ ઉપર ચાંપતી નજર રાખી વહીવટીતંત્રને માર્ગદર્શન આપતા રહ્યા હતા. વડાપ્રધાનશ્રી દ્વારા રાજ્ય સરકારને રૂ.1 હજાર કરોડનું સહાય પેકેજ આપવામાં આવ્યું, ઉપરાંત રાજ્ય સરકારે પણ ખેડૂતો માટે અલગથી રૂ.500 કરોડનું પેકેજ જાહેર કર્યું, રાજ્યમાં વાવાઝોડાથી મૃત્યુ પામેલા વ્યક્તિઓના વારસદારોને કુલ 6 લાખ તેમજ ઈજાગ્રસ્તોને 1 લાખની સહાય આપવામાં આવશે. તદઉપરાંત રાજ્ય સરકારે વાવાઝોડાથી અસરગ્રસ્ત વિસ્તારોમાં પુનર્વસન અને પૂર્વવત સ્થિતિ પ્રસ્થાપિત કરવાના કાર્યને પણ યુદ્ધના ધોરણે ઝડપથી આગળ વધાર્યું.

કોરોના મહામારીમાં વધતા કેસ સામે પણ અડીખમ રહી "મારુ ગામ, કોરોનામુક્ત ગામ", "મારુ શહેર, કોરોનામુક્ત શહેર" "મારો વોર્ડ, કોરોનામુક્ત વોર્ડ" અભિયાનની સાથેસાથે સતત નિયમન અને નિયંત્રણના પગલાં સરકાર દ્વારા લેવામાં આવ્યાં. તેના પરિણામે એક મહિનાના ટૂંકા ગાળામાં જ કોરોના પર નિયંત્રણ પ્રાપ્ત થયું છે. કેસમાં રોજેરોજ ઘટાડો થઇ રહ્યો છે. આ પરિસ્થિતિમાં પણ કોરોનાની સંભવિત ત્રીજી લહેરને ધ્યાને રાખીને રાજ્યના બધા ખૂણે આગોતરું આયોજન કરવામાં આવ્યું છે.

કુદરતી આફત અને મહામારીના બેવડા માર વચ્ચે પણ વિકાસની ગતિને ગુજરાત સરકારે બરકરાર રાખી છે. વડાપ્રધાનશ્રી અને મુખ્યમંત્રીશ્રીના હસ્તે રાજ્યમાં વિવિધ વિકાસકાર્યોના ઇ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યાં. ગુજરાતના નિર્ણાયક નેતૃત્વની સંવેદનશીલતા અને વિકાસ માટેની પરિણામલક્ષીતાની પ્રતીતિ જન જનને થઇ રહી છે.

જય જય ગરવી ગુજરાત...

**- અશોક કાલરીયા**



# મન કી બાત

## મે 2021

### લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનો રેડિયોના માધ્યમથી જનતા સાથે સંવાદ

***વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓ સાથે સંવાદ સ્થાપવા શરૂ કરેલો 'મન કી બાત' કાર્યક્રમ દિનપ્રતિદિન વધુ ને વધુ લોકપ્રિય બનતો જાય છે. વડાપ્રધાનશ્રી દેશના છેવાડાના માનવી સુધી હૃદયના ઊંડાણથી રેડિયોના માધ્યમ થકી 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા વિવિધ વિષયો પર તેમના દીર્ઘદૃષ્ટિપૂર્ણ વિચારો રજૂ કરે છે. તાજેતરમાં પ્રસારિત થયેલા તેમના વક્તવ્યના અંશોની ઝલક પ્રસ્તુત છે.***

મારા પ્રિય દેશવાસીઓ,

નમસ્કાર.

આપણે જોઈએ છીએ કે દેશ કઈ રીતે પૂરી તાકાત સાથે કૉવિડ-૧૯ સામે લડી રહ્યો છે. ગત સો વર્ષમાં આ સૌથી મોટો રોગચાળો છે અને આ રોગચાળા વચ્ચે ભારતે અનેક કુદરતી આપત્તિઓનો પણ મજબૂત રીતે સામનો કર્યો છે. આ દરમિયાન વાવાઝોડું અમ્ફાન આવ્યું, વાવાઝોડું નિસર્ગ આવ્યું, અનેક રાજ્યોમાં પૂર આવ્યાં, નાનામોટા ભૂકંપ આવ્યા, ભૂસ્ખલન થયાં. હમણાંહમણાં ગત ૧૦ દિવસોમાં જ દેશે ફરી બે મોટાં વાવાઝોડાંનો સામનો કર્યો. પશ્ચિમી દરિયાકાંઠે વાવાઝોડું 'તાઉ-તે' અને પૂર્વીય દરિયાકાંઠે વાવાઝોડું 'યાસ'. આ બંને ચક્રાવાતોએ અનેક રાજ્યોને પ્રભાવિત કર્યાં છે. દેશ અને દેશની જનતા તેમની સામે પૂરી તાકાત સાથે લડી અને ઓછામાં ઓછી જાનહાનિ સુનિશ્ચિત કરી. આપણે હવે એ અનુભવ કરીએ છીએ કે અગાઉનાં વર્ષોની સરખામણીમાં, વધુમાં વધુ લોકોનો જીવ બચાવી રહ્યા છીએ. વિપત્તિની આ કઠિન અને અસાધારણ પરિસ્થિતિમાં વાવાઝોડાંથી પ્રભાવિત થયેલાં બધાં રાજ્યોના લોકોએ જે રીતે સાહસનો પરિચય આપ્યો છે, સંકટની આ ઘડીમાં ખૂબ જ ધૈર્ય સાથે અનુશાસન સાથે મુકાબલો કર્યો છે- હું આદરપૂર્વક, હૃદયપૂર્વક બધા નાગરિકોની પ્રશંસા કરું છું. જે લોકોએ આગળ આવીને રાહત અને બચાવના કાર્યમાં ભાગ લીધો, એવા સર્વે લોકોની જેટલી પ્રશંસા કરીએ એટલી ઓછી છે. હું એ બધાને વંદન કરું છું. કેન્દ્ર, રાજ્ય સરકારો અને સ્થાનિક પ્રશાસન, બધાં, એક સાથે મળીને આ આપત્તિનો સામનો કરવામાં લાગેલા છે. હું તે બધાં લોકોના પ્રત્યે મારી સંવેદના વ્યક્ત કરું છું જેમણે પોતાના નિકટના લોકોને ગુમાવ્યા છે. આપણે બધાં આ મુશ્કેલ સમયમાં તે લોકો સાથે મજબૂતીથી ઊભા છીએ જેમણે આ આપત્તિથી નુકસાન વેઠ્યું છે.

મારા પ્રિય દેશવાસીઓ, પડકાર ગમે તેટલો મોટો હોય, ભારતના વિજયનો સંકલ્પ હંમેશાં એટલો જ મોટો રહ્યો છે. દેશની સામૂહિક શક્તિ અને આપણા સેવા ભાવે દેશને દરેક તોફાનમાંથી બહાર કાઢ્યો છે. તાજેતરના દિવસોમાં આપણે જોયું છે કે આપણા ડૉક્ટરો, નર્સો અને અગ્ર હરોળના યોદ્ધાઓએ પોતાની ચિંતા છોડીને દિવસ-રાત કામ કર્યું છે અને આજે પણ કરી રહ્યા છે. આ બધાની વચ્ચે એવા લોકો પણ છે જેમની કોરોનાના બીજા મોજા સામે લડવામાં ઘણી મોટી ભૂમિકા રહી છે. મને 'મન કી બાત'ના અનેક શ્રોતાઓએ NamoApp પર અને પત્ર દ્વારા આ યૌદ્ધાઓ વિશે ચર્ચા

કરવાનો અનુરોધ કર્યો છે.

સાથીઓ, જ્યારે બીજું મોજું આવ્યું, અચાનક જ ઑક્સિજનની માગ અનેક ગણી વધી ગઈ તો બહુ મોટો પડકાર હતો. મેડિકલ ઑક્સિજનને દેશના દૂરના ભાગોમાં પહોંચાડવું એ પોતાની રીતે બહુ મોટો પડકાર હતો. ઑક્સિજન ટૅન્કર બહુ ઝડપથી ચાલે. નાનકડી પણ ભૂલ થાય, તો તેમાં બહુ મોટા વિસ્ફોટનું જોખમ હોય છે. ઈન્ડસ્ટ્રિયલ ઑક્સિજનનું ઉત્પાદન કરનારા ઘણા પ્લાન્ટ દેશના પૂર્વીય ભાગોમાં છે ત્યાંથી બીજાં રાજ્યોમાં ઑક્સિજન પહોંચાડવા માટે પણ અનેક દિવસો લાગે છે. દેશ સામે આવેલા આ પડકારમાં દેશની મદદ કરી, ક્રાયૉજેનિક ટૅન્કર ચલાવનારા ડ્રાઈવરોએ, ઑક્સિજન ઍક્સપ્રેસે, વાયુ દળના પાઈલૉટોએ. એવા અનેક લોકોએ યુદ્ધ સ્તર પર કામ કરીને હજારો-લાખો લોકોનું જીવન બચાવ્યું.

સાથીઓ, આપણા આ જવાનોએ, આ યૌદ્ધાઓએ જે કામ કર્યું છે, તેના માટે દેશ તેમને વંદન કરે છે. આ રીતે લાખો લોકો દિવસ-રાત લાગેલા છે. જે કામ તેઓ કરી રહ્યા છે તે તેમના દિન-પ્રતિદિન કામનો હિસ્સો નથી. આ પ્રકારની આપત્તિ તો દુનિયામાં સો વર્ષ પછી આવી છે. એક સદી પછી આટલું મોટું સંકટ! આથી, આ પ્રકારના કામનો કોઈ પાસે કોઈ પણ અનુભવ નહોતો. તેની પાછળ દેશસેવાનો જે જુસ્સો છે અને એક સંકલ્પ શક્તિ છે. તેનાથી દેશે એ કામ કર્યું છે જે પહેલાં ક્યારેય નથી થયું. તમે અંદાજ લગાવી શકો છો, સામાન્ય દિવસોમાં આપણે ત્યાં એક દિવસમાં ૯૦૦ મેટ્રિક ટન પ્રવાહી મેડિકલ ઑક્સિજનનું ઉત્પાદન થતું હતું. હવે તે ૧૦ ગણાથી પણ વધુ વધીને લગભગ ૯,૫૦૦ મેટ્રિક ટન પ્રતિ દિન ઉત્પાદન થઈ રહ્યું છે. આ ઑક્સિજનને આપણા યૌદ્ધાઓ દેશના ખૂણે-ખૂણે પહોંચાડી રહ્યા છે.

મારા પ્રિય દેશવાસીઓ, ઑક્સિજન પહોંચાડવા માટે દેશમાં આટલા બધા પ્રયાસ થયા, આટલા બધા લોકો જોડાયા, એક નાગરિક તરીકે આ બધાં કાર્યો પ્રેરણા દે છે. એક ટીમ બનાવીને દરેકે પોતાનું કર્તવ્ય નિભાવ્યું છે. મને બેંગ્લુરુથી ઊર્મિલાજીએ કહ્યું છે કે તેમના પતિ લેબ ટૅક્નિશિયન છે અને એમ પણ કહ્યું છે કે આટલા પડકાર વચ્ચે સતત ટેસ્ટિંગનું કામ તેઓ કેવી રીતે કરતા રહ્યા.

સાથીઓ, કોરોનાની શરૂઆતમાં દેશમાં માત્ર એક જ ટેસ્ટિંગ લેબ હતી, પરંતુ આજે અઢી હજારથી વધુ લેબ કામ કરી રહી છે. શરૂઆતમાં થોડા સેંકડો ટેસ્ટ એક દિવસમાં થઈ શકતા હતા, હવે ૨૦ લાખથી વધુ ટેસ્ટ એક દિવસમાં થવા લાગ્યા છે. અત્યાર સુધી દેશમાં ૩૩ કરોડથી વધુ નમૂનાઓની તપાસ થઈ ચૂકી છે. આ આટલું મોટું કામ આ સાથીઓના કારણે જ સંભવ થઈ રહ્યું છે. અનેક અગ્ર હરોળના કામદારો નમૂના એકત્ર કરવાના કામમાં લાગેલા છે. ચેપી દર્દીઓ વચ્ચે જવું, તેમના નમૂના લેવા, આ કેટલી સેવાનું કામ છે. પોતાના બચાવ માટે આ સાથીઓને આટલી ગરમીમાં પણ સતત પીપીઈ કિટ પહેરી રાખવી પડે છે. તે પછી તે નમૂનો લેબમાં પહોંચે છે. આથી, જ્યારે હું તમારા બધાના સૂચનો અને પ્રશ્નો વાંચી રહ્યો હતો તો મેં નક્કી કર્યું કે આપણા આ સાથીઓની પણ ચર્ચા અવશ્ય થવી જોઈએ. તેમના અનુભવોમાંથી આપણને પણ ઘણું જાણવાનું મળશે. તો આવો, દિલ્હીમાં એક લેબ ટૅક્નિશિયન તરીકે કામ કરનારા આપણા સાથી પ્રકાશ કાંડપાલજી સાથે વાત કરીએ.

**મોદીજી**- પ્રકાશજી, નમસ્કાર.

**પ્રકાશજી**- નમસ્કાર આદરણીય પ્રધાનમંત્રીજી.

**મોદીજી**- પ્રકાશજી, સૌ પહેલાં તો તમે 'મન કી બાત'ના આપણા બધા શ્રોતાઓને પોતાના વિશે જણાવો. તમે કેટલા સમયથી આ કામ કરી રહ્યા છો અને કોરોનાના સમયે તમને કેવો અનુભવ રહ્યો કારણકે દેશના લોકોને આ પ્રકારથી તમે ન ટીવી પર દેખાઓ છો, ન અખબારમાં દેખાવો છો. તેમ છતાં એક ઋષિની જેમ લેબમાં રહીને કામ કરી રહ્યા છો. તો હું ઈચ્છીશ કે તમે જ્યારે કહેશો તો દેશવાસીઓને પણ જાણકારી મળશે કે દેશમાં કેવી રીતે કામ થઈ રહ્યું છે.

**પ્રકાશજી**- હું દિલ્હી સરકારની સ્વાયત્ત સંસ્થા, ઇંન્સ્ટિટ્યૂટ ઑફ લિવર ઍન્ડ બિલિયરી સાયન્સીસ નામની હૉસ્પિટલમાં ગત દસ વર્ષથી લેબ ટૅક્નિશિયન તરીકે કાર્યરત છું. મારો સ્વાસ્થ્ય ક્ષેત્રનો અનુભવ ૨૨ વર્ષનો છે. આઈએલબીએસથી પહેલાં હું દિલ્હીની એપોલો હૉસ્પિટલ, રાજીવ ગાંધી કેન્સર હૉસ્પિટલ, રૉટરી બ્લડ બૅન્ક જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં કામ કરી ચૂક્યો છું. સર, જોકે બધી જગ્યાએ મેં રક્ત કોષ વિભાગમાં મારી સેવાઓ આપી, પરંતુ ગત વર્ષે ૧ એપ્રિલ ૨૦૨૦થી હું આઈએલબીએસના વાયરૉલૉજી ડિપાર્ટમેન્ટ હેઠળ કૉવિડ ટેસ્ટિંગ લેબમાં કામ કરી રહ્યો છું. નિઃસંદેહ, કૉવિડ રોગચાળામાં સ્વાસ્થ્ય અને સ્વાસ્થ્ય સંબંધિત બધાં સાધનો-સંસાધનો પર ઘણું દબાણ આવ્યું, પરંતુ હું આ સંઘર્ષના યુગમાં અંગત રીતે આમાં એવો અવસર માનું છું કે જ્યારે રાષ્ટ્ર, માનવતા, સમાજ આપણી પાસે વધુ ઉત્તરદાયિત્વ, સહયોગ, આપણી પાસે વધુ સામર્થ્ય અને આપણી પાસે વધુ ક્ષમતાના પ્રદર્શનની અપેક્ષા રાખતો હોય અને આશા કરતો હોય. અને સર, જ્યારે આપણે રાષ્ટ્રની, માનવતાની, સમાજની અપેક્ષા અને આશાને અનુરૂપ પોતાના સ્તર પર જે એક બુંદ બરાબર છે, આપણે તેના પર કામ કરીએ છીએ, ખરા ઉતરીએ છીએ તો એક ગૌરવની અનુભૂતિ થાય છે.

**મોદીજી**- પ્રકાશજી, એક રીતે સરકાર બધાને કહી રહી છે

કે અંતર રાખો- અંતર રાખો, કોરોનામાં એકબીજાથી દૂર રહો. અને તમારે તો સામેથી જ કોરોનાના જીવાણુઓ વચ્ચે રહેવું જ પડે છે, સામેથી જવું પડે છે. તો આ પોતાની રીતે એક જિંદગીને સંકટમાં નાખનારો મામલો છે તો પરિવારને ચિંતા થવી બહુ સ્વાભાવિક છે. પરંતુ છતાં આ લેબ ટૅક્નિશિયનનું કામ સામાન્ય સંજોગોમાં એક છે અને આવી રોગચાળાની સ્થિતિમાં બીજું છે અને તે તમે કરી રહ્યા છો. તો કામના કલાકો પણ ઘણા વધી ગયા હશે. રાત-રાત લેબમાં વિતાવવી પડતી હશે. કારણકે આટલા કરોડો લોકોનું ટેસ્ટિંગ થઈ રહ્યું છે તો બોજો પણ વધી ગયો હશે. પરંતુ પોતાની સુરક્ષા માટે આ સાવધાની રાખો છો કે નથી રાખતા?

**પ્રકાશજી-** બિલકુલ રાખીએ છીએ સર. અમારી આઈએલબીએસની જે લેબ છે, તે 'હૂ' (WHO)થી માન્યતા પ્રાપ્ત છે. તો જે બધા પ્રૉટોકોલ છે તે આંતરરાષ્ટ્રીય ધોરણોના છે, અમે ત્રિસ્તરીય જે અમારો પોશાક છે તેમાં અમે જઈએ છીએ લેબમાં, અને તેમાં જ અમે કામ કરીએ છીએ. અને ત્યારબાદ તેના નિકાલનું, લેબલ લગાવવાનું અને તેના ટેસ્ટિંગનો એક આખો પ્રૉટોકોલ છે અને તે પ્રૉટોકોલ હેઠળ કામ કરીએ છીએ. તો સર, એ પણ ઈશ્વરની કૃપા છે કે મારો પરિવાર અને મારા ઓળખીતા મોટા ભાગના જે અત્યારે સુધી આ ચેપથી બચેલા છે. તો એક વાત છે કે જો તમે સાવધાની રાખો અને સંયમ રાખો તો તમે થોડા ઘણા તેનાથી બચીને રહી શકો છો.

**મોદીજી-** પ્રકાશજી, તમારા જેવા હજારો લોકો ગયા એક વર્ષમાં લેબમાં બેઠા રહ્યા અને આટલી તસદી લઈ રહ્યા છો. આટલા લોકોને બચાવવાનું કામ કરી રહ્યા છો. જે દેશ આજે જાણી રહ્યો છે. પરંતુ પ્રકાશજી, હું તમારા માધ્યમથી તમારા વ્યવસાયના બધા સાથીઓનો હૃદયપૂર્વક ધન્યવાદ કરું છું. અને તમે સ્વસ્થ રહો. તમારો પરિવાર સ્વસ્થ રહે. મારી ઘણી બધી શુભકામનાઓ છે.

**પ્રકાશજી-** ધન્યવાદ પ્રધાનમંત્રીજી. હું તમારો ઘણો-ઘણો આભારી છું કે તમે મને આ અવસર આપ્યો.

**મોદીજી-** ધન્યવાદ ભાઈ.

સાથીઓ, એક રીતે વાત તો મેં ભાઈ પ્રકાશજી સાથે કરી છે, પરંતુ તેમની વાતોમાં હજારો લેબ ટૅક્નિશિયનોની સેવાની સુગંધ આપણા સુધી પહોંચી રહી છે. આ વાતોમાં હજારો-લાખો લોકોનો સેવાભાવ તો દેખાય જ છે, આપણને બધાને પોતાની જવાબદારીનો બોધ પણ થાય છે. જેટલી મહેનત અને લગનથી ભાઈ પ્રકાશજી જેવા આપણા સાથી કામ કરી રહ્યા છે, એટલી જ નિષ્ઠાથી તેમનો સહયોગ, કોરોનાને હરાવવામાં ઘણી મદદ કરશે.

મારા પ્રિય દેશવાસીઓ, હમણાં આપણે આપણા 'કોરોના યૌદ્ધાઓ'ની ચર્ચા કરી રહ્યા હતા. છેલ્લા દોઢ વર્ષમાં આપણે તેમનું ઘણું સમર્પણ અને પરિશ્રમ જોયો છે. પરંતુ આ લડાઈમાં બહુ મોટી ભૂમિકા દેશનાં અનેક ક્ષેત્રોના અનેક યૌદ્ધાઓની પણ છે. તમે વિચારો, આપણા દેશ પર આટલું મોટું સંકટ આવ્યું, તેની અસર દેશની દરેક વ્યવસ્થા પર પડી. કૃષિ વ્યવસ્થાએ પોતાને આ હુમલાથી ઘણી હદ સુધી સુરક્ષિત રાખી. સુરક્ષિત જ નથી રાખી, પરંતુ પ્રગતિ પણ કરી, આગળ પણ વધી. શું તમને ખબર છે કે આ રોગચાળામાં પણ આપણા ખેડૂતોએ વિક્રમજનક ઉત્પાદન કર્યું, તો આ વખતે દેશે વિક્રમજનક પાક ખરીદ્યો પણ છે. આ વખતે અનેક જગ્યાએ સરસવ માટે ખેડૂતોને ટેકાના ભાવથી પણ વધુ ભાવ મળ્યા છે. વિક્રમજનક ખાદ્યાન્ન ઉત્પાદનના કારણે જ આપણો દેશ દરેક દેશવાસીને એક બળ પ્રદાન કરી શકે છે. આજે આ સંકટ કાળમાં ૮૦ કરોડ ગરીબોને મફત રાશન ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યું છે જેથી ગરીબના ઘરમાં પણ ક્યારેય એવો દિવસ ન આવે જ્યારે ચૂલો ન પ્રગટે.

સાથીઓ, આજે આપણા દેશમાં ખેડૂતો, અનેક ક્ષેત્રોમાં નવી વ્યવસ્થાઓનો લાભ ઉઠાવીને કમાલ કરી રહ્યા છે. જેમ કે અગરતલાના ખેડૂતોને જ લો. આ ખેડૂતો ફણસનો બહુ સારો પાક લે છે. તેની માગ દેશવિદેશમાં થઈ શકે છે, આથી આ વખતે અગરતલાના ખેડૂતોની ફણસ રેલવે દ્વારા ગુવાહાટી લાવવામાં આવી. ગુવાહાટીથી હવે તે ફણસ લંડન મોકલવામાં આવી રહી છે. આ જ રીતે આપણા બિહારની શાહી લીચીનું નામ પણ સાંભળ્યું હશે. ૨૦૧૮માં સરકારે શાહી લીચીને જીઆઈ ટૅગ પણ આપ્યો હતો જેથી તેની ઓળખ મજબૂત થાય અને ખેડૂતોને વધુ ફાયદો થાય. આ વખતે બિહારની આ શાહી લીચી પણ હવાઈ માર્ગે લંડન મોકલવામાં આવી છે. પૂર્વથી પશ્ચિમ, ઉત્તરથી દક્ષિણ આપણો દેશ આવા જ અનોખા સ્વાદ અને ઉત્પાદનથી ભરેલો પડ્યો છે. દક્ષિણ ભારતમાં વિજયનગરમ્ની કેરી વિશે તમે જરૂર સાંભળ્યું હશે. હવે આ કેરી કોને ખાવાનું નહીં ગમે? આથી, હવે કિસાન-રેલ સેંકડો ટન વિજયનગરમ્ કેરી દિલ્હી પહોંચાડી રહી છે. દિલ્હી અને ઉત્તર ભારતના લોકોને વિજયનગરમ્ કેરી ખાવા મળશે અને વિજયનગરના ખેડૂતોને સારી એવી કમાણી પણ થશે. કિસાન રેલ અત્યાર સુધી લગભગ બે લાખ ટન ઉપજનું પરિવહન કરી ચૂકી છે. હવે ખેડૂતો બહુ ઓછી કિંમતે ફળ, શાક, અનાજ દેશના ખૂણે-ખૂણે મોકલી શકે છે.

મારા પ્રિય દેશવાસીઓ, આજે ૩૦ મેએ આપણે 'મન કી બાત' કરી રહ્યા છીએ અને સંયોગથી આ સરકારને સાત વર્ષ પૂરા થવાનો પણ સમય છે. આ વર્ષોમાં દેશ 'સબ કા સાથ,

સબ કા વિકાસ, સબ કા વિશ્વાસ' મંત્ર પર ચાલ્યો છે. દેશની સેવામાં દરેક ક્ષણે સમર્પિત ભાવથી આપણે બધાએ કામ કર્યું છે. મને અનેક સાથીઓએ પત્ર મોકલ્યો છે અને કહ્યું છે કે 'મન કી બાત'માં સાત વર્ષની આપણી-તમારી આ સંયુક્ત યાત્રા પર પણ ચર્ચા કરું. સાથીઓ, આ સાત વર્ષમાં જે કંઈ પણ ઉપલબ્ધિ રહી છે તે દેશની રહી છે, દેશવાસીઓની રહી છે. અનેક રાષ્ટ્રીય ગૌરવની ક્ષણો આ વર્ષોમાં સાથે મળીને અનુભવ કરી છે. જ્યારે આપણે જોઈએ છીએ કે હવે ભારત બીજા દેશોની વિચારસરણી અને તેમના દબાણમાં નહીં, પોતાના સંકલ્પથી ચાલે છે તો આપણને બધાને ગર્વ થાય છે. જ્યારે આપણે જોઈએ છીએ કે હવે ભારત પોતાની વિરુદ્ધ ષડયંત્ર કરનારાને જડબાતોડ જવાબ આપે છે તો આપણો આત્મવિશ્વાસ વધુ વધે છે. જ્યારે ભારત રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દા પર સમજૂતી નથી કરતો, જ્યારે આપણી સેનાઓની તાકાત વધે છે તો આપણને લાગે છે કે હા, આપણે સાચા માર્ગે છીએ.

સાથીઓ, મને અનેક દેશવાસીઓના સંદેશ, તેમના પત્રો, દેશના ખૂણે-ખૂણેથી મળે છે. અનેક લોકો દેશને ધન્યવાદ આપે છે કે ૭૦ વર્ષ પછી તેમના ગામમાં પહેલી વાર વીજળી પહોંચી છે, તેમના દીકરા-દીકરી અજવાળામાં, પંખા નીચે બેસીને ભણી રહ્યાં છે. અનેક લોકો કહે છે કે અમારું પણ ગામ હવે પાકી સડક સાથે શહેર સાથે જોડાઈ ગયું છે. મને યાદ છે કે એક આદિવાસી વિસ્તારમાં કેટલાક સાથીઓએ મને સંદેશ મોકલ્યો હતો કે સડક બનાવ્યા પછી પહેલી વાર તેમને એવું લાગ્યું કે તેઓ પણ બાકીની દુનિયા સાથે જોડાઈ ગયા છે. આ જ રીતે ક્યાંક કોઈ બૅન્ક ખાતું ખોલવાની ખુશી જણાવે છે તો કોઈ અલગ-અલગ યોજનાઓની મદદથી જ્યારે નવો રોજગાર શરૂ કરે છે તો તે ખુશીમાં મને પણ આમંત્રિત કરે છે.

'પ્રધાનમંત્રી આવાસ યોજના' હેઠળ ઘર મળ્યા પછી ગૃહપ્રવેશના આયોજનમાં કેટલાંય નિમંત્રણ મને આપણા દેશવાસીઓની તરફથી સતત મળતા રહે છે. આ સાત વર્ષોમાં તમારા બધાની આવી કરોડો ખુશીઓમાં હું સહભાગી થયો છું. હમણાં કેટલાક દિવસો પહેલાં જ મને ગામના એક પરિવારે 'જલ જીવન મિશન' હેઠળ ઘરમાં લાગેલા પાણીના નળની એક તસવીર મોકલી. તેમણે આ ફોટોની કૅપ્શન લખી હતી- 'મારા ગામની જીવનધારા.' આવા અનેક પરિવારો છે. સ્વતંત્રતા પછી સાત દશકોમાં આપણા દેશના માત્ર સાડા ત્રણ કરોડ ગ્રામીણ ઘરોમાં જ પાણીનાં જોડાણ હતાં. પરંતુ ગત ૨૧ મહિનાઓમાં જ સાડા ચાર કરોડ ઘરોને સ્વચ્છ પાણીનાં જોડાણ આપવામાં આવ્યાં છે. તેમાંથી ૧૫ મહિના તો કોરોનાકાળના જ હતા. આ જ રીતનો એક નવો વિશ્વાસ દેશમાં 'આયુષ્યમાન યોજના'થી આવ્યો છે. જ્યારે કોઈ ગરીબ મફત ઈલાજથી સ્વસ્થ થઈને ઘરે જાય છે તો તેને લાગે છે કે તેને નવું જીવન મળ્યું છે. તેને ભરોસો થાય છે કે દેશ તેની સાથે છે. આવા અનેક પરિવારોનાં આશીર્વચન, કરોડો માતાઓના આશીર્વાદ લઈને આપણો દેશ મજબૂતી સાથે વિકાસની તરફ અગ્રેસર છે.

સાથીઓ, આ સાત વર્ષોમાં ભારતે 'ડિજિટલ લેણદેણ'માં દુનિયાને નવી દિશા દેખાડવાનું કામ કર્યું છે. આજે કોઈ પણ જગ્યાએ જેટલી સરળતાથી તમે ચપટીમાં ડિજિટલ પેમેન્ટ કરી દો છો, તે કોરોનાના આ સમયમાં ઘણું ઉપયોગી સાબિત થઈ રહ્યું છે. આજે સ્વચ્છતા પ્રત્યે દેશવાસીઓની ગંભીરતા અને સતર્કતા વધી રહી છે. આપણે વિક્રમજનક સેટેલાઈટ પણ પ્રક્ષેપિત કરી રહ્યા છીએ અને રેકૉર્ડ સડકો પણ બનાવી રહ્યા છીએ. આ સાત વર્ષમાં જ દેશના અનેક જૂના વિવાદો પણ પૂરી શાંતિ અને સૌહર્દથી ઉકેલવામાં આવ્યા છે. પૂર્વોત્તરથી લઈને કાશ્મીર સુધી શાંતિ અને વિકાસનો એક નવો વિશ્વાસ જાગ્યો છે.

સાથીઓ, શું તમે વિચાર્યું છે કે આ બધું કામ જે દાયકાઓમાં પણ ન થઈ શક્યું, તે આ સાત વર્ષમાં કેવી રીતે થયું? તે બધું એટલા માટે સંભવ થયું કારણકે આ સાત વર્ષમાં આપણે સરકાર અને જનતાથી વધુ એક દેશના રૂપમાં કામ કર્યું, એક ટીમના રૂપમાં કામ કર્યું, 'ટીમ ઈન્ડિયા'ના રૂપમાં કામ કર્યું. દરેક નાગરિકે દેશને આગળ વધારવામાં એકાદ-એકાદ ડગ આગળ ભરવાનો પ્રયાસ કર્યો છે. હા, જ્યાં સફળતાઓ હોય છે, ત્યાં પરીક્ષાઓ પણ હોય છે. આ સાત વર્ષમાં આપણે સાથે મળીને જ અનેક કઠિન પરીક્ષાઓ પણ આપી છે અને દરેક વખતે આપણે બધા મજબૂત થઈને નીકળ્યા છીએ. કોરોના રોગચાળાના રૂપમાં, આટલી મોટી પરીક્ષા તો સતત ચાલી રહી છે. આ તો એક એવું સંકટ છે જેણે સમગ્ર વિશ્વને પરેશાન કર્યું છે, અનેક લોકોએ પોતાના માણસોને ગુમાવ્યા છે. મોટા મોટા દેશ પણ આ વિનાશથી બચી નથી શક્યા. આ વૈશ્વિક રોગચાળા વચ્ચે ભારત 'સેવા અને સહયોગ'ના સંકલ્પ સાથે આગળ વધી રહ્યું છે. આપણે પહેલા મોજામાં પૂરી હિંમત સાથે લડાઈ લડી હતી, આ વખતે પણ વાઈરસ સામે ચાલી રહેલી લડાઈમાં ભારત વિજયી થશે. બે ગજનું અંતર, માસ્ક સાથે જોડાયેલા નિયમોહોય કે પછી રસી, આપણે ઢીલાશ નથી કરવાની. એ જ આપણી જીતનો રસ્તો છે. હવે પછી જ્યારે આપણે 'મન કી બાત'માં મળીશું તો દેશવાસીઓના અનેક બીજાં પ્રેરણાદાયી ઉદાહરણો પર વાત કરીશું અને નવા વિષયો પર ચર્ચા કરીશું. તમે તમારાં સૂચનો મને આ રીતે જ મોકલતા રહો. તમે બધા સ્વસ્થ રહો. દેશને આ રીતે આગળ વધારતા રહો.

ખૂબ ખૂબ ધન્યવાદ.●

# તાઉતે વાવાઝોડાથી બાગાયતી પાકો-ઊર્જા-વીજળી ક્ષેત્રને થયેલી નુકસાનીનો સરવે યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવ્યો : CM



રાજ્યમાં 'તાઉતે' વાવાઝોડાને પરિણામે સૌરાષ્ટ્ર સહિતના સમુદ્રકાંઠા વિસ્તારમાં થયેલા નુકસાનના સર્વેની કામગીરી યુદ્ધના ધોરણે રાજ્ય સરકારે ઉપાડી છે. એટલું જ નહિ, આ તીવ્ર વાવાઝોડાને પરિણામે માર્ગો, વીજળી, ખેતીવાડી ક્ષેત્રમાં જે નુકસાન થયું છે ત્યાં રિસ્ટોરેશનની કાર્યવાહી પણ ત્વરાએ શરૂ થઇ ગઇ છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં આ વાવાઝોડા તેમજ પ્રવર્તમાન કોરોના સંક્રમણ સંદર્ભમાં થયેલી ચર્ચાઓ અને નિર્ણયો તથા રાજ્ય સરકારની કામગીરીની વિસ્તૃત વિગતો પ્રચાર માધ્યમો સાથેની વાતચીતમાં આપી હતી. નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ પણ આ વેળાએ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે ગત તા. ૧૭મી મે થી તા.૧૮મી મે એમ સતત ૨૪-૨૬ કલાક ૨૨૦ કિ.મિ. પ્રતિકલાકથી માંડી ૬૦ કિ.મિ. પ્રતિકલાકની ઝડપે ફંકાતા પવન સાથે ગુજરાતને ચીરીને આ તીવ્ર વાવાઝોડું પસાર થયું હતું. રાજ્ય સરકારનાં આગોતરા આયોજન, સમયસૂચક વ્યવસ્થાઓ અને નાનામાં નાના કર્મચારીથી માંડી સૌ કર્મયોગીઓ દિવસ-રાત સતત ફરજરત ખડેપગે રહ્યા તેના પરિણામે સદનસીબે કોઇ મોટી ખુવારી થઇ નથી એમ જણાવતાં શ્રી વિજયભાઇ રૂપાણીએ ટીમ ગુજરાતને આવી ઉત્કૃષ્ટ ફરજનિષ્ઠા માટે અભિનંદન આપ્યા હતા.

**રાજ્ય સરકારના આગોતરા આયોજન-સમયસૂચક વ્યવસ્થાઓ અને ટીમ ગુજરાતની દિવસ-રાત ખડે પગે કામગીરીને પગલે વાવાઝોડામાંથી મોટી હાનિ-નુક્સાન વગર ગુજરાત પાર ઊતર્યું**

**અસરગ્રસ્ત થયેલા રસ્તા-માર્ગો પૈકીના બધા જ માર્ગો વાહનવ્યવહાર યોગ્ય થયા- કોઇ ગામ ડિસક્નેકટેડ નથી**

**રાજ્યમાં ૧૦૪૪૭ ગામોમાંથી ૯૯૦૦થી વધુ ગામોમાં વીજ પુરવઠો પૂર્વવત્-૪૫૦ ગામોમાં વીજપુરવઠો પૂર્વવત્ કરવાની કામગીરી ચાલુ**

**- મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી પણ વાવાઝોડાના બીજા જ દિવસે તા.૧૯મી મે એ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે આવ્યા અને રૂ. ૧૦૦૦ કરોડની તત્કાલ સહાય જાહેર કરી તે માટે મુખ્યમંત્રીશ્રીએ કેન્દ્ર સરકારનો પણ આભાર વ્યકત કર્યો હતો. તેમણે કહ્યું કે, અસરગ્રસ્ત વિસ્તારોમાં તા.૨૦મી મે થી રિસ્ટોરેશન અને રાહત કામો રાજ્ય સરકારના વિવિધ વિભાગોએ ત્વરાએ શરૂ કર્યાં છે.

હવે, રાજ્યમાં તમામ ગામો-રસ્તાઓ પૂર્વવત્ થયા છે અને કોઈ ગામ ડિસકનેકટેડ રહ્યું નથી. માર્ગ-મકાન વિભાગે માત્ર ૩ જ દિવસમાં માર્ગો પરની આડશો દૂર કરી રસ્તાઓ ચોખ્ખા અને વાહન વ્યવહાર યોગ્ય બનાવ્યા છે તેમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, આ વાવાઝોડાની સૌથી વ્યાપક અસર વીજક્ષેત્રને થઈ છે. વીજ થાંભલાઓ, વાયર, વીજ સબસ્ટેશનોને થયેલા નુકસાનને પરિણામે રાજ્યમાં ૧૦૪૪૭ ગામોમાં વીજ પુરવઠાને અસર પડી હતી. આ ગામોમાંથી લગભગ બધાં ગામોમાં વીજપુરવઠો શરૂ કરી દેવાયો છે. માત્ર ૪૫૦ ગામોમાં વીજપુરવઠો હવે શરૂ કરવાની કામગીરી હાથ ધરાઈ છે.

મુખ્યમંત્રીશ્રીએ એમ પણ જણાવ્યું કે, આ વાવાઝોડાને પરિણામે વીજ કંપનીઓનાં ૨૨૦ કે.વી.નાં સબસ્ટેશનને થયેલ નુકસાનની મરામત માટે, પાવરગ્રીડ સમારકામ માટે કલકત્તાથી હવાઇ માર્ગે વિશેષ ટીમો બોલાવીને કામગીરી શરૂ કરી છે. માત્ર અમરેલી જિલ્લામાં ૬૦૦થી વધુ ટીમ વીજળી પુરવઠો પૂર્વવત્ કરવા કાર્યરત છે. તેમણે ઉમેર્યુ કે, રાજ્યમાં મોટા નગરોમાં હવે માત્ર જાફરાબાદ નગરમાં વીજપુરવઠો શરૂ થવાનો બાકી છે તે પણ તા.૨૮મી મે સુધીમાં શરૂ કરી દેવાશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ વાવાઝોડાના અસરગ્રસ્ત લોકો-પરિવારોને કેશડોલ્સ, ઘરવખરી સહાય રાજ્ય સરકારે ચૂકવવાની શરૂ કરી છે તેની પણ વિગતો આપી હતી. આ સંદર્ભમાં તેમણે જણાવ્યું કે, સવા બે લાખ લોકોને ૧૦ કરોડ રૂપિયા જેટલી કેશડોલ્સ અસરગ્રસ્ત વિસ્તારોમાં ચૂકવી છે.

એટલું જ નહિ, ૧૫ હજાર જેટલા પરિવારોને પરિવાર દીઠ

૭ હજારની ઘરવખરી સહાય અપાઈ છે. આ કામગીરી પણ આગામી દિવસોમાં પૂર્ણ થઈ જશે.

શ્રી વિજયભાઇ રૂપાણીએ મકાનોને સંપૂર્ણ નાશ, અંશતઃ નુકસાન કે ૩૩ ટકાથી વધુ નુકસાન માટે અને ઝૂંપડાને થયેલા નુકસાન માટે રાજ્ય સરકારે અગાઉ જાહેર કર્યા પ્રમાણે અનુક્રમે ૯૫,૧૦૦, ૨૫ હજાર અને ૧૦ હજાર સહાય ચૂકવવાની કામગીરી પણ શરૂ થઈ છે. મુખ્યમંત્રીશ્રીએ વાવાઝોડાને કારણે ખેતીવાડી ખાસ કરીને બાગાયતી પાકો નાળિયેરી, આંબા, લીંબુનાં ઝાડ ધ્વસ્ત થયાં છે તેનો વ્યાપક સર્વે હાથ ધરાઇ રહ્યો છે તેની પણ વિગતો આપી હતી.

તેમણે ઉમેર્યુ કે, રાજ્ય સરકારે એક નવતર અભિગમ અપનાવી પ્રથમવાર સવાસોથી વધુ કૃષિ વૈજ્ઞાનિકોને આવા બાગાયતી પાકોનાં ઝાડ-વૃક્ષો ધરાશાયી થયાં છે તેને તે જ સ્થળે પુનઃ સ્થાપના, ફરી વાવેતર માટેની સંભાવના ચકાસી ખેડૂતોને માર્ગદર્શન આપવા અસરગ્રસ્ત જિલ્લાઓમાં મોકલ્યા છે. આ કૃષિ વૈજ્ઞાનિકોના સર્વે બાદ તેમની સાથે જોઇન્ટ મિટિંગ કરીને તેના આધારે ખેતીવાડી વિભાગ એકશન પ્લાન તૈયાર કરશે એમ પણ શ્રી વિજયભાઇ રૂપાણીએ ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ગીર સોમનાથ, જૂનાગઢ જેવા વિસ્તારોમાં જ્યાં મોટા પાયે આવા બાગાયતી પાકો સહિતનાં ઝાડ ધરાશાયી થઈ ગયાં છે ત્યાં 'ઝાડ પડી ગયું છે ત્યાં જ ફરી ઝાડ - વૃક્ષ ઉગાડવા'ના અભિગમ સાથે જાપાનીઝ થિયરી કે ઘનિષ્ઠ વૃક્ષારોપણ થિયરી અપનાવી આ વર્ષના વન મહોત્સવમાં મોટાપાયે વૃક્ષારોપણ કરાશે અને તે અંગેનો એકશન પ્લાન પણ સંબંધિત વિભાગો બનાવશે.

શ્રી વિજયભાઇ રૂપાણીએ કહ્યું હતું કે, ઘનિષ્ઠ આરોગ્યલક્ષી સારવાર - પગલાંઓને પરિણામે એપ્રિલના અંતમાં જે કેસોની સંખ્યા ૧૪ હજાર જેટલી હતી તે ઘટીને હવે ૩૨૦૦ જેટલી થઈ ગઈ છે. તેમણે કોરોનાની થર્ડ વેવની સંભાવનાઓ સામે પણ રાજ્યનું આરોગ્યતંત્ર સજ્જ છે તેમ આ તકે જણાવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્યનાં ૩૬ શહેરોમાં હાલ રાત્રિ કરફ્યુ તથા અન્ય નિયંત્રણોના સંદર્ભમાં કહ્યું કે, રાજ્ય સરકારે આ રાત્રિ કરફ્યુનો સમય હવે રાત્રિના ૯ થી સવારે ૬ વાગ્યા સુધીનો રાખવાનો નિર્ણય કર્યો છે.

હાલ રાજ્યમાં જે નિયંત્રણો અને ૩૬ શહેરોમાં રાત્રિ કરફ્યુ અમલમાં છે તેના જાહેરનામાનો સમય પૂર્ણ થયા બાદ આ નવો કરફ્યુ સમય ૩૬ શહેરોમાં અમલી બનશે એમ પણ તેમણે ઉમેર્યુ હતું.

**અસરગ્રસ્ત વિસ્તારોમાં હાથ ધરાતા સરવેની વિગતો મુજબ રાજ્ય સરકારે સહાયની ચુકવણી શરૂ કરી છે**

**- નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ**



આ અંગે નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે કહ્યું હતું કે, આ તાઉતે વાવાઝોડાને કારણે નુક્સાન પામેલા અસરગ્રસ્ત વિસ્તારોમાં ઝડપથી પરિસ્થિતિને પૂર્વવત્ કરવાની તેમજ નુક્સાનીના સર્વેની કામગીરી ચાલી રહી છે. તેમણે વધુમાં કહ્યું કે, વાવાઝોડાના પરિણામે નુકસાન-નાશ પામેલાં કાચાં - પાકાં મકાનો, ઝૂંપડાઓ, અંશતઃ નુકસાન પામેલાં કાચાં મકાનો વગેરે અંગેનો સર્વે અસરગ્રસ્ત વિસ્તારોમાં હાથ ધરવામાં આવી રહ્યો છે અને જેમ જેમ અસરગ્રસ્ત વિસ્તારોની વિગતો આવે છે તેમ તેમ સહાયની ચુકવણી પણ શરૂ કરી દેવામાં આવી છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે કહ્યું હતું કે, 'તાઉતે' વાવાઝોડના પરિણામે સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોને અનુલક્ષીને રાજ્ય સરકાર તમામ પ્રકારનાં આવશ્યક પગલાઓ તાત્કાલિક લઈ રહી છે અને ત્વરાએ સ્થિતિ પૂર્વવત થાય તે માટે સૌ કામે લાગ્યા છે.

બાગાયતી પાક અને ખેતીવાડી વિસ્તારોમાં પણ જે નુક્સાન થયું છે એ અંગે શ્રી નીતિનભાઇ પટેલે જણાવ્યું કે, તાઉતે વાવાઝોડાના પરિણામે ખેડૂતોના બગાયતી પાકને પણ ખૂબ પ્રમાણમાં નુક્સાન થયું છે. હાલ તમામ અસરગ્રસ્ત વિસ્તારનો સર્વે ચાલી રહ્યો છે, તેમાં પણ સરકાર ઉદાર હાથે ખેડૂતોને પેકેજ આપવાનું વિચારી રહી છે.



તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, આગામી દિવસોમાં અસરગ્રસ્ત વિસ્તારોનો સર્વે થઈ ગયા બાદ બાગાયતી પાકને થયેલા નુક્સાન માટેના જરૂરિયાત મુજબના પેકેજની જાહેરાત પણ રાજ્ય સરકાર યોગ્ય નિર્ણય લઈને કરશે.

મત્સ્ય ઉદ્યોગને પણ મોટા પ્રમાણમાં નુકસાન થયું છે, તેમાં પણ નાની અને મોટી

**નાળિયેરી-આંબા-લીંબુ જેવા બાગાયતી પાકોના અંદાજે ૧૬.૪૨ લાખ ઝાડ-વૃક્ષોને નુકસાનનો અંદાજ**

**- કૃષિ મંત્રી શ્રી આર. સી. ફળદુ**

બોટોને જે નુક્સાન થયું છે તેનો પણ સર્વે ચાલી રહ્યો છે, તેમાં પણ રાજ્ય સરકાર દ્વારા યોગ્ય સહાય આપવામાં આવશે. એમ પણ નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

કૃષિ મંત્રી શ્રી આર. સી. ફળદુએ તાઉતે વાવાઝોડાને પરિણામે રાજ્યમાં બાગાયતી પાકો તેમજ ઉનાળુ પિયત પાકોને થયેલી નુકસાનીના અંદાજો-સર્વે માટે ગ્રામસેવકોની ૪૩૭ ટીમ બનાવીને સર્વે કામગીરી વ્યાપકપણે હાથ ધરાઈ છે તેની ભૂમિકા આપી હતી.



તેમણે કહ્યું હતું કે, ખાસ કરીને નાળિયેરી, આંબા, લીંબુ જેવા બાગાયતી પાકોના ૧૬ લાખ ૪૨ હજાર જેટલાં વૃક્ષોને આ વાવાઝોડાથી નુકસાન પહોચ્યું છે અને તે અન્વયે ૮૬ ટકા જેટલો સર્વે પૂર્ણ થઇ ગયો છે. શ્રી ફળદુએ એમ પણ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના પ્રેરક માર્ગદર્શનમાં કૃષિ વિભાગે સૌ પ્રથમવાર કૃષિ વૈજ્ઞાનિકોને ફિલ્ડમાં મોકલીને આવા બાગાયતી પાકોનાં વૃક્ષોના પુન: સ્થાપન માટેનો અભિગમ અપનાવ્યો છે.

**રાજ્યની વીજ પ્રવહન કંપનીઓની ૪૦ ટીમના ૫૦૦થી વધુ કર્મીઓ સહિત ૩૫૦૦ ઉપરાંત કર્મીઓ વીજ પુરવઠો પુન: પ્રસ્થાપિત કરવા યુદ્ધના ધોરણે કર્તવ્યરત**

**- ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઇ પટેલ**

કૃષિ મંત્રીશ્રીએ કહ્યું હતું કે, બાગાયતી પાકો સાથે ઉનાળુ પાકો મગફળી, તલ, અડદ, બાજરો અને દક્ષિણ ગુજરાતમાં વેલાવાળા શાકભાજી પકવતા ખેડૂતોને થયેલા નુકસાનનો સર્વે પણ વિભાગે હાથ ધર્યો છે. અમરેલી, જૂનાગઢ, ગીર સોમનાથ અને ભાવનગર જેવા તીવ્ર અસરગ્રસ્ત વિસ્તારોમાં ખેતી-બાગાયતી પાકોને થયેલી નુકસાનીનો સર્વે આખરી તબક્કામાં છે. આ સર્વે પૂર્ણ થયા બાદ સર્વગ્રાહી અભ્યાસ કરીને રાજ્ય સરકાર યોગ્ય સહાય મદદ કરશે એમ પણ કૃષિ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઇ પટેલે ઊર્જા વિભાગની કામગીરીની વિગતો આપતાં કહ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ 'તાઉતે' વાવાઝોડાના પરિણામે થયેલા નુક્સાની બાદ રિસ્ટોરેશનની કામગીરીમાં સૌપ્રથમ પ્રાયોરિટી વૉટર વર્ક્સ, કોવિડ હોસ્પિટલ, ઓક્સિજન પ્લાન્ટ તેમજ મોબાઇલ ટાવરને આપવામાં આવે તેવાં સ્પષ્ટ સૂચનો ઊર્જા વિભાગને આપ્યાં હતાં.

તદઅનુસાર, ઊર્જા વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે ઓછા સમયગાળામાં સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારો અમરેલી, ભાવનગર, ગીરસોમનાથ અને જૂનાગઢમાં વોટર વર્ક્સના રિસ્ટોરેશનની કામગીરી પૂર્ણ કરી દીધી છે. આ વાવાઝોડાના પરિણામે રાજ્યની ૨૯૫ કોવિડ હોસ્પિટલમાં વીજપુરવઠાને અસર પડી હતી. તેમાંથી ૨૯૧માં તાત્કાલિક વીજપુરવઠો પૂર્વવત્ કરી દેવાયો છે. બાકીની ૪ હોસ્પિટલમાં જનરેટથી વીજપૂરવઠો અપાઇ રહ્યો છે તે પણ પૂર્વવત્ કરવાની કામગીરી ચાલી રહી છે.

ઓક્સિજન પ્લાન્ટની વાત કરતાં તેમણે કહ્યું હતું કે વાવાઝોડાથી રાજ્યના ૨૬ જેટલા ઓક્સિજન પ્લાન્ટને અસર થઈ હતી, તમામ પ્લાન્ટમાં રિસ્ટોરેશનની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત રાજ્યના ૩૨૦૫ જેટલા મોબાઇલ ટાવર અસરગ્રસ્ત થયા હતા જેમાંથી ૩૦૫૭ની રિસ્ટોરેશનની કામગીરી પણ પૂર્ણ થઇ ગઇ છે, બાકીના પણ ઝડપથી કાર્યરત કરવામાં આવશે.

ઊર્જામંત્રી શ્રી સૌરભભાઇ પટેલે જણાવ્યું કે, રાજ્યમાં આવેલા ''તાઉતે'' વાવાઝોડા દરમિયાન વરસાદ અને ભારે પવનને કારણે સૌરાષ્ટ્રના લગભગ બધાં વિસ્તારોમાં અને તેમાંય સૌથી વધુ અસરગ્રસ્ત એવા અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર, જૂનાગઢ





અને બોટાદ જિલ્લાના મોટા ભાગના વિસ્તારોમાં ભારે તારાજી સર્જાઈ હતી તે તમામ જિલ્લાઓમાં વીજપુરવઠો પૂર્વવત્ કરવા માટે યુદ્ધના ધોરણે કામગીરી ઊર્જા વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે.

ઊર્જા મંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું કે, વીજ થાંભલાઓ અને વીજ લાઈનોને થયેલ નુકસાન વ્યાપક પ્રમાણમાં હોઈ, તમામ વીજ ગ્રાહકોને ઝડપથી વીજ પુરવઠો પુનઃ સ્થાપિત થાય તે માટે રાજ્યના વીજ તંત્રના અધિક્ષક ઈજનેર, અધિક મુખ્ય ઈજનેર, મુખ્ય ઈજનેર અને મેનેજિંગ ડિરેક્ટર કક્ષાના અધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓને જે વિસ્તારોમાં વ્યાપક પ્રમાણમાં નુકસાન થયું છે તે વિસ્તારોમાં અલગ અલગ વિસ્તારોની જવાબદારી સોંપીને યુદ્ધના ધોરણે કામગીરી કરવામાં આવી છે.

મંત્રીશ્રી પટેલે ઉમેર્યુ હતું કે, વાવાઝોડાને કારણે આ વિસ્તારોમાં વીજ થાંભલાઓ, વીજ વાયર, વીજ ટ્રાન્સફોર્મર અને અતિ ભારે દબાણના વીજ ટાવરોને ભારે નુકસાન થયું છે જેના પરિણામે આ જિલ્લાઓના કેટલાંક શહેરો અને ઘણાં ગામડાઓમાં વીજ પુરવઠો ખોરવાઇ ગયો હતો.

વીજ માળખાને થયેલા નુકસાન અંગે અને તેના કારણે વીજ પુરવઠો ખોરવાયેલા તે વિસ્તારોમાં યુદ્ધના ધોરણે સતત રાત-દિવસ કામગીરી કરીને વીજ પુરવઠો પુનઃપ્રસ્થાપિત થવાની વિગતો આપતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજયમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં ૬૬ કે.વી.નાં ૨૧૯, ૧૩૨ કે.વી.નાં પાંચ અને ૨૨૦ કે.વી.નાં ૬ બસસ્ટેશનોને અસર પહોંચી છે અને વીજ પુરવઠો ખોરવાયેલ જે પુનઃ પ્રસ્થાપિત કરવા માટે રાજ્યની વીજ પ્રવહન કંપનીની ૪૦ ટીમોના ૫૦૦ થી ઉપરાંત કર્મચારીઓ અને પાવર ગ્રીડ કંપનીની ૧૮ ટીમોના ૬૦૦ કામદારો અને ખાનગી કંપનીઓની ૬૯ ટીમો અને ૧૩૩૪ કામદારો/કર્મચારીઓની સંયુક્ત કામગીરી દ્વારા મોટાભાગનાં સબ સ્ટેશનોમાં વીજ પુરવઠો પૂર્વવત્ કરી દેવામાં આવ્યો છે.

સૌરાષ્ટ્રના સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોમાં વીજ માળખાને ભારે નુકસાન થયેલા હોઈ તથા કેટલાક વિસ્તારોમાં ૮૦ થી ૯૦ ટકા ઉપરાંત વીજ લાઇનો, થાંભલાઓ અને ટ્રાન્સફોર્મર ક્ષતિગ્રસ્ત થયા હોવાથી આ વ્યાપક, કઠિન અને પડકારૂપ કામગીરીને પહોંચી વળવા માટે અસરગ્રસ્ત વિસ્તારોમાં ખાસ કરીને અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લામાં અન્ય વીજ વિતરણ કંપનીઓની ૧૦૦૬ ટીમો અને ૬૯૯૧ કર્મચારીઓને તાત્કાલિક જરૂરી માલ-સામાન અને વાહન સાથે મોકલી દેવામાં આવ્યો છે અને આ ટુકડીઓએ યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરી દીધી છે.

રાજ્યના કુલ ૮૮૦૦ જેટલા ખેતીવાડી વીજ ફીડરો પૈકી ૪૮૦૧ વીજ ફીડરો એટલે કે અડધાથી વધુ ખેતીવાડી ફીડરો અસરગ્રસ્ત થયા હતા જે પૈકી અત્યાર સુધીમાં ૩૫૪૭ ફીડરો પર વીજ પુરવઠો પુનઃસ્થાપિત થઇ ચૂક્યો છે અને બાકી રહેતા ૧૨૫૪ ફીડરો પર પણ સત્વરે વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવાની કામગીરી ચાલી રહી છે એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

રાજ્યના વીજ માળખાને થયેલા નુકસાનની વિગતો આપતા મંત્રીશ્રીએ જણાવ્યું કે, ૨૨૦ કેવી લાઇનના ૨૭૭ ટાવર, ૬૬ કેવી લાઇનના ૭૪ ટાવર અને ૩૦૮ ડબલ પોલ સ્ટ્રકચર અને ૧૩૨ કેવી લાઇનના ૨ ટાવર ક્ષતિગ્રસ્ત થયા હતા. તેમજ કુલ ૧,૧૬,૨૨૮ જેટલા વીજ થાંભલા, ૪૫૦૩૯ જેટલા ટ્રાન્સફોર્મર ૧૬૬૬૯ કિલોમિટર લંબાઇની ભારે દબાણની અને ૭૨૨૪ કિલોમિટર લંબાઈની હળવા દબાણની વીજ લાઇન ક્ષતિગ્રસ્ત થઈ છે.

વાવાઝોડાથી અસરગ્રસ્ત વિસ્તારોના બાકી રહેતા તમામ કક્ષાના વીજ ગ્રાહકોને સત્વરે વીજ પુરવઠો પુનઃસ્થાપિત થાય તે માટે વીજ કંપનીઓના અધિકારીઓ, કર્મચારીઓ, કોન્ટ્રાકટરના કામદારો રાત-દિવસ પ્રયત્નશીલ છે અને જેમ બને તેમ જલદીથી વીજ પુરવઠો મળે તે માટે કટિબદ્ધ છે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું. ●





## વાવાઝોડા અસરગ્રસ્ત વિસ્તારોના ખેડૂતો માટે

# ૫૦૦ કરોડ રૂપિયાનું કૃષિ રાહત પેકેજ જાહેર



ગુજરાત પર તાજેતરમાં ૨૨૦ કિ.મિ. પ્રતિ કલાકના તીવ્ર પવનની ઝડપે ત્રાટકેલા તાઉતે વાવાઝોડાના કારણે બાગાયતી પાકો અને ઉનાળુ પાકોને થયેલા વ્યાપક નુકસાન સામે રૂ. ૫૦૦ કરોડના વાવાઝોડા કૃષિ સહાય પેકેજની તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જાહેરાત કરી હતી. મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ, કૃષિ મંત્રી શ્રી આર. સી. ફળદુ, ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઇ પટેલ તેમજ ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા અને વરિષ્ઠ સચિવોની ઉપસ્થિતિમાં મળેલી કોર કમિટીની બેઠકમાં આ અંગેનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આ કૃષિ હિતકારી નિર્ણયની ભૂમિકા આપતાં કહ્યું હતું કે, તાઉતે વાવાઝોડાની વ્યાપક અસર ગીર-સોમનાથ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર અને બોટાદ એ પાંચ જિલ્લાઓ સાથે દક્ષિણ ગુજરાતના નવસારી, સુરત, વલસાડ, ભરૂચ જિલ્લાઓમાં પણ થઈ છે અને રાજ્યના ૮૬ તાલુકાઓમાં અંદાજે બે લાખ હેક્ટર વિસ્તારના કૃષિ અને બાગાયત પાકોને વ્યાપક નુકસાન થયું છે. તા. ૧૭મી મેની રાત્રે ઉનાના દરિયાકાંઠેથી ગુજરાતમાં પ્રવેશેલું આ તાઉતે વાવાઝોડું કલાકના ૨૨૦ કિ.મિ.ની ઝડપે પવનની ગતિ સાથે ગુજરાતને ચીરીને ૧૮મી મેએ રાજસ્થાન તરફ ગયુ હતું.

આ વાવાઝોડાએ ગુજરાતમાં ખેતી પાકો, મકાનો, પશુઓ તેમજ વીજળી, પાણી-પુરવઠો, રોડ-રસ્તા વગેરેને જે નુકસાન કર્યું તેની સામે રાજય સરકારના સમગ્ર વહીવટી તંત્રએ ખૂબ જ ટૂંકાગાળામાં યુદ્ધના ધોરણે સર્વે- રિસ્ટોરેશન વગેરે કામગીરી કરીને રાજ્યમાં આવી આપદામાં ભૂતકાળમાં ક્યારેય ન થઈ હોય તેવી અભૂતપૂર્વ ઝડપે કામગીરીની સિદ્ધિ મેળવી છે તેમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ કહ્યું હતું કે, ખાસ કરીને બાગાયતી પાકને જે વ્યાપક નુકસાન થયું છે તેમાંથી રાજ્યનો ખેડૂત ઝડપથી બેઠો થાય તે હેતુથી ઉનાળુ પિયત પાકોને ઉત્પાદન નુકસાન સહાય, બાગાયત પાકોમાં ફળ-ઝાડ પડી જવાથી નુકસાન સહાય સહિતની બાબતો આ ઉદારતમ એવા વાવાઝોડા કૃષિ રાહત પેકેજમાં આવરી લેવામાં આવી છે. આંબા, નાળિયેરી, ચીકુ, લીંબુ જેવાં બહુ વર્ષાયુ ફળાઉ વૃક્ષ પડી જવાના કે મૂળ સહિત ઉખડી જવાથી કાયમી નાશ પામવાના કિસ્સામાં રાજ્ય સરકારે પહેલીવાર હેક્ટર દીઠ મહત્તમ રૂ. એક લાખની ઐતિહાસિક સહાય, બે હેક્ટરની મર્યાદામાં આપવાનો નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ એમ પણ જાહેર કર્યું હતું કે, બાગાયતી પાકોની ખેતીમાં ખેતી ખર્ચ ઘણો ઊંચો આવતો હોય છે અને ઉત્પાદનમાં નુકસાન થતાં ખેડૂતોએ ઘણું મોટું આર્થિક નુકસાન સહન કરવું પડતું હોય છે તે સ્થિતિમાં રાજ્ય સરકારે એવો નિર્ણય કર્યો છે કે, બહુવર્ષાયુ ફળ આંબા, ચીકુ, લીંબુ, નાળિયેરી, જામફળ વગેરે પાકોમાં જ્યાં ઝાડ ઊભાં છે પરંતુ પાક ખરી પડ્યો છે અને ૩૩ ટકાથી વધુ નુકસાન થયું છે તે માટે રૂ. ૩૦,૦૦૦ પ્રતિ હેક્ટર સહાય વધુમાં વધુ બે હેક્ટરની મર્યાદામાં અપાશે.

રાજ્ય સરકારે એવો પણ નિર્ણય કર્યો છે કે, ઉનાળુ કૃષિ પાકો તલ, બાજરી, મગ, અડદ, ડાંગર, મગફળી, ડુંગળી, કેળ, પપૈયા વગેરેમાં ૩૩ ટકા કરતાં વધારે નુકસાન થયું હોય તેવા કિસ્સામાં ઉત્પાદન નુકસાન સહાય પેટે હેક્ટર દીઠ રૂ. ૨૦,૦૦૦ ની સહાય વધુમાં વધુ બે હેક્ટરની મર્યાદામાં રાજ્ય સરકાર આપશે. આ વાવાઝોડા કૃષિ રાહત પેકેજ અંતર્ગત ખેડૂતોને મળનારી સહાય એક અઠવાડિયામાં તેમના બેંક એકાઉન્ટ ડીબીટીથી જમા કરાવી દેવાશે. એટલું જ નહિ, નુકસાનીનો સર્વે પણ જલ્દીથી પૂર્ણ કરી દેવાશે.

**આંબા- નાળિયેરી- ચીકુ- લીંબુ જેવા બાગાયતી પાકોના ફળ ઝાડ મૂળ સહિત ઊખડી જવાથી કાયમી નાશ પામવાના કિસ્સામાં હેક્ટર દીઠ વધુમાં વધુ રૂ. એક લાખની સહાય બે હેક્ટરની મર્યાદામાં અપાશે**

**ઉનાળુ કૃષિ પાકોને નુકસાનના કિસ્સામાં મહત્તમ બે હેક્ટરની મર્યાદામાં હેક્ટર દીઠ રૂ. ૨૦,૦૦૦ સહાય અપાશે**

મુખ્યમંત્રીશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે, તાઉતે વાવાઝોડાથી પ્રભાવિત રાજ્યના ધરતીપુત્રો આ રાહત સહાય પેકેજથી તેમને મળનારી સહાય દ્વારા ઝડપભેર બેઠાં થઈ જશે અને પૂર્વવત્ સ્થિતિ મેળવશે.

આ વાવાઝોડા કૃષિ રાહત પેકેજની જાહેરાત વેળાએ મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કે. કૈલાસનાથન, મહેસૂલ અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર, મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિની કુમાર અને કૃષિ સચિવ શ્રી મનિષ ભારદ્વાજ પણ ઉપસ્થિત રહ્યા હતા. ●

# ગાંધીનગરમાં ૯૦૦ બેડની કોવિડ હોસ્પિટલ સંપૂર્ણ સજ્જ






મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ગાંધીનગરના મહાત્મા મંદિરમાં નિર્માણ થયેલી કોવિડ હોસ્પિટલની નિરીક્ષણ મુલાકાત લઇને ડી.આર.ડી.ઓ (ડીફેન્સ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગનાઇઝેશન) તથા રાજ્ય સરકાર દ્વારા અહીં ઉભી કરાયેલી વ્યવસ્થાઓ અંગે વિસ્તૃત જાત માહિતી મેળવી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ હોસ્પિટલના આઇ.સી.યુ. વોર્ડસ, ટ્રાયેજ એરીયા, ઓક્સીજન પ્લાન્ટ સહિતના વિભાગો નિહાળીને કોરોના સંક્રમિતોની સંપૂર્ણ સારવાર વ્યવસ્થાથી સંતોષ વ્યક્ત કર્યો હતો

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઇ શાહના માર્ગદર્શન અને પ્રેરણાથી તેમના મતક્ષેત્રમાં ડી.આર.ડી.ઓ. અને રાજ્ય સરકાર દ્વારા આ હોસ્પિટલ સંપૂર્ણ આરોગ્ય સુવિધાઓ સાથે તૈયાર કરી દેવામાં આવી છે હાલ રાજ્યમાં કોરોનાના કેસોમાં રિવર્સ ટ્રેન્ડ- ઉત્તરોત્તર ઘટાડો થઇ રહ્યો છે.

એપ્રિલ મહિનામાં ૧૪ હજાર જેટલા કેસ પ્રતિદિન આવતા હતા તે ઘટીને ૨૩૦૦ જેટલા થઇ ગયા છે. આમ છતા કોરોના ગયો નથી. તેની પૂરેપૂરી સતર્કતા સાથે રાજ્ય સરકારનું સમગ્ર તંત્ર એલર્ટ-સચેત છે. આપણે જો જરૂરિયાત ઉભી થાય તો માત્ર ૨૪ કલાકમાં જ મહાત્મા મંદિર ખાતેની આ સંપૂર્ણ સુવિધાઓ સાથેની કોવિડ હોસ્પિટલ શરૂ કરવા સક્ષમ અને સજ્જ છીએ એમ મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું હતુ.

ગુજરાત સરકારે આરોગ્ય વિભાગ,તજજ્ઞ તબીબોની ટાસ્કફોર્સ, કોરગ્રુપ એમ તમામ સ્તરે ઉચ્ચસ્તરીય બેઠકો શરૂ કરીને સંભવત: આવનારી થર્ડ વેવ સામે પણ મુકાબલા માટેનું વિસ્તૃત આયોજન કરી લીધુ છે. તબીબી નિષ્ણાંતો, તજજ્ઞો કોરોનાની ત્રીજી લહેરમાં નાના બાળકો સંક્રમિત થવાની પણ શક્યતાઓ તેમણે દર્શાવી છે. આ સંદર્ભમાં પણ રાજ્ય સરકારે બાળરોગ નિષ્ણાંત તબીબો, હોસ્પિટલમાં બાળકો માટે વોર્ડસ, વધારાના બેડ, ઓક્સિજન, દવાઓ, ઇન્જેકશન વગેરે માટે કોરોનાની પહેલી અને બીજી લહેરના અનુભવોના આધારે સારવાર વ્યવસ્થાની આવનારી સંભવિત ત્રીજી લહેર માટે પણ તૈયારી કરી છે. આ અંગેનો એક્શન પ્લાન પણ આવનારા દિવસોમાં જરૂરિયાત મુજબ જાહેર કરાશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇએ એમ પણ કહ્યું હતુ કે, રાજ્યની હોસ્પિટલોમાં ઓક્સિજનની કોઇ કમી ન રહે અને ગુજરાત ઓક્સિજનની બાબતમાં પગભર બને તેવી નેમ રાખી છે. આ હેતુસર ગુજરાતમાં ૩૦૦ ટન પી.એસ.એ. એટલે કે સીધા હવામાંથી ઓક્સિજન મેળવવાના પ્લાન્ટ શરૂ કરવામાં આવી રહ્યા છે. વેક્સિનેશન અંગેની વિસ્તૃત માહિતી આપતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્યના ૧૦ શહેરોમાં ૧૮ થી વધુ વયજૂથમાં રોજ એક લાખ ૨૦ હજાર થી વધુ યુવાઓને વેક્સિન અપાય છે અત્યાર સુધીમાં ૧૫ લાખ થી વધુ ડોઝ અપાઇ પણ ગયા છે તેમણે કહ્યું કે, રાજ્ય સરકાર બધાને વિનામૂલ્યે વેક્સિન આપી રહી છે આ માટે ૧૮ થી ૪૪ વય જૂથના લોકોનું રજીસ્ટ્રેશન કરીને તેમને વેક્સીનનો સમય, સ્થળ SMS થી જાણ કરાય છે.

મુખ્યમંત્રી શ્રી કોરોના સંક્રમણની સ્થિતિમાં પણ વિકાસ કામો ચાલતા રહે તે માટે રિવ્યુ બેઠકો, સમીક્ષા અને વિકાસ કામોમાં વધુ ગતિ સાથે પૂર્વવત શરૂ કરવા માટે સ્થળ મુલાકાતોનો ઉપક્રમ શરૂ કર્યો છે.આ અન્વયે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી એ અમદાવાદમાં સાયન્સ સિટિની એક્વાટિક ગેલેરી, રોબોટીક પાર્ક, નેચર પાર્ક સહિતના પ્રગતિ હેઠળના કામોની સ્થળ મુલાકાત કરી હતી. તેમણે ગાંધીનગર રેલ્વે સ્ટેશન ખાતે નિર્માણના આખરી તબક્કામાં પહોંચેલી ફાઇવ સ્ટાર હોટલની કામગીરીનું પણ સ્થળ નિરીક્ષણ કર્યુ હતુ.

મુખ્યમંત્રીશ્રીની સાથે આ મુલાકાતમાં મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, આરોગ્ય અગ્ર સચિવ ડૉ. જયંતિ રવિ, આરોગ્ય કમિશ્નર શ્રી જયપ્રકાશ શીવહરે અને જિલ્લા વહીવટી તંત્ર તથા મહાનગરપાલિકાના અધિકારીઓ, વરીષ્ઠ તબીબો પણ જોડાયા હતા. ●

### મ્યુકરમાઇકોસિસ ગંભીર બીમારી છે પરંતુ જીવલેણ નથી

# સતર્કતા, તકેદારી અને સમયસર સારવારથી મ્યુકરમાઇકોસિસ સામે રક્ષણ મળે છે

**અમિતસિંહ ચૌહાણ**

કોરોનાના કેર બાદ સમગ્ર દેશમાં મ્યુકરમાઈકોસિસ બીમારીનું પ્રમાણ વધ્યું છે. મ્યુકરમાઈકોસિસ એ કોઇ નવી બીમારી નથી. કોરોનાકાળ પહેલાં પણ દેશભરમાં મ્યુકરમાઈકોસિસ બીમારીના કેસ જોવા મળતા હતા. પ્રવર્તમાન સ્થિતિમાં કોરોનાગ્રસ્ત દર્દીઓમાં સાજા થઈ ગયા બાદ મ્યુકરમાઈકોસિસ રોગ થવાના કેસ જોવા મળી રહ્યા છે. ખાસ કરીને ઇમ્યુનોકોમ્પ્રોમાઇઝડ(રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય) દર્દીઓમાં આ બીમારીનો ફેલાવો વધુ જોવા મળી રહ્યો છે.

હાઇ રિસ્ક ગ્રૂપના વ્યક્તિ જેવા કે અનિયંત્રીત ડાયાબિટીસ, કેન્સર, ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ કરાવ્યું હોય, ડ્રગનું સેવન કરનાર, લાંબા સમયથી સ્ટિરોઇડ આપવામાં આવતું હોય, ભેજવાળો ઓક્સિજન લઇ રહ્યા હોય, કુપોષિત, અવિકસિત નવજાત બાળક, સ્ટેમસેલ ટ્રાન્સપ્લાન્ટ કરાવી હોય, ત્વચા પરની કોઈ સર્જરી- ઘા કે દાઝેલી ત્વચાવાળી વ્યક્તિને મ્યુકરમાઈકોસિસ રોગ થવાની સંભાવના અન્યની સરખામણીમાં વધુ રહેલી હોય છે.

રાજ્ય સરકાર દ્વારા પણ સમગ્ર પરિસ્થિતિનો તાગ મેળવીને મ્યુકરમાઈકોસિસના દર્દીઓને સત્વરે અને શ્રેષ્ઠ સારવાર મળી રહે તે માટે આ બીમારીને મહામારી જાહેર કરવામાં આવી છે. ૨૦ મી મેના રોજ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીની બેઠકમાં એપીડેમિક ડિસીઝ એક્ટ ૧૮૯૭ અંતર્ગત મ્યુકરમાઈકોસિસ રોગને મહામારી જાહેર કરવાનો જનહિતલક્ષી નિર્ણય લેવામાં આવ્યો હતો.

મ્યુકરમાઈકોસિસને મહામારી જાહેર કરાતા તેની સારવાર કરતી સરકારી, ખાનગી હોસ્પિટલો અને મેડિકલ કોલેજોએ ભારત સરકારના આરોગ્ય વિભાગ અને આઇ.સી.એમ.આર. દ્વારા રોગના સ્ક્રિનિંગ, ડાયગ્નોસિસ અને ટ્રીટમેન્ટ માટે નિર્ધારિત કરાયેલ દિશાનિર્દેશો પ્રમાણે જ સારવાર કરવાની રહે છે. મહામારી જાહેર કરાતા રાજ્યના કોઇપણ છેડે મ્યુકરમાઈકોસિસ રોગના શંકાસ્પદ અને કન્ફર્મ કેસોની વિગત ભારત સરકારને સમયાંતરે મોકલવાની રહે છે.

મ્યુકરમાઈકોસિસ રોગને મહામારી જાહેર કર્યા બાદ આ રોગના દર્દીઓની સારવાર માટે સરકારી હોસ્પિટલોમાં અલાયદા વોર્ડની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. એપિડેમિક એક્ટ અંતર્ગત આ રોગનો સમાવેશ થતા તેની સારવાર માટે જરૂરી તમામ મેડિકલ ઉપકરણો, દવાઓ, જરૂરી માનવબળ, તબીબો યુદ્ધના ધોરણે સત્વરે ઉપલબ્ધ થઈ શકે છે.

### મ્યુકરમાઇકોસિસ શું છે ?

મ્યુકર એ ફંગસની વિવિધ જાતિઓમાંથી ઉદભવતી એક છે. જે સામાન્યપણે ચયાપચન ક્રિયાના કારણે, છોડની સપાટી પર, કાચાં ફળો પર અથવા લોખંડના કાટ પર જોવા મળે છે. માઈકોસિસ એટલે કે મ્યુકરના કારણે ઉદભવતુ ફંગલ ઇન્ફેક્શન. આ બંનેનો સમન્વય થઇને મ્યુકરમાઈકોસિસ શબ્દ પ્રચલનમાં આવ્યો છે.

મ્યુકરમાઈકોસિસ ફૂગ જીવસૃષ્ટિમાં બધે જ જોવા મળે છે. ખાસ કરીને માટીમાં તેનું પ્રમાણ વધુ જોવા મળે છે. મ્યુકરમાઈકોસિસ ફૂગ માનવ શરીરમાં શ્વાસ કે ત્વચા પરના ઘા થકી પ્રવેશે છે. રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય તેવી વ્યક્તિમાં પ્રવેશેલી મ્યુકરમાઈકોસિસની ફૂગ શરીર પર હાવી થઈ જાય છે અને પ્રસરવા લાગે છે.



### ફંગલ ઇન્ફેક્શન થવાનાં કારણો

આપણી આસપાસ હવામાં ફંગસના બીજ જોવા મળે છે, જે શ્વાસોચ્છ્વાસની ક્રિયા દરમિયાન આપણા શરીરમાં પ્રવેશીને નુકસાન પહોંચાડી શકે છે. પરંતુ મજબૂત રોગપ્રતિકારક શક્તિ ધરાવતા વ્યક્તિ આ નુકસાનને ઝીલી તેની સામે પ્રતિકાર કરી શકે છે. જ્યારે નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતી વ્યક્તિઓ ફંગલ ઇન્ફેકશનનો ભોગ બને છે.

### કોરોના બાદ આ બ્લેક ફંગલ ઇન્ફેકશન થવાનું કારણ

અગાઉ પણ ડાયાબિટીસ ધરાવતા દર્દીઓ, કિડની કેન્સરની બિમારી ધરાવતા દર્દીઓમાં આ ઇન્ફેકશન જોવા મળતુ હતું.પરંતુ કોરોના થઇ ગયા બાદ ડાયાબિટીસ નિયંત્રણમાં ન રહેવું, વિવિધ સ્વાસ્થપ્રદ(અનહાઇજીન) પરિસ્થિતિ ન જળવાય, આઇ.સી.યુ. માં લાંબા સમય સુધીની સારવાર, કોમોર્બિડીયા અથવા કેટલીક એન્ટિફંગલ દવાઓ અને સ્ટેરોઇડ્સના મહત્તમ ઉપયોગના કારણે મ્યુકરમાઇકોસિસ થવાની સંભાવના રહેલી છે તેવું નિષ્ણાત તબીબોનું માનવું છે.

### મ્યુકરમાઇકોસિસના લક્ષણો... તેને કેવી રીતે ઓળખીશું

કોરોના થઇ ગયા બાદ બે અઠવાડિયાથી ત્રણ મહિના સુધીના સમયગાળામાં ઇમ્યુનોકોમ્પ્રોમાઇઝડ દર્દીને મ્યુકરમાઇકોસિસ થવાની સંભાવના રહેલી છે. જેનાં લક્ષણોમાં એક બાજુનો ચહેરો સોજી જવો,નાકના ભાગમાંથી લાલ કે કાળા રંગનું પ્રવાહી વહેવું, માથામાં સતત દુખાવો થવો, નાક બંધ થવું કે સાઇનસની તકલીફ અનુભવવી,મોઢામાં તાળવે કે નાસિકાઓમાં કાળો ગઠ્ઠો જમા થવો અને તેમાં વધારો થવો, આંખમાં દુખાવો, દૃષ્ટિ ઓછી થવી, ખોરાક ચાવવા કે ગળવામાં તકલીફ થવી અવરોધ ઊભો થવો તાવ, કફ, છાતીમાં દુખાવો, શ્વાસ રુંધાવો, પેટનો દુખાવો ઉબકા આવવા કે ઉલટી થવી આંતરડામાં રક્તસ્રાવ થવો, વગેરેનો સમાવેશ થાય છે.



આ પ્રકારના કોઇપણ લક્ષણોનો અનુભવ થાય ત્યારે સંલગ્ન તબીબનો સંપર્ક કરવો જોઇએ. આંખમાં ઉદ્ભવી રહેલી તકલીફ માટે ઇ.એન.ટી. સર્જન, દાંત માટે ડેન્ટિટ્સને બતાવીને તેનું નિદાન કરવું જોઇએ.

### પોસ્ટ કોવિડ દર્દીએ ધ્યાનમાં રાખવાની બાબતો

કોરોનાથી સાજા થઇ ગયેલ દર્દીએ ત્રણ મહિના સુધી સ્વાસ્થ્ય સ્થિતિને લગતા વિવિધ રિપોર્ટ્સ સમયાંતરે કરાવતા રહેવું જોઇએ. કોરોનાથી સાજા થયેલ દર્દીઓએ તેમનું સુગર લેવલ ખાસ કરીને નિયંત્રણ રાખવું જરૂરી બની રહે છે જેનાથી મ્યુકર થતા મહદઅંશે બચાવી શકાય છે. ત્યારબાદ કિડની અને લિવરને લગતા વિવિધ બ્લડ રિપોર્ટ્સ કરાવીને તેના માપદંડો નિયંત્રણમાં છે કે નહીં તે તપાસવું જોઇએ.બ્લડ રિપોર્ટ્સમાં ક્રિએટીનીન, મેગ્નેશિયમ, પોટેશિયમ, ક્રિ-રીએક્ટિવ પ્રોટીન(CRP)ના રિપોર્ટ્સ કરાવીને સમયાંતરે તબીબી સલાહ મેળવવી જોઇએ. તબીબી પ્રિસ્ક્રિપશન વિના કોઇપણ પ્રકારના ડ્રગ્સ કે સ્ટેરોઇડ્સ લેવા જોઇએ નહીં.

### મ્યુકરનું નિદાન કઇ રીતે કરીશું

ઉપર મુજબનાં કોઇપણ લક્ષણો જણાઇ આવે ત્યારે સંલગ્ન સર્જનનો સંપર્ક સાધવો જોઇએ. દર્દીની શારીરિક સ્થિતિ જોઇ સી.ટી.સ્કેન, એમ.આર.આઇ. જેવા રિપોર્ટ કરાવવામાં આવે છે. ફંગસના સેમ્પલ લઇને બાયોપ્સી માટે પણ મોકલવામાં આવે છે. આ તમામ રિપોર્ટ દ્વારા ફંગસ આંખ, મગજ તેમજ અન્ય ભાગમાં કેટલી સંવેદનશીલતા સાથે ફેલાયેલી છે તે ચકાસીને તેનું નિદાન કરવામાં આવે છે. ગેડોલેનિયમ કોન્ટ્રાસ્ટ વાળા અત્યંત આધુનિક પ્રકારના એમ.આર.આઇ. કરાવીને ફંગસની જડ સુધી પહોંચવાનો પ્રયત્ન કરવામાં આવે છે. આના આધારે જ સર્જરી હાથ ધરવામાં આવે છે. આ ફંગસના કારણે કઇ પેશીઓ, સાયનસ ફંગસથી સંકળાયેલી છે તે જોવામાં આવે છે.

નાકમાંથી પ્રવાહી પડવાના કિસ્સામાં અથવા નાકના અથવા ચહેરાના ભાગમાં ફંગલ જમા થવાના કિસ્સામાં સર્જન તબીબ દ્વારા દર્દીની એન્ડોસ્કોપી કરવામાં આવે છે. એન્ડોસ્કોપી દ્વારા ફંગલ કયા પ્રકારની અને કેટલા પ્રમાણમાં છે તે જાણવામાં આવે છે. જો તબીબને એન્ડોસ્કોપીમાં સંતોષકારક પરિણામ ન મળે તો દર્દીના ફંગસનું કલ્ચર એટલે કે સેમ્પલ લઇને તેને બાયોપ્સી માટે મોકલવામાં આવે છે. જેને KOH કલ્ચર કહેવામાં આવે છે. જે મ્યુકરમાઇકોસિસમાં ફંગસનું સ્તર અને તેની ગંભીરતા તપાસવામાં ઉપયોગી બને છે.

આ KOH કલચર પોઝિટિવ આવ્યાનું નિદાન થતાં તેની ગંભીરતાના આધારે વિવિધ પ્રકારની સારવાર પદ્ધતિ નક્કી કરવામાં આવે છે.

### મ્યુકરમાઇકોસિસની સારવાર

મ્યુકરમાઇકોસિસ સારવાર સામાન્યત: બે પ્રકારે કરવામાં આવે છે. એક તબક્કામાં સર્જરી અને અન્ય તબક્કામાં એન્ટીફંગલ ઇન્જેકશન દ્વારા.

KOH સેમ્પલ પોઝિટિવ જણાઇ આવતા અને ચહેરા કે શરીરના જે ભાગમાં ફંગસ હોય અને તેની ગંભીરતાના આધારે સર્જરી હાથ ધરવામાં આવે છે. આ સર્જરીમાં સામાન્યપણે આંખ, દાંત, જડબું, તાળવાનો ભાગ અને કાનના ભાગ પર ખાસ કરીને મ્યુકરમાઇકોસિસના ફેલાયેલ ઇન્ફેકશનને સર્જરી દ્વારા દૂર કરવાની તજવીજ હાથ ધરવામાં આવે છે.

સર્જરી થઇ ગયા બાદ બાકી રહી ગયેલ ફંગસને એમ્ફોટેરેસીન ઇન્જેકશનની મદદથી દૂર કરવાની સારવાર શરૂ કરવામાં આવે

છે. આ એમ્ફોટેરેસીન ઇન્જેકશનની શરીરના વિવિધ ભાગ પર રહેલ ફંગસને જડમૂળમાંથી નાશ કરવાનો ભાગ ભજવે છે.

### મ્યુકરમાઇકોસિસમાં ઉપયોગમાં લેવાતા ઇન્જેકશન વચ્ચેનો ભેદ

આ રોગની સારવાર માટે એમ્ફોટેરેસીન બી ઇન્જેકશનનો વધુ ઉપયોગમાં કરવામાં આવી રહ્યો છે જેમાં લાયોફીલાઇઝ અને લાયફોસોમેલ પ્રકારના એમ્ફોટેરેસીન ઇન્જેકશન જોવા મળે છે. આ બંને વચ્ચે સામાન્ય ભેદ છે.

લાયોફીલાઇઝ એમ્ફોટેરેસીન બી ઇન્જેકશન સામાન્યપણે જે સ્વરૂપમાં બનાવવામાં આવ્યું હોય તે મૂળ સ્વરૂપમાં જ મિશ્ર થઇને શરીરમાં પ્રવેશે છે. શરીરમાં જ્યારે તેની અસર વર્તાય ત્યારે ફંગસ થયેલ ભાગ પર પહોંચતી વખતે કિડની મારફતે થઇ તે ફંગસના ભાગ સુધી પહોંચે છે આવા કિસ્સામાં આ ઇન્જેકશનની કિડની પર પણ સામાન્ય અસર થતી જોવા મળે છે.

જ્યારે લાયફોસોમોલ પ્રકારના એમ્ફોટેરેસીનમાં એક પડ(કોટેડ) એમ્ફોટેરેસીન બી ઇન્જેકશન સાથે મિશ્ર કરવામાં આવે છે. જ્યારે આ ઇન્જેકશન શરીરમાં પ્રવેશે છે ત્યારે તે ફંગસ ધરાવતા વિસ્તાર પર ચોક્કસપણે અસર કરે છે. આ ઇન્જેકશનના કારણે શરીરનો અન્ય ભાગ આનાથી અસરગ્રસ્ત બનતો નથી.

સિવિલ હોસ્પિટલના નિષ્ણાત ઇ.એન.ટી. સર્જનના મતે મ્યુકરમાઇકોસિસના ઇન્ફેકશનમાં સમયસર અને યોગ્ય નિદાન અત્યંત જરૂરી બની રહે છે. પ્રાથમિક તબક્કે એન્ટિબાયોટિક દવાઓ દ્વારા આને રોકવાના પ્રયત્નો કરવામાં આવે છે. જો ઇન્ફેકશન સંવદેનશીલ બની જાય તો તેનું ઝેર આંખોમાં ફેલાય ત્યારે મોટા પ્રમાણમાં નુકસાન પહોંચાડે છે. દૃષ્ટિ ગુમાવવાની પણ શક્યતાઓ પ્રબળ રહેલી છે. જે આગળ વધીને નાકના માધ્યમથી મગજમાં પ્રસરીને ઇન્ફેકશન ફેલાઇ શકે છે જેના કારણે ઝેરી તાવ આવે છે જેનાથી દર્દીનું મૃત્યુ પણ નીપજી શકે છે. આ કારણોસર દર્દીને સમયસર સારવાર મળી રહે તે ખૂબ જ જરૂરી છે.

તેમના મતે મ્યુકરમાઇકોસિસ ગંભીર પણ સામાન્ય બીમારી છે. મ્યુકરમાઇકોસિસ કોઇ નવી બીમારી નથી. સત્વરે નિદાન અને સમયસરની સારવાર દ્વારા આ રોગના ઘાતક પરિણામોથી બચી શકાય છે. મ્યુકરમાઇકોસિસ થવા પાછળ ઘણાંય પરિબળો કામ કરે છે. હાલ કોઇ ચોક્કસ પરિસ્થિતિઓમાં જ મ્યુકર થાય તેવું ક્યાય સાબિત થયું નથી.



રાજ્યમાં વધતા જતા મ્યુકરમાઇકોસિસ રોગના નિયંત્રણ તેમજ આ રોગથી સંક્રમિત થનારા દર્દીઓની સારવાર માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા કોર કમિટીમાં બેઠક કરીને સમયાંતરે વિવિધ જનહિતલક્ષી નિર્ણયો હાથ ધરવામાં આવ્યા છે. તદ્અનુસાર મ્યુકરમાઇકોસિસ રોગ વધુ ફેલાતો અટકાવવા અને જેમને આ રોગની અસર થઈ છે તેમને ત્વરિત સારવાર મળી રહે તે માટેની તમામ વ્યવસ્થાઓ હાથ ધરવામાં આવી છે.

ખાનગી કે સરકારી હોસ્પિટલમાં સારવાર મેળવી રહેલ તમામ દર્દીઓને જરૂરી એમ્ફોટેરેસીન ઇન્જેકશન સરળતાથી મળી રહે તે માટે સરકાર દ્વારા વ્યવસ્થા હાથ ધરવામાં આવી છે. અત્રે નોંધવું જરૂરી છે કે, મ્યુકરમાઇકોસિસની સારવાર માટે જરૂરી એમ્ફોટેરેસીન ઇન્જેકશનનો જથ્થો કેન્દ્ર સરકાર દ્વારા દરેક રાજ્યને ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ સમગ્ર વિતરણ વ્યવસ્થા પર કેન્દ્ર સરકારની ફાળવણી પર આધારિત છે.

મ્યુકરમાઇકોસિસ અસરગ્રસ્તો દર્દીઓની સર્જરી અને ઇન્જેકશનની સારવાર અત્યંત ખર્ચાળ છે. એક અંદાજ પ્રમાણે એક મ્યુકરમાઇકોસિસના દર્દીની સંપૂર્ણ સારવાર પાછળ 5 થી 6 લાખનો ખર્ચ થતો જોવા મળે છે તેવું નિષ્ણાત તબીબોનું માનવું છે. સંવેદનશીલ રાજ્ય સરકાર દ્વારા આ તમામ સારવાર વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

રાજ્યની સ્થિતિ પર નજર કરીએ તો ૨૫મી મે સુધીમાં રાજ્યભરમાં ૨૫૦૦ જેટલા મ્યુકરમાઇકોસિસના કેસ જોવા મળ્યા છે. એશિયાની સૌથી મોટી ગણાતી સિવિલ હોસ્પિટલમાં જોઇએ તો એપ્રિલ મહિનાથી ૨૫મી મે સુધીમાં ૮૩૦ જેટલા મ્યુકરમાઇકોસિસના દર્દીઓ સારવાર હેઠળ આવ્યા છે. જેમાંથી ૩૬૦ જેટલા દર્દીઓની સર્જરી હાથ ધરવામાં આવી છે.

કોરોનાની પ્રથમ લહેરમાં સિવિલ હોસ્પિટલમાં ૧૦૦ જેટલા મ્યુકરમાઇકોસિસના દર્દીઓ નોંધાયા હતા. પરંતુ કોરોનાની બીજી લહેરમાં સમગ્ર રાજ્યમાં વધેલા કોરોનાના કેસ તેમજ વાઇરસના ડબલ મ્યુટન્ટ એટલે કે બે સ્વરૂપના કારણે પોસ્ટ કોવિડ મ્યુકરમાઇકોસિસના કેસમાં વધારો થયું હોવાનું સિવિલ હોસ્પિટલના તબીબોનું માનવું છે.

આમ મ્યુકરમાઇકોસિસ રોગ સામે સામાન્ય તકેદારી અને દેખરેખ રાખવામાં આવે અને રોગ થઈ ગયા બાદ સમયસર સારવાર મેળવવામાં આવે તો ચોક્કસપણે આ રોગના ગંભીર પરિણામોથી બચી શકાય છે. ●

## ફ્રન્ટલાઈન વૉરિયર્સની કામગીરી, અસરકારક પગલાં અને મક્કમ નિર્ધાર સાથે

# કોરોનાની બીજી લહેર સામે નિર્ણાયક જીતની દિશામાં ગુજરાતની આગેકૂચ



કોરોના મહામારીથી આજે સમગ્ર વિશ્વ પીડાઇ રહ્યું છે. કોરોના નામનો શબ્દ આજે લોકજીભે આવી ગયો છે. ગયા વર્ષે 2020માં કોરોનાએ પોતાની પહેલી લહેર દેશમાં પોતાનો વ્યાપ મોટાભાગે શહેરી વિસ્તારો સુધી સીમિત રાખ્યો હતો એવું કહી શકાય. આ વર્ષે માર્ચ મહિનાથી દેશભરમાં કોરોનાની બીજી લહેર શરૂ થઈ. આ મહામારીની બીજી લહેરનો ભોગ શહેરી વિસ્તારોની જેમ ગ્રામીણ વિસ્તાર પણ બન્યો. ગુજરાત રાજ્યમાં આરોગ્યની પર્યાપ્ત સગવડ ઉપલબ્ધ હતી. તેમ છતાં કોરોનાની બીજી લહેરનો વ્યાપ એટલો વિશાળ ફલક સુધી પહોંચી ગયો હતો કે શહેરની સાથે ગ્રામીણ વિસ્તારો સુધી મહામારીથી નાગરિકોને પીડાવું પડ્યું. આ ગંભીર સ્થિતિ વચ્ચે રાજ્યના વહીવટી તંત્રે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના સંવેદનશીલ અને નિર્ણાયક નેતૃત્વમાં એક પછી એક અસરકારક પગલાંઓ લઈને કોરોનાની ગતિને એક મહિનામાં કાબૂમાં લાવી દીધી. આ લડાઈમાં રાજ્યના ફ્રન્ટ લાઈન વૉરિયર્સ અને વહીવટી તંત્રની ભૂમિકા ખૂબ મહત્ત્વની સાબિત થઈ. જેના પરિણામરૂપે છેલ્લા 20 દિવસમાં રાજ્યમાં કોરોના પોઝિટિવ દર્દીઓની સંખ્યામાં ઘટાડાની સાથે, રિક્વરી રેટમાં વધારો થયો છે.

આ માર્ચ મહિનાથી લઈ સતત એક મહિના સુધી કોરોનાના દર્દીઓ અને તેનાથી મૃત્યુ પામનારાઓની સંખ્યા વધતી રહી. માર્ચ મહિનાની તા.15 પછી કોરોના પોઝિટિવના કેસ અને મૃત્યુ આંકમાં વધારો જોવા મળ્યો. જે તેના 20 દિવસ બાદ એપ્રિલ મહિનામાં 14 હજારથી વધુ દર્દીઓ સુધી પહોંચી ગયો. કોરોના પોઝિટિવ દર્દીઓના વધારામાં મહાનગરો નહીં, પણ ગ્રામ્ય વિસ્તારોનો સમાવેશ થાય છે.

આ મહામારીની બીજી લહેરમાં 20 દિવસમાં સમગ્ર રાજ્યને પોતાની પકડમાં લઈ લીધા. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે પરિસ્થિતિને ધ્યાનમાં લઈ રાજ્યમાં આરોગ્યની સુવિધાને વધુ અસરકારક બનાવવા એક પછી એક બેઠક કરી, સંખ્યાબંધ પગલાં લીધાં. મુખ્યમંત્રી શ્રી રૂપાણીએ આંશિક લોકડાઉનનો અમલ કરાવી, કોરોનાને કાબૂમાં લીધો.

વર્ષ 2021માં આવેલી કોરોનાની બીજી લહેરમાં ક્યાંક દર્દીઓને હોસ્પિટલમાં બેડ ન મળ્યા તો જરૂરી દવાઓ અને ઈન્જેક્શનની પણ તંગી સર્જાઈ. તો ઓક્સિજનની ખપતમાં અચાનક વધારો થવાથી દર્દીઓ અને નાગરિકોને હાલાકીનો સામનો કરવો પડ્યો. આ બધી જ પરિસ્થિતિ વચ્ચે રાજ્ય સરકારે દવા, ઈન્જેકશન,હોસ્પિટલના બેડ તથા ઓક્સિજનની સુવિધા નાગરિકોને મળી રહે તે માટે અસરકારક પગલાં લીધાં. રાજ્યનાં વિવિધ શહેરોમાં કોવિડ કેર સેન્ટર, હોસ્પિટલના બેડ તથા ઓક્સિજન પ્લાન્ટની સુવિધા યુદ્ધના ધોરણે તૈયાર કર્યાં.

આ સાથે, રાજ્યમાં રસીકરણનું કાર્ય પૂરજોશમાં ચાલતું હતું. રાજ્યના એક કરોડથી વધુ નાગરિકોને રસીકરણથી સુરક્ષિત કરવામાં આવ્યા છે. રસીકરણના કારણે બીજી લહેરમાં 60 વર્ષથી વધુ વયના નાગરિકોમાં મૃત્યુદર ઓછો હતો. રાજ્યમાં એપ્રિલ મહિનાની 15 તારીખ પછી પોઝિટિવિટી રેટમાં ઘટાડો થયો, દર્દીઓનાં સાજા થવાનો દર પણ વધ્યો. દર્દીઓનો રિક્વરી રેટ 90 ટકાથી વધારે જોવા મળ્યો. આ સાથે, ઓક્સિજનની ખપતમાં ઘટાડો જોવા મળ્યો. તેવી રીતે, 50 દિવસ પછી દર્દીઓની સંખ્યા અને મૃત્યુદરમાં નોંધપાત્ર ઘટાડો થયો.

એકંદરે વાત કરીએ તો, મે મહિના (તા. 1 થી 20)ના 20 દિવસના ગાળામાં એક્ટિવ કેસમાં 70 હજારથી વધુનો ઘટાડો, મૃત્યુદરમાં 35 ટકાનો ઘટાડો, પોઝિટિવિટી રેટમાં ત્રણ ગણો ઘટ્યો છે. આ સાથે, રાજ્ય સરકારની નિર્ણાયકતા તથા આરોગ્યકર્મીઓની અસરકારક કામગીરીથી કોરોના દર્દીઓના રિકવરી રેટમાં 16 ટકાનો વધારો થયો છે. રાજ્યની કોવિડ હોસ્પિટલમાં દર્દીઓ ઝડપથી સાજા થઈ રહ્યા છે. હોસ્પિટલમાં ગંભીર દર્દીઓની સંખ્યા ઘટી છે, તો બેડ ખાલી થવા લાગ્યા છે. આ ઉપરાંત, 108 એમ્બ્યુલન્સનો રિસ્પોન્સ સમય પહેલાંની જેમ નિયમિત થઈ ગયો છે. ●



# તાઉતેનો ગુજરાતે કર્યો તાકાતથી મુકાબલો...

## ઝીરો કેઝ્યુઆલીટી માટેના આગોતરા પગલાં

- બે લાખ નાગરિકોનું સ્થળાંતર
- વીજપુરવઠો દુરસ્ત કરવા 661 ટીમ
- આરોગ્યની 744 ટીમ તૈનાત
- 108ની 607 એમ્બ્યુલન્સ સ્ટેન્ડ ટુ
- કોવિડ હોસ્પિટલ માટે 1700 ટન ઓક્સિજન જથ્થો સુરક્ષિત

# રાહત સહાય માટે રૂ. ૧૦૦૦ કરોડની વડાપ્રધાનશ્રીની જાહેરાત



## તાઉતે પહેલાં, તાઉતે દરમિયાન, તાઉતે પછી
## CM શ્રી રૂપાણી એટલે સતત જાગતાં, દોડતાં, મુશ્કેલીઓ સામે લડતાં પ્રહરી

એક પ્રતિબદ્ધ-સજ્જ શાસકની ઓળખ એ છે કે, એ મુશ્કેલીઓમાં અને વિપદાઓમાં ખીલી ઉઠે છે. આવા સમયે તેનામાં અંદરથી જ ચારગણું જોર અને જોમ ઉત્પન્ન થાય છે. રાજ્યમાં બધું સરળ ચાલતું હોય ત્યારે તો કોઈપણ વ્યક્તિ સારું પરફોર્મ કરી શકે. પરંતુ દસેય દિશાઓમાંથી આફતોનું વાવાઝોડું ફૂંકાતું હોય ત્યારે એ આફતો સામે બાથ ભીડી, પ્રજા અને આફત વચ્ચે અડગ, અડીખમ ઉભા રહી જાય, એ જ પ્રતિબદ્ધ શાસક. અંગદની જેમ જેનો પગ કોઈ ન હલાવી શકે. ૧૭૫ કિલોમીટર ઝડપે ફૂંકાતું વાવાઝોડું પણ નહીં. મુશ્કેલીનાં કપરાં કાળમાં જ જે-તે શાસકની સાચી ઓળખ થતી હોય.

ગુજરાતમાં તાઉતેનાં ભણકારા વાગતા હતા ત્યારે કોરોના અને બ્લેક ફંગસનો કાળો કેર ઓલરેડી હતો. આ સંકટનાં ત્રિશૂળનાં પ્રહાર મુખ્યમંત્રીશ્રી રૂપાણીએ પોતાની છાતી પર ઝીલ્યા અને પ્રજા જખ્મી ન થાય તેનો ખ્યાલ રાખ્યો. તાઉતે સમયે રાજ્યનાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જે સતર્કતા બતાવી તે પુરવાર કરે છે કે, શાસકમાં જો 24 કેરેટની નિષ્ઠા અને દીર્ઘદ્રષ્ટિ હોય તો કોઈપણ આફત સામે બાથ ભીડી શકાય, તેની વિપરીત અસરો મહદ અંશે નાથી શકાય.

'અમને ક્યાં ખબર હતી વાવાઝોડું આવે છે. અધિકારીઓ અમારા ઘરે આવ્યા અને અમારી ચિંતા કરીને સરકારે રહેવા માટે, જમવા માટે ને અમારા બાળકો માટે બધી જ સુવિધા કરી છે.' પોરબંદરનાં સાવંતીદેવી સિંઘે ભોળાભાવે આ શબ્દો ઉચ્ચાર્યા તો વળી લીશ્માબેન બિરજી ભાઈએ પણ કહ્યું કે, 'અત્યારે રાત્રે પોરબંદરમાં વરસાદી વાતાવરણ છે. થોડો ઘણો પવન પણ છે અને વાવાઝોડાની આગાહી છે ત્યારે અમને સરકારે આશરો આપ્યો છે.' માત્ર પોરબંદર જ નહિ, ઉના, જૂનાગઢ,અમરેલી સહિત સમગ્ર સૌરાષ્ટ્રને ઘમરોળનાર તાઉતે વાવાઝોડાના અનેક અસરગ્રસ્તોનાં આવા જ ઉદગારો છે.આગોતરૂ આયોજન આપત્તિને નાથવાનો એકમાત્ર વિકલ્પ છે. આ વાત ગુજરાતે વધુ એકવાર સાબિત કરી છે.

રાજ્ય સરકારે સાવચેતીરૂપ લીધેલા પગલાઓનાં કારણે મોટા જાનમાલના નુકશાનમાંથી ગુજરાત ઉગરી ગયુ છે.એટલુ જ નહિ, મુખ્ય મંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીની સંવેદનશીલતા, ત્વરિત નિર્ણયશક્તિ અને કુશળ આયોજનનો વધુ એક પુરાવો મળ્યો.

મનમાં એક સવાલ ઉદભવે કે ચક્રવાત ઉદભવે છે કેવી રીતે ? જ્યારે ભિન્ન-ભિન્ન તાપમાન ધરાવતા બે વાયુપ્રવાહો સામ-સામે આવે છે ત્યારે પરસ્પર ભળી જવાને બદલે અથડાય છે. તેમના મિલનસ્થાન (સ્પર્ધાસપાટી) પાસે હવાનું દબાણ એકાએક વધી જાય છે. આ વિસ્તારમાં ચક્રવાતની શરૂઆત થાય છે.

ચક્રવાતના કેન્દ્રમાં હલકું દબાણ હોય છે અને કેન્દ્રથી દૂર જતાં દબાણ ભારે (વધતું થતું જાય છે. પૃથ્વીની ધરીમાં ગતિને લીધે પવનો મધ્યના હલકા દબાણ તરફ ધસી આવીને ચકરાવો લઈને જમીનસપાટી ઉપરથી ઊંચે ચડે છે, ચક્રવાતમાં પવનોની ગતિ ઉત્તર ગોળાર્ધમાં ઘડિયાળના કાંટાના ફરવાની વિરુદ્ધ દિશામાં અને

દક્ષિણ ગોળાર્ધમાં ઘડિયાળના કાંટાના ફરવાની દિશામાં હોય છે.

ચક્રવાત યુરોપ અને અમેરિકા ખંડના હવામાનમાં મોટા ફેરફાર લાવે છે. તે જાન-માલને ભારે નુકસાન કરે છે. વિશ્વમાં સૌથી વિનાશક ચક્રવાત એન્ટાર્ટિકા ખંડમાં ફૂંકાય છે. ભારતમાં કોઈક વાર આવા તોફાની ચક્રવાતો સમુદ્ર પરથી ભેજ લઈને આવે છે ત્યારે વૃષ્ટિ આપે છે. તેમજ સમુદ્રકિનારાની પાસેના વિસ્તારોમાં ભારે તારાજી સર્જે છે. 1999માં ગુજરાત (કચ્છ)માં આવેલા તોફાની ચક્રવાતે ભયંકર તારાજી સર્જી હતી. 29 ઑક્ટોબર, 1999માં ઓડિશાના સમુદ્રકિનારા પર આવેલો ચક્રવાત સૌથી ભયાનક હતો. તેની ગતિ દર કલાક ૨૬૦ કિમીની હતી.

ગુજરાત પર આવેલું આ વખતનું આ તાઉતે વાવાઝોડુ ભયાવહ અને વિનાશકારી હતું. સોમવારે ૧૭મી મેના રાત્રે ૮.૩૦ કલાકે જ્યારે ઉનાના દરિયાકાંઠેથી એ ગુજરાતમાં પ્રવેશ્યુ ત્યારે ૧૭૫ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાનો શરૂ થયો હતો. ત્યારબાદ સતત ૨૮ કલાક સુધી ગુજરાતના અલગ-અલગ વિસ્તારોને ધમરોળતું અને તીવ્ર પવન તથા વરસાદ સાથે આ વાવાઝોડું ઉના દરિયાકાંઠાથી લઈને ઉત્તરગુજરાતના બનાસકાંઠાની સરહદ સુધીના સમગ્ર ગુજરાતને ચીરીને પસાર થયું.

**કેન્દ્ર સરકારનાં પેકેજ ઉપરાંત રાજ્ય સરકારનાં ખાસ પેકેજ થકી CM રૂપાણીએ અસરગ્રસ્તોનાં આંસુ લુછવા અને જખ્મો રૂઝવવા ગજબનાક ત્વરા દર્શાવી**

ચક્રવાત વિશ્વના દેશોમાં જુદાં જુદાં નામથી ઓળખાય છે. જેમકે વેસ્ટ ઈન્ડિઝ અને મેક્સિકોના અખાતમાં રિકેન, જાપાન અને ફિલિપીન્સમાં ટાઈન, યુ.એસ.માં ટૉર્નેડો અને ઓસ્ટ્રેલિયામાં વિલી-વિલીઝ તરીકે ઓળખાય છે.

રિઝીયોનલ સ્પેશ્યલાઈઝ મિટીરીયોલોજીકલ સેન્ટર(આરએસએમસી) અને ટ્રોપિકલ સાઈકલોન વોર્નિંગ સેન્ટર (ટીસીડબલ્યુસી) વિશ્વના કોઈપણ મહાસાગર વિસ્તારમાં ઊભા થયેલાં ચક્રવાતને સંયુક્ત રીતે નામ આપવાનુ કામ કરે છે. વિશ્વમાં કુલ ૬ આરએસએમસી છે. જેમાંનું એક ઈન્ડિયન મિટીરીયોલોજીકલ ડિપાર્ટમેન્ટ છે. વર્લ્ડ મિટીરીયોલોજીકલ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુએમઓ) અને યુનાઈટેડ નેશન ઈકોનોમિક્સ એન્ડ સોશિયલ કમિશન ફોર એશિયા પેસિફીક વર્ષ ૨૦૦૦થી વિશ્વમાં આવતા ચક્રવાતના નામો સુનિશ્ચિત કરે છે. વર્ષ ૨૦૦૦માં ડબલ્યુએમઓ અને ઈએસએફએપીમાં વિશ્વના આઠ દેશોની કમિટિ ચક્રવાતના નામ નક્કી કરતી હતી. જેમાં બાંગ્લાદેશ, ભારત, માલદીવ, મ્યાનમાર, ઓમાન, પાકિસ્તાન, શ્રીલંકા અને થાઈલેન્ડ દેશો હતા. ત્યારબાદ









૨૦૧૮માં ઈરાન, કતાર, સાઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમિરાત અને યમન નવા પાંચ દેશોનો ઉમેરો થતાં હવે કુલ ૧૩ દેશો ચક્રવાતના નામ આપવા માટેની કમિટિમાં સામેલ છે. એપ્રિલ ૨૦૨૦માં આ ૧૩ રાષ્ટ્રોએ ૧૩-૧૩ નામો આપીને કુલ ૨૬૯ ચક્રવાતોના નામોની સૂચિ બહાર પાડી.

ગુજરાત પર ત્રાટકેલા આ ચક્રવાતને નામ આપનાર દેશ મ્યાનમાર છે. મ્યાનમારમાં 'તાઉતે' શબ્દનો અર્થ વિચિત્ર પ્રકારનો ઘેરો અવાજ કરતી ગરોળી એમ થાય છે.

## તાઉતે વાવાઝોડાથી થયેલા નુકસાનમાં રાહત સહાય માટે રૂ. ૧૦૦૦ કરોડની વડાપ્રધાનશ્રીની જાહેરાત

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાત પર આવેલા તાઉતે વાવાઝોડાની આપદાના બીજા જ દિવસે ગુજરાતના અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે આવીને અને થયેલી તારાજીનું હવાઇ નિરીક્ષણ કરીને ગુજરાત પ્રત્યેની પોતાની ચિંતા, લાગણી અને પ્રેમ દર્શાવ્યો તે માટે સમગ્ર ગુજરાતની જનતા વતી શ્રી નરેન્દ્રભાઇ મોદીનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

વડાપ્રધાનશ્રીએ તાઉતે વાવાઝોડાથી અસરગ્રસ્ત વિસ્તારોનું હવાઇ નિરીક્ષણ કરીને પરિસ્થિતિનો તાગ મેળવ્યા બાદ અમદાવાદ આવીને રાજ્યના વરિષ્ઠ સચિવો સાથેની ઉચ્ચસ્તરીય બેઠકમાં સમગ્ર પરિસ્થિતિની ઉંડાણપૂર્વક સમીક્ષા કરી, સ્થિતિનું આકલન કર્યુ સાથોસાથ કોરોના- કોવિડ સંક્રમણ નિયંત્રણ માટેના રાજ્ય સરકારના પગલાંઓ અને ઉપાયોની જાણકારી મેળવી સંતોષ વ્યક્ત કર્યો.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી ગુજરાત પર જ્યારે જ્યારે કોઇ વિપદા કે આફત આવી ત્યારે મદદ અને સહાય માટે હંમેશા ત્વરિત પ્રતિસાદ આપે જ છે.

તાઉતે વાવાઝોડાથી થયેલા નુકસાનમાં પણ તત્કાલ ૧૦૦૦ કરોડ રૂપિયાની સહાય, વાવાઝોડાથી મૃત્યુ પામેલા લોકોને રૂ. ૨ લાખ અને ઈજાગ્રસ્તોને રૂ. ૫૦,૦૦૦ની સહાય જાહેર કરીને તેમણે ગુજરાત પ્રત્યેની પોતાની હમદર્દી, લાગણી અને આપ્તજનભાવ દર્શાવ્યા હતા.

આ તાઉતે વાવાઝોડાની વિપદામાંથી રાજ્ય સરકારના વણથક પરિણામકારી પગલાઓ અને જનતાજનાર્દનની જાગરૂકતાને પરિણામે આપણે આ વાવાઝોડાની આફતમાંથી સાંગોપાંગ પાર ઉતર્યા અને કોઇ મોટી નુકસાની કે જાનહાની થઇ નથી ,મુખ્ય મંત્રીશ્રીએ તેની વિસ્તૃત વિગતો રાજ્યના પ્રજાજનોને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુકના માધ્યમથી સંબોધન કરતાં આપી હતી.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આ તીવ્ર વાવાઝોડા સામે ગુજરાતમાં નુકસાની અને જાનહાની બહુ મોટા પાયે થયા નથી તે માટે ગુજરાત ઉપરની સોમનાથ દાદાની કૃપા, દ્વારકાધીશના આશીષ અને મા જગદંબાની અમી દ્રષ્ટિને કારણે તેમજ રાજ્ય સરકારના આગોતરા આયોજન, અગમચેતી અને આયોજનબદ્ધ સમયસરના પગલાંઓને કારણે આપણે આ કુદરતી આફતમાંથી પાર ઉતર્યા છીએ તેમ પણ ઉમેર્યું હતું.

શ્રી વિજયભાઇ રૂપાણીએ કહ્યું કે, તાઉતે વાવાઝોડાનો ગુજરાતે સંપૂર્ણ તાકાત સાથે મુકાબલો કર્યો છે. આ માટે રાજ્ય સરકારના તમામ વિભાગો, જિલ્લા વહીવટીતંત્રો અને વરિષ્ઠ અધિકારીઓ તથા મંત્રીશ્રીઓનો અથાગ પરિશ્રમ અને આગવી સૂઝ કારગત નીવડ્યા છે. આ માટે મુખ્યમંત્રીશ્રીએ ટીમ ગુજરાતને અભિનંદન આપ્યા હતા.



ગુજરાત કદી ન "ઝુક્યું છે કે ન રોકાયું છે" વિકાસના માર્ગે પૂર્વવત આગળ વધવાનો આપણો સંકલ્પની આગવી ખુમારી ધરાવે છે. વાવાઝોડું પસાર થયાના ગણતરી કલાકોમાં જ વીજળી, પાણી, રોડ-રસ્તા વગેરેની પરિસ્થિતિ પૂર્વવત કરવા રાજ્ય સરકારનું તંત્ર સતત પરિશ્રમરત થયું હતુ અને સમગ્ર પરિસ્થિતિને થાળે પાડવાના આયોજનબદ્ધ પ્રયાસો થયા હતા.

## પૂર્વ તૈયારીઓ અને અસરકારક પગલાં

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત પર આવનારા સંભવિત તાઉતે વાવાઝોડાની સ્થિતિ અને તેનો સામનો કરવા માટે રાજ્ય સરકારની સજ્જતાની સંપૂર્ણ તૈયારીઓની સર્વગ્રાહી સમીક્ષા માટે ઉચ્ચસ્તરીય બેઠકો યોજી હતી. મુખ્યમંત્રીશ્રીએ ઝીરો કેઝ્યુઆલીટીનાં એપ્રોચ સાથે વહીવટી તંત્રને તમામ તૈયારીઓ કરવા આગોતરી સૂચનાઓ આપી હતી. કોવિડ-19ની પ્રવર્તમાન પરિસ્થિતિ ધ્યાને લઈને સૌરાષ્ટ્ર અને કચ્છનાં દરિયાકાંઠાનાં જિલ્લાઓમાં જ્યાં આ વાવાઝોડાની અસર થઈ શકે છે તેવા જિલ્લાઓમાં કોવિડ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ગંભીર દર્દીઓ માટે વિશેષ વ્યવસ્થાઓ પણ મુખ્યમંત્રીશ્રીનાં માર્ગદર્શનમાં કરવામાં આવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ તાઉતે વાવાઝોડાનાં સંદર્ભમાં ગાંધીનગરમાં સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે રાજ્યનાં ઉચ્ચ અધિકારીઓ સાથે તાકીદની સમીક્ષા બેઠક યોજી હતી અને તમામ જિલ્લાઓના વહીવટીતંત્રને સ્ટેન્ડ-ટુ રહેવાના આદેશો કર્યા હતા તેમજ વિવિધ જિલ્લાઓનાં લોકોને સલામત સ્થળે સ્થળાંતર સહિતની માઈક્રો પ્લાનિંગ વ્યવસ્થાની પણ સમીક્ષા કરી હતી. મુખ્યમંત્રીશ્રીનાં દિશાનિર્દેશમાં 2 લાખથી વધુ લોકો તેમજ પશુપાલકોનાં પશુઓનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું હતું. વાવાઝોડાનાં પરિણામે વીજ પુરવઠાને અસર પડે તો સત્વરે દુરસ્તી કામ માટે 661 જેટલી ટીમ તૈયાર હતી, 744 આરોગ્ય ટીમ, 160 આઈ.સી.યુ ઓન વ્હીલ્સ, 607 જેટલી 108 એમ્બ્યુલન્સ જરૂર જણાયે સેવામાં લઈ શકાય તે માટે ખડેપગે રાખવામાં આવી હતી. કોરોના-કોવિડની સારવાર લઈ રહેલા દર્દીઓ માટે સ્પેશિયલ કેર કરીને 1400 જેટલી કોવિડ હોસ્પિટલોમાં પાવર બેકઅપ ડી.જી. સેટ તૈયાર રાખવા સૂચનાઓ અપાઈ હતી. 1000 ટન ઓક્સિજનની જરૂરિયાત સામે 1700 ટન વધારાનો જથ્થો સુરક્ષિત કર્યો હતો. રેમડીસીવીર ઈન્જેકશનો પણ દરિયાકાંઠાના જિલ્લાઓમાં મોકલી દેવાયા હતા.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની સરકારે આ વાવાઝોડામાં કોઈ જાનહાનિ ન થાય તેવા 'ઝીરો કેઝ્યુઆલીટી' અભિગમ સાથે દરિયાકાંઠાના જિલ્લાઓ ગીર સોમનાથ, પોરબંદર, અમરેલી, ભાવનગર, જૂનાગઢ, કચ્છ, જામનગર, દ્વારકા, વલસાડ, ભરૂચ સહિતનાં જિલ્લાઓમાં દરિયાકાંઠે વસેલા તેમજ કાચા મકાનોમાં, નદી કિનારે વસતા લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરાવવાની કામગીરી વેગવાન બનાવી હતી. દરિયામાં માછીમારી માટે ગયેલા બધા જ માછીમાર-સાગરખેડૂઓ સલામત રીતે પરત આવી ગયા હતા, આ સંભવિત વાવાઝોડાની તીવ્રતા અને વ્યાપકતાની સંભાવનાઓ જોતાં રાજ્ય સરકારે બચાવ-રાહતનાં આગોતરાં આયોજનમાં કોઈ કચાશ રાખી નથી.

## સતત મોનિટરીંગ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ગુજરાત પર તાઉતે નામનું વિનાશક વાવાઝોડું ત્રાટક્યું એ પહેલાં કંટ્રોલરૂમ પહોંચી ગયા હતા. સતત બે દિવસ સુધી તેમણે મધરાત સુધી અને પરોઢિયા સુધી કન્ટ્રોલ રૂમ સંભાળ્યો. આ ઘટના દર્શાવે છે કે, ગુજરાતનાં પ્રત્યેક નાગરિકની તેમને ચિંતા છે. કંટ્રોલરૂમ ખાતે મુખ્યમંત્રી શ્રી રૂપાણીએ એરફોર્સનાં અધિકારીઓ સાથે વીડિયો-કોન્ફરન્સ યોજી



રહેવાની સૂચના આપી હતી. આ સિવાય મુખ્યમંત્રી શ્રી રૂપાણીએ સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે હવામાન વિભાગના ડાયરેક્ટર પાસેથી ગુજરાતમાં તાઉતે વાવાઝોડાની સ્થિતિ અને આવનારા સમયમાં ક્યાં વિસ્તાર પ્રભાવિત થશે તે અંગેની માહિતી મેળવી હતી.

## અસરગ્રસ્ત વિસ્તારો-વ્યક્તિઓને સહાય

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગીર સોમનાથ, ભાવનગર તેમજ અમરેલી જિલ્લાનાં વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કરીને ગુજરાતમાં તાઉતે વાવાઝોડાને કારણે સર્જાયેલી પરિસ્થિતિનું આકલન કર્યું હતું. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તેમની સાથે ઉપસ્થિત રહ્યા હતા. તાઉતે વાવાઝોડાથી પ્રભાવિત ગુજરાતનાં વિવિધ વિસ્તારોનાં હવાઈ નિરીક્ષણ બાદ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાત્કાલિક રાહત કામગીરી કરવા માટે રૂ. 1000 કરોડ તેમજ મૃતકોનાં પરિજનોને રૂ. 2 લાખ અને ઈજાગ્રસ્ત લોકોને રૂ. 50000ની નાણાકીય સહાયની જાહેરાત કરી છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ સહાય બદલ સમગ્ર ગુજરાત વતી પ્રધાનમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ ઉપરાંત મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં તાઉતે વાવાઝોડાને કારણે જીવ ગુમાવનાર મૃતકોનાં વારસદારોને ગુજરાત સરકાર તરફથી 4 લાખ રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી હતી. આ સહાય ભારત સરકારે જાહેર કરેલી રૂપિયા 2 લાખની સહાય ઉપરાંત અપાશે. આમ, રાજ્યમાં વાવાઝોડાથી મૃત્યુ પામેલા વ્યક્તિઓના વારસદારોને કુલ 6 લાખ રૂપિયાની સહાય મળશે. આ ઉપરાંત, વાવાઝોડામાં ઈજા

હતી, જેમાં જરૂર પડે કોરોનાનાં ઈમરજન્સી દર્દીઓ અને ફસાયેલા લોકોને એરલિફ્ટ કરવા પણ ચર્ચા કરવામાં આવી હતી. તેઓએ રાજ્યનાં તમામ જિલ્લા જ્યાં વાવાઝોડું ત્રાટક્યું છે તે અંગે કલેક્ટર સાથે વીડિયો-કોન્ફરન્સથી વાત કરી હતી તેમજ કોવિડ હોસ્પિટલમાં શું સ્થિતિ છે તથા સંબંધિત અધિકારોને કોઈ ગફલતમાં ન રહેવાની પણ સૂચના આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગરનાં સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે ઉપસ્થિત રહી તાઉતે વાવાઝોડાનાં લેન્ડફોલ અને રાજ્ય પરથી પસાર થવાની સંપૂર્ણ પ્રક્રિયા પર નજર રાખી રહ્યા હતા. તેમણે મોડી રાત્રે ગાંધીનગરના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાં મુખ્ય સચિવ શ્રી સહિત રાજ્ય સરકારનાં તમામ વિભાગનાં વરિષ્ઠ સચિવો સાથે સર્વગ્રાહી સમીક્ષા બેઠક યોજીને આ વાવાઝોડાની ગતિ, સ્થિતિ અને તીવ્રતા વિશેની રજેરજની માહિતી મેળવી હતી તેમજ વલસાડ અને ગીર સોમનાથનાં કલેકટરો અને અધિકારીઓ સાથે સ્ટેટ કન્ટ્રોલરૂમમાંથી ટેલીફોનિક હોટલાઈન દ્વારા વાતચીત કરીને તાઉતે વાવાઝોડાની સ્થિતિની માહિતી મેળવી હતી.

મુખ્યમંત્રીએ ખાસ વીજ પુરવઠો જળવાઈ રહે, કોરોના સંક્રમિત વ્યક્તિઓની સારવારમાં કોઈ અવરોધ ના આવે વગેરે બાબતોને અગ્રતા આપીને ઝીરો કેઝ્યુઆલિટી અભિગમથી સતત સતર્ક રહેવા અને તેમના જિલ્લાની સ્થિતિની માહિતી સ્ટેટ કન્ટ્રોલ રૂમમાં પહોચાડતા



પામેલા લોકોને રાજ્ય સરકાર 50 હજાર રૂપિયાની સહાય આપશે. આ સહાય પણ વડાપ્રધાનશ્રીએ જાહેર કરેલી સહાય ઉપરાંત રાજ્ય સરકાર આપશે. એટલે કે, ઈજાગ્રસ્તોને કુલ 1 લાખ રૂપિયાની સહાય અપાશે.

તાઉતે વાવાઝોડાને પરિણામે મકાનો, ઝૂપડાંઓ વગેરેને થયેલા નુકસાનની સહાય માટેનો મહત્વપૂર્ણ નિર્ણય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ લીધો હતો અને મકાનોને થયેલા નુકસાન અંગે સહાયના ધોરણો જાહેર કર્યા જે મુજબ સંપૂર્ણ નાશ પામેલા મકાનો માટે રૂ. 95100ની સહાય, અંશતઃ નુકસાન પામેલા મકાનો માટે રૂ. 25000ની સહાય, ઝૂંપડાઓ માટે રૂ. 10000ની સહાય, પશુ રાખવાની જગ્યા ગમાણ, વાડાને થયેલા નુકસાન માટે રૂ. 5000ની સહાય જાહેર કરવામાં આવી. આટલું જ નહીં પરંતુ વાવાઝોડાનાં કારણે સ્થળાંતર થયેલા પુખ્તવયની વ્યક્તિને રૂ. 100 પ્રતિદિવસ, બાળકોને રૂ. 60 પ્રતિદિન કેશડોલ આપવામાં આવ્યું છે. 16 અને 17 મેએ સ્થળાંતર થયેલા લોકોને સાત દિવસની કેશડોલ ચૂકવાય છે. 18 મેએ સ્થળાંતર થયેલા લોકોને ત્રણ દિવસની કેશડોલ ચૂકવાય છે.

મુખ્યમંત્રી શ્રી રૂપાણીનાં નેતૃત્વ તળેની રાજ્ય સરકારે તાઉ-તે વાવાઝોડાને કારણે નુકસાન પામેલા પાકને લઈ ખેડૂતો માટે રાહત આપતો નિર્ણય પણ કર્યો હતો. જે વૃક્ષો નાશ પામ્યા છે તેને એક હેક્ટર દીઠ રૂપિયા 1 લાખની સહાય 2 હેક્ટરની મર્યાદામાં આપશે. જ્યારે જે બાગાયતી પાકો ખરી ગયા છે અને 33થી વધુ ટકા નુકસાન થયું છે તેને હેક્ટર દીઠ રૂ. 30000ની બે હેક્ટરની મર્યાદામાં સહાય આપવામાં આવશે. જ્યારે ઉનાળુ પાક એવા તલ, બાજરી જેવા પાકોમાં 33 ટકાથી વધુ નુકસાની હશે તે ખેડૂતોને હેક્ટર દીઠ રૂ. 20 હજારની સહાય કરવામાં આવશે. રાજ્યમાં હાલ કૃષિ ક્ષેત્રમાં થયેલા નુકસાનીના સર્વે માટે 600થી વધુ ટીમો કાર્યરત છે. તે પૈકી કેટલીક ટીમો વ્યાપક નુકસાન થયું છે, તેવા અમરેલી, ગીર સોમનાથ, જૂનાગઢ, ભાવનગર અને બોટાદ સહિત પ્રભાવિત જિલ્લાઓમાં નુકસાનનો સર્વે કરી રહી છે.

## વાવાઝોડાથી અસરગ્રસ્ત વિસ્તારોમાં CMની મુલાકાત

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં તાઉતે વાવાઝોડાથી પ્રભાવિત જિલ્લાનાં અંતરિયાળ ગામોની સતત બે દિવસ સુધી જાત-મુલાકાત લઈને આ વાવાઝોડાને કારણે થયેલી નુકસાની અને ગામની સ્થિતિનો ક્યાસ મેળવ્યો હતો. મુખ્યમંત્રી શ્રી રૂપાણીએ ઉના, ગીર-સોમનાથ, અમરેલી, રાજુલા સહિતનાં ગામોની મુલાકાત લઈને ગ્રામજનો સાથે સંવાદ કર્યો હતો, અને આ વિસ્તારોમાં વાવાઝોડાથી સર્જાયેલી વિકટ સ્થિતિનો ચિતાર મેળવ્યો હતો. ગ્રામજનો પાસેથી તેમણે વાવાઝોડાને કારણે ગામમાં સર્જાયેલી સ્થિતિની માહિતી મેળવી હતી. મુખ્યમંત્રીશ્રીએ અસરગ્રસ્ત ગ્રામજનો સાથે પણ સંવેદનાપૂર્વક સંવાદ કરીને આ આપદામાં રાજ્ય સરકાર તેમની પડખે હોવાનો સધિયારો આપ્યો હતો. આ અગાઉ, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈએ વાવાઝોડાથી પ્રભાવિત ગીર સોમનાથ જિલ્લાના વિવિધ વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કર્યું હતું. શ્રી વિજયભાઈ રૂપાણીએ અસરગ્રસ્ત ગ્રામજનોનાં તૂટી ગયેલા - પડી ગયેલા મકાનો અને બોટસ વગેરેની વિગતો સ્થળ પર જઈને સાંભળી આ વિપદામાં રાજ્ય સરકાર સાગરખેડૂ, માછીમારોની સહાયતા માટે પ્રતિબદ્ધ રહેશે તેવો વિશ્વાસ આપ્યો હતો.



## અસરગ્રસ્ત વિસ્તારોનું હવાઇ નિરીક્ષણ કરતા વડાપ્રધાનશ્રી

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતમાં તાઉતે વાવાઝોડાથી પ્રભાવિત વિસ્તારોના હવાઈ નિરીક્ષણ માટે ભાવનગર એરપોર્ટ ખાતે આવી પહોંચતા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, મેયર શ્રીમતી કીર્તિબાળા દાણીધરીયા, મુખ્ય સચિવશ્રી અનિલ મુકીમ, મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર, કલેક્ટર શ્રી ગૌરાંગ મકવાણાએ તેમને આવકાર્યા હતા. વડાપ્રધાનશ્રી ભારતીય વાયુદળના વિશેષ વિમાન મારફતે ભાવનગર એરપોર્ટ ખાતે આવી પહોંચ્યા બાદ એરફોર્સના હેલિકોપ્ટરમાં સૌરાષ્ટ્રના અમરેલી, ગીર સોમનાથ અને ભાવનગર જિલ્લાના તાઉતે વાવાઝોડાથી પ્રભાવિત અસરગ્રસ્ત વિસ્તારોનું એક કલાક સુધી હવાઈ નિરીક્ષણ કર્યું હતું. હવાઈ નિરીક્ષણ કર્યા બાદ તેઓ ભાવનગરથી અમદાવાદ જવા રવાના થયા હતા. આ પ્રસંગે મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ.એ.ગાંધી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વરૂણકુમાર બરનવાલ, જિલ્લા પોલીસ વડાશ્રી જયપાલસિંહ રાઠૌર ઉપસ્થિત રહ્યાં હતાં. ●



## વાવાઝોડા સામે આગોતરું આયોજન

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનાં નેતૃત્વમાં રાજ્ય સરકારની સતર્કતા, આગોતરા આયોજન અને લોકોના સહકારથી ગુજરાતમાં તાઉતે વાવાઝોડાથી મોટી જાનહાનિ ટાળી શકાઈ હતી. ચક્રવાતથી એક સ્તર નીચું ગણાતું તાઉતે નામનું વાવાઝોડું 24 કલાકથી વધુ ગુજરાત પર રહેવાથી વ્યાપક નૂકશાન થઈ શકે તેમ હતું પરંતુ રાજ્ય સરકારે વાવાઝોડું આવે એ પહેલાનાં ત્રણ દિવસ અગાઉથી જ બધી તૈયારીઓ પૂર્ણ કરી લીધી હતી. આગોતરા આયોજન, અગમચેતી અને રાજ્ય સરકારનાં મંત્રીઓથી લઈને નાનામાં નાના કર્મચારીનાં સક્રિય પ્રયત્નો તથા ગુજરાતનાં લોકોનાં અભૂતપૂર્વ સહકારથી ગુજરાત તાઉતે વાવાઝોડામાંથી સાંગોપાંગ મુક્ત થયું હતું.

મુખ્યમંત્રી શ્રી રૂપાણીનાં માર્ગદર્શનમાં રાજ્યમાં સમગ્ર પરિસ્થિતિ પૂર્વવત કરવા માર્ગ-મકાન, ઊર્જા સહિતનાં વિભાગો યુદ્ધનાં ધોરણે કામે લાગ્યા હતા. વાવાઝોડાની વિશેષ અસર થઈ છે એવા જિલ્લાઓમાં સરકારના તમામ વિભાગો યુદ્ધના ધોરણે રિસ્ટોરેશન અને રાહત કામગીરી શરૂ કરવામાં આવી હતી, માત્રે બે દિવસમાં પરિસ્થિતિ પૂર્વવત્ થઈ જનજીવન સામાન્ય થઈ ગયું હતું. તાઉતે વાવાઝોડાથી પ્રભાવિત દરિયાઈ પટ્ટીનાં વિસ્તારોને યુદ્ધનાં ધોરણે ફરી બેઠા કરી દેવામાં આવ્યા હતા. વીજ પુરવઠો-પાણી પુરવઠો ત્વરાએ પૂર્વવત થઈ ચૂક્યો હતો. કોઈ કલ્પના પણ ન કરી શકે એટલા ઓછા સમયમાં વાવાઝોડા બાદ ત્વરિત કાર્યવાહી કરીને સમગ્ર સ્થિતિ સામાન્ય કરી દેવામાં આવી હતી. આવા વાવાઝોડાં પછી આટલી ઝડપે રાજ્ય ઊભું થઈ ગયું હોય તેવી આ કદાચ પ્રથમ ઘટના હશે.

**તાઉતેનાં આફ્ટરશોક્સ, કોરોના અને બ્લેક ફંગસ સામે CM રૂપાણીએ રીતસર ભીષણ સંગ્રામ માંડ્યો છે, આ વ્યાધિ-ઉપાધિઓને તેઓ આયોજનબદ્ધ રીતે હંફાવી રહ્યા છે**

## નુકસાન પામેલા બાગાયતી પાકોને પુનઃસ્થાપિત કરવાનો નવતર અભિગમ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાઉતે વાવાઝોડામાં બાગાયતી પાકોને થયેલા નુકસાન બદલ આર્થિક વળતર ચૂકવવા સિવાય બાગાયતી પાકોને ફરી પુનઃસ્થાપિત - રિસ્ટોરેશન કરવાનો નવતર અભિગમ અપનાવ્યો હતો. આવો અનોખો વિચાર પણ એ જ શાસકને આવે જે પ્રતિપળ પ્રજાની ચિંતા કરતો હોય. તાઉતે

વાવાઝોડામાં નાશ પામેલા બાગાયતી પાકો નાળિયેરી, કેરી (આંબા)ને ફરી પુન:સ્થાપિત - રિસ્ટોરેશન માટેની સંભાવનાઓ ચકાસી તે અંગે રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓનાં તજજ્ઞ કૃષિ વૈજ્ઞાનિકો ખેડૂતોને તાંત્રિક માર્ગદર્શન પુરૂં પાડવાનાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનાં પ્રેરક દિશાસૂચન અનુસાર કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગે રાજ્યની ચાર કૃષિ યુનિવર્સિટીઓનાં 193 જેટલા કૃષિ વૈજ્ઞાનિકોને તાઉતે વાવાઝોડાથી વધુ અસરગ્રસ્ત અને જ્યાં બાગાયતી પાકોને સૌથી વધુ વ્યાપક નુકશાન થયું છે તે જિલ્લામાં તાત્કાલિક મોકલવાની વ્યવસ્થા ગોઠવી હતી. અમરેલી જિલ્લામાં દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના 48, ભાવનગર જિલ્લામાં આણંદ કૃષિ યુનિવર્સિટીનાં 43, ગીર-સોમનાથમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનાં 78 તેમજ સુરત, વલસાડ અને નવસારી જિલ્લાઓમાં નવસારી કૃષિ યુનિવર્સિટીનાં 24 એમ કુલ 193 કૃષિ વૈજ્ઞાનિકો અસરગ્રસ્ત જિલ્લાઓમાં તત્કાલ પહોચી ગયા છે. આ વિસ્તારોમાં નુકશાન પામેલા બાગાયતી પાકોનાં સર્વે સાથે નાળિયેરી આંબા, કેળ, દાડમ અને લીંબુનાં ઝાડ-છોડનાં પુન:વાવેતર - રિસ્ટોરેશન માટે આ કૃષિ વૈજ્ઞાનિકો તાંત્રિક માર્ગદર્શન ધરતીપુત્રોને આપશે. આમ, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનાં માર્ગદર્શનમાં આ નવતર પ્રયોગની સફળતા આવનારા દિવસોમાં દેશમાં બાગાયતી પાકોનાં વૃક્ષો-ઝાડપાનનાં વૈજ્ઞાનિક ઢબે પુન:સ્થાપન માટે પ્રેરણારૂપ બનશે. કૃષિ વૈજ્ઞાનિકો માટે પણ આ એક તક છે. ફિલ્ડમાં જઈ ને તેઓ પોતાની કુનેહ, જ્ઞાન, કોઠાસૂઝ... બધું જ પુરવાર કરી શકે છે.

## માછીમારોને ત્વરિત સહાય માટે પરિવારદીઠ કેશડોલ ચુકવાશે

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાતના દરિયાકાંઠા વિસ્તારોમાં ત્રાટકેલા તાઉ-તે વાવાઝોડાએ સર્જેલી વિકટ સ્થિતીનો તાગ અમેરલીના કોવાયા અને પીંપરીકાંઠા ગામોના સાગરખેડૂ-માછીમાર પરિવારોની વિતક સ્વયં સાંભળીને મેળવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રી અસરગ્રસ્ત વિસ્તારો ખાસ કરીને તાઉ-તે થી વધુ પ્રભાવિત એવા ગીર સોમનાથ અને અમરેલીના ગામોની મુલાકાત અને પૂનર્વસન કાર્યમાં માર્ગદર્શન માટે હવાઇ માર્ગે પહોચ્યા હતા.

શ્રી વિજયભાઇ રૂપાણીએ આ સમગ્ર વિસ્તારોમાં તાઉ-તે વાવાઝોડાના તીવ્ર પવન અને વરસાદને પરિણામે ઊભી થયેલી સ્થિતીનું હવાઇ નિરીક્ષણ કર્યુ હતું. મુખ્યમંત્રીશ્રી અમરેલી જિલ્લાના રાજુલાના કોવાયા અને જાફરાબાદના પીપરીકાંઠા ગામોમાં જઇને સાગરખેડૂ-માછીમાર પરિવારો, ગ્રામજનોને મળ્યા હતા.

તેમણે કોમન મેન સી.એમ તરીકે આ પરિવારો-ગ્રામજનોની વ્યથા-વિતક સાંભળી અને તાઉ-તે ને કારણે તેમને થયેલા નુકશાનની જાત માહિતી મુખ્યમંત્રી તરીકે તેમની વેદનામાં સહભાગી થઇને મેળવી હતી. શ્રી વિજયભાઇ રૂપાણીએ અસરગ્રસ્ત ગ્રામજનોના તુટી ગયેલા - પડી ગયેલા મકાનો અને બોટસ વગેરેની વિગતો સ્થળ પર જઇને સાંભળી આ વિપદામાં રાજ્ય સરકાર સાગરખેડૂ-માછીમારોની સહાયતા માટે પ્રતિબદ્ધ રહેશે તેવો વિશ્વાસ આપ્યો હતો.



મુખ્યમંત્રીશ્રીએ ગ્રામજનો -સાગરખેડૂ-માછીમારો સાથેની સંવેદનાસભર વાતચીતમાં કહ્યું કે, મોટાભાગના માછીમાર પરિવારોની બોટસને આ વાવાઝોડાએ મોટું નુકશાન કર્યુ છે. આવી વિકટ સ્થિતીમાં સાગરખેડૂ-માછીમારોની આજિવીકા માટે રાજ્ય સરકાર તેમને કેશડોલ રૂપે ત્વરિત સહાય આપશે. એટલું જ નહિ, જે કાચા મકાનોને નુકશાન થયું છે તેમને પણ નિયમાનુસાર યોગ્ય મદદ-સહાય તંત્ર દ્વારા ચુકવાશે એમ શ્રી વિજયભાઇ રૂપાણીએ ઉમેર્યુ હતું. માછીમાર આગેવાનો દ્વારા જે માછીમાર પરિવારોના મકાનોને નુકસાન થયું છે અથવા તો પડી જ ગયા છે તેવા મકાનોને રીપેરીંગ અથવા પુન: ઊભા કરવા માટે નળિયા તેમજ પતરા યોગ્ય ભાવે મળી રહે તે બાબતની રજૂઆત કરી હતી.

આ સંદર્ભે મુખ્યમંત્રીશ્રીએ માછીમાર પરિવારોના મકાનો ફરી ઊભા થાય તે માટે

## વાવાઝોડા અંગે રાજ્યોના આયોજનની સમીક્ષા કરતા કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી



કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે સંભવિત વાવાઝોડાથી અસર પામનારા રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે નવીદિલ્હીથી યોજેલી વિડિયો કોન્ફરન્સ સમીક્ષા બેઠકમાં શ્રી વિજયભાઈ રૂપાણી ભાવનગર કલેકટર કચેરીથી જોડાયા હતા.

ભાવનગર જિલ્લા કલેક્ટર કચેરી ખાતેથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી સાથે સંવાદ સાધતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વાવાઝોડાની પરિસ્થિતિમાં ગુજરાતના દરિયાકાંઠાના જિલ્લાઓમાં કોવીડગ્રસ્ત દર્દીઓને કોઈ પણ પ્રકારની હાલાકી ન પડે તે માટે રાજ્ય સરકારે સુદ્રઢ આયોજન કર્યું છે અને વૈકલ્પિક વ્યવસ્થાઓ ઊભી કરી છે.

ભાવનગર શહેર અને જિલ્લાની કોરોના સંક્રમણ નિયંત્રણ અને સારવાર વગેરેની સમીક્ષા માટે મુખ્યમંત્રીશ્રી ભાવનગરની મુલાકાતે હતા..ભાવનગર જિલ્લો પણ સંભવિત વાવાઝોડાના અસરગ્રસ્ત વિસ્તારમાં હોવાથી મુખ્યમંત્રીશ્રીએ જિલ્લા તંત્રવાહકો સાથે આ સંભવિત વાવાઝોડા સામે આપદા પ્રબંધન અંગે વિગતવાર ચર્ચા હાથ ધરી તલસ્પર્શી વિગતો મેળવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહને ગુજરાતની સજજતા અંગે વાકેફ કર્યા હતા. આ વીડિયો કોન્ફરન્સ બેઠકમાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ઉપરાંત મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી ઉદ્ધવ ઠાકરે અને દીવ-દમણના પ્રશાસક શ્રી પ્રફૂલ્લ પટેલ પણ જોડાયા હતા. આ સમીક્ષા બેઠકમાં કેન્દ્રીય ગૃહ સચિવ, ગુજરાતના મુખ્ય સચિવશ્રી અનિલ મુકીમ અને મહારાષ્ટ્રના મુખ્ય સચિવ પણ ગૃહ મંત્રીશ્રી સાથેની આ વિડિયો કોન્ફરન્સમાં સહભાગી થયા હતા. આ ઉપરાંત મહિલા અને બાલ-કલ્યાણમંત્રી શ્રી વિભાવરીબહેન દવે, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કે.કૈલાસનાથન, આરોગ્ય સચિવ શ્રી જ્યંતી રવિ પણ સમીક્ષા બેઠકમાં મુખ્યમંત્રી સાથે રહ્યા હતા. ●

પતરા તેમજ નળિયા યોગ્ય ભાવે મળી રહે તે જોવાની સંબંધિત અધિકારીઓને સૂચના પણ કરી હતી.

મુખ્યમંત્રીશ્રીની આ મુલાકાત દરમિયાન તેમની સાથે રાજય મંત્રી શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા, મુખ્યમંત્રીના મુખ્ય અગ્રસચિવ શ્રી કૈલાસનાથન, મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, સહકારી અગ્રણી શ્રી દિલીપભાઈ સંઘાણી, અમરેલી જિલ્લા કલેકટર શ્રી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, સહિતના અધિકારીઓ તેમજ સ્થાનિક પદાધિકારીઓ તથા માછીમાર સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.



### ઉનાના ગરાળ ગામના અસરગ્રસ્તો સાથે મુખ્યમંત્રીશ્રીનો સંવેદનાપૂર્ણ સંવાદ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી ગુજરાતમાં તાઉ-તે વાવાઝોડાને પરિણામે ઊભી થયેલી પરિસ્થિતી અને ખાસ કરીને દરિયાકાંઠાના જિલ્લાના ગામો-વિસ્તારોમાં થયેલ નુકશાન, તારાજીની જાત માહિતી મેળવવા અને ગ્રામીણ નાગરિકોની વિપદામાં સહભાગી થવા ઉના તાલુકાના ગરાળ ગામે પહોચ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ગાંધીનગરથી હવાઇ માર્ગે ઉનાના ગરાળ ગામે પહોંચતા સુધી માર્ગમાં આવતા ગામો-વિસ્તારોમાં તાઉ-તે વાવાઝોડાએ સર્જેલી વિકટ સ્થિતી અને નુકશાનીનું હવાઇ નિરીક્ષણ પણ કર્યુ હતું.

શ્રી વિજયભાઇ રૂપાણીએ ઉનાના ગરાળ ગામે આ વાવાઝોડાને પરિણામે લોકોના મકાનો, ખેતીવાડીને થયેલા નુકશાનનો કયાસ કાઢવા ગ્રામજનો સાથે લાગણીસભર સંવાદ કર્યો હતો.

તેમણે ગરાળના મહિલા સરપંચ મોંઘીબહેન અને ગ્રામજનો પાસેથી આ વાવાઝોડાએ સર્જેલી તારાજીની આપવિતી સંવેદનાપૂર્વક સાંભળીને આ વિપદામાં રાજ્ય સરકાર ગ્રામજનોની પડખે હોવાનો સધિયારો આપ્યો હતો. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, મહેસૂલ અધિક મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર પણ આ વેળાએ મુખ્યમંત્રીશ્રી સાથે જોડાયા હતા.

મુખ્યમંત્રીશ્રીએ ખેતી-બાગાયતી પાકો તેમજ મકાનોને થયેલા વ્યાપક નુકશાન અંગે તાત્કાલિક સર્વે કામગીરી હાથ ધરીને નિયમાનુસારની રાહત ગ્રામજનોને આપવાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. શ્રી વિજયભાઇ રૂપાણીએ ગરાળ ગામમાં તાઉ-તે વાવાઝોડાને પરિણામે સર્જાયેલી સ્થિતીનું જાત નિરીક્ષણ કર્યા બાદ ઉના પ્રાંત અધિકારીની કચેરીમાં જિલ્લા તંત્રના અધિકારીઓ, અગ્રણીઓ સાથે સમીક્ષા બેઠક યોજીને સમગ્ર સ્થિતીની તલસ્પર્શી વિગતો મેળવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આ બેઠકમાં સ્પષ્ટપણે કહ્યું કે, વાવાઝોડાથી પ્રભાવિત થયેલા ઉના સહિતના દરિયાઇ પટ્ટીના તાલુકાઓને યુદ્ધના ધોરણે ફરી બેઠા કરી પૂર્વવત કરવા રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ છે. તેમણે અસરગ્રસ્ત વિસ્તારોમાં નુકશાનીના પ્રાથમિક અંદાજો તૈયાર કરવા જિલ્લા તંત્રને માર્ગદર્શન આપ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ વીજળી, પાણી જેવી પ્રાથમિક સુવિધાઓના પુરવઠાને અસર પહોચી છે તે તત્કાલ નિવારીને આ પુરવઠો સમયમર્યાદામાં પૂર્વવત કરી દેવા સુચનાઓ આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ ગરીબ વર્ગના લોકો સહિતના લોકોના મકાનોને થયેલા નુકશાનનો સર્વે હકારાત્મક વલણ સાથે કરવા તેમજ ઉના નગરપાલિકા વિસ્તારમાં તાત્કાલિક સાફ સફાઇ કરવા, રોડ પર વૃક્ષો પડવાથી ઊભી થયેલી આડશ દૂર કરવા તેમજ અન્ય રિસ્ટોરેશન કામગીરી માટે જરૂર જણાયે વધારાનો મેન પાવર અન્ય તાલુકા-જિલ્લામાંથી બોલાવી આગામી બે દિવસમાં આ કામગીરી પૂર્ણ કરવા પણ તાકીદ કરી હતી.

આ સમીક્ષા બેઠકમાં જિલ્લા કલેકટર શ્રી અજય પ્રકાશે મુખ્યમંત્રીશ્રીને ગીર સોમનાથ જિલ્લાના વહીવટીતંત્ર દ્વારા કરાઇ રહેલી રાહત અને રિસ્ટોરેશન કામગીરીની સંપુર્ણ વિગતો આપી હતી. ગરાળ ખાતે મુખ્યમંત્રીશ્રીની સાથે મંત્રી શ્રી પરસોતમભાઈ સોલંકી, સાંસદ રાજેશભાઇ ચુડાસમા, પૂર્વ મંત્રી જશાભાઈ બારડ, પૂર્વ ધારાસભ્ય કે.સી.રાઠોડ, રાજશીભાઈ સહિતના અધિકારીઓ તથા પદાધિકારીઓ ઉના પ્રાંત કચેરી ખાતે બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

## વાવાઝોડાથી લઈ મહામારી વચ્ચે અવિરત વિકાસનાં પંથે અગ્રેસર ગુજરાત

કોરોનાકાળમાં કોવિડનું સંક્રમણ, લૉકડાઉન - આંશિક લૉકડાઉન, મ્યુકરમાયકોસીસ મહામારી, વાયુ-તાઉતે જેવા વિનાશક વાવાઝોડા પણ વચ્ચે વિદેશી રોકાણ ક્ષેત્રે દેશમાં આવેલા કુલ રોકાણમાં એકલા ગુજરાતનો હિસ્સો જ 78% છે. કોરોનાકાળમાં વિદેશી રોકાણને આકર્ષવામાં ગુજરાત સફળ રહ્યું છે. નાણાકિય વર્ષ 2020-21માં 37% વિદેશી રોકાણ સાથે ગુજરાત સમગ્ર દેશમાં અગ્રિમ છે ત્યારબાદનાં ક્રમે રહેલા મહારાષ્ટ્રમાં 27% અને કર્ણાટક

## મુખ્યમંત્રીશ્રીનો ભાવનગરના ગ્રામજનો સાથે સ્નેહસભર સંવાદ

કુદરતી હોનારતના પગલે થયેલા નુકસાન અંગે કોઇ ચિંતા કરવાની જરૂર નથી. કોઈ પણ આપદા કે વિપરીત પરિસ્થિતિમાં રાજ્ય સરકાર તમારી સાથે જ છે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા ઉચ્ચારાયેલા આ શબ્દો માત્ર આશ્વાસન નથી પણ અસરગ્રસ્તો સાથેની સહાનુભૂતિ પણ છે. મુખ્યમંત્રીશ્રી વાવાઝોડાથી અસરગ્રસ્ત એવા પઢીયારકા ગામે પહોંચ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ ગ્રામજનો સાથે આત્મીય સંવેદના દાખવી સંવાદ કર્યો હતો.



અમરેલીના જાફરાબાદ રાજુલા અને ગીર સોમનાથના ઉના તાલુકાના અસરગ્રસ્ત ગામોની મુલાકાત મુખ્ય મંત્રીશ્રીએ લીધી હતી.મુખ્યમંત્રીશ્રી ભાવનગરના મહુવા તાલુકાના પઢીયારકા ગામે પહોંચ્યા હતા અને અસરગ્રસ્ત ગ્રામજનો સાથે સંવાદ સાધી તેમનાં મકાનો માલમિલકત વગેરેના નુકસાનની વિગતો મેળવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ પઢીયારકા ગામના સરપંચ રેખાબહેન બારીયા ઉપસરપંચ આણંદભાઈ મકવાણા તેમજ પંચાયતના સભ્યો સાથે ગામમાં થયેલા નુકસાનની

13% વિદેશી રોકાણ આવ્યું છે એટલે કે ગુજરાત મહારાષ્ટ્ર કરતા 10% અને કર્ણાટક કરતા 24% વધું વિદેશી મૂડીરોકાણ સાથે રૂપાણી સરકારની ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ, ઈન્ડસ્ટ્રી ફ્રેન્ડલી ટ્રાન્સપેરેન્ટ પોલિસી તથા વિવિધ ઈન્સેન્ટીવ્સનાં પરિણામે દેશ-વિદેશનાં ઉદ્યોગકારો માટે બેસ્ટ ચોઈસ ફોર ઈન્વેસ્ટમેન્ટ બન્યું છે. યુએસએનાં રોકાણમાં 227%નો અને યુકેના રોકાણમાં 44% ટકાનો વધારો નોંધાયો છે. કોરોના સંક્રમણની પ્રવર્તમાન સ્થિતિમાં પણ સતત બીજા વર્ષે ગુજરાતે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનાં દિશાદર્શનમાં દેશભરમાં સૌથી વધું એફ.ડી.આઈ. મેળવવાની સિદ્ધી પ્રાપ્ત કરી પોતાનું નામ રોશન કર્યું છે.

આમ, ગુજરાત ઉપર આવેલી એક પછી એક મહામુસીબતોને સમગ્ર રાજ્ય-પ્રજાનાં મોભીની જેમ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ઝીલી બતાવી છે. તેમનાં હાથમાં ગુજરાત શાંત અને સુરક્ષિત છે. મહામારીઓમાંથી ગુજરાતીઓ સ્વસ્થ્ય થઈ રહ્યાં છે. ગુજરાત મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની આગેવાનીમાં સહી-સાલામત છે અને વિકાસની વણથંભી રાહ પર અગ્રેસર છે. સંવેદનશીલ અને નિર્ણાયક સરકારનાં સબળ નેતા શ્રી વિજયભાઈ રૂપાણીએ મક્કમ અને અડીખમ રહી ગુજરાતને સંકટોમાં સાચવ્યું છે. ગુજરાતની સાડા છ કરોડ જનતાની કાળજી રાખી ચિંતા કરી છે. ગુજરાત પર કોરોના, મ્યુકરમાયકોસીસ કે તાઉતેની આંચ આવવા દીધી નથી. ગુજરાત ભાગ્યશાળી છે કે તેની પાસે શ્રી મુખ્યમંત્રી તરીકે શ્રી વિજયભાઈ રૂપાણી જેવા સેવાકીય શાસક છે. એક પરિવારનાં આદર્શ મોભી જે રીતે કુટુંબ માટે છાંયડો અને ઢાલ બની રહે છે. ●



ઝીણામાં ઝીણી વિગતો મેળવી તંત્રને તાત્કાલિક સર્વે અને સહાય કરવા સૂચનાઓ આપી હતી. મુખ્યમંત્રીશ્રી ગામના સરપંચ પાસેથી થયેલા નુકસાનની વિગતો મેળવી સૌથી વધુ અસરગ્રસ્ત થયેલા ઘરોની રજેરજની જાણકારી મેળવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ એક આત્મીયજનની જેમ ગામના લોકો સાથે વાવાઝોડા દરમિયાન સૌ ક્યાં હતા ? કેવી પરિસ્થિતિ સર્જાઇ હતી ? અને શું પગલાં લીધાં ? તેની ઝીણામાં ઝીણી વિગતો પણ મેળવી હતી. મુખ્યમંત્રીશ્રીએ ગ્રામજનોને આ મુશ્કેલ પરિસ્થિતિમાં કોઈપણ બાબતની ચિંતા ન કરવા હૈયાધારણ આપી હતી.

મહુવા તાલુકાના અંતરિયાળ એવા આ ગામમાં ૨૦ જેટલા ઘરોને નાનું મોટું નુકસાન થયું છે અને વીજળીના થાંભલા પણ ધરાશાયી થયા છે મુખ્યમંત્રીશ્રીએ સત્વરે ગ્રામજનો માટે શક્ય એટલી તમામ સુવિધા ઉપલબ્ધ કરી વીજ પુરવઠો પૂર્વવત્ કરવા અધિકારીઓને તાકીદ કરી હતી. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની આ મુલાકાત બાદ ઉચ્ચ અધિકારીઓ સાથે મહુવામાં બેઠક યોજી સ્થિતિનું વિગતવાર આકલન પણ કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ બેઠકમાં જણાવ્યું કે મહુવા તાલુકામાં મહત્તમ ડુંગળીનું ઉત્પાદન થાય છે, ત્યારે ડુંગળીનો બગાડ અટકે તે માટે ડુંગળીના ડીહાઈડ્રેશન પ્લાન્ટમાં વીજ પુરવઠો તાકીદે શરૂ કરવા અધિકારીઓને સૂચનાઓ આપી હતી. તેમણે અસરગ્રસ્ત વિસ્તારોમાં નુકસાનીના પ્રાથમિક અંદાજો તૈયાર કરવા જિલ્લા તંત્રને માર્ગદર્શન આપ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ વીજળી, પાણી જેવી પ્રાથમિક સુવિધાઓના પુરવઠાને અસર પહોચી છે તે તત્કાલ નિવારીને આ પુરવઠો સમયમર્યાદામાં પૂર્વવત્ કરી દેવા સૂચનાઓ આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે વાવાઝોડાના સંદર્ભમાં ખેતી, બાગાયતી પાકોને થયેલા નુકસાનનો સર્વે કરવામાં આવી રહ્યો છે. આ સર્વેના આધારે રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો માટે રાહત પેકેજ જાહેર કરવામાં આવશે. ભાવનગર જિલ્લાનાં ગામોમાં વાવાઝોડાને લીધે પાણીની વિતરણ વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે પાણીની જરૂરિયાત પૂરી કરી શકાય તે માટે ૨૪ કલાકમાં કામગીરી પૂર્ણ કરવા અને જ્યાં વીજ પુરવઠો નથી તેવા વિસ્તારોમાં ડી.જી.સેટ લગાવી પાણી પુરવઠો શરૂ કરવા સૂચનાઓ આપી હતી.

મુખ્યમંત્રીશ્રી સાથે આ અસરગ્રસ્ત ગામની મુલાકાતમાં રાજ્યમંત્રી શ્રી વિભાવરીબહેન દવે, ધારાસભ્યો, જિલ્લાના પદાધિકારીઓ તેમજ મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કે. કૈલાસ નાથન, મહેસૂલ અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર અને જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ પણ જોડાયાં હતાં. ●

### તાઉતે વાવાઝોડા સામે

# નિર્ણાયક સરકારના સફળ આયોજનથી નાગરિકો સલામત

'ઘર' એવું સ્થળ છે કે જેનાથી દૂર થતા અંતરમાં પીડા ઊપડે. મોટાભાગે સ્થળાંતર અંતરને વલોવનારું જ હોય છે. જે ઘરમાં રહેતા હોય તેની ઘણીબધી યાદો મનમાં સંગ્રહાયેલી હોય છે. સ્થળાંતર માત્ર શારીરિક રીતે નહિ માનસિક રીતે પણ પીડા આપનારું હોય છે. તેમાં પણ કુદરતી આપત્તિના સમયે જ્યારે ઘરની સાથોસાથ બધુ ગુમાવવાની ભીતિ હોય ત્યારે તો પીડાની પરાકાષ્ઠા અનુભવાય. શહેરીજનને જો કહેવામાં આવે કે તમે તમારો કિંમતી સામાન, દસ્તાવેજો લઈને સ્થળાંતર કરો તો તે કદાચ સરળ બને કારણ કે કિમતી સામાન અને દસ્તાવેજ એક પેટીમાં સમાવી શકાય. પરંતુ જ્યારે ગામડાની વાત આવે ત્યારે સ્થળાંતર મુશ્કેલ બને છે. કારણ કે ગ્રામીણજનો માટે તો તેના ખેતર અને ઢોરઢાંખર જ મહામૂલી મૂડી છે.

ઘર છોડવું કોને ગમે? જવાબ છે કોઈ પણને ન ગમે. પરંતુ માથે સંકટ મંડરાતું હોય અને મજબૂત હાથોનો સથવારો હોય તો જીવ બચાવવા ઘર છોડતા જરા પણ કચવાટ થતો નથી. ગુજરાત તાજેતરમાં જ આવી ઘટનાનું સાક્ષી બન્યું છે. ગુજરાતના પશ્ચિમ કિનારા બાજુ તાઉતે નામનું વાવાઝોડું આવવાની શક્યતાના સમાચાર ભારતીય હવામાન વિભાગ તરફથી પ્રાપ્ત થયા. ગુજરાતના સંવેદનશીલ, નિર્ણાયક મુખ્યમંત્રીશ્રીએ પરિસ્થિતિને સમજી તાત્કાલિક એક્શન પ્લાન તૈયાર કરવાની સૂચના આપી. જેના પરિણામે વાવાઝોડાની અસર થવાની શક્યતાવાળા ગુજરાતના વિસ્તારમાં જિલ્લા તંત્ર દ્વારા વાવાઝોડા પૂર્વેની તૈયારી યુદ્ધના ધોરણે હાથ ધરાઈ. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના સફળ આયોજનના પરિણામે વાવાઝોડા પૂર્વે સ્થળાંતરની પ્રક્રિયા હાથ ધરવામાં આવી જેની ફળશ્રુતિરૂપે મોટી જાનહાની ટાળી શકાઈ.

રાજ્યના વિવિધ જિલ્લામાં વાવાઝોડાથી નાગરિકોને બચાવવા સરકારે કરેલી કામગીરીની આછેરી ઝલક અત્રે પ્રસ્તુત છે.

### અમદાવાદ

તાઉતે સંભવિત વાવાઝોડા દરમિયાન લોકો સલામત રહે તેમજ જિલ્લામાં કોઈ પ્રકારની જાનમાલની નુકસાની ન થાય તે માટે અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ધોલેરા અને ધંધુકા તાલુકાનાં વાવાઝોડા સંભવિત અસરગ્રસ્ત ગામોના ૨૦૦૦ થી વધુ લોકોને સુરક્ષિત રીતે સલામત સ્થળોએ ખસેડવામા આવ્યા હતા. ધોલેરા તાલુકાના ૩૧ સલામત સ્થળોએ અને ધંધૂકા તાલુકામા ઊભાં કરવામાં આવેલા આશ્રયસ્થાનોમાં સ્થળાંતરિત કરવાની કામગીરી યુદ્ધના ધોરણે પૂર્ણ કરાઈ હતી. ધોલેરામાં 'મલ્ટિ પર્પસ cyclone સેન્ટર' છે, જ્યાં એન.ડી.આર.એફ.ની એક ટીમ તૈનાત કરવામાં આવી હતી. તમામ વ્યક્તિઓના રેપિડ એન્ટિજન ટેસ્ટ કરાવ્યા બાદ જ આશ્રય સ્થાનોમાં સ્થળાંતર કરવામાં આવ્યા છે.

### પોરબંદર

સંભવિત તાઉતે વાવાઝોડાની અસરની સંભાવનાને ધ્યાનમાં રાખીને પોરબંદર જિલ્લામાં વાવાઝોડાની નુકસાની ઓછામાં ઓછી થાય અને જાનહાનિ ન થાય તે માટે રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્રએ યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરી હતી. અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જયેશભાઇ રાદડિયાએ જિલ્લામાં થઇ રહેલી સ્થળાંતરની કામગીરી, લોકો માટે તમામ પ્રકારની વ્યવસ્થા સહિતની તંત્ર દ્વારા કરાયેલી કામગીરીની દેખરેખ અને સમીક્ષા કરી.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પ્રથમ તબક્કામાં ૧૬ હજાર લોકોને સ્થળાંતરિત કરવામાં આવ્યા હતા. ૨૫ હજાર લોકોને સ્થળાંતરિત કરવામાં આવે એવું આયોજન કરીને તમામ લોકો માટે રહેવાની જમવાની, વીજળી અને આવશ્યક સેવાઓ જળવાઇ રહે તે માટે તમામ તૈયારી કરી હતી.

તાઉતે વાવાઝોડાની સંભવિત અસરને પહોંચી વળવા પોરબંદર





જિલ્લા તંત્ર દ્વારા અસરકારક કામગીરી કરવામાં આવી રહી છે. દરિયાઈ વિસ્તારનાં ૪૦ ગામો તથા પોરબંદરના નીચાણવાળા વિસ્તારો સુભાષનગર, નવી ખળપીઠ, જલારામ કોલોની સામેનો નીચાણવાળો વિસ્તાર, ખાડી વિસ્તાર નવાં કુંભારવાડામાં રહેતા સ્થાનિકોને એલર્ટ કરવાની સાથે શેલ્ટર હોમમાં ખસેડવામાં આવી રહ્યા છે. ગ્રામીણ વિસ્તારો તથા પોરબંદર શહેરમાં કુલ ૮૦ શેલ્ટર હોમ બનાવવામાં આવ્યાં હતાં. અંદાજે બે હજાર લોકોને સુરક્ષિત શેલ્ટર હોમ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

### કચ્છ


કચ્છમાં તાઉતે વાવાઝોડું ત્રાટકવાની શક્યતાને પગલે મુન્દ્રા વહીવટી તંત્રે એલર્ટ બની અને તકેદારીનાં પગલારૂપે કાંઠાના વિસ્તારો પરના માછીમારો અને અગરિયાઓનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. અબડાસામાં ૧૨૦ અગરિયા અને ૧૨૦૦ માછીમારો, માંડવીમાં ૧૪ અગરિયા અને ૧૨૭ માછીમાર, ગાંધીધામમાં ૭૬૫ અગરિયા, ભચાઉમાં ૧૯૯૫ અગરિયાને તેમજ અંજારના ૮૬૦ અગરિયા અને ૨૩૫ માછીમારો, તેમજ ભુજના ૧૦૨૫ અગરીયા થઈને કુલ ૪૨૦૨ અગરિયા અને ૨૮૯૨ માછીમારોને સ્થળાંતરિત કરવામાં આવ્યા હતા. જે અન્વયે મુન્દ્રા તાલુકામાં કુલ ૨૧૦૦ માછીમારોના પરિવાર અને ૧૨૪ જેટલા અગરિયાઓનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. તાઉતે વાવાઝોડું ત્રાટકવાની સંભાવનાના પગલે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા દરિયાકાંઠના તાલુકાનાં ૯૨ ગામોના લોકોને જે ૦ થી ૫ કિ.મિ.ની ત્રિજયામાં આવે છે. તેમને સ્થળાંતરિત કરવાની પ્રક્રિયા શરૂ કરી હતી. દરિયાકાંઠાનાં ગામોના આશ્રયસ્થાનો અને સલામત સ્થળે ૬૩૪૫ સ્ત્રીઓ, ૧૦૭૩૩ પુરુષો અને ૧૯૧૯ બાળકો થઈ કુલ ૧૮૯૯૭ લોકોને અગમચેતીના ભાગરૂપે કોરોના કોવિડ-૧૯ની ગાઈડલાઈન પ્રમાણે સ્થળાંતરિત કરાયા હતા. કચ્છમાં કંડલા મહાબંદર સહિત ચાર મુખ્ય બંદર આવેલાં છે જેથી બંદર અંગે જરૂરી વ્યવસ્થા કરવામાં આવે તે અનિવાર્ય છે. આ સંજોગોમાં કંડલા મહાબંદર દ્વારા તકેદારીનાં વિવિધ પગલાં અન્વયે ૪૦૦૦ જેટલા માછીમાર, ૧૮૦૦ અગરિયાઓ, ૨૪૦૦ મજૂરો એમ કુલ ૮૨૦૦ જેટલા લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતુ. જે પૈકી ૮૦૦ જેટલા લોકોને ગાંધીધામના વિવિધ આશ્રયસ્થાન તેમજ અન્ય બાકીના ૭૪૦૦ લોકોને પોતાના વતન મીઠી રોહર, ચિરઈ, ચુડવા, વિડી તથા તૂણા વગેરે જગ્યાએ પરત મોકલવામાં આવ્યા હતા.

## વાવાઝોડાના કપરા સમયમાં જૂનાગઢ પોલીસની સંવેદનશીલ કામગીરી

*તાઉતે વાવાઝોડાના કપરા સમયમાં જૂનાગઢ પોલીસનો વધુ એક વાર માનવીય અભિગમ જોવા મળ્યો હતો. જૂનાગઢ પોલીસ દ્વારા વાવાઝોડા દરમિયાન ચાલુ ફરજે, વરસાદ અને ભારે પવન વચ્ચે રાત્રે આશરે ૧૦૦થી વધુ મજૂરોને સલામત સ્થળે સ્થાળાંતર કરવાની કામગીરી કરી હતી.*

*તાઉતે વાવાઝોડા અન્વયે એલસીબી પીએસઆઈ આર.કે. ગોહિલ, શબ્બીરભાઈ બેલીમ દેવશીભાઈ, ભરતભાઈ સોલંકી સહિતની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન રોડથી દૂર હોય તેવા મજૂરોનાં ઝૂંપડામાં કોઈ માણસો નથી તે તપાસ કરવાની જરૂરિયાત જણાઈ હતી. વાવાઝોડું હજી ઉનાને દીવની વચ્ચે હતું. જૂનાગઢ જિલ્લામાં પણ તેની વ્યાપક અસર થવાની શકયતા હતી. ત્યારે રાત્રીના બાર વાગ્યાની આસપાસ ૧૦ ઝૂપડાની અંદરથી નાનાં બાળકો તથા તેના માતાપિતા આશરે ૪૦ જેવા મજૂરો વગેરે મળી આવ્યા હતા. વરસાદથી ભીંજાયેલા, કઈ ઓઢવાનું પણ ન હતું તથા પ્લાસ્ટિકના કાગળ પકડીને બેસેલા અત્યંત મુશ્કેલ સ્થિતિમાં હતા. આ લોકોને નજીકના જલારામ મંદિરના હોલમાં તાત્કાલિક પોલીસના વાહનમાં બેસાડીને સ્થળાંતર કરવામાં આવ્યું હતું.*

*આવી જ રીતે મધુરમ પાસે ૪૦ જેટલા, સાબલપુર ચોકડી પાસે આવતા ત્યાં ઝૂપડામાં રહેતા આશરે ૨૦ મજૂરોને પણ સ્થળાંતરિત કરાયા હતા. આમ, આ આખી રાત દરમિયાન તાઉતે વાવાઝોડાના કપરા સમયમાં પોલીસ દ્વારા સંવેદનશીલ કામગીરી નિભાવીને આશરે ૧૦૦થી વધુ મજૂરોને સ્થળાંતર કરાયા હતા.*







### ભાવનગર

તાઉતે વાવાઝોડું ગુજરાતની હદમાં પ્રવેશીને સંભવિત નુકસાન કરી શકે છે તેવી શક્યતાઓ વચ્ચે ભાવનગર જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જિલ્લાના ૧૧ તાલુકાનાં ૧૦૫ ગામોમાંથી સાવચેતી અને અગમચેતીના ભાગરૂપે ૧૯,૩૭૩ લોકોનું કોવિડ ગાઇડલાઇનના પાલન સાથે સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું હતું. મહુવા તાલુકાનાં ૧૪ ગામોમાંથી ૭,૨૯૧, તળાજાના ૬ ગામોમાંથી ૩,૦૫૦, ભાવનગર ગ્રામીણનાં ૭ ગામોમાંથી ૨,૨૫૬, ઘોઘાનાં ૨ ગામોમાંથી ૮૧૦, સીટી તાલુકાના ૧ ગામમાંથી ૧,૧૫૭, પાલીતાણા તાલુકાનાં ૭ ગામમાંથી ૧,૪૪૦, ગારિયાધાર તાલુકાનાં ૧૫ ગામમાંથી ૪૫૮, સિહોર તાલુકાના ૫ ગામમાંથી ૧૩૦, ઉમરાળા તાલુકાનાં ૧૧ ગામમાંથી ૯૮૦, વલ્લભીપુર તાલુકાનાં ૧૬ ગામમાંથી ૧,૧૯૬ અને જેસર તાલુકાનાં ૨૧ ગામમાંથી ૬૦૫ સહિત કુલ ૧૯,૩૭૩ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. ૧,૫૭૫ લોકોને સાયક્લોન શેલ્ટરમાં આશ્રય આપવામાં આવ્યો હતો. જ્યારે ૧૭,૭૯૮ લોકોને અન્ય સ્થળે ખસેડવામાં આવ્યા હતા. આ આશ્રયસ્થાનોમાં 'ઓટલા સાથે રોટલા'ની વ્યવસ્થા ગોઠવતાં તંત્ર દ્વારા ૧૯,૩૭૩ ફૂડ પેકેટ પૂરાં પાડવામાં આવ્યાં હતાં.

### દેવભૂમિ દ્વારકા

દેવભૂમિ દ્વારકા જિલ્લો દરિયાઇ વિસ્તાર ધરાવતો હોવાથી વાવાઝોડાનું જોખમ વધુ રહેતું હોવાથી રાજયકક્ષાએથી આવતી માર્ગદર્શિકા પ્રમાણે જિલ્લા તંત્ર દ્વારા રાહત કામગીરી શરૂ કરવામાં આવી છે. દરિયાઇ વિસ્તારમાં આવેલા દ્વારકા તાલુકાનાં ૧૭ ગામોને એલર્ટ કરવામાં આવ્યાં હતાં. જિલ્લાના રૂપેણ, ઓખા, સલાયા, લાંબા બંદરોમાંથી દરિયાકાંઠાના વિસ્તારના ૧૨ હજારથી વધુ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. મંત્રી શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાએ બંદરના આગેવાનો સાથે બેઠક કરી પરિસ્થિતિની સમીક્ષા કરી હતી અને લોકોને સાથ સહકાર આપવા અપીલ કરી હતી. જિલ્લામાં બિલકુલ જાનહાનિ ન થાય તે માટે તકેદારી રાખવા સૂચન કર્યું હતું. વાવાઝોડાની અસરને પહોંચી વળવા સજ્જ થયેલા વહીવટીતંત્રને માર્ગદર્શન આપ્યું હતું. દરિયા કાંઠાના વિસ્તારમાં કુલ ૧૭ શેલ્ટર હોમ બનાવી નોડલ ઓફિસર અને સબ નોડલ ઓફિસરની નિમણૂક કરાઈ હતી. સ્થળાંતર કરી આવેલા નાગરિકો માટે જમવા, રહેવા, પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી.

### ગીર-સોમનાથ

ગીર-સોમનાથ વહીવટી તંત્ર દ્વારા તાઉતે વાવાઝોડાને પહોંચી વળવા માટે પૂર્વ તૈયારી કરી લેવામાં આવી હતી. વાવાઝોડાના અનુમાનના પગલે દરિયાકિનારાના ૧૦ કિ.મિ.ની હદમાં આવતા ૯૯ ગામોને એલર્ટ કરી દેવામાં આવ્યાં હતાં. જેમાં વેરાવળ તાલુકાનાં ૨૮ ગામોના ૩૩૨ લોકો, સુત્રાપાડા તાલુકાનાં ૧૭ ગામોના ૩૨૮ લોકો, કોડિનાર તાલુકાનાં ૨૦ ગામોના ૬૭૧ લોકો અને ઉના તાલુકાનાં ૩૪ ગામોનો ૧૭૪૨ લોકોને કોવિડ ગાઇડ લાઇન મુજબના આશ્રયસ્થાને સ્થળાંતર કરવામાં આવ્યુ હતું. તેમજ આશ્રય સ્થાને વહીવટી તંત્ર દ્વારા ભોજન, પાણીની વ્યવસ્થા તેમજ આરોગ્ય ટીમ તૈનાત કરવામાં આવી છે.

### જામનગર

તાઉતે વાવાઝોડાની સંભવિત અસરને પગલે જામનગર જિલ્લાના વિવિધ વિસ્તારોમાં રહેતા સંભવિત અસરગ્રસ્તોને સલામત સ્થળે ખસેડવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૫૧૨૬થી વધુ લોકોને સુરક્ષિત સ્થાન પર ખસેડાયા હતા. કૃષિ મંત્રી શ્રી આર.સી.ફળદુએ જામનગર શહેરના વિવિધ આશ્રયસ્થાનની અને આશ્રિતોની મુલાકાત કરી લોકો સાથે સંવાદ સાધી તેમના ખબર-અંતર પૂછ્યા હતા. જામનગર જિલ્લાના ૨૩ દરિયાકાંઠાનાં ગામોમાંથી જામનગર ગ્રામીણ વિસ્તારમાં ૨૫ આશ્રયસ્થાનોમાં ૧૦૩૭, ધ્રોલ તાલુકામાં ૭૧ આશ્રયસ્થાનોમાં ૩૨૦, જોડિયા તાલુકામાં ૨૭ આશ્રયસ્થાનોમાં ૮૩૧, કાલાવડ તાલુકામાં ૯૯ આશ્રયસ્થાનોમાં ૩૯૮, લાલપુર તાલુકામાં ૧૦ આશ્રયસ્થાનોમાં ૫૪૫, જામજોધપુર તાલુકામાં ૧૨૪ આશ્રયસ્થાનોમાં ૫૮૧ અને જામનગર શહેર વિસ્તારના







દરિયાકાંઠાનાં ગામોમાં ૧૬ આશ્રયસ્થાનોમાં ૪૪૧ જેટલા લોકોને સલામત સ્થળે ખસેડાયા હતા. આ ઉપરાંત જામનગર શહેરમાં વિવિધ ૨૮ આશ્રયસ્થાનો પર પાંચ હજારથી વધુ અસરગ્રસ્તોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું.

## જૂનાગઢ

તાઉતે વાવાઝોડા સંદર્ભે ઝીરો કેઝ્યુઆલીટી સાથે જૂનાગઢ જિલ્લાના વહીવટીતંત્રએ જિલ્લાના લોકોની જાનમાલની સુરક્ષા માટે આગોતરી તૈયારીઓ કરી હતી. વાવાઝોડાથી બચાવવા જિલ્લાના પાંચ તાલુકામાં ૨૫૬૭૫ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. માંગરોળ તાલુકાનાં ૩૨ ગામોમાંથી ૧૮૭૬૫, માળીયાનાં ૧૫ ગામોમાંથી ૫૫૪૮, માણાવદર તાલુકાનાં ૪૧ ગામોમાંથી ૨૫૭, વિસાવદર તાલુકાના એક ગામમાંથી ૬૬૪, કેશોદ તાલુકાનાં ૪૩ ગામમાંથી ૪૪૧ એમ કુલ ૨૫૬૭૫ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા જયાં તેમના માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

## નવસારી

નવસારી જિલ્લામાં તાઉતે વાવાઝોડાની સંભવિત અસરને પહોંચી વળવા રાજય સરકારના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્રએ અધિકારીઓની જુદી જુદી ટીમો બનાવીને રાહતની કામગીરી શરૂ કરી દીધી છે. મંત્રી શ્રી ઈશ્વરભાઇ પરમાર, જિલ્લા પ્રભારી સચિવ શ્રી અનુપમ આનંદ તથા જિલ્લા કલેકટર શ્રીમતી આર્દ્રા અગ્રવાલના સંકલનમાં વાવાઝોડાની સંભવિત અસરને પહોંચી વળવા જિલ્લા તંત્ર સજ્જ થયું હતું. દરિયાઇ વિસ્તારમાં આવેલા જિલ્લાના જલાલપોર તાલુકાના ૧૪ અને ગણદેવી તાલુકાના બે ગામોને એલર્ટ કરવામાં આવ્યાં હતાં. દરિયાકાંઠા વિસ્તારના વિસ્તારોમાંથી ૧૧૧૪ લોકોનું ગવર્નમેન્ટ શેલ્ટર હાઉસમાં કોવિડ ગાઇડલાઇન મુજબ સ્થાળાંતર કરવામાં આવ્યું હતું. જ્યા જમવા, રહેવા, રાત્રિ રોકાણ, પાણી અને બાથરૂમની વ્યવસ્થા કરવામાં આવી હતી.

## રાજકોટ

તાઉતેથી સાવચેતીના પગલારૂપે રાજકોટ જિલ્લાના ધોરાજી-ઉપલેટા-જામકંડોરણા તાલુકાનાં 30 જેટલાં ગામોના કુલ ૨૪૨૪ લોકોનું જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કોવિડ - ૧૯ની ગાઈડલાઈન સાથે સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૮૪૮ સ્ત્રીઓ, ૮૯૨ પુરુષો અને ૬૮૪ જેટલાં બાળકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તમામ લોકોને કુલ ૪૦ આશ્રય સ્થાનોમાં રાખવામાં આવ્યા હતા. જ્યાં તેમના માટે ૩૧૦૦ જેટલાં ફૂડ પેકેટની વ્યવસ્થા પણ કરાઈ હતી. તમામ તાલુકાના લોકોને તાઉતે વાવાઝોડાથી સાવચેતી લેવા અંગે જાણ કરવામાં આવી હતી.

## અમરેલી

તાઉતે વાવાઝોડાની સંભવિત અસરોને પહોંચી વળવા અમરેલી જિલ્લા કલેક્ટર શ્રી આયુષ ઓકના નેતૃત્વમાં વહીવટી તંત્ર સંપૂર્ણ સજ્જ બન્યું હતુ. તાઉતે વાવાઝોડાની સંભવિત અસરોને પહોંચી વળવા રાજુલા-જાફરાબાદ તાલુકાના દરિયાકાંઠાથી ૩ કિમિ.ના વિસ્તારમાં ૨૦ ગામડાઓ અને જાફરાબાદની કુલ ૯૦ હજાર આસપાસ વસ્તીના ૬૦૦૦થી વધુ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. કલેક્ટરશ્રી દ્વારા તમામ લોકોને ઘરની બહાર ન નીકળવા અપીલ કરી હતી. તેમજ લોકોની સુરક્ષા અર્થે બે દિવસ માટે જાફરાબાદ અને રાજુલાના ગામોમાં કરફ્યુ લાદવામાં આવ્યો હતો. જેમાં દરિયાકાંઠાથી ૨૦૦ મીટરનો વિસ્તાર ઉપર જરૂરી કામગીરી સિવાય પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો હતો.

## પાટણ

રણની કાંધીએ વસેલા પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના રણ વિસ્તારમાં મોટા પ્રમાણમાં મીઠાના અગરો આવેલા છે. જેમાં કામ કરતા અગરિયાઓને તાઉતે વાવાઝોડાની સંભવિત અસરને લઈ વહીવટી તંત્ર દ્વારા સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. મોટા ભાગે સાંતલપુર તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં વસતા અગરિયાઓ સીઝન દરમ્યાન રણ વિસ્તારમાં અગરોમાં રહેતા હોય છે. વાવાઝોડાની સંભવિત અસરની શક્યતાઓને લઈ વહીવટી તંત્ર દ્વારા ૯૦૦ જેટલા અગરિયાઓને તેમનાં ગામોમાં સલામત સ્થળે મોકલી આપવામાં આવ્યા હતા. ●







# તાઉતે સામે બાથ ભીડી ઝડપથી પુનઃ ધબકતું થયું ગુજરાત

ગુજરાત એટલે ફિનિક્સ પક્ષીની માફક રાખમાંથી ઊભો થતો પ્રદેશ. કચ્છનો ભૂકંપ હોય, કંડલાનું વાવાઝોડું હોય કે અતિવૃષ્ટિ હોય, ગુજરાતે તેમાંથી બેઠા થઈને વધુ ઝડપથી સાતત્યપૂર્ણ વિકાસ કર્યો છે. દરેક ગુજરાતી બાંધવે ખભાથી ખભો મિલાવી ગુજરાતને બેઠું કર્યું છે. ગુજરાતે તાજેતરમાં તાઉતે વાવાઝોડાનો સામનો કર્યો. ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, જૂનાગઢ જિલ્લામાં વાવાઝોડાના કારણે જનજીવન ખોરવાયું હતું. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની નિર્ણાયકતા અને રાજ્ય સરકારના આગોતરા આયોજનના પરિણામે લાખો નાગરિકોને ઉગારી લેવામાં આવ્યા.

ગુજરાતમાં વાવાઝોડાની આગાહીના પગલે રાજ્ય સરકાર દ્વારા તમામ પ્રકારની પૂર્વ તૈયારી કરી લેવામાં આવી હતી. હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી પરથી વાવાઝોડાની ભયાનકતા રાજ્ય સરકારે બરાબર સમજી લીધી હતી. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજયના તામામ જિલ્લા તંત્રને સતર્ક કરી જરૂરી માર્ગદર્શન કરી એક્શન પ્લાન તૈયાર કર્યો હતો. વાવાઝોડા બાદ રસ્તાઓના રિપેરિંગ, વીજ સપ્લાય પૂર્વવત્ કરવા, પાણી સપ્લાય, રાશન, કોવિડ હોસ્પિટલમાં ઓક્સિજનનો પૂરતો સ્ટોક વગેરેનું અગાઉથી આયોજન કરવામાં આવ્યું હતું.

વાવાઝોડું ગુજરાતમાંથી પૂર્ણ થવાની ગણતરીની કલાકમાં વીજ સપ્લાય, પાણી, માર્ગનાં કામોનો યુદ્ધના ધોરણે પ્રારંભ થયો. વાવાઝોડાના કારણે ગીર સોમનાથ, અમરેલી અને ભાવનગર જિલ્લાના અમુક તાલુકામાં ભારે નુકસાન થયું. વાવાઝોડાથી વૃક્ષો પડતા રસ્તાઓ બ્લોક થયા, અનેક વીજ પોલ ધરાશાયી થયા, જેના કારણે વીજ પુરવઠો ખોરવાયો, વીજ પુરવઠો ખોરવાતા પાણી વિતરણ ખોરવાયું, કાચાં-પાકાં મકાનોને નુકસાન થયું. રાજ્ય સરકારે પળનો પણ વિલંબ કર્યા વિના તમામ અસરગ્રસ્ત વિસ્તારમાં યુદ્ધના ધોરણે કામગીરીનો પ્રારંભ કર્યો. ગણતરીની કલાકોમાં બ્લોક થયેલા રસ્તાઓ પૂર્વવત્ થયા. નુકસાન થયેલી વીજલાઈનને પૂર્વવત્ કરવાની કામગીરી પણ તાત્કાલિક શરૂ કરી. અન્ય ઝોનમાંથી વીજ કર્મીઓની ટીમ બોલાવી વીજ પુરવઠો પૂર્વવત્ કરવાની કામગીરી કરાઈ. વાવાઝોડા પૂર્વેની તૈયારી અને વાવાઝોડા બાદના એક્શન પ્લાનથી રાજ્ય સરકારે કરેલી કામગીરીની આછેરી ઝલક પર નજર કરીએ..

## કર્મયોગીઓના પુરુષાર્થથી વાવાઝોડાથી પ્રભાવિત થયેલા રસ્તાઓ પૂર્વવત્ કરાયા

તાઉતે વાવાઝોડા અંતર્ગત રાજ્યના વિવિધ જિલ્લાઓમાં રસ્તાઓ, વીજળી, પાણી-પુરવઠા જેવી માળખાકીય સુવિધાઓને નુકસાન પહોંચ્યું છે. આ સ્થિતિમાં રાજ્યનું વહીવટીતંત્ર અને કર્મયોગીઓએ દિવસ રાત એક કરી યુદ્ધના ધોરણે સ્થિતિ પૂર્વવત્ બનાવવા કામ કરી હતી.



રાજયના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલી માહિતી મુજબ વાવાઝોડાને પરિણામે રાજ્યના ઘણા વિસ્તારોમાં ઝાડ પડવાથી લાઈટના થાંભલા પડવાથી તથા અન્ય કારણોસર ૯૫૯ રસ્તાઓ વાહન વ્યવહાર માટે બંધ કરી દેવાયા હતા. જે પૈકી બે દિવસમાં ૮૯૯ રસ્તાઓ ખોલી દેવાયા હતા. જ્યારે અન્ય માર્ગોને પૂર્વવત્ કરવા માર્ગ-મકાન વિભાગના કર્મયોગી જહેમત ઉઠાવી હતી.

જેમાં સૌરાષ્ટ્રના ભાવનગર જિલ્લાના ૧૦૨ રસ્તાઓ પૈકી ૧૦૧ રસ્તાને વાહન વ્યવહાર માટે ખુલ્લા કરી દીધા છે. જ્યારે અમરેલીમાં ૯૮ પૈકી ૪૬ રસ્તાઓ પર વાહન વ્યવહાર

પૂર્વવત્ થયો છે. જ્યારે ગીર સોમનાથમાં ૧૬૬ રસ્તાઓ વાવાઝોડાથી પ્રભાવિત થયા હતા જેમાંથી ૧૫૯ રસ્તાઓ પુન : ધમધમતા થઈ ગયા છે. આ ઉપરાંત રાજકોટ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા, સુરેન્દ્રનગર, બોટાદ, જૂનાગઢ અને પોરબંદર જિલ્લાના તમામ રસ્તા માર્ગ અને મકાન વિભાગ દ્વારા પૂર્વવત્ કરી દેવાયા છે.

ઉત્તર ગુજરાતના અમદાવાદ જિલ્લાના ૧૯, ખેડાના ૨૭, આણંદના ૪૬, સાબરકાંઠાના ૫૩, અરવલ્લીના ૧૭, પાટણના ૭, મહેસાણાના ૬ અને બનાસકાંઠાના ૧ રસ્તાનું સમારકામ સમયસર પૂરું કરીને આ રસ્તાઓને વાહનવ્યવહાર માટે યોગ્ય કરી દેવાયા હતા. મધ્ય ગુજરાતમાં વાવાઝોડાથી રસ્તાઓ બંધ થઈ ગયા હતા જેમાં વડોદરામાં ૩૪, પંચમહાલમાં ૨૮, મહીસાગરમાં ૪, દાહોદમાં ૩ અને છોટાઉદેપુરમાં ૨ રસ્તાઓનું યુદ્ધના ધોરણે સમારકામ કરી વાહન વ્યવહાર માટે ખુલ્લા મૂકી દેવામાં આવ્યા હતા.

દક્ષિણ ગુજરાતમાં વાવાઝોડાના કારણે ઝાડ પડવાથી અને લાઇટના થાંભલા પડવાથી વાહન વ્યવહાર માર્ગો બંધ કરી દેવાયા હતા જે પૈકી સુરતના ૧૧૬, નવસારીના ૩૬ અને વલસાડના ૨૪ માર્ગોને નાગરિકો માટે ખોલી દેવાયા હતા. ઉપરાંત ભરૂચમાં ૨૩ અને નર્મદાના ૧૧ ગામોમાં રસ્તાઓ શરૂ કરી દેવાયા હતા..



## ગીર સોમનાથ

તાઉતે વાવાઝોડાથી ગીર-સોમનાથ જિલ્લાનાં પ્રભાવિત થયેલા ઉના શહેરમાં જનસેવાને પુર્વવત્ કરવા માટે રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ મોટાપાયે રાહત બચાવની કામગીરી સાથે શહેરમાં ઊડીને આવેલા કાટમાળ, ઝાડની ડાળીઓ તેમજ કચરો સાફ કરવા માટે યુદ્ધના ધોરણે કામગીરીનો પ્રારંભ થયો. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ઉનાની મુલાકાત દરમ્યાન આપેલી સૂચના મુજબ ઉનામાં રાજકોટ, જામનગર અને જુનાગઢ જિલ્લાની નગરપાલિકા અને મહાનગરપાલિકાના કુલ ૧૭૪ અને ઉના નગરપાલિકાના ૧૬૬ અને એનડીઆરએફ તેમજ એસડીઆરએફના ૧૧૬ જવાનો સહિત કુલ ૫૦૦ કર્મયોગીઓએ ઉનાને ચોખ્ખુંચણક કરવા માટે દિવસ-રાત સેવાયજ્ઞ કર્યો હતો. ઉના શહેરમાં તાઉતે વાવાઝોડાની અસરને લીધે વીજળી સેવા ખોરવાતા પહેલાં વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે ૮ જનરેટર સેટ મૂકીને એક વખત શહેરમાં પાણી વિતરણ કરવામાં આવ્યું હતું.

જિલ્લામાં તાઉતે વાવાઝોડાથી પ્રભાવિત થયેલા ગીરગઢડા અને ઉના તાલુકામાં રાહત બચાવ અને સર્વેની કામગીરી માટે ૧૪૭ અધિકારી/કર્મચારીઓ અન્ય જિલ્લામાંથી ફાળવવામાં આવ્યા હતા. જેના કારણે અસરગ્રસ્તોને તાત્કાલિક ધોરણે સહાયની ચુકવણી થઈ શકે.

જિલ્લાનાં તમામ ૩૪૫ ગામોમાં વીજ પુરવઠો ખોરવાઇ ગયો હતો. ગણતરીની કલાકમાં જ વેરાવળ, સુત્રાપાડા અને તાલાળા તાલુકામાં વીજસેવા શરૂ કરી દેવામા આવી હતી. સુત્રાપાડા, વેરાવળ અને તાલાળા તાલુકામાં કુલ ૧૪૨ ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો. તેમાંથી પીજીવીસીએલ દ્વારા તાત્કાલિક કામગીરી કરી ૧૪૧ ગામોમાં વીજળી શરૂ કરી દેવામાં આવી છે.

વાવાઝોડાના લીધે ગીર-સોમનાથ જિલ્લાના ૧૮૩ રસ્તાઓમાં ૧૧૨૪ ઝાડ અને ૨૦૩ લાઇટના પોલના કારણે રસ્તાઓ બંધ થઇ ગયા હતા. જેને માર્ગ અને મકાન વિભાગ દ્વારા તમામ ૧૮૩ રસ્તાઓને એક જ દિવસમાં પૂર્વવત્ કરાયા હતા.

## ઉના શહેરમાં ઝડપી કામગીરીથી નાગરિકો ખુશ

ઉનાના વિદ્યાનગરમાં રહેતા કાર્તિકભાઇ દવેએ વહીવટી તંત્ર દ્વારા થતી કામગીરીથી પ્રભાવિત થઇને કહ્યું હતું કે, તંત્ર અને નગરપાલિકા દ્વારા હકારાત્મક રીતે કામગીરી કરવામાં આવી રહી છે. લોકોની પ્રાથમિક જરૂરિયાત વીજળી અને પાણી માટે ઝુંબેશરૂપી કાર્ય ચાલુ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આ વિસ્તારનું નિરીક્ષણ કરી બહારનાં ગામોમાંથી મેન પાવર બોલાવી લોકોને આ પરેશાનીથી જલદીથી જલદી રાહત મળે એ દિશામાં પ્રયત્નશીલ છે અને તંત્ર અને નગરપાલિકાએ વાવાઝોડાથી શહેરમાં પડેલાં ઝાડ, થાંભલાઓને ગણતરીના દિવસોમાં જ સાફ કરી તમામ રસ્તાઓ/ગલ્લીઓ



ખુલ્લી કરી દેવામાં આવી છે અને કચરો દૂર કરી રસ્તાઓ સાફ સુથરા કરી દેવાયા છે. ખરેખર સરકારશ્રીના માર્ગદર્શન હેઠળ તંત્ર અને નગરપાલિકાની કરવામાં આવેલી કામગીરી કાબિલેદાદ છે.

લાભાર્થી હુસેનભાઇ મોમીનભાઈ જત અને હકીમભાઈએ પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે વાવાઝોડાના દિવસે અમને તંત્ર તરફથી અને તલાટી મંત્રી દ્વારા સાવચેત કરી સ્થળાંતરિત કરવામાં આવ્યા હતા જેને લીધે અમે બચી ગયા છે. અને અધિકારીઓએ અમારા ઘરે આવીને અમને રોકડમાં આ અંગેની સહાય ચૂકવી છે.

## દિવંગતના પરિવારને સહાય ચુકવાઇ

તાઉતે વાવાઝોડાના કારણે મૃત્યુ પામેલ ઉનાના સ્વશ્રી સલીમભાઇ હાસમભાઈ કચરાના વારસદાર માતુશ્રી રાભીયાબેન હાસમભાઇ કચરાને અને નાથડના સ્વ.શ્રી બાબુભાઇ વંશના વારસદાર જશુબેનને સરકારશ્રી તરફથી રૂા. ૪ લાખની સહાય ઉના મામલતદાર શ્રી કે. એમ. નિનામા, તાલુકા વિકાસ અધિકારી શ્રી આર.વી.ઓડેદરા અને મામલતદાર શ્રી અક્ષય વ્યાસના હસ્તે રૂબરૂ અર્પણ કરવામાં આવી હતી. અન્ય મૃતકોના વારસદારોને તાત્કાલિક સહાય મળે તે માટેની નિયમોનુસારની કાર્યવાહી ચાલુ કરવામાં આવી છે.

## અમરેલી

અમરેલી જિલ્લામાં તાઉતે વાવાઝોડાના લીધે જિલ્લાના કુલ ૩૩૧ રસ્તાઓ વૃક્ષો અને વીજપોલ ધરાશાયી થતા કે અન્ય કારણોસર બંધ હાલતમાં હતા જે માત્ર ગણતરીના દિવસોમાં ૧૦૦% ફરી કાર્યરત કરી દેવામાં આવ્યા છે. જિલ્લા કલેક્ટર શ્રી આયુષ ઓક જણાવે છે કે સમગ્ર અમરેલી જિલ્લામાં રોડ રસ્તાની બાબતમાં વાવાઝોડાથી મોટાપાયે નુકસાન થવા પામ્યું હતું. પરંતુ વાવાઝોડાના માત્ર ગણતરીના દિવસોમાં જિલ્લાના તમામ તાલુકાઓમાં કુલ મળીને ૩૩૧ જેટલા રસ્તા પૈકી તમામે તમામ રસ્તાઓ પુનઃ શરૂ કરી દેવામાં આવ્યા છે.

તંત્રના વિવિધ વિભાગોની કામગીરી બિરદાવતા કલેક્ટરશ્રીએ



જણાવ્યું હતું કે, તંત્ર અધિકારીઓએ કામની અગત્ય સમજી વાવાઝોડા ગયાને બીજી જ કલાકે યુદ્ધના ધોરણે રોડ રસ્તાના ક્લિયરિંગનું કામ આરંભી દેવામાં આવ્યું હતું. પરિણામે પહેલા બે દિવસમાં કુલ રસ્તાઓના ૮૫ % જેટલા રસ્તાઓ ખુલ્લા કરી દેવામાં આવ્યા હતા. આ કામ માટે સમગ્ર જિલ્લામાં કુલ ૨૬ જેટલી ટીમોએ જેસીબી તેમજ અન્ય સંશાધનો સાથે રાત દિવસ એક કરીને કામ કર્યું હતું.

## વીજ વિભાગની વીજળીવેગે કામગીરી



વિનાશક તાઉતે વાવાઝોડાને લીધે સમગ્ર અમરેલી જિલ્લાના વીજપુરવઠાને માઠી અસર થઈ હતી. પરંતુ વીજ વિભાગે વીજગતિએ કામગીરી કરી માત્ર ગણતરીના દિવસોમાં અમરેલી જિલ્લાના વાવાઝોડા અસરગ્રસ્ત વિસ્તારમાં વીજપુરવઠો પૂર્વવત્ કર્યો છે. જિલ્લાના અમરેલી, લાઠી, બાબરા, લીલીયા, વડિયા અને કુંકાવાવના શહેરી વિસ્તારો તેમજ ગ્રામીણ વિસ્તારોમાં ફરી વીજપુરવઠો ચાલુ કરી દેવામાં આવ્યો છે. જિલ્લાના સૌથી વધુ અસરગ્રસ્ત સાવરકુંડલા, રાજુલા, જાફરાબાદ અને ખાંભાના વિસ્તારોમાં વીજપુરવઠો પુનઃ શરૂ કરવાની કામગીરી હાલ પુરજોશમાં ચાલુ છે. જે ખૂબ ટૂંકા ગાળામાં કાર્યરત થઈ જશે

નોંધનીય છે કે વાવાઝોડાના લીધે અમરેલી જિલ્લામાં ૬૫ હજાર જેટલા વીજપોલ, ૬૦૦ જેટલા ટ્રાન્સફોર્મરો જમીનદોસ્ત થયા હતા. પરંતુ વાવાઝોડાના ફક્ત ત્રણ જ દિવસમાં ૨૧૧ ગામો અને ૭ મોટા શહેરોમાં વીજપુરવઠો પુનઃ કાર્યાન્વિત કરવામાં આવ્યો છે. આમ ફક્ત બે દિવસમાં ૬૩ સબસ્ટેશનો ચાલુ કરવામાં આવ્યા હતા. અમરેલી વીજ વિભાગ તેમજ અન્ય DGVCL, MGVCL, UGVCL અને ટોરેન્ટ પાવરના કુલ મળી ૪૭૮૯ થી વધુ વીજકર્મીઓ ૨૪૭ થી વધુ વાહનો અને સંશાધનો સાથે કાર્યરત છે.

## ફક્ત ૭ દિવસમાં ૨૫ હજારથી વધુ અસરગ્રસ્તોને રોકડ સહાય ચૂકવાઈ

તાજેતરમાં ત્રાટકેલા તાઉતે વાવાઝોડાના લીધે અમરેલી જિલ્લામાં રાજુલા, જાફરાબાદ અને સાવરકુંડલાના ગ્રામીણ તેમજ

શહેરી વિસ્તારોમાં મોટાપાયે નુકસાન થવા પામ્યું છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા અસરગ્રસ્ત લોકોને યુદ્ધના ધોરણે રોકડ સહાય ચૂકવવા કાર્યવાહી હાથ ધરી છે. વાવાઝોડાના બીજા જ દિવસે સર્વેની કામગીરીની સાથે સાથે રોકડ સહાયનું વિતરણ પણ વહીવટી તંત્ર દ્વારા વીજગતિએ આરંભી દેવામાં આવ્યું હતું. જેના પરિણામે જિલ્લામાં વાવાઝોડાના ફક્ત ૭ દિવસમાં અસરગ્રસ્તોને રૂ. ૧.૨૫ કરોડથી વધુ રોકડ સહાયની ચુકવણી પૂર્ણ કરી દેવામાં આવી છે.

જિલ્લામાં ૧૭,૦૭૯ પુખ્ત વ્યક્તિઓ અને ૮,૫૩૭ સગીરોને એમ કુલ ૨૫,૬૧૬ જેટલા અસરગ્રસ્તોને સહાય ચૂકવવામાં આવી હતી. જેમાંથી પુખ્ત વ્યક્તિઓને રૂ. ૯૬.૭૪ લાખ અને સગીરોને ૨૯.૨૦ લાખથી વધુ રોકડ સહાયની ચુકવણી કરવામાં આવી હતી. સૌથી અસરગ્રસ્ત એવા મુખ્ય ત્રણ તાલુકાઓમાં ૪૮.૨૦ લાખ જાફરાબાદમાં, ૩૫.૫૫ લાખ રાજુલામાં અને ૧૬.૬૪ લાખ સાવરકુંડલામાં રોકડ સહાયની ચૂકવવામાં આવી હતી. આમ સૌથી વધુ અસરગ્રસ્ત ત્રણ તાલુકામાં ૧ કરોડથી વધુ સહાય ચૂકવવામાં આવી હતી. નોંધનીય છે કે વાવાઝોડાના ફક્ત બીજા જ દિવસે સર્વેની તેમજ સહાયની કામગીરી આરંભી દેવામાં આવી હતી.

## પાણીનું વિતરણ



રાજ્ય સરકાર દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી કરી અસરગ્રસ્ત ગામોમાં પાણીનું વિતરણ શરૂ કરાયું છે, જેના થકી ગામલોકોની આંતરડી ઠરી છે અને જનજીવન પૂર્વવત્ થવાની શરૂઆત થઇ છે. અમરેલી જિલ્લાનાં ૬૦૮ ગામોમાંથી ૬૦૮ ગામોમાં એટલે કે ૧૦૦% ગામોમાં પાણી પુરવઠો અવિરતપણે હાલ ચાલુ છે. અમરેલી જિલ્લાના ૧૧ તાલુકાઓનાં કુલ ૬૦૮ ગામો પૈકી ૨૮૩ જેટલા ગામોમાં હાલ જૂથ યોજના મારફતે, ૭૮ ગામોમાં ટેન્કરો મારફતે, ૫૪ ગામોમાં ડીજી સેટ મારફતે અને ૧૯૩ જેટલા ગામોમાં અન્ય વૈકલ્પિક વ્યવસ્થા મારફતે પાણીના વિતરણની કામગીરી હાથ ધરવામાં આવી છે.

વિનાશકારી વાવાઝોડાના લીધે રાજુલા, જાફરાબાદ, ખાંભા અને સાવરકુંડલા પંથકમાં વીજપોલ તેમજ સબસ્ટેશનોને વ્યાપક નુકસાન થતાં ગામોમાં મોટર કે અન્ય વીજ ઉપકરણો થકી પાણી પહોંચાડવાનું હાલ શક્ય નથી માટે ડીજી સેટ તેમજ ટેન્કરો મારફતે પાણી પહોંચાડવામાં આવે છે.

## પોલીસ દ્વારા વિનામૂલ્યે ફોન ચાર્જની અનોખી સેવા



તાઉતે વાવાઝોડાની ઘાતક અસરને પગલે અમરેલી જિલ્લાના રાજુલા જાફરાબાદ વિસ્તારોમાં જનજીવનને માઠી અસર પહોંચી છે. અનેક વીજપોલ ધરાશાયી થતા સમગ્ર પંથકમાં વીજપુરવઠો ખોરવાતા લોકોને ફોન ચાર્જ કરવાની સમસ્યા ઊભી થઇ હતી. આવી પરિસ્થિતિમાં રાજુલા પોલીસ દ્વારા લોકોને મદદરૂપ થવા પોલીસ સ્ટેશનમાં મોબાઈલ ફોન ચાર્જ કરવાની અનોખી સેવા શરૂ કરવામાં આવી છે.

તાજેતરમાં રાજ્યના પોલીસ વડા શ્રી આશિષ ભાટિયાની મુલાકાત દરમિયાન આ સમસ્યાઓ ધ્યાને આવતા તેઓએ તાત્કાલિક અસરથી ગુજરાત પોલીસ અકાદમી કરાઈ ખાતેથી ડીજીસેટ ફાળવ્યું હતું જેની મદદથી આજે લોકોને વિનામૂલ્યે ફોન ચાર્જની સેવા આપી રહ્યા છીએ. એક સાથે ૨૦થી વધુ ફોન ચાર્જ થઇ શકે એવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. હાલ આ સેવાનો રાજુલાના શહેરીજનો મોટાપ્રમાણમાં લાભ લઇ રહ્યા છે.

## તાપી

તાઉતે વાવાઝોડા દરમિયાન થયેલા નુકસાન સંદર્ભે તાપી જિલ્લામાં વહીવટી તંત્ર દ્વારા ૮૫ ક્વિક રિસ્પોન્સ ટીમો બનાવીને થયેલી અસરોને પૂર્વવત્ કરવા માટે અસરકારક કામગીરી કરવામાં આવી હતી. જિલ્લાના ૩૯૮ જેટલા ગામોમાં વીજપુરવઠાને અસર થઈ હતી તેને દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા ત્વરિત ધોરણે કામગીરી કરી વીજ પુરવઠો પુનઃ કાર્યરત કરી દેવાયો છે. જેમાં



૭૯ જેટલા ફીડરોની મરામત અને ૫૭ પોલ ફરી ઊભા કરી દેવાયા છે. વાવાઝોડાના આ સમય દરમિયાન ભારે પવનના કારણે વિવિધ ગામોમાં વીજપુરવઠો ખોરવાતા આ કંપની દ્વારા ફિડરના પેટ્રોલિંગની કામગીરી કરી ૨૪ કલાકના જ્યોતિગ્રામ તથા અર્બન ફિડરોને પ્રાધાન્ય આપી વીજપુરવઠો સતત ચાલુ કરવામાં આવ્યો હતો. તાઉતે વાવાઝોડું પસાર થઇ ગયા બાદ ૭૯ જેટલા ફિડરોનાં ૫૭ નંગ પોલ ફરી પાછા ઊભા કર્યા. તેમજ ઝાડ પડવાથી તૂટેલા વાયરો સાંધીને ૩૯૮ જેટલા ગામોમાં વીજપુરવઠો ફરી કાર્યરત કરવામાં આવ્યો છે.

## નર્મદા

ગુજરાતના “તાઉતે” વાવાઝોડાના પગલે અને તેની અસરના ભાગરૂપે રાજપીપલા શહેર અને જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં ખાસ એવી કોઇ નોંધપાત્ર દુર્ઘટના કે કોઇ જાનહાનિ-પશુહાનિ નોંધાઇ નથી. પરંતુ આ વાવાઝોડાના ભારે પવન અને વરસાદને લીધે નર્મદા જિલ્લામાં ભારે દબાણવાળા ૩૩ જેટલા ફિડર-વીજ લાઇનોને અસર થતાં, પાંચ ટ્રાન્સફોર્મર સ્ટ્રકચર તથા ૧૨૩ વીજ થાંભલા તૂટી ગયા હતા. DGVCL કંપની દ્વારા અસરગ્રસ્ત ગામોમાં વીજ પુરવઠો પુન:સ્થાપન કરવાની યુદ્ધના ધોરણે હાથ ધરાયેલી કામગીરીને જિલ્લાના ૨૧૦ ગામોમાં વીજ કંપનીની ટુકડીઓ દ્વારા વીજ પુરવઠો પુન:પૂર્વવત્ કરાયો હતો.

## અમદાવાદ

અમદાવાદ જિલ્લામાં તાઉતે વાવાઝોડા સંદર્ભે અને ભારે વરસાદના કારણે વિવિધ સ્થળોએ વીજ પ્રવાહમાં ગતિરોધ ઊભો થયો હતો. જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં મોટી સંખ્યામાં વીજ લાઇનોને નુકસાન પહોંચ્યું હતું. જિલ્લામાં વીજ થાંભલા પડી જવાના કિસ્સા પણ સામે આવ્યા હતા. આ તમામ ફરિયાદોને ત્વરિત નિકાલ કરવા માટે અમદાવાદ જિલ્લા યુ.જી.વી.સી.એલ. દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી હતી.

## આણંદ

આણંદ જિલ્લામાં આવેલા વાવાઝોડા પવન અને ભારે વરસાદથી જિલ્લામાં વીજ પ્રવાહમાં ગતિરોધ થયો હતો. મોટી



સંખ્યામાં વીજ લાઈનોને નુકસાન અને થાંભલા પડી જવાના કિસ્સાની ફરિયાદો એમ.જી.વી.સી.એલ .પેટલાદ વિભાગીય કચેરી ને મળી હતી. ૨૭ ઇજનેરો, ૨૧ ટીમ સ્ટાફ અને ૭ ટીમ કોન્ટ્રાકટરની ટીમો કાર્યરત કરીને રાત દિવસ કામ કરીને વીજ પ્રવાહ પુનઃ પ્રસ્થાપિત કરવાનું કામ શરૂ કર્યું જેને તાત્કાલિક ૧૭ સબ સ્ટેશન, ૧૧૩ ફીડર માંથી ૯૫ જ્યોતિ ગ્રામ અને ગ્રામીણ ફીડરો ચાલુ કરી સર્કલમાં ૧૮૦ ગામો ત્રણ મોટા નગર, ૭૫ ગામોમાં વીજ પ્રવાહ કાર્યરત કરાયો હતો.

## ભરૂચ



ગુજરાતમાં “તાઉતે” વાવાઝોડાના પગલે અને તેની અસરના ભાગરૂપે ભરૂચ જિલ્લામાં ખાસ એવી કોઇ નોંધપાત્ર દુર્ઘટના સર્જાયેલી નથી. ભરૂચ જિલ્લાના ૪૦૯ જેટલા કાચા મકાનો/ ઝૂંપડાઓને નુકશાન થયું હોવાના પ્રાથમિક અહેવાલ ભરૂચ જિલ્લા પૂર નિયંત્રણ કક્ષ તરફથી પ્રાપ્ત થયા છે.

જિલ્લાની વિગતવાર માહિતી જોઇએ તો ભરૂચ જિલ્લામાં 174 વીજળીના થાંભલાઓ નુકસાનગ્રસ્ત થયા હતા. જેના કારણે જિલ્લામાં ૩૦૫ જેટલા ગામોમાં વીજપુરવઠો બંધ થતા ડી.જી.વી. સી.એલ.ની ટીમે તાત્કાલિક રિપેર કરી વીજ પુરવઠો ચાલુ કર્યો હતો. તેમજ ૩૯૯ જેટલાં વૃક્ષો ધરાશાયી થતા તેને રસ્તા પરથી દૂર કરવામાં આવ્યાં હતાં.

તાઉતે વાવાઝોડાને પગલે સલામતીના કારણોસર અગરિયા પરિવારના સભ્યોનું ભરૂચ જિલ્લાના વાગરા તાલુકાના ગંધાર પ્રાથમિક શાળા ખાતે સ્થળાંતર કરવામાં આવ્યું હતુ. અગરિયા પરિવાર સાથે આવેલાં બુધાભાઈ શિયારએ જણાવ્યુ હતુ કે, વાવાઝોડાને કારણે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સ્થળાંતર કરીને આ શાળામાં ઉતારો આપી ત્યાં જમવાની, રહેવાની, આરોગ્યની સુવિધા પુરી પાડી જિલ્લા વહીવટી તંત્રએ પુરી ચિવટ અને ખુબ તકેદારી રાખી છે. અમારી આટલી કાળજી રાખવા બદલ અમે સરકારશ્રીનો આભારી છીએ. અત્રે ઉલ્લેખનીય છે કે આ સ્થળાંતર કરાયેલા અગરિયા પરિવારોનું સહકાર રાજ્યમંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ, જિલ્લા કલેક્ટર ડૉ. એમ.ડી.મોડિયા સહિતના પદાધિકારીઓ-અધિકારીઓએ મુલાકાત લીધી હતી.

### બનાસકાંઠા

જિલ્લાના વિવિધ ગામોમાં પવન સાથે વરસાદ થતાં તેમજ ઘણી જગ્યાએ વીજલાઈન ઉપર વૃક્ષો પડતાં કુલ-૧૫૦ વીજપોલ અને પાંચ ટ્રાન્સફોર્મર સેન્ટર ક્ષતિગ્રસ્ત થતાં જિલ્લાનાં ૨૨ ગામોમાં અને અનેક ખેતીવાડી ફિડરો ઉપર વીજ પુરવઠો ખોરવાયો હતો. જેમાથી તમામ ગામોમાં અત્યાર સુધીમાં વીજપોલ અને વીજ ટ્રાન્સફોર્મર ઊભા કરી વીજપુરવઠો પુનઃસ્થાપિત કરવામાં આવ્યો હતો. વરસાદ અને પવનના લીધે કુલ-૪૩૪૮ વીજગ્રાહકોની ફરિયાદ મળી હતી જેમાંથી ૨૫૮૦ ફરિયાદનો ખૂબ ઝડપથી નિકાલ કરવામાં આવ્યો હતો અને બાકી રહેતી ફરિયાદ માટે પણ વિસ્તાર મુજબ અલગ-અલગ ટીમો બનાવી કામગીરી યુદ્ધના ધોરણે કામગીરી શીઘ્ર પૂર્ણ કરવામાં આવી હતી.

### બોટાદ



જિલ્લા વહીવટી તંત્રના સંકલનમાં રહીને વન વિભાગ દ્વારા જિલ્લામાં કુલ કંટ્રોલ રૂમ કાર્યરત કરી, તમામ કંટ્રોલ રૂમ ખાતે એક નોડલ ઓફિસર સાથે રેસ્ક્યુ ટીમને તેમની જરૂરી સાધન સામગ્રી સાથે તૈનાત રાખવામાં આવી હતી. વાવાઝોડાની અસરથી જિલ્લામાં વરસાદ સાથે પવન ફૂંકાતા 176 જેટલાં વૃક્ષો ધરાશાયી થતા રસ્તાઓ બ્લોક થયા હતા. તાઉતે વાવાઝોડાની અસર દરમિયાન બરવાળાથી રાણપુર તરફના રસ્તા ઉપર વૃક્ષો ધરાશાયી થયા હતા જેના સમાચાર બરવાળા પોલીસ વિભાગને મળતા તાત્કાલિક જે તે સ્થળે જઈ નિરીક્ષણ કરતા વધારે સંખ્યામાં વૃક્ષો ધરાશાયી થતા બરવાળા નગરપાલિકા ખાતેથી તાત્કાલિક જે.સી. બી. મંગાવી તેમજ એક જે.સી.બી. ચારણકી ગામ ખાતેથી મંગાવી વૃક્ષો હટાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી

### દેવભૂમિ દ્વારકા

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પવનના કારણે ૬૭ જેટલા વીજ થાંભલાઓને નુકસાન થયું હતું. જેના લીધે ૩૮ ગામોમાં વીજ પુરવઠો બંધ થઈ ગયો હતો. આ ગામોમાં વીજપુરવઠો પુનઃ સ્થાપિત કરવા પીજીવીસીએલ દ્વારા તાત્કાલિક નુકસાન થયેલા થાંભલાઓને પૂર્વવત્ કરી તમામ ગામોમાં વીજપુરવઠો ફરી શરૂ કર્યો હતો. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વાવાઝોડાના લીધે આવેલ પવનથી ૨૩ વૃક્ષો ધરાશાયી થઇ ગયા હતા. જેને રસ્તા પરથી તરત જ દૂર કરીને વાહન વ્યવહારને અસર ન થાય તે માટેની કામગીરી કરવામાં આવી હતી. ઉપરાંત ૮ જેટલા કાચા ઝૂંપડાઓને પવનથી નુકસાન થયું છે. જિલ્લામાં કોઈ સરકારી ઇમારત, કાચા કે પાકા મકાન, સરકારી કે ખાનગી દવાખાનાને નુકસાન થયું નથી કે કોઈ પણ પ્રકારની જાનહાનિ થઈ નથી.



## તાઉતે વાવાઝોડા પ્રભાવિત જિલ્લામાં ઇન્ટ્રા સર્કલ રોમિંગ સુવિધા

*ગુજરાતમાં તાજેતરમાં આવેલા તાઉતે વાવાઝોડાને પરિણામે ખાસ કરીને દરિયાકાંઠાના વિસ્તારોમાં ટેલિ-કોમ્યુનિકેશનના માળખાને વ્યાપક અસર થઈ છે. મુખ્યત્વે અમરેલી, ભાવનગર, બોટાદ, જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં મોબાઈલ ટાવર્સને થયેલા નુકસાનના પગલે મોબાઈલ ફોન નેટવર્ક ખોરવાયું હતું. ગુજરાત સરકાર અને ભારત સરકારનું દૂરસંચાર મંત્રાલય તાઉતે વાવાઝોડા પ્રભાવિત વિસ્તારોમાં મોબાઈલ નેટવર્ક પૂર્વવત કરવા યુદ્ધના ધોરણે કામગીરી કરી રહ્યા છે જેના પરિણામે ગુજરાતના બે જિલ્લા બોટાદ અને જૂનાગઢમાં મોબાઈલ ફોન નેટવર્ક પૂર્વવત્ કરવામાં આવ્યું છે.*

*ઈન્ટ્રા સર્કલ રોમિંગની સુવિધા જે પહેલા પાંચ જિલ્લામાં કાર્યરત હતી તે હવે ત્રણ જિલ્લા અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ અને કેન્દ્ર શાસિત દીવમાં કાર્યરત કરવામાં આવી હતી. રાજ્ય સરકારની આગેવાનીમાં સ્થાનિક વહીવટીતંત્ર અને કેન્દ્રીય દૂર સંચાર વિભાગ દ્વારા તાઉતે પ્રભાવિત ત્રણ જિલ્લામાં મોબાઈલ નેટવર્ક માળખું ૨૫મી મે સુધી પૂર્વવત્ થવાની સંભાવના છે. ટેલિકોમ્યુનિકેશન -મોબાઈલ નેટવર્ક સેવા પૂર્વવત્ ન થાય ત્યાં સુધી ઈન્ટ્રા સર્કલ રોમિંગ સુવિધાનો સમયગાળો વખતોવખત લંબાવવામાં આવશે.*

### જામનગર

તાઉતે વાવાઝોડાની જામનગર જિલ્લામાં નહીંવત્ અસર જોવા મળેલ તેમજ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આગમચેતીના ભાગરૂપે હાથ ધરવામાં આવેલ વિવિધ સુચારુ વ્યવસ્થાઓના કારણે સમગ્ર જિલ્લામાં જાનમાલની કોઈ ગંભીર નુકસાની થઇ નથી. વાવાઝોડાની અસરના કારણે પવનની ગતિમાં વધારો થતા જામનગર જિલ્લાના ૧૮૦ ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો. તેમજ ૨૬૦ જેટલા વીજ થાંભલાઓ તથા ૨૫૦ વીજ ફિડરને નુકસાન થયું હતું. જિલ્લા તંત્ર દ્વારા તૈયાર કરવામાં આવેલી ૬૨ ક્વિક રિસ્પોન્સ ટીમોએ માત્ર ૧૮ કલાકના ટૂંકા ગાળામાં જ તમામ ગામોમાં વીજ પુરવઠો પૂર્વવત્ કરી પ્રશંસનીય કામગીરી બજાવી હતી.

## ક્યાંક સફળતાપૂર્વક પ્રસૂતિ તો ક્યાંક સગર્ભાઓને સલામત સ્થળે ખસેડવા સતત દોડતું રહ્યું આરોગ્ય તંત્ર

*ગુજરાત ઉપર તાઉતે વાવાઝોડુ ટકરાવાનું હોવાથી વાવાઝોડાથી સમગ્ર સૌરાષ્ટ્ર અને ખાસ કરીને મોરબી, પોરબંદર, ગીર સોમનાથ સહિતના જિલ્લાના લોકોના આરોગ્ય ઉપર કોઈ માઠી અસર ન પહોચે તે માટે આગોતરા આયોજનના ભાગ રૂપે 108 એમ્બ્યુલન્સ સેવા, 108 એમ્બ્યુલન્સ બોટ તથા આરોગ્ય વિભાગ દ્વારા આરોગ્યને લગતી કેટલીક આગોતરી તૈયારી કરવામાં આવી હતી. મોરબી જિલ્લામાં વાવાઝોડાના સમયગાળા દરમિયાન જે સગર્ભા બહેનોની ડિલિવરીની તારીખ હોય તેવા સગર્ભા બહેનોને વાવાઝોડાનાં કારણે ડિલિવરી બાબતે કોઈ મુશ્કેલી ઊભી ન થાય તેવા હેતુથી જિલ્લાનાં કુલ ૫૯ બહેનોને પ્રા.આ. કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો, સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પીટલ, ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ, તેમજ પ્રાઈવેટ હોસ્પિટલ જેવી સંસ્થાઓમાં સલામત સ્થળો ઉપર અગાઉથી જ દાખલ કરવામાં આવી હતી.*


*હળવદ તાલુકામાં ૧૬, વાંકાનેર તાલુકામાં ૧૬, ટંકારા તાલુકામાં ૯, માળીયા તાલુકામાં ૧૦, અને મોરબી તાલુકામાં ૮ બહેનો સહિત જિલ્લામાં કુલ ૫૯ ગર્ભવતી બહેનોને સલામત સ્થળો ઉપર દાખલ કરવામાં આવી હતી. આ પૈકીની બે સગર્ભાની વાંકાનેરના કોઠી તથા ટંકારાના આરોગ્ય કેન્દ્ર ખાતે સલામત પ્રસૂતિ કરાવવામાં આવી હતી.*

*પોરબંદર જિલ્લામાં વાવાઝોડાની આગાહી વખતે જિલ્લામાં દર્દીઓની સેવા માટે ૧૦૮ની બોટ એમ્બ્યુલન્સ પણ તૈનાત હતી. પોરબંદર જિલ્લાના બરડા નજીક ભારવાડાની સગર્ભા મહિલાની રસ્તામાં જ 108 એમ્બ્યુલન્સ દ્વારા તા.૧૮ મેના રોજ વહેલી સવારે ૪ કલાકે તેજ પવન વચ્ચે પ્રસૂતિ કરવામાં આવી હતી.* ●

### જૂનાગઢ

તાઉતે વાવાઝોડાની અસરને પગલે જૂનાગઢ શહેર-ગ્રામીણ વિસ્તારમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. ત્યારે લોકો સોશ્યલ મીડિયાના માધ્યમથી કલેક્ટર, ડીડીઓને ટ્વીટ કરી પોતાની સમસ્યાઓ જણાવતા હતા. જિલ્લા વહીવટી તંત્રના આ ટોચના અધિકારીઓને આ ટવીટ મળતા તુરંત સબંધિત વીજ અધિકારીઓને લોકોની સમસ્યાની જાણ કરવામાં આવતી હતી. જેના સંદર્ભે પીજીવીસીએલ દ્વારા બનનાવાયેલ ૧૬૭ કવીક રિસ્પોન્સ ટીમો મોકલી યુદ્ધના ધોરણે વીજ પુરવઠો પૂર્વવત્ કરવા કાર્યવાહી કરવામાં આવી હતી. તાઉતે વાવાઝોડું જૂનાગઢ જિલ્લાની બોર્ડર ઉપરથી પસાર થતા જૂનાગઢ જિલ્લાને તેની નહિવત્ અસર થઈ છે. આમ છતાં ભારે પવનથી ૩૫૭ ગામમાં વીજપુરવઠો ખોરવાયો હતો. તે પૈકી ૧૫૮ ગામોમાં યુદ્ધના ધોરણે વીજ પુરવઠો ચાલુ કરાયો હતો. ૨૩૦૦થી વધુ ઝાડ પડી ગયા હતા તે દૂર કરી જિલ્લાના તમામ રસ્તાઓ મોટરેબલ બનાવાયા છે.

તાઉતે વાવાઝોડાના કારણે ૩૫૦ થી વધુ વીજ પોલ પડી ગયા હતા. ૨૯૨ જેટલા ફિડરોને નુકસાન પહોંચ્યું હતું. વૃક્ષો ધરાશાયી થવાથી છવાયેલા અંધારપટને ઉલેચવા લોકોએ ફોલ્ટ સેન્ટર પર ફોનથી ફરિયાદ કરવા સાથે સોશિયલ મીડિયાનો સદ્-ઉપયોગ



કરી જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારી સુધી વીજ સમસ્યાની વાત પહોંચાડી હતી.

તાઉતે વાવાઝોડા સંદર્ભે જૂનાગઢ જિલ્લામાં ૯૮૨ આંશિક કાચાં પાકાં મકાન માટે રૂ.૨ કરોડ ૪૫ લાખ ૫૦ હજાર અને સંપૂર્ણ કાચાં મકાન માટે ૧૯ લાખ એમ કુલ રૂ.૨.૪૭ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. ઉપરાંત ક્ષતિગ્રસ્ત થયેલ પશુધનના ૫૮ શેડ માટે રૂા. ૨.૯૦ લાખ સહાય ચૂકવી દેવામાં આવી છે. તાઉતે વાવાઝોડામાં થયેલ નુકસાનને લઈને સર્વેની ટીમોએ યુદ્ધના ધોરણે કામગીરી કરી હતી. જેમાં કાચાં-પાકાં મકાન, ઝૂંપડા અને ઢોરના શેડ પડી ગયા હોવાના સર્વે માટે ૫૭ ટીમો કામે લાગી હતી અને જૂનાગઢ જિલ્લાના ૯ તાલુકામાં સર્વેની કામગીરી પૂર્ણ થતાં, નુકસાન થયેલ લોકોને સહાયની રકમ ચૂકવી દેવામાં આવી છે.



## કચ્છ

રાજ્ય પર ત્રાટકેલા વાવાઝોડાની અસર હેઠળ ફૂંકાયેલા ભારે પવનના કારણે કચ્છ જિલ્લામાં પણ ઠેકઠેકાણે વીજપુરવઠો ખોરવાયો હતો. કચ્છનાં ૧૯૦ ગામોમાં વીજળી જતા તત્કાલ મોડી રાત્રે જ ૯૮ જેટલા ગામોની રહેણાક વીજળી પૂર્વવત્ કરી દેવામાં આવી હતી. પી.જી.વી.સી.એલ દ્વારા રહેણાંકના ૪૪ ફિડર પુનઃ શરૂ કરી દેવામાં આવ્યા હતા. ખેતીવાડીના ૩૬૬ ક્ષતિગ્રસ્ત ફિડરો પણ યુદ્ધના ધોરણે વીજતંત્રની ટીમોએ સમારકામ કરી પૂર્વવત્ કરી દીધા હતા. વાવાઝોડાથી ખેતીના ૩૬૬ ફિડરો, ૧૪૧ થાંભલાઓ અને પાંચ ટ્રાન્સફોર્મરો ક્ષતિગ્રસ્ત થયા હતા જેને વીજકર્મીઓએ બે દિવસમાં જ યુદ્ધના ધોરણે પૂર્વવત્ કરી દીધા છે.

## મહેસાણા

તાઉતે વાવાઝોડાની મહેસાણા જિલ્લામાં નહિવત્ અસર જોવા મળી હતી. જોકે આ વાવાઝોડાની સંભવિત અસરોને પહોંચી વળવા માટે તંત્રએ કટીબદ્ધતા બતાવી હતી. જિલ્લા કલેક્ટર શ્રી



એચ.કે.પટેલના માર્ગદર્શનથી માર્ગ અને મકાન વિભાગના ઈજનેર શ્રી ભરત પટેલની આગેવાનીમાં કાબિલેદાદ કામગીરી કરી હતી. વાવાઝોડાના પગલે વૃક્ષો ધરાશયી થવાના કારણે ત્રણેક જેટલા રસ્તાઓ બ્લોક થઈ હતા જે સમાચાર મળતાં ગણતરીની મિનિટોમાં ટીમ મહેસાણાએ દૂર કરી રસ્તા ફરી ચાલુ કર્યા હતા. જેમાં વિસગનર-દેણપ દાસજ રોડ અને વિસનગર હ્ડોલ રોડ સહિત તમામ રસ્તાઓ પરથી અડચણો દૂર કરી સરાહનીય કામગીરી કરી હતી.

## મોરબી

ભારે પવનના કારણે મોરબી તાલુકામાં ૩૨ જેટલા ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો. જેમાંથી ૧૭ જેટલાં ગામોમાં તાત્કાલિક વીજ પુરવઠો ચાલુ કરી દેવાયો હતો જ્યારે અન્ય ગામોમાં વીજ પુરવઠો યથાવત્ કરવા કવાયત હાથ ધરવામાં આવી હતી. મોરબી શહેરી વિસ્તારની વાત કરીએ તો વાવાઝોડાની અસરના લીધે એક પણ વીજપોલને નુકસાન, રસ્તા બંધ થવા, ઈમારત, વૃક્ષો પડવા, કાચા-પાકા મકાન કે ઝૂંપડાને નુકસાન નહોતું થયું.

મોરબી જિલ્લામાં પી.જી.વી.સી.એલ.ની ૫૫ ટીમના અંદાજે ૪૫૦ લોકો ફિલ્ડમાં કાર્યરત હતા. મોરબી પંથકમાં પંથકના ૨૭૨ ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો, તેમાં યુદ્ધના ધોરણે કામગીરી કરી તમામ ગામોમાં વીજ પુરવઠો પુનઃ સ્થાપિત કરી આપવામાં આવ્યો છે. આ વિસ્તારોમાં ૬૪૫ વીજપોલને નુકસાન થયું છે, જેને તાત્કાલિક બદલવાની કામગીરી શરૂ કરી ૬૦૯ જેટલા વીજપોલ બદલી દેવાયા છે.

## નવસારી



તાઉતે વાવાઝોડાની અસરને લીધે નવસારી જિલ્લામાં વરસાદ સાથે પવન ફૂંકાતા ભારે વૃક્ષ અને વૃક્ષોની ડાળીઓ પડવાની ઘટનાઓ બની હતી. તાઉતે વાવાઝોડાના લીધે જિલ્લામાં સાત રસ્તાઓ બંધ થયા હતા જે ૨૪ કલાકની અંદર કામગીરી કરી પુનઃ શરૂ કરી દેવામાં આવ્યા છે. આ રસ્તાઓની વાત કરીએ તો પનાર કૃષ્ણપુર રોડ પર પાંચ વૃક્ષો, ગણદેવી ધનોરી ખારેલ રોડ પર બે વૃક્ષો, એરૂ ઈંટાળવા સીસોદ્રા રોડ પર ૨૮ વૃક્ષો, વેસ્મા, મરોલી, ઉભરાટ રોડ ત્રણ વૃક્ષો, કસ્બા, છીણમ, દેલવાડા, માંગરોળ, ભિનાર રોડ પર ૬ વૃક્ષો, ખડસુપા સાતેમ નાગધરા રોડ પરપર ચાર વૃક્ષો અને મરોલી બજાર રોડ પર એક વૃક્ષ પડી ગયાં હતાં. કુલ ૪૯ વિશાળ વૃક્ષોના થડ અને ડાળીઓને વિવિધ યંત્રો દ્વારા કાપી અને સલામત રીતે હટાવી રસ્તાઓને ખુલ્લા કરવાની મહત્ત્વની કામગીરી કરી હતી.

## પોરબંદર

પોરબંદર જિલ્લામાં તાઉતે વાવાઝોડાનું સંકટ ટળ્યું હતું. પણ પવનના કારણે પોરબંદર જિલ્લામાં જુદી-જુદી ૭૮ જગ્યાએ વીજપોલ ધરાશાયી થયા હતાં. વીજ નિગમ દ્વારા તાત્કાલિક કામગીરી કરીને ૨૪ કલાકમા વીજ પુરવઠો શરૂ કરી દીધો હતો. આ ઉપરાંત વાવાઝોડાના કારણે પોરબંદર જિલ્લામાં કોઈ માનવમૃત્યુ, પશુ મૃત્યુ કે માનવ ઈજાનો બનાવ બનેલ નથી. આમ

પોરબંદર જિલ્લામાંથી વાવાઝોડાનું સંકટ ટળ્યું હતું. જિલ્લામાં પવનના કારણે ૭૮ વીજપોલ ધરાશાયી થતા વીજકર્મીઓ દ્વારા તાત્કાલિક કામ કરીને ૨૪ કલાકમાં વીજ પુરવઠો શરૂ કર્યો હતો.

## રાજકોટ

રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકામાં તાઉતે વાવાઝોડાની અસરથી ૪૦ વૃક્ષો ધરાશાયી થયાં હતાં, તથા વાવાઝોડા અને ભારે પવનથી ૧૪ રસ્તાઓ બંધ થઇ ગયા હતા, પરંતુ વિવિધ સરકારી વિભાગોના સંકલનથી ૧૩ રસ્તાઓને મોટરકાર પ્રકારના વાહનોની અવર-જવર માટે પુનઃ કાર્યરત કરી દેવાયા છે. વીજ પુરવઠો બંધ થયેલા ૩ ગામોમાં વીજ પુરવઠો પુનઃ ચાલુ કરી દેવાયો છે. ઉપલેટા નગરપાલિકા તથા ગ્રામીણ વિસ્તારમાં અને જામકંડોરણાનાં ૪૧ ગામોમાં વીજ પુરવઠો પુનઃ ચાલુ થયો હતો. જામકંડોરણા, ધોરાજી તથા કંડોરણા-ગોંડલ રોડ પર પડેલાં વૃક્ષો તુરંત દૂર કરીને વાહન વ્યવહાર પૂર્વવત્ કરાયો હતો.

## સુરત

તાઉતે વાવાઝોડાની અસર સુરત શહેર-જિલ્લામાં જોવા મળી હતી. પવનના સુસવાટા સાથે ભારે વરસાદને કારણે જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં વૃક્ષો પડવાના, વીજળી ગુલ થવાના, કાચા મકાનો ધરાશાયી થવાના બનાવો બન્યા હતા. જિલ્લા કલેકટર ડૉ.ધવલ પટેલના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જરૂરી ટીમો બનાવીને યુદ્ધના ધોરણે કામગીરી કરીને યાતાયાત, દૂરસંચાર અને વીજ સેવાઓ પૂર્વવત્ કરવામાં આવી હતી.

દક્ષિણ ગુજરાત વીજ કંપની પાસેથી મળતી વિગતો મુજબ દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં ૯૯૦ જેટલા ગામડાઓમાં વીજ સેવા અસરગ્રસ્ત થઈ હતી. જેમાં ખાસ કરીને દરિયાકિનારાના ગ્રામીણ વિસ્તારો પ્રભાવિત થયા હતા. જેમાંથી ૬૦૦ થી વધુ ગ્રામીણ વિસ્તારોમાં વીજપુરવઠો પુનઃસ્થાપિત કરવામાં આવ્યો છે. ૭૦૦થી વધુ ફિડરો અસરગ્રસ્ત થયા હતા. જે પૈકી ૫૨૦ ફિડરોને વિવિધ પેટા વિભાગીય કચેરીઓની ટીમો બનાવીને વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવામાં આવ્યા હતો. જયારે ૯૦૦ થી વધુ અસરગ્રસ્ત વીજથાંભલાઓને સત્વરે રિપેરિંગ કરીને ૫૦૦ થાંભલાઓ પુનઃસ્થાપિત કરવામાં આવ્યા હતા. સુરત સિટીમાં ૨૦૧, ચોર્યાસી તાલુકામાં ૧૭, ઓલપાડમાં ૭૯, માંગરોળમાં ૨૭, બારડોલી નગરપાલિકાના ૨૦ તથા ગ્રામ્યમાં ૧૮, કામરેજમાં ૬૦, માંડવી તાલુકામાં ૦૬ મળી અંદાજીત ૪૦૦ થી વધુ વૃક્ષો પડયા હતા. વાવાઝોડાના કારણે ૬૫ જેટલા બંધ થયેલા રસ્તાઓ પૈકી ૫૬ રસ્તાઓને માર્ગ-મકાન વિભાગ તથા એન.ડી. આર.એફની મદદની વિવિધ ટીમો દ્વારા યુધ્ધના ધોરણે ધરાશાયી વૃક્ષોને હટાવીને વાહન વ્યવહાર પૂર્વવત્ કરાયા હતો.



## વડોદરા

વડોદરા જિલ્લામાં નુકસાન થયેલા કુલ ૮૫ વીજળીના થાંભલાને તાત્કાલિક રિપેર કરી વીજ પુરવઠો શરૂ કરાયો હતો. તેમજ 163 જેટલાં વૃક્ષો વાવાઝોડામાં ધરાશાયી થયાં હતાં. વન અને માર્ગ-મકાન વિભાગની ટીમોએ અવરોધો હટાવી સ્થિતિ પૂર્વવત્ કરી હતી. એમ.જી.વી.સી. એલ.ની ટીમોએ વીજ લાઇનો પર પડેલા વૃક્ષો અને ડાળીઓ હટાવી વીજ પુરવઠો ચાલુ કર્યો. જિલ્લામાં 13 રસ્તાઓ બંધ થયા હતા તે પૈકી તમામ રસ્તાઓને તુરંત જ વાહન વ્યવહારને યોગ્ય બનાવવામાં આવ્યા હતા. ●

## ભગોદના કંકુબેનના પરિવારના પડી ગયેલા ઘરની નુકસાનીની મળવાપાત્ર સહાય ચૂકવી

*વલસાડ કલેક્ટર શ્રી આર.આર.રાવલ દ્વારા સર્વેની કામગીરીની સમીક્ષા માટે અને વાવાઝોડામાં અસરગ્રસ્ત થયેલા પરિવારોની રૂબરૂ મુલાકાત લઈ થયેલા નુકસાનની જાત માહિતી મેળવી હતી. આ દરમિયાન કલેક્ટરશ્રીએ વલસાડ તાલુકાના દરિયાકાંઠાના ભગોદ ગામે અસરગ્રસ્ત પરિવાર કંકુબેન બાબુભાઈ નાયકાના ઘરની મુલાકાત લીધી હતી. વાવાઝોડામાં તેમનું ઘર પડી જતા સરકારશ્રી દ્વારા મળવાપાત્ર સહાય કલેક્ટરશ્રીના હસ્તે ચૂકવવામાં આવી હતી.* ●





# ગુજરાત કોરોનાકાળમાં સતત બીજા વર્ષે વિદેશી રોકાણ આકર્ષવામાં દેશમાં પ્રથમ ક્રમે

આજે સમગ્ર વિશ્વ કોરોના મહામારીમાંથી પસાર થઇ રહ્યું છે. જેની સીધી અસર અર્થતંત્ર પર પડી છે. ડામાડોળ થતા અર્થતંત્રને સ્થિર કેવી રીતે રાખવું તે સવાલ અર્થશાસ્ત્રીઓને મૂંઝવી રહ્યો છે. ગુજરાતને મળેલી સબળ નેતૃત્વને કારણે અર્થતંત્રની ગતિ ધીમી પડી નથી. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના દીર્ઘદષ્ટિપૂર્ણ નેતૃત્વમાં ગુજરાત ઔદ્યોગિક રોકાણોમાં વર્ષ ૨૦૨૦-૨૧માં દેશના કુલ ફોરેન ડાયરેક્ટ ઇન્વેસ્ટમેન્ટ FDIમાંથી ૩૭% FDI મેળવી સતત ચોથા વર્ષે દેશભરનાં રાજ્યોમાં ટોચ પર રહ્યું છે.

કોરોના સંક્રમણની પ્રવર્તમાન સ્થિતિમાં પણ સતત બીજા વર્ષે ગુજરાતે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના દિશાદર્શનમાં દેશભરમાં સૌથી વધુ એફ.ડી.આઇ. મેળવવાની આ સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

આ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન ગુજરાતમાં મોટાભાગનું વિદેશી રોકાણ કમ્પ્યૂટર સોફ્ટવેર અને હાર્ડવેર ક્ષેત્રમાં ૯૪% ટકા જેટલું આવ્યું છે. આ ક્ષેત્રમાં દેશમાં આવેલા કુલ રોકાણમાં એકલા ગુજરાતનો હિસ્સો જ ૭૮ % છે. આ ક્ષેત્રે આવેલા એફ.ડી.આઇ.માં ગુજરાત પછીના ક્રમે રહેલા રાજ્યોમાં કર્ણાટક માત્ર નવ ટકા અને દિલ્હી પાંચ ટકા હિસ્સો ધરાવે છે.

**ભારતમાં ૨૦૧૯-૨૦ના વર્ષના ૭૪.૩૯ બિલિયન અમેરિકી ડોલર એફ.ડી. આઇ.ની તુલનાએ ૧૦ % વધું ૨૦૨૦-૨૧ દરમ્યાન અત્યાર સુધીનું સૌથી વધુ કુલ ૮૧.૭૨ બિલિયન અમેરિકી ડોલરનું વિદેશી રોકાણ આવ્યું**

**દેશભરમાં કમ્પ્યૂટર સોફ્ટવેર એન્ડ હાર્ડવેર ક્ષેત્રમાં આવેલા કુલ વિદેશી રોકાણનો ૭૮ ટકા હિસ્સો એકલા ગુજરાતમાં**

નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં ૩૭ ટકા વિદેશી રોકાણ સાથે ગુજરાત સમગ્ર દેશમાં અગ્રિમ છે ત્યારબાદના ક્રમે રહેલા મહારાષ્ટ્રમાં ૨૭ ટકા અને કર્ણાટક ૧૩ ટકા વિદેશી રોકાણ આવ્યું છે એટલે કે ગુજરાત મહારાષ્ટ્ર કરતાં ૧૦ % અને કર્ણાટક કરતાં ૨૪% વધુ વિદેશી મૂડીરોકાણ સાથે રાજ્ય સરકારની ઇન્ડસ્ટ્રી ફ્રેન્ડલી ટ્રાન્સપેરેન્ટ પૉલિસી તથા વિવિધ ઇન્સેન્ટિવ્સના પરિણામે દેશવિદેશના ઉદ્યોગકારો માટે બેસ્ટ ચોઇસ ફોર ઇન્વેસ્ટમેન્ટ બન્યું છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ પારદર્શી અને સ્વચ્છ પ્રશાસન સાથે રાજ્યમાં ઉદ્યોગોને વધુ પ્રમાણમાં પ્રેરિત કરવા ઇઝ ઓફ ડૂઇંગ બિઝનેસનો જે વ્યાપ વિસ્તાર્યો છે. ઇન્ડસ્ટ્રી પૉલિસી ૨.૦માં ઉદ્યોગોને વ્યાપક પ્રોત્સાહન આપ્યું છે તેની ફલશ્રુતિએ કોરોના સંક્રમણના આ કપરા વર્ષો દરમિયાન પણ રાજ્યમાં આવેલા એફ.ડી.આઇ.માં માતબર વધારો થયો છે.

ભારતમાં ૨૦૧૯-૨૦ના વર્ષના ૭૪.૩૯ બિલિયન અમેરિકી ડોલર એફ.ડી.આઇ.ની તુલનાએ ૧૦% વધુ ૨૦૨૦-૨૧ દરમ્યાન અત્યાર સુધીનું સૌથી વધુ કુલ ૮૧.૭૨ બિલિયન અમેરિકી ડોલરનું એફડીઆઇ રોકાણ આવ્યું છે.

ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે દેશમાં ફોરૈન ડાયરેક્ટ ઇન્વેસ્ટમેન્ટ અને વિવિધ રાજ્યોના તેમાં પ્રદાન અંગેની વિગતો જારી કરતા એક યાદીમાં જણાવ્યું છે કે, ફોરેન ડાયરેક્ટ ઇન્વેસ્ટમેન્ટ (એફ.ડી.આઇ.) માં અસરકારક નીતિ સુધારણા, રોકાણની સુવિધા તેમજ સરળ વ્યવસાયિક નીતિઓને કારણે તેમજ સરકાર દ્વારા લેવામાં આવેલાં અસરકારક પગલાંઓના પરિણામે દેશમાં વિદેશી રોકાણમાં વધારો થયો છે. આવાં વિવિધ પગલાઓને કારણે ભારત વિદેશી રોકાણકારોની પ્રથમ પસંદગી બની રહ્યું છે. ●



# તાઉતે વાવાઝોડા દરમિયાન આગોતરા આયોજન, અગમચેતી, સહિયારા સક્રિય પ્રયત્નો અને લોકસહકારનો ચોપાંખીયો વ્યૂહ



ગુજરાતમાં અવારનવાર કુદરતી તેમજ માનવસર્જિત આપત્તિઓ આવી છે અને તેમાંથી બહાર આવીને ગુજરાતની પ્રજાએ નવા જોમ અને જુસ્સા સાથે રાજ્યના વિકાસનો રાહ કંડાર્યો છે. આપત્તિ વેળાએ સમયસર અને પૂરતી મદદ મળી રહે તો જાન - માલનું નુકસાન ઓછામાં ઓછું થાય છે તે અહેસાસ આગોતરા આયોજન અગમચેતી અને સહિયારા પ્રયાસો અને લોકોના સહકારથકી મુખ્ય મંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીની ટીમ ગુજરાતે કરાવ્યો છે.

પડકારોનો પ્રતિકાર કરી વિકાસનો નવો માર્ગ કંડારવો એ ગુજરાતની પ્રજાની તાસીર છે. રાજ્યે આપત્તિઓ સામે આગોતરા આયોજન દ્વારા અનેક સિમાચિહ્નો સ્થાપિત કર્યા છે અને આપત્તિ વ્યવસ્થાપનની એક અલગ વહીવટી વ્યવસ્થા પણ સરકારે કરી છે. રાજ્યમાં તાજેતરમાં તાઉતે વાવાઝોડાથી ભાવનગર, અમરેલી, ગીર - સોમનાથ, પોરબંદર, રાજકોટ અને બોટાદ જિલ્લાઓમાં વધુ નુકસાન તથા રાજ્યની અન્ય જિલ્લાઓમાં પણ ઓછાવત્તા પ્રમાણમાં નુકશાન થયું છે.

કુદરતી આપત્તિઓ રોકવી સંભવ નથી પરંતુ આપત્તિઓ સામે યોગ્ય આયોજન અને દ્દષ્ટિકોણ દ્વારા આપત્તિથી થતા નુકસાનને અવશ્ય ઘટાડી શકાય છે. ગુજરાતીઓએ પ્રતિકૂળતાઓમાંથી પણ માર્ગ કાઢીને વિકાસ સાધ્યો છે તે વાતનો ઈતિહાસ સાક્ષી છે. આપત્તિમાં પણ ખભેખભા મિલાવી હરવખતની જેમ મુશ્કેલીઓમાંથી માર્ગ કાઢીને ગુજરાતની વિકાસકૂચ જારી રાખવાની છે.

તાઉતે વાવાઝોડા પૂર્વે, દરમિયાન અને પછી રાજ્ય સરકારના સઘન પ્રયત્નોને કારણે વાવાઝોડાની અસરના વ્યાપક નુકસાનને ઘણા અંશે ઘટાડી શકાયું છે. સંવેદનશીલ રાજ્ય સરકારે વાવાઝોડા દરમિયાન લોકોના સહયોગ સાથે તેની સામે આદરેલ સેવાના ભેખની કેટલીક વિગતો જોઈએ તો...

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાત પર ત્રાટકેલા વાવાઝોડા 'તાઉતે'થી ખાસ કરીને રાજ્યના દરિયાકાંઠા વિસ્તારોના જિલ્લામાં સર્જાયેલી સ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા બેઠક કરીને નુકસાની સહિતની રજેરજની વિગતો ગાંધીનગરમાં સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાં વાવાઝોડા દરમિયાન સતત બેસીને મેળવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ વિપદાના મુકાબલા માટે 'ઝિરો કેઝયુઆલિટી' એપ્રોચથી ડિટેઈલ્ડ અને એડવાન્સ પ્લાનિંગથી વહીવટીતંત્રને સજ્જ કર્યું હતું.

શ્રી વિજયભાઇ રૂપાણી સ્વયં મોડી મધ્યરાત્રિ સુધી સ્ટેટ કંટ્રોલ રૂમમાં ઉપસ્થિત રહ્યા હતા અને વાવાઝોડા અસરગ્રસ્ત જિલ્લાના કલેકટરોથી માંડીને ફિલ્ડ લેવલના મામલતદાર-પ્રાંત અધિકારીઓના ટેલિફોનિક સંપર્કમાં રહીને સાયકલોન મેનેજમેન્ટની આગવી પ્રતિબદ્ધતા તેમણે પ્રગટ કરી હતી.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આ તાઉતે વાવાઝોડાના લેન્ડ ફોલ થયા બાદ સર્જાયેલી સ્થિતિની વધુ વિગતવાર સમીક્ષા પણ સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાં પહોંચીને કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, સમગ્ર વહીવટી તંત્રને બચાવ રાહતનાં કામો પર ફોકસ કરવાની સૂચના આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આ વાવાઝોડાની વધુ અસર થઈ છે તેવા અમરેલી, ગીર-સોમનાથ, પોરબંદર, રાજકોટ, ભાવનગર અને બોટાદ જિલ્લાઓમાં મંત્રીશ્રીઓ, કલેકટર, ડી.ડી.ઓ સાથે વાતચીત






કરીને સમગ્રતંત્રને વાવાઝોડા દરમિયાન એલર્ટ મોડ પર સ્ટેન્ડ ટુ રાખ્યું હતું.

આગોતરા આયોજન, અગમચેતી અને મંત્રીઓથી માંડીને રાજ્ય સરકારના નાનામાં નાના કર્મચારીના સક્રિય પ્રયત્નો તથા ગુજરાતના લોકોના અભૂતપૂર્વ સહકારથી ગુજરાત તાઉતે વાવાઝોડામાંથી સાંગોપાંગ મુક્ત થયું છે એમ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, વાવાઝોડાની વિશેષ અસર થઈ છે એવા જિલ્લાઓમાં સરકારના તમામ વિભાગો દ્વારા યુદ્ધના ધોરણે રિસ્ટોરેશન અને રાહત કામગીરી શરૂ કરાઈ છે. આગામી સમયમાં પરિસ્થિતિ પૂર્વવત્ થઈ જાય અને જનજીવન સામાન્ય થઈ જાય એ પ્રકારે કાર્યવાહી કરાશે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું હતું કે, રાજ્ય સરકારના અગમચેતીભર્યા પગલાંને કારણે ગુજરાતની એક પણ કૉવિડ હોસ્પિટલમાં દર્દીઓને કોઈ જ તકલીફ પડી નથી. ગુજરાતમાં કુલ 425 કોવિડ હોસ્પિટલ પૈકી 122 કૉવિડ હૉસ્પિટલ વાવાઝોડાગ્રસ્ત વિસ્તારોમાં હતી. તેમાંથી 83 હોસ્પિટલોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો, આમ છતાં તમામ હોસ્પિટલોમાં જનરેટર સેટ અને ડીઝલની આગોતરી વ્યવસ્થા હોવાને કારણે એક પળ માટે પણ વીજ પુરવઠામાં અવરોધ સર્જાયો ન હતો.

## ઊર્જા વિભાગના અથાગ પરિશ્રમથી રાજ્યનાં ગામડાઓ ફરી ઝળહળ્યાં

તાઉતે વાવાઝોડાને કારણે રાજ્યના વીજ પુરવઠાની વ્યવસ્થા પ્રભાવિત થઇ હતી. તેમાં પણ તેજ ગતિથી આવેલા પવનના કારણે વીજ થાંભલા પડી ગયા હતા. તો ક્યાંક સબસ્ટેશનો વીજલાઇનનને મોટું નુકસાન પહોંચ્યું હતું. આ વાવાઝોડામાં રાજ્યનાં ૯૬૮૫ ગામોમાં અંધારપટ છવાઇ ગયો હતો જે પૈકી ૫૪૮૯ ગામડાઓમાં તાત્કાલિક વીજ પુરવઠો પૂર્વવત્ કરી દેવાયો હતો.

તાઉતે વાવાઝોડાના કારણે સૌરાષ્ટ્રના દરિયાકિનારે આવેલા ભાવનગર, અમરેલી, જામનગર, ગીરસોમનાથના ગ્રામીણ વિસ્તારોમાં વીજ-પુરવઠો પ્રભાવિત થયો હતો. ઊર્જા વિભાગ દ્વારા કર્મયોગીઓની ટીમ બનાવી વીજ-પુરવઠો પુનઃસ્થાપિત કરવા કામગીરી હાથ ધરાઇ હતી. અમરેલીનાં ૬૯૯ પૈકી ૧૨૩, ભાવનગરનાં ૮૪૩ પૈકી ૧૨૩, જૂનાગઢનાં ૫૪૯ પૈકી ૪૧૨, ગીર સોમનાથમાં ૩૫૭ પૈકી ૧૨૩, બોટાદનાં ૨૭૭ પૈકી ૧૫૪ અને સુરેન્દ્રનગરનાં ૯૫૬ પૈકી ૭૦૫ ગામડાઓનો વીજ-પુરવઠો શરૂ કરી દેવામાં આવ્યો છે. આ સાથે દ્વારકા, જામનગર, કચ્છ અને પોરબંદરનાં તમામ ગામોમાં વીજ-પુરવઠો પણ શરૂ કરી દેવામાં આવ્યો છે.

મધ્ય ગુજરાતમાં પણ વાવાઝોડાથી વીજ-પુરવઠાને ગંભીર અસર થઇ હતી. આણંદ, ખેડા, મહિસાગર અને વડોદરાના ગામડાઓમાં વીજળી પ્રભાવિત થઇ હતી. આણંદના ૩૩૫ ગામડાઓમાં વીજળી પ્રભાવિત થઇ હતી જે પૈકી ૪૦ ગામોમાં વીજ-પુરવઠો પૂર્વવત્ કરી દેવામાં આવ્યો છે. આ સાથે ખેડાનાં ૩૦૮ ગામો પૈકી ૮, મહિસાગરનાં ૯૭ પૈકી ૪૯ અને વડોદરાના ૪૮૮ પૈકી ૩૭૮ ગામડામાં વીજ-પુરવઠો દુરસ્ત કરાયો હતો.

ઉત્તર ગુજરાતના અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા અને અરવલ્લીનાં ગામોમાં વીજ સમસ્યા સર્જાઇ હતી. ઊર્જા વિભાગ દ્વારા કર્મયોગીઓની ટીમો બનાવી પ્રભાવિત ગામડાઓમાં વીજ-પુરવઠોને પૂર્વવત્ કરવામાં આવી રહ્યો છે. અમદાવાદ જિલ્લાના ૫૯૦ પૈકી ૨૯૮, ગાંધીનગરનાં ૨૨૨ પૈકી ૯૯, અરવલ્લીમાં ૪૮૭ પૈકી ૧૨૯, સાબરકાંઠામાં ૫૧૮ પૈકી ૨૦૨ ગામોમાં વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરી દેવામાં આવ્યો હતો. બનાસકાંઠા અને પાટણનાં તમામ અસરગ્રસ્ત ગામોમાં વીજ-પુરવઠો પુનઃશરૂ કરી દેવામાં આવ્યો હતો.







જ્યારે દક્ષિણ ગુજરાતમાં વાવાઝોડાથી સૌથી વધુ અસર ભરૂચ, નર્મદા અને સુરતમાં જોવા મળી હતી. ઊર્જા વિભાગ દ્વારા ભરૂચ જિલ્લાનાં ૭૮૭ પૈકી ૬૦૯, નર્મદાનાં ૬૪ પૈકી ૪૧ અને સુરતનાં ૧૩૨ પૈકી ૧૧૬ ગામોમાં વીજ-પુરવઠો પૂર્વવત્ કરી દેવામાં આવ્યો હતો. જ્યારે વલસાડના ૬ અને નવસારીના એક ગામમાં વીજળી શરૂ કરવાની કામગીરી શરૂ કરી દેવાઈ હતી.

## પાણી પુરવઠાની સેવાઓ ટૂંકાગાળામાં કરાઇ પૂર્વવત્

આ શક્તિશાળી વાવાઝોડાના કારણે સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં વીજળી અને રસ્તાઓની સાથે પાણી પુરવઠાની સેવાઓને વ્યાપક નુકસાન થયુ હતું જેમાં પાણી પુરવઠા વિભાગની પાઈપલાઈન તથા અન્ય સંસાધનોને નુકસાન થવાથી ગ્રામીણ વિસ્તારોમાં પાણી વિતરણ વ્યવસ્થામાં વિક્ષેપ પડ્યો હતો.

વાવાઝોડાની સૌથી વધુ પ્રભાવિત સૌરાષ્ટ્ર વિસ્તારમાં કાર્યરત પાણી પુરવઠા યોજનાઓ વધતા ઓછા પ્રમાણમાં પ્રભાવિત થઇ હતી. આ જૂથ પાણી પુરવઠા યોજના અંતર્ગત ૪૧ પંમ્પિગ સ્ટેશન પૈકી ૨૨ પંમ્પિગ સ્ટેશનનોને કાર્યરત કરી દેવામાં આવ્યાં છે.

અમરેલી જિલ્લામાં ૮ પૈકી ૪ પમ્પિંગ સ્ટેશન, ભાવનગરમાં ૧૪ પૈકી ૧૧ અને સુરેન્દ્રનગરમાં ૮ પૈકી ૬ પમ્પિંગ સ્ટેશનોને પાણી પુરવઠા વિભાગ દ્વારા ભારે જહેમત ઉઠાવી કાર્યરત કરાયાં છે. જ્યારે અન્ય જિલ્લાઓમાં આવેલા ૯ ક્ષતિગ્રસ્ત પમ્પિંગ સ્ટેશનોનું રિપેરિંગનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે.

## આપત્તિ સમયના શૂરવીરો...

અમદાવાદ જિલ્લામાં તાઉતે વાવાઝોડાથી અસર થયેલ ગ્રામીણ વિસ્તારોમાં એન.ડી. આર.એફ.ની ટીમ દ્વારા અસરકારક બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. ધોલેરા તાલુકાના દરિયાકાંઠાના વિસ્તારથી લઇ વાવાઝોડાની મહત્તમ અસર વર્તાઇ હોય તેવા સ્થળોએ એન.ડી.આર.એફ. ના જવાનો દ્વારા રાઉન્ડ ધ ક્લોક બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા દરિયાકાંઠાના ગામોને એલર્ટ કરીને અસરગ્રસ્તોને સલામત સ્થળે શેલ્ટર હોમમાં ખસેડવાની કામગીરી હાથ ધરાઇ હોય ત્યારે એન.ડી.આર. એફ ના જવાનો લોકોની સુરક્ષા માટે ખડેપગે તૈનાત હતા. ધોલેરા અને ધંધુકામાં વાવાઝોડાથી પ્રભાવિત થનાર લોકો રહેતા હોય તેવા સ્થળોએ જિલ્લા વહીવટી તંત્રના સંકલનથી જવાનો દ્વારા પેટ્રોલિંગ કરીને તેઓને સલામત સ્થળે ખસેડવાની રાહત કામગીરી હાથ ધરવામાં આવી હતી.

વાવાઝોડાની તીવ્ર અસરના કારણે વીજ પુરવઠો ખોરવાઇ જવો, ઝાડ પડી જવા, મકાન ધરાશાયી થઇ જવા, ભયજનક સ્થાને માણસો અટવાઇ જવાની ઘટનામાં એન. ડી.આર.એફ.ના જવાનો વિના વિલંબે સઘન બચાવ કામગીરી હાથ ધરીને જનકલ્યાણનું ભગીરથ કાર્ય કર્યું હતું.

## "ટીમ ધોલેરા"ની અદભુત કામગીરી

અમદાવાદ જિલ્લાના ધોલેરા તાલુકાની વહીવટીતંત્રની ટીમે "તાઉતે" વાવાઝોડાના પગલે કોવિડ હોસ્પિટલ માટેના ઓક્સિજન પુરવઠાના સપ્લાયમાં ઊભા થયેલા વિઘ્નને ગણતરીની મિનિટોમાં જ દૂર કરી પ્રસંશનીય કામગીરી કરી હતી. ધોલેરા વટામણ હાઈવે પર પીપળી ગામથી નજીક વીજળીનો હાઈટેન્શન વાયર તૂટી પડ્યો હતો. જેના પગલે

હાઈવે બ્લોક થઈ ગયો હતો. આ અંગેનો મેસેજ ધોલેરા તાલુકા મામલતદાર કચેરીના કંટ્રોલરૂમ ખાતે મળ્યો હતો. સંદેશ મળતા "ટીમ ધોલેરા" સક્રિય બની. અને ગણતરીની મિનિટોમાં જ હાઈવે પરની અડચણ દૂર કરી વાહન-વ્યવહાર પૂર્વવત્ કર્યો.

આ અંગેની વિગતો આપતા ધોલેરા મામલતદાર શ્રી ભગીરથસિંહ વાળા જણાવ્યું હતું કે, "અમને બપોરે ૨-૪૧ કલાકે સંદેશ મળ્યો કે વીજવાયર તૂટી પડતા હાઈવે બ્લોક થઈ ગયો છે અને પરિણામે કોવિડ હોસ્પિટલ માટે ઓક્સિજન લઈ જતા બે ટ્રક અટવાયા છે. તરત જ અમે વિવિધ ટીમ સાથે સંકલન સાધી હાઈવે પરની અડચણ દૂર કરી ગણતરીની મિનિટમાં જ હાઈવે પૂર્વવત્ કરી દીધો"



### તાલુકા વહીવટીતંત્રનું વરસતાં વરસાદ વચ્ચે દિલધડક ઓપરેશન

ભાવનગર ગ્રામીણ વિસ્તારમાં આવેલા "ભગવતી સોલ્ટ પ્લાન્ટ"માં ફસાયેલા છ લોકોને વરસતાં વરસાદ વચ્ચે દિલધડક ઓપરેશન કરી તાલુકા પ્રશાસનના અધિકારીઓ દ્વારા બચાવ કરવામાં આવ્યો હતો. ભાવનગર નજીક દરિયાકાંઠાના વિસ્તારો મીઠાના અગરોમાં અગરિયાઓ કામ કરતા હોય છે અને અગરમાં જ બનાવેલા હંગામી રહેઠાણમાં વસવાટ કરતા હોય છે. વાવાઝોડાના કારણે છ લોકો અગરમાં ફસાયા હતા.જેની જાણ તાલુકા તંત્રને થતાં વિસ્તરણ અધિકારીશ્રી કલ્પેશ ભટ્ટ અને તલાટી કમ મંત્રીશ્રી આનંદ ખસીયા દ્વારા બચાવ કામગીરી હાથ ધરી આ લોકોને સલામત રીતે આશ્રયસ્થાનોમાં ખસેડવામાં આવ્યા હતા.



### સગર્ભા માતા માટે ૧૦૮ની ઇમરજન્સી સેવા ખરા અર્થમાં જીવનદાયક

ભાવનગર જિલ્લાના ગારીયાધાર તાલુકાના ગુજરદા ગામના સગર્ભા નીતાબેન ભાવેશભાઇ બારૈયાને પ્રસૂતિની પીડા ઉપડતાં તાત્કાલિક ૧૦૮ ઇમરજન્સી સેવાનો સંપર્ક કરતા ૧૦૮ની ટીમે ઘરે જઈને મહિલાને સફળ પ્રસૂતિ કરાવી હતી. સામાન્ય રીતે આવા સંજોગોમાં નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર લઈ જઈને પ્રસૂતિ કરાવવી જરૂરી હોય છે પરંતુ વાવાઝોડાની વિકટ પરિસ્થિતિમાં અને સમયનો તકાજો જોઈને તેમ કરવું શક્ય ન હતું તેથી ૧૦૮ની ટીમે ઘર પર જ પ્રસૂતિ કરાવવાનો નિર્ણય લીધો હતો જેથી માતા સાથે આવનાર બાળકની પણ જિંદગી બચાવી શકાય.

આમ, ૧૦૮ની સમયસરની સેવાને પરિણામે બે જિંદગીઓને બચાવી શકાઇ છે. ગારિયાધાર તાલુકાના ગુજરાદા ગામની સગર્ભા માતા માટે કટોકટીની પળોમાં ૧૦૮ની ઈમરજન્સી સેવા ખરા અર્થમાં જીવનદાયક બની છે.




### 'બ્લોક થયેલા રસ્તાઓ'પણ નવી જિંદગીને પાંગરતી ન અટકાવી શક્યા

ભાવનગર શહેર- જિલ્લામાં તાઉતે વાવાઝોડાની ગંભીર અસર થઈ છે. ભારે પવન અને વરસાદને પગલે જિલ્લાના અનેક રસ્તાઓ બંધ હોવા છતાં ઘોર અંધારી રાતમાં ટોર્ચના સથવારે ૧૦૮ ઈમરજન્સી સેવાના કર્મયોગીઓએ ભારે અગવડતાઓ વચ્ચે એક જ રાતમાં ૧૭ સગર્ભા માતાઓને હોસ્પિટલ પહોંચાડવા સાથે વિપરીત પરિસ્થિતિમાં ૭ સગર્ભા માતાઓનું રેસ્ક્યુ કર્યું હતું અને ત્રણ સગર્ભા માતાઓની સફળ પ્રસૂતિ કરાવી હતી.

૧૦૮ ઈમેજન્સી સેવાના પ્રોજેક્ટ મેનેજર શ્રી સચિન ગાધેએ જણાવ્યું કે, ગત રાતે ભારે વરસાદ અને વાવાઝોડા વચ્ચે ઘરની બહાર નીકળવું પણ મુશ્કેલ હતું. એવા સમયે ૧૦૮ સેવાના કર્મીઓએ ભારે સાહસ અને સ્થિતપ્રજ્ઞતાના દર્શન કરાવતાં રસ્તા વચ્ચે પડેલા ઝાંડી-ઝાંખરાને હટાવતાં- હટાવતાં માત્ર ટોર્ચના સહાયે હળવે- હળવે માર્ગ








બનાવીને જે- તે પ્રસૂતાના દ્વાર સુધી પહોંચીને ૧૦૮ ને શા માટે જીવનરક્ષક તરીકે ઓળખવામાં આવે છે તે ફરી એકવાર સિદ્ધ કરી દીધું છે.

૧૦૮ સેવાના કર્મીઓએ મહુવા તાલુકાના કતપર, ગારિયાધાર તાલુકાના ગુજરડા અને ઘોઘા તાલુકાના ભાખલ ગામની સગર્ભા માતાઓની સફળ પ્રસૂતિ કરાવી હતી. આમ, ૧૦૮ની સમયસરની સેવાને પરિણામે સંકટની ઘડીમાં અનેક જિંદગીઓને બચાવી શકાઈ છે.

## ગામ છોડવા ન માંગતાં ગામ લોકોનું મંત્રીશ્રીએ વરસતા વરસાદ વચ્ચે સ્થળાંતર કરાવ્યું

તાઉતે વાવાઝોડાને અનુલક્ષીને ભાવનગર જિલ્લામાં પ્રભાર સંભાળી રહેલાં વન અને પર્યાવરણ મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાએ મહુવા તાલુકાના દરિયાકાંઠાની એકદમ નજીક આવેલા કતપર ગામની મુલાકાત લઇ ગામ ન છોડવા માંગતા ગામજનોને સમજાવી વરસતા વરસાદ વચ્ચે એસ. ટી. બસો મારફત મહુવા ખાતે સલામત સ્થળે આશ્રય સ્થાનોમાં ખસેડ્યા હતા.

તંત્ર દ્વારા વારંવાર સમજાવવા લોકો તેમની વાત પર મક્કમ રહેતાં કોઇપણ સંજોગોમાં ગામ છોડવા માંગતા ન હતા. તંત્ર દ્વારા આ અંગેની જાણ મંત્રીશ્રીને કરવામાં આવતાં તેઓ તેમના પૂર્વ નિર્ધારિત કાર્યક્રમને વચ્ચે અટકાવી કતપર ગામમાં જવામાં ભારે પવનનો ખતરો હોવાનું તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું હોવા છતા માનવતાનો નાદ સાંભળીને મંત્રીશ્રી વરસતા વરસાદ વચ્ચે પ્રશાસનના ઉચ્ચ અધિકારીઓ સાથે તાત્કાલિક ગામની મુલાકાતે પહોંચ્યાં હતા. ત્યાં પહોંચીને વાવાઝોડાની ગંભીરતા તથા સરકાર દરેક પરિસ્થિતિમાં આપની સાથે છે તેવો વિશ્વાસ અપાવતાં ગામલોકો મોટા મને પોતાના ગામને છોડવા તૈયાર થયા હતા અને અંતે ગામલોકોને સલામતી સાથે સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

## શિક્ષણ રાજ્યમંત્રી શ્રી વિભાવરીબહેને બચાવ અને રાહત કામગીરીમાં સતત દેખરેખ રાખી

ભાવનગર જિલ્લામાં વાવાઝોડા સંદર્ભે શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી વિભાવરીબહેન દવે કલેક્ટર કચેરીમાં ૨૪ કલાક કાર્યરત કંટ્રોલ રૂમમાં ઉપસ્થિત રહીને બચાવ અને રાહત કામગીરી ઉપર સતત નિગરાની રાખી રહ્યાં છે. મંત્રીશ્રીએ દરિયાકાંઠાના મહુવા, ઘોઘા, તળાજા અને ભાવનગર ગ્રામીણ સહિત અન્ય તાલુકાઓમાં વાવાઝોડાથી થયેલ અસર અંગે જાણકારી મેળવી શહેર જિલ્લામાં જનજીવન પુનઃ ધબકતું થાય તે માટે તેઓએ જિલ્લા અને તાલુકાના અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું.

## સોશિયલ મીડિયાનો સદ્ઉપયોગ

તાઉતે વાવાઝોડાની અસરને પગલે જૂનાગઢ શહેર-ગ્રામીણ વિસ્તારમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. ત્યારે લોકો સોશિયલ મીડિયાના માધ્યમથી કલેક્ટર, ડીડીઓને ટ્વીટ કરી પોતાની સમસ્યાઓ જણાવતા હતા. જિલ્લા વહીવટી તંત્રના આ ટોચના અધિકારીઓને આ ટ્વિટ મળતા તુરંત સબંધિત વીજ અધિકારીઓને લોકોની સમસ્યાની જાણ કરવામાં આવતી હતી. જેના સંદર્ભે પીજીવીસીએલ દ્વારા બનનાવાયેલ ૧૬૭ ક્વીક રિસ્પોન્સ ટીમો મોકલી યુદ્ધના ધોરણે વીજ પુરવઠો પૂર્વવત્ કરવા કાર્યવાહી કરવામાં આવી હતી.

### વાવાઝોડા દરમ્યાન આરોગ્ય કર્મીઓની સરાહનીય કામગીરી બિરદાવાઇ

"તાઉતે" વાવાઝોડું સૌરાષ્ટ્રના દરિયાકિનારે ત્રાટકવા અંગેની ચેતવણી આપવામાં આવતા જ રાજકોટ જિલ્લાનું આરોગ્યતંત્ર હરકતમાં આવી કોઈપણ પ્રકારની તકલીફમાં યોગ્ય સારવાર આપી અટકાવવા ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં કામગીરી આયોજન કરી અમલવારી કરવામાં આવી હતી. કોઇ પણ દર્દીઓને કોઈ પણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે અગાઉથી જ દવાઓ, માસ્ક, સેનિટાઈઝર, વગેરે લોજિસ્ટીકની જરૂરિયાતો ઉપરાંત વધારે દિવસો તે પ્રમાણે ઑક્સિજનના જથ્થાની આગોતરી વ્યવસ્થાઓ કરવામાં આવી હતી. લાઈટ પુરવઠો ન જળવાય તો પણ દર્દીને સારવારમાં બાધા ન આવે તે માટે જનરેટરની વ્યવસ્થાઓ કરવામાં આવી હતી. આમ આવી વિકટ પરિસ્થિતિમાં પણ લોકોને આરોગ્ય સેવા આપી હતી.

લગભગ છેલ્લા એક વર્ષ કરતાં પણ વધુ સમયથી કોરોના કાળમાં પોતાના સ્વજનો ગુમાવ્યા તેમ છતાં હિંમત હાર્યા વગર સતત ફરજ બજાવતા આશા બહેનો, ફીમેલ હેલ્થ વર્કર, મલ્ટિ પરપઝ હેલ્થ વર્કર, પુરુષ અને સ્ત્રી સુપરવાઈઝર, ફાર્માસીસ્ટ, લેબોરેટરી ટેક્નિશિયન, સી.એચ.ઓ., આર.બી.એસ.કે ના તબીબ, કોવિડ મેડિકલ ઓફિસર અને પ્રા.આ.કે./ અર્બન યુનિટના મેડિકલ ઓફિસર, તાલુકા હેલ્થ ઓફિસર અને જિલ્લાના આરોગ્યના અધિકારી તથા આ તમામના સપોર્ટમાં કામ કરતાં વહીવટી સ્ટાફ અને અધિકારીઓ કમ્પ્યૂટર ઓપરેટર, ડ્રાઈવર, સફાઈની સેવા સાથે સંકળાયેલ કર્મચારીઓ વગેરે તમામ આરોગ્યની સેવા સાથે જોડાયેલ કાયમી કે કોન્ટ્રાક્ટચ્યુયલ કર્મચારીઓએ વાવાઝોડાની આફતની વિકટ પરિસ્થિતિમાં પણ રાત દિવસ જોયા વગર નિષ્ઠાથી બજાવેલ ફરજને લોકોએ બિરદાવી હતી.





### વડોદરાની હોસ્પિટલોને અવિરત ઓક્સિજનનો જથ્થો પૂરો પડાયો

વડોદરા શહેર-જિલ્લામાં તાઉતે વાવાઝોડા વચ્ચે પણ કોવિડ હોસ્પિટલોમાં ઓક્સિજનની આપૂર્તિ અવિરતપણે કરવામાં આવી હતી. વાવાઝોડાના પગલે રાજ્ય સરકારની સૂચના મુજબ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું હતું. જેના કારણે વિપરીત પરિસ્થિતિમાં પણ ઓક્સિજન આપૂર્તિ કરવામાં સફળતા મળી હતી. ખાસ કરીને વડોદરામાં ઓક્સિજનનો ઘણો જથ્થો સૌરાષ્ટ્રમાં આવતો હોવાથી અને આ જથ્થો પહોંચાડવામાં કોઈ વિક્ષેપ ના પહોંચે તે માટે ગ્રીન કોરિડોર પણ બનાવવામાં આવ્યો હતો. સાથે જ ઓક્સિજનનો બફર સ્ટોક પણ રાખવામાં આવ્યો હતો.

એક સમયે ભાવનગરથી આવતો ઓક્સિજનનો જથ્થો કોઈ કારણોસર મળવાનો બંધ થયો. જેથી તાત્કાલિક સ્ટેટ કન્ટ્રોલ રૂમ સાથે સંકલન કરીને જીએનએફસી-ભરૂચ ખાતેથી ૧૫ ટન ઓક્સિજનનો જથ્થો, ગાંધીનગર સ્થિત એસ.ઇ.ઓ.સી. અને રિલાયન્સ, જામનગર પાસેથી પણ પુરવઠો મળ્યો હતો. આમ, ઓક્સિજન સપ્લાયની ચેઈનમાં કોઈ ત્રુટિ આવી ન હતી. તાઉતે વાવાઝોડા વચ્ચે પણ ઓક્સિજન સપ્લાયમાં સફળતા મળી તે પાછળ કલેક્ટર શ્રીમતી શાલિની અગ્રવાલનુ માર્ગદર્શન ઘણું મહત્ત્વનું હતું.





### અમદાવાદ સોલા સિવિલ હોસ્પિટલનું અદભુત ક્રાઈસિસ મેનેજમેન્ટ

અમદાવાદ સોલા સિવિલ હોસ્પિટલમાં "તાઉતે" વાવાઝોડા સંદર્ભે કરાયેલી પૂર્વતૈયારીઓનું સુંદર પરિણામ મળ્યું. આ પ્રક્રિયાને અનુસરીને સોલા સિવિલમાં વીજપુરવઠો ખોરવાતા ગણતરીની મિનિટોમાં જ તે પૂર્વવત્ કરી દેવાયો હતો.

પ્રોજેક્ટ ઈમ્પ્લિમેન્ટેશન યુનિટના ડેપ્યુટી સોલા સિવિલમાં ટ્રોમા સેન્ટરમાં વીજપુરવઠો












ખોરવાયો હતો. જે અંગેનો મેસેજ તબીબ દ્વારા મળ્યો એટલે તરત જ વૈકલ્પિક પુરવઠો શરૂ કર્યો. અને ઈજનેરોએ ત્વરિત ટ્રોમા સેન્ટરના ગ્રાઉન્ડ ફ્લોર પર ચકાસ્યું કે કઈ જગ્યાએ ફોલ્ટ થયો છે ? તપાસ કરતા ખ્યાલ આવ્યો કે મુખ્ય સબસ્ટેશનમાં કંઈક ફોલ્ટ થતા વીજળી ગઈ છે. અંતે, તે ક્ષતિ દૂર થતા વીજપુરવઠો પુન:સ્થાપિત થઈ ગયો હતો. આ વીજપુરવઠો ખોરવાના પગલે કોઈ આરોગ્યસેવાને અસર પહોંચી ન હતી.

## કોસ્ટગાર્ડ દ્વારા બોટમાં ફસાયેલા ૮ માછીમારોનો બચાવ

વેરાવળના દરિયાકિનારે બેકવોટરમાં ફસાયેલી બોટના ૮ ખલાસીઓને કોસ્ટગાર્ડની ટીમ દ્વારા રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. બોટમાં ખલાસીઓ ફસાયેલા હોવાની જાણકારી મળતા તુર્તજ કોસ્ટગાર્ડના જવાનોએ રેસ્ક્યુ બોટમાં બેસી બેકવોટર એરિયામાં ફસાયેલા ૫ માછીમારોને તેમની તૂટેલી બોટમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢી તેઓને કિનારે લાવવામાં આવ્યા હતાં. અહીં ઉપસ્થિત એમ્બ્યુલન્સમાં તેઓનું હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું હતું.

## "અગેઈન્સ્ટ ઓલ ઓડ્ઝ"

તાઉતે વાવાઝોડાના પ્રારંભે ૧૭ મી મેની મેઘલી રાતે રાજકોટ જિલ્લાના વિવિધ સરકારી આરોગ્ય કેન્દ્રમાં ૧૨ નવજાત શિશુઓ અવતર્યા હતા અને "રામ રાખે તેને કોણ ચાખે" ઉક્તિને સાચા અર્થમાં ચરિતાર્થ કરી હતી.

રાજકોટ જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગના અધિકારીઓ તથા કર્મચારીઓએ વાવાઝોડાની અતિ વિકટ પરિસ્થિતિમાં પણ પ્રસૂતા મહિલાઓને કોઈપણ પ્રકારની હેરાનગતિ વગર સલામત પ્રસૂતિ કરાવી હતી, જેને લીધે ગ્રામ્ય પ્રજાએ રાજ્ય સરકારમાં મુકેલો વિશ્વાસ વધુ એક વાર સાર્થક થયો.

સાણથલી, વિંછીયા, જસદણ, ધોરાજી, ગોંડલ અને ઉપલેટાના સરકારી આરોગ્ય કેન્દ્ર ખાતે એક એક બાળક તથા જેતપુરના આરોગ્ય કેન્દ્ર ખાતે બે બાળકોના જન્મ ૧૭મી મેની રાત્રીએ થયા હતા. જ્યારે સોનુબેન શંભુભાઈ પરમારે જસદણ ખાતે, કુજીલાતબેન સરફરાઝભાઈ ગરાણાએ ધોરાજી ખાતે તથા સોનલબેન દિલીપભાઈ કુબાવતે ગોંડલ ખાતે સ્વસ્થ બાળકોને જન્મ આપ્યો હતો.

## વાવાઝોડાની રાત્રે ૧૦૮ દ્વારા ૬ સગર્ભા બહેનોને હોસ્પિટલે પહોંચાડાઈ



રાજ્ય સરકાર દ્વારા કાર્યરત ૧૦૮ ઈમરજન્સી સેવા જૂનાગઢ જિલ્લાની છ સગર્ભા માટે જીવન આધાર બની છે. આ સગર્ભા માતાઓને વાવાઝોડાની રાત્રે લેબર પેઈન થતા ૧૦૮ દ્વારા જૂનાગઢ ખાતે હોસ્પિટલે પહોંચાડવામાં આવી હતી.

વિસાવદરના પ્રેમપરાની મહિલાને આઠ માસ પ્રેગ્નન્સીનું તેમજ બેકપેઈન થતાં જૂનાગઢ રાત્રે ખસેડાયા હતા. સીએચસી મેંદરડા ખાતે દાખલ બહેનને છ મહિના પ્રેગ્નેન્સી હોય લેબર પેઈન થતાં જૂનાગઢ રિફર કરાયા હતા. ઉપરાંત શાપુર, પ્રજાપતિ સોસાયટી કેશોદ, દાત્રાણા તેમજ લુશાળા ગીરની મહિલાને તાત્કાલિક ધોરણે હોસ્પિટલ પહોંચાડી ૧૦૮ સેવા આ મહિલાઓ માટે આશીર્વાદરૂપ બની હતી. ●

# સાંકળચંદ પટેલ યુનિવર્સિટીમાં ત્રિવિધ આરોગ્ય સેવાઓનું લોકાર્પણ







વૈશ્વિક મહામારી કોરોના સામે નાગરિકોને આરોગ્યલક્ષી સારવાર સત્વરે પૂરી પાડી તેમને સુરક્ષિત કરવા એ સહિયારી જવાબદારી છે. કોરોનાના પ્રથમ તબક્કામાં ઓક્સિજન બેડની જરૂરિયાત ઓછી પડતી હતી. ત્યારે દર્દીઓને આઇસોલેશન, આઇસીયુ અને વેન્ટીલેટર સહિતની સુવિધાઓ રાજ્ય સરકારે અસરકારક આયોજન થકી પૂરી પાડી છે. આ બીજા તબક્કાના સંક્રમણ દરમિયાન ઓક્સિજનની જરૂરિયાતવાળા દર્દીઓ વધુ આવતા તેની પણ સંપૂર્ણ વ્યવસ્થા ગોઠવીને નાગરીકોને સારવાર રાજ્ય સરકારે પુરી પાડી છે.

વિસનગરની સાંકળચંદ પટેલ યુનિવર્સિટી ખાતે કાર્યરત નૂતન મેડિકલ કોલેજ માટે નવીન ઓક્સિજન પ્લાન્ટ, પ્લાઝમા થેરાપી સેન્ટર સહિત ICU ઓન વ્હીલ્સ જેવી વિવિધ આરોગ્યલક્ષી સેવાઓનું નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે વર્ચ્યુઅલી લોકાર્પણ કર્યુ હતુ. નાયબ મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે જણાવ્યુ હતુ કે, કોરોના મહામારીમાં ઓક્સિજન ઉપયોગીતા, અનિવાર્યતા અને તેની જરૂરિયાત આજે નાગરિકોને સમજાઇ છે. ઓક્સિજનની અછત નિવારવા માટે રાજય સરકાર સહિત અનેક દાતાઓનો સહયોગ મળ્યો હતો. વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા ૩૦૦ જેટલા ઓક્સિજન મશીન આપવામાં આવ્યા હતા આ ઉપરાંત અનેક દાતાશ્રીઓ દ્વારા ઓક્સિજન માટે મદદ અપાઇ રહી છે તે માનવસેવાના આ યજ્ઞ માટે અસરકાર નીવડી રહી છે.

નૂતન મેડિકલ જેવી સંસ્થા ઊભી કરવામાં દાતાશ્રીઓનો સહયોગ સહિત સરકાર વતી અનેક પ્રયત્નોને પગલે આજે આ સંસ્થા વટવૃક્ષ બની છે. કોરોનાની પ્રથમ લહેરમાં રાજ્ય સરકાર દ્વારા કોવિડ માટે હોસ્પિટલો ઉભી કરવી, સંશાધનો લાવવા, લોકડાઉનમાં મદદ કરવી સહિત અનેક વ્યવસ્થાઓ કરી હતી. જ્યારે બીજી લહેરમાં પણ ખાનગી, સરકારી સહિત ચેરીટેબલ ટ્રસ્ટની હોસ્પિટલોને કોરોનાની સારવારની મંજુરી આપી પથારીઓમાં વધારો કરી દર્દીઓને મદદરૂપ થવા અનેકવિધ કામગીરી હાથ ધરાઇ હતી.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે આ મેડિકલ કોલેજે વિસનગર, વડનગર, ખેરાલુ, સતલાસણા વિજાપુર સહિત આજુબાજુના અનેક દર્દીઓને કોરોનાથી મુક્ત કરી નવજીવન આપી દર્દીઓના આશીર્વાદ મેળવ્યા છે.

આ લોકાર્પણ કાર્યક્રમમાં સાંસદ શ્રી શારદાબેન પટેલ સહિત દાતાશ્રીઓ તેમજ પ્રબુધ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.●

## SG હાઈવે પરનો ફલાય ઓવર ટૂંક સમયમાં ખુલ્લો મૂકાશે

કોરોનાના કપરા કાળમાં પણ રાજ્ય સરકારે વિકાસકામોને અટકવા દીધા નથી. તાજેતરમાં નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે રૂ.૨૮ કરોડના ખર્ચે ગાધીનગર સરખેજ હાઈવે પર નિર્મિત વૈષ્ણોદેવી સર્કલ પરના ફલાય ઓવરના કામનુ નિરીક્ષણ કર્યુ હતુ. નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે, આ નવનિર્મિત ફલાય ઓવર આગામી ટૂંક સમયમાં નાગરિકો માટે ખૂલ્લો મૂકાશે. જેના પરિણામે દૈનિક એક લાખથી વધુ વાહનો અહીથી પસાર થાય છે તે તમામ નાગરિકોના સમય અને ઈંધણની બચત સાથે સુરક્ષિત મુસાફરી મળશે અને ટ્રાફિકના પ્રશ્નો હલ થશે.

નાયબ મુખ્યમંત્રીશ્રી એ ઉમેર્યુ કે, ઔડાના સહયોગથી રીંગ રોડ નીચે પણ છ માર્ગીય અંડરપાસ બનાવવાનુ કામ માર્ગ મકાન વિભાગ દ્વારા શરૂ કરી દેવાયુ છે, જે પૂર્ણ થતા ગુજરાતમાં ફલાય ઓવર, અંડરપાસ અને સર્વિસ રોડ સાથેનુ વિશિષ્ટ નજરાણુ મળશે અને ટ્રાફિકની સમસ્યાઓ દૂર થશે. ખોડિયાર કન્ટેનર પાસેના ઓવરબ્રીજનુ કામ પણ પૂર્ણ થયુ છે જે સત્વરે ખુલ્લો મૂકાશે જેના પરિણામે પણ નાગરિકોની અવર જવરની સુવિધામાં વધારો થશે. ●

# સંકટ સમયે સૌના સહકારથી સેવાકાર્યોની મહેક ફેલાવતી રાજ્યની સંસ્થાઓ

**આફતનો સફળતાપૂર્વક સામનો કરવાની ગુજરાતીઓની પ્રકૃતિ રહી છે. આપત્તિ સમયે રક્ષણ માટેનું આગોતરું આયોજન ગુજરાતીઓને અનેક કુદરતી હોનારતો સામે રક્ષણ આપવામાં કારગર નીવડ્યું છે. રાજ્ય પર વિપદા આવે ત્યારે સૌ ગુજરાતીઓ એકજૂટ થઇને સેવાયજ્ઞમાં જોડાઇ જાય છે. આવું જ કંઇ ક બન્યું તાઉતે વાવાઝોડા વચ્ચે. ગુજરાત અને તેના નાગરિકો તેમના ખમીર અને ઝમીરથી જીવવા માટે જાણીતા છે. 1998માં આવેલું કંડલા વાવાઝોડું હોય કે 2001માં આવેલો ભૂકંપ હોય... આપત્તિ ગમે તેટલી મોટી હોય. રાજ્યના નાગરિકોએ હંમેશાં ખભેથી ખભા મિલાવીને સમસ્યાનો મક્કમતાપૂર્વક સામનો કર્યો છે. હમણાં મે મહિનામાં આવેલું તાઉતે વાવાઝોડું એ છેલ્લી એક સદીમાં આવેલું સૌથી ભયાનક વાવાઝોડું હતું. આ તાઉતે વાવાઝોડાએ રાજ્યના 12 જિલ્લાઓમાં ખૂબ નુકસાન કર્યું છે. જેના કારણે કેટલાંય માનવ મૃત્યુ થયા છે. તો ખેતીવાડી અને બાગાયતી પાકોને પારાવાર નુકસાન થયું છે. આ વાવાઝોડાથી ઘણા નાગરિકોના ઘરને નુકસાન થતાં તેઓ પોતાનું નિવાસસ્થાન છોડવા મજબૂર બન્યા છે.**

**આ સ્થિતિમાં રાજ્ય સરકારે વાવાઝોડા પહેલાં સ્થળાંતર કરાવી માનવમૃત્યુ ઓછી થાય તેવી ઉત્કૃષ્ટ કામગીરી કરી છે. આ સાથે, વાવાઝોડા બાદ સમયસર રાહત અને બચાવ કાર્ય શરૂ કરીને જનજીવન ફરી પૂર્વવત્ કરવાની દિશામાં અનેક પગલાં ભર્યાં. તાઉતે વાવાઝોડા એ ગુજરાત પર કેર વર્તાવવાનો પ્રયત્ન કર્યો. પરંતુ રાજ્યના આગોતરા આયોજન અને લોકોના સહિયારા પ્રયાસોથી મોટી હોનારતને ટાળવામાં સફળતા મળી.**

## આફતગ્રસ્ત સૌરાષ્ટ્રના અંધારા ઉલેચી અજવાળા પાથરતી સુરતની 'સેવા'

સૌરાષ્ટ્રના દરિયાકાંઠા વિસ્તાર સહિત અનેક ગામોમાં વાવાઝોડાએ ભારે ખાનાખરાબી સર્જી હતી. જીવનની પ્રાથમિક જરૂરિયાત સમાન વીજળીના હજારો થાંભલાઓ ધરાશાયી થવાને કારણે ગામોમાં અંધારપટ છવાયો છે, ત્યારે સુરતની 'સેવા' સંસ્થાએ આફતગ્રસ્ત સૌરાષ્ટ્રનાં અંધારા ઉલેચી અજવાળા પાથરતી 'સેવા'ની જ્યોત જગાવી છે. વાવાઝોડું શાંત થયું, એના બીજા જ દિવસે ૧૦૦ થી શરૂ કરી તબક્કાવાર ૧૮૫ જેટલા જનરેટરો સૌરાષ્ટ્રનાં ૫૦૦ ગામડાઓમાં યુદ્ધના ધોરણે પહોંચાડી સંસ્થાના સેવકો ખરા અર્થમાં વતનની વહારે આવ્યા છે. ૨૫ થી ૫૦ કિલોવોલ્ટના જનરેટરો દ્વારા વીજળીપ્રવાહ શરૂ કરી વીજળીવિહોણાં ગામોમાં પીવા તેમજ જીવનજરૂરિયાત માટેના પાણી તેમજ અનાજ દળવા માટે ઘરઘંટી, મોબાઈલ ચાર્જિંગ જેવી સેવાઓની આપૂર્તિ કરી રહ્યા છે.



'સેવા' સંસ્થાને સાકાર કરનાર શ્રી મહેશભાઈ સવાણીએ જણાવ્યું હતું કે, ગીર સોમનાથ, જૂનાગઢ, અમરેલી, બોટાદ જિલ્લાના હજારો ગામડાઓમાં વીજપુરવઠો ખોરવાતા જે મુશ્કેલ પરિસ્થિતિ ઊભી થઈ તેને દૂર કરવા સુરત શહેરની 52 જેટલી સંસ્થાઓએ ભેગા મળીને બનાવેલી 'સેવા' સંસ્થાએ ૧૮૫ થી વધુ જનરેટરોની વ્યવસ્થા કરી આપત્તિગ્રસ્ત ગામડાઓને મદદ કરી છે, અને સરકાર સાથે મળીને વાવાઝોડાની આપત્તિમાંથી ગામડાઓને બહાર લાવવા સેવા આપી રહ્યા છીએ. ત્રણ ગામ દીઠ એક જનરેટરની સુવિધા ઉપલબ્ધ કરાવી ૫૦૦ થી વધારે ગામોમાં યોગ્ય મેનેજમેન્ટ દ્વારા આ કાર્યને પૂર્ણ કરવામાં આવ્યું છે. જ્યાં સુધી ગામોમાં વીજળીની સુવિધા પૂર્વવત્ ન થાય ત્યાં સુધી ત્રણ ગામ વચ્ચે એક જનરેટર આપીને ઘર-ફળિયાના નળ સુધી પાણી સપ્લાય પૂરો પાડવામાં આવી રહ્યો છે. જેમાં સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા અને મામલતદાર શ્રી કોલડીયાની ઉપસ્થિતિમાં ગીર-ગઢડાનાં ૭૨ ગામોમાં ૨૪ જનરેટર ગામના સરપંચો, જવાબદાર પ્રતિનિધિઓને સાથે રાખીને સેવાના ટ્રેક્ટર થકી જે તે ગામો સુધી જનરેટર પહોચાડવામાં આવ્યાં હતા. જ્યારે અમરેલી જિલ્લાના અસરગ્રસ્ત ગામોમાં ૮૫ જનરેટરો પહોંચતાં કરાયાં છે.'

મહેશભાઈ વધુમાં જણાવ્યું હતું કે, દરેક અસરગ્રસ્ત ગામમાં સાત કલાક જનરેટર રહે છે. બે કલાક ગામના પાણીના ટાંકા ભરવામાં આવે છે. પછી બાકીના

કલાકોમાં અનાજ દળવાની ઘંટી, મોબાઈલ ચાર્જીંગ, હાથ-બેટરી ચાર્જીંગ તેમજ અન્ય આવશ્યક કામો માટે જનરેટરનો ઉપયોગ કરીએ છીએ. ત્યારબાદ બીજા ગામમાં ટ્રેક્ટરની મદદથી જનરેટર પહોંચતું કરવામાં આવે છે. જનરેટરને ટ્રેલરમાંથી ક્રેઇન મારફતે ટ્રેક્ટરમાં રાખી ગામેગામ પહોંચતા કરવામાં આવે છે. જેનો ખર્ચ સેવા સંસ્થા સાથે જોડાયેલા સેવાભાવી દાતાઓએ ઉપાડ્યો છે. જ્યારે ગામના અગ્રણીઓ અને સેવાભાવી ગ્રામજનો ડીઝલ ખર્ચ ઉપાડી લે છે. એક હાથથી નહિ, પણ અનેક હાથોના સહિયારા અનુદાનથી મુશ્કેલીઓ નિવારી શકાય છે એમ સેવા સંસ્થા માને છે. મહેશભાઈએ હજુ પણ આ સેવાયજ્ઞને જારી રાખ્યો છે.

ગીર-સોમનાથ કલેક્ટર શ્રી અજયપ્રકાશ, સાંસદ શ્રી રાજેશભાઇ ચુડાસમા, મામલતદાર શ્રી કોલડીયા, ધારાસભ્ય શ્રી પૂંજાભાઈ વંશના સહયોગ તેમજ સ્થાનિક ગ્રામજનોએ પણ ખભેખભા મિલાવીને કોઈ ગામ પીવા અને દૈનિક જરૂરિયાતના પાણી વિના ન રહે એ માટે ઉત્સાહથી જોડાયા છે.

## ૩૨૫ અસરગ્રસ્તોનું નવું રહેઠાણ એટલે "આશ્રય સ્થાન"

અમદાવાદ જિલ્લામાં વાવાઝોડાથી અસરગ્રસ્ત ધોલેરા તાલુકામાં સેવાભાવી સંસ્થા, ખાનગી સંસ્થા અને જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી ૩૨૫ થી વધુ અસરગ્રસ્તો માટે એક સલામતીનું રહેઠાણ બન્યું "આશ્રય સ્થાન.". ધોલેરા તાલુકાના મહાદેવપુરામાં દરિયાકાંઠાના વાવાઝોડાની અસર સંભવિત વિસ્તારમા ઝૂંપડા અને કાચાં મકાનોમાં રહેતા શ્રમિકોને અગમચતીના ભાગરૂપે ભાણગઢ ગામમાં શ્રી પ્રમુખ સ્વામી મહારાજ ઉત્તર બુનિયાદી વિદ્યામંદિર સ્થિત આશ્રય સ્થાનમાં ખસેડવામાં આવ્યા હતા. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ ૩૨૫ અસરગ્રસ્તોનું આશ્રયસ્થાનમાં સ્થળાંતર કરાવ્યા બાદ કોરોના રેપિડ એન્ટિજન ટેસ્ટિંગ કરાવવામા આવ્યું



હતુ. જેમાં એક પણ અસરગ્રસ્ત શ્રમિક પોઝિટિવ જણાઇ આવ્યા ન હતા. ત્યારબાદ તમામ અસરગ્રસ્ત શ્રમિકોના હેલ્થ ચેક અપ કરીને તેઓની પ્રાથમિક સારવાર કરવાની વ્યવસ્થા પણ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવી હતી. ધોલેરાની ટાટા સોલાર કંપનીમાં કામ કરતા શ્રમિકોનું સ્થળાંતર ઉત્તર બુનિયાદી શાળામાં કાર્યરત આશ્રયસ્થાનમાં કરવામાં આવ્યું. ખાનગી સેવાભાવી સંસ્થા દ્વારા તમામ શ્રમિકોની જમવાની વ્યવસ્થા કરવામાં આવી. આ સેવાસંસ્થા દ્વારા આશ્રયસ્થાનમાં વસવાટો કરી રહેલા તમામ શ્રમિકોને દસ દિવસની રાશન કિટ પણ આપવામાં આવી હતી. તેઓનું દરરોજ મેડિકલ ચેકઅપ પણ કરવામાં આવી રહ્યું છે. આ સેવાભાવી સંસ્થા દ્વારા આશ્રય સ્થાનમાં વસેલા તમામ અસરગ્રસ્ત શ્રમિકોને કોરોનાના સંક્રમણથી બચાવવા માસ્ક અને સેનિટાઇઝરનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## ધંધુકાની સેવાભાવી સંસ્થાઓ અસરગ્રસ્તોની વ્હારે

અચાનક આવી પડેલી કુદરતી આફતના સમયે અમદાવાદના વહીવટી તંત્રે ધંધુકા શહેર અને ગ્રામીણ કક્ષાએ ૧૩૮૯ જેટલા અસરગ્રસ્ત લોકોનું સ્થળાંતર કરીને સલામત જગ્યાએ રહેવા - જમવા સાથેની વ્યવસ્થા કરવામાં આવી હતી. ધંધુકા ખાતે ૩ શેલ્ટર હોમ બનાવવામાં આવ્યાં હતાં. જેમાં ધંધુકાની મોર્ડન હાઇસ્કૂલ, સોસાયટી પ્રાથમિક શાળા, અને કુમાર શાળામાં ૩૦૩ લોકોને શિફ્ટ કરવામાં આવ્યા હતા.

શેલ્ટર હોમમાં રખાયેલ લોકો માટે ધંધુકાના જનકલ્યાણ સેવા ટ્રસ્ટ તરફથી બંને દિવસ સુધી જમવાનું બનાવીને આપવામાં આવ્યું હતું. તથા ધંધુકા રેલવે સ્ટેશન પર કામ કરતા ૯૦ જેટલા શ્રમિકો માટે નજીકમા આવેલી સથવારા સોસાયટીના યુવા ગ્રૂપના યુવાનો, સ્થાનિક દુકાનદારો તરફથી સૂકો આહારની સગવડતાઓ ઊભી કરવામાં આવી હતી.

## "મા" સંસ્થાએ શ્રમિકોને લખપતમાં આશરો આપ્યો

અડધી રાત હતી... શ્રમિકોની સલામતી અને પ્રાથમિક સુવિધાની તડામાર તૈયારી વચ્ચે જિલ્લા અને ભૂજ તાલુકા વહીવટી તંત્રે અડધી રાત્રે મુંબઇ વીડિયો કોલ કર્યો. " રાતોરાત અમારે તમારી ગૌશાળામાં ૨૦૦ ઉપરાંત શ્રમિકો પરિવારોને રોકાણ કરાવવું પડશે. આપદા બાદ પુનઃ તેમના નિજ સ્થાને તેઓ પહોંચશે" અને સામેથી સંસ્થાના દરવાજા ખુલ્લા છે એમ પ્રતિભાવ મળ્યો.

લખપત તાલુકાનું છેવાડાનું અંતરિયાળ નાનું ગામ નરા. જયાં ૧૬ એકરમાં શ્રી મા ચેરીટેબલ ટ્રસ્ટ નરા ગૌશાળામાં ૪૦૦ ગાયો

નિભાવ થઈ રહ્યો છે. પવિત્ર હાજીપીરની બાજુમાં આવેલું છે. મીઠાની કંપનીમાં કામ કરતા ૨૦૦થી વધારે શ્રમિકોને પોલીસ અને તંત્ર દ્વારા રાતોરાત સ્થળાંતરિત કરવામાં આવ્યા હતા.

આ નાનકડા ગામમાં અચાનક ૨૦૦ જણાને જમવાની વ્યવસ્થા કરવાની થઈ. અડધી રાત્રે ગામની કરિયાણાની દુકાન ખોલાવી અને રાંધણના તપેલાં ચઢાવ્યાં હતાં સંસ્થાવાસીઓએ !!

બીજા દિવસની ચા-નાસ્તો-ભોજન અને આશરો મેળવતા શરણાર્થીઓને મા ચેરિટેબલ ટ્રસ્ટની ગૌશાળામાં જાણે ગૌ મા નો ખોળો મળ્યો હોય એટલી ટાઢક વળી હતી. અચાનક આવેલી આપદામાં શ્રમિકોને વાવાઝોડાનો ખતરો ટળતા તેઓ સ્વસ્થાને પરત ફરે ત્યાં સુધી રહેવા જમવાની વ્યવસ્થા આ ગૌશાળા અને તંત્ર દ્વારા કરવામાં આવી હતી.

મુંબઈ વસતા ટ્રસ્ટી અશ્વિનભાઈ ચંદન અને ભરતભાઈ બારૂએ ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું કે, માદરે વતન વિપદામાં હોય અને કચ્છીમાડુઓ કયાંય પાછી પાની ના ભરીએ. માનું છે ને ધરતી મા માટે વાપરવાનું છે. વાવાઝોડું કે કોઈપણ આપદા આવે અમે સેવા સહકાર આપી આનંદ અનુભવીએ છીએ.

લખપતમાં ચાર આશ્રયસ્થાનો પર 400થી વધુ લોકોને આશ્રય આપવામાં આવ્યો હતો. જે વાવાઝોડ બાદ તમામ શ્રમિકો પોતાના કામ પર લાગી ગયા છે.

## આગોતરા આયોજનથી મોરબીમાં રાહત

તાઉતે વાવાઝોડાની અસર મોરબી જિલ્લામાં નહીંવત્ જોવા મળી હતી. તેમ છતાં વહીવટીતંત્રે આગોતરું આયોજન કર્યું હતું. જેમાં નાગરિકોનું સ્થળાંતર, દરિયાકાંઠો ધરાવતા ૨ તાલુકા સહિત અન્ય સંભવિત અસરગ્રસ્ત ગામોને આઈડેન્ટીફાઈ કરવા, અસરગ્રસ્તોનું સ્થળાંતરણ, તેઓની જમવા, રહેવા અને પીવાના પાણીની વ્યવસ્થા, પશુઓનું નુકસાન રોકવા, વીજ પુરવઠો જાળવી રાખવા, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અંગે સમગ્રતયા પરિસ્થિતિ અંગે ચર્ચા-વિચારણા કરી આવશ્યક પગલાં લેવામાં આવ્યાં હતાં.

જિલ્લામાં આવેલી ૨૨ જેટલી કોવિડ હોસ્પિટલમાં કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે ગ્રીન કોરિડોર તૈયાર કરી, એક ટીમનું ગઠન કરવામાં આવ્યું હતું. તમામ હોસ્પિટલમાં અગાઉથી ૨ દિવસ ચાલે તેટલો ઓક્સિજનનો સ્ટોક કરવામાં આવ્યો હતો. આ સાથે જ જિલ્લામાં વિવિધ ક્વીક રિસ્પોન્સ ટીમોની પણ રચના કરવામાં આવી હતી.

મોરબી જિલ્લામાં ૧૩૪૦ જેટલા અગરિયાઓને સ્થળાંતરિત કરી આશ્રયસ્થાનો પર લાવવામાં આવ્યા હતા. આ સાથે જ વાવાઝોડામાં મોટુ નુકસાન થતું બચાવવા માટે મોટા મોટા હોર્ડિંગ ઉતારવાની કામગીરી પણ યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી હતી.



જિલ્લાના શહેરી વિસ્તારોમાંથી ૧૩૯ અને ગ્રામીણ વિસ્તારોમાંથી ૧૨૩ જેટલા મોટા હોર્ડિંગ ઉતારી લેવામાં આવ્યાં હતાં.

સંભવિત અસરગ્રસ્ત ૮૭ ગામોમાં ૫૬ આશ્રયસ્થાનો પર ૪૪૮૩ લોકોને સ્થળાંતરિત કરવામાં આવ્યા હતા. જેમાંથી ૨૬૯૫ લોકોને શેલ્ટર હોમમાં જ્યારે બાકીના ૧૭૮૮ લોકોને અન્ય સ્થાનો પર સ્થળાંતરિત કરવામાં આવ્યા હતા. સ્થળાંતરિત થયેલાઓ માટે તંત્ર અને સહયોગી સંસ્થાઓના માધ્યમથી ૨૮૩૦ જેટલા ફૂડ પેકેટ પણ તૈયાર કરી વિતરણ કરવામાં આવ્યાં હતાં.

મોરબીમાં નદી કિનારે તેમજ છૂટાછવાયાં ઝૂંપડામાં રહેતા લોકોને સ્થળાંતર કરવામાં આવ્યા હતા. આ સ્થળાંતરિત લોકોના રહેવા તેમજ જમવા માટે ફૂડ ડીસ ફૂડ પેકેટની વ્યવસ્થા પણ મોરબી નગરપાલિકા દ્વારા કરવામાં આવેલી છે.

મોરબી અને માળીયામાં વાવાઝોડા જેવી આ કુદરતી આફત વચ્ચે અસરગ્રસ્તોને મદદરૂપ થવા માટે સંવેદનાનું ઝરણું વહ્યું હતું જેમાં માળીયાની જયદીપ એન્ડ કંપની, શ્રીમદ રાજચંદ્ર વિદ્યામંદિર દ્વારા માળીયાના ન્યુ નવલખી, વવાણીયા સહિતના વિસ્તારોમાં અસરગ્રસ્તોને ફૂડ પેકેટનું વિતરણ અને જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

મોરબીમાં જલારામ મંદિર દ્વારા તંત્રની સૂચનાથી ન્યૂ ટાટાનગર, નવલખી ખાતે સ્થળાંતરિત કરાયેલ ૪૩૩ લોકો માટે ભોજનની વ્યવસ્થા કરી માનવતા મહેક પ્રસરાવવામાં આવી હતી. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા પણ મોરબી સહિતના વિસ્તારોમાં સ્થળાંતરિત થયેલાઓ માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

મોરબીના જલારામ પ્રાર્થના મંદિર દ્વારા મોરબી જિલ્લા વહીવટી તંત્રની સૂચનાથી સંભવિત વાવાઝોડાને પગલે ન્યૂ ટાટા નગર નવલખી ખાતે સ્થળાંતરિત કરાયેલ ૪૩૩ લોકો માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. તાઉતે જિલ્લાના

છેવાડાના દરિયાકાંઠાના ૧૧ ગામોમાં હાઈએલર્ટ સ્થિતિ વચ્ચે આમરણ નજીક આવેલા ઢુંઇ ગામમાંથી ૬૦ પશુ પાલકોને ઊંટબેટ ખાતે સલામત સ્થળે ખસેડી ભોજન સહિતની વ્યવસ્થા કરવામાં આવી હતી. રાજ્યના મંત્રી શ્રી યોગેશભાઇ પટેલ સહિત ધારાસભ્ય શ્રી બ્રિજેશભાઇ મેરજા, માજી ધારાસભ્ય શ્રી અમૃતિયા તેમજ અધિકારીઓએ આ ગામની મુલાકાત લઇ કામગીરીની સમીક્ષા કરી હતી.

## રાજકોટમાં સામાજિક, સ્વૈચ્છિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓનું ઉમદા સેવા કાર્ય

તાઉતે વાવાઝોડાથી અસરગ્રસ્ત લોકો માટે રાજકોટ જિલ્લાની સામાજિક, સ્વૈચ્છિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ દ્વારા સેવાના કાર્યો કરવામાં આવ્યાં હતાં. ધોરાજી તાલુકામાં વાવાઝોડાના આગોતરા આયોજન રૂપે વહીવટી તંત્ર દ્વારા કુલ ૮૬૯ લોકોનું અલગ- અલગ શેલ્ટર હાઉસમાં સ્થળાંતર કરવામાં આવ્યું હતું. સ્થળાંતરિત કરેલા લોકોની અલગ અલગ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ભોજન તેમજ ફૂડ પેકટની વ્યવસ્થા કરી હતી. જેમાં પ્લાસ્ટિક એસોસિએશન, લાયન્સ કલબ અને ભારત વિકાસ પરિષદ તરફથી બુંદી, ગાંઠિયા અને આથેલા મરચાં બનાવેલા ૪૦૦ ફૂડ પેકેટ આપવામાં આવ્યાં હતાં. નકલંગધામ, તોરણિયાના શ્રી રાજેન્દ્રદાસ બાપુ તરફથી બુંદી-ગાંઠિયાનાં ૮૦૦ ફૂડ પેકેટ આપવામાં આવ્યાં હતાં. તેજા બાપા ટ્રસ્ટ દ્વારા ૨૫૦ માણસોના ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

ઉપલેટા તાલુકામાં ૧૦૭૯, જામકંડોરણા તાલુકામાં ૪૧૩ લોકોને અલગ અલગ શેલ્ટર હાઉસમાં સ્થળાંતરિત કરીને તેમના રહેવા-જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. જસદણ ખાતે જલારામ મંદિર દ્વારા ૩૦૦ જેટલા અસરગ્રસ્તોને બે દિવસ સુધી ભોજન અને નાસ્તો આપવામાં આવ્યો હતો. જયારે જસદણ અને વીંછિયાના ગ્રામીણ વિસ્તારમાં સરપંચો અને ગામના આગેવાનો દ્વારા ભોજનની વ્યવસ્થા કરાઇ હતી.



## સેવાનું શેલ્ટર... માનવતાનો મંડપ બનેલી સેવાભાવી સંસ્થા 'રામવાડી'

તાઉતે વાવાઝોડાએ ભાવનગર જિલ્લાના દરિયાકિનારા વિસ્તારોમાં ઘણું નુકસાન કર્યું છે. ત્યારે વિપદાની આ વેળાએ માનવતા પણ મહોરીને સમાજજીવનને નવપલ્લવિત કરી રહી છે. આ કુદરતી આપદામાં જો આ વાવાઝોડું ત્રાટકે તો હોસ્પિટલમાં કોરોનાની સારવાર લઈ રહેલા બહારગામના દર્દીઓના સ્નેહીજનો જે હોસ્પિટલમાં બહાર, કોઈ ખુલ્લા આશ્રયસ્થાનોમાં આશ્રય લઇ રહ્યા છે. તેવા લોકો માટે 'સેવાનું શેલ્ટર- માનવતાનો મંડપ' બનેલી બ્રાહ્મણ સમાજની રામવાડી દ્વારા વાવાઝોડાથી અસરગ્રસ્ત લોકો માટે પોતાના દ્વાર ખોલ્યાં છે. જ્યાં આવી વ્યક્તિઓને રહેવા, સૂવા અને ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, કોરોનાની મહામારીમાં કોઈપણ સંક્રમિત પરિવાર ભૂખ્યો ન રહે તે માટે રામવાડીએ સેવાયજ્ઞ શરૂ કર્યો હતો. એક મહિના પછી પણ આ સેવા નિયમિત ચાલી રહી છે અને તેમાં જેમના ઘરે કોઈ સ્વજનનું મૃત્યુ થયું હોય તો તેવા પરિવારને ભોજનની વ્યવસ્થા કરી આપીને સેવાનો સરવાળો કર્યો છે. કોરોનાથી ત્રસ્ત પરિવાર કુદરતી આપત્તિમાં રઝળી ન પડે તે માટે આ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે.

## GIAR દ્વારા તાઉતે વવાઝોડા વચ્ચે સંદેશાવ્યવહારની ઉત્કૃષ્ટ કામગીરી

ગુજરાતમાં તાઉતે વાવાઝોડાને લીધે રાજ્ય સરકાર દ્વારા ભાવનગર, અમરેલી તથા પોરબંદર ખાતે અને સ્ટેટ ઈમરજન્સી કન્ટ્રોલ રૂમ ખાતે હેમ રેડિયો સ્ટેશન કાર્યરત કરવાની સૂચના મુજબ તા.૧૭ મેથી સંસ્થા દ્વારા તમામ સ્ટેશન ચાલુ કરી દેવાયાં હતાં. વાવાઝોડાની વધુ અસર જાફરાબાદ, રાજુલા-અમરેલી ખાતે જણાતા ગાંધીનગરથી વધુ એક ટીમ જાફરાબાદ મોકલવામાં આવી હતી. રાજકોટથી એક ટીમ પોરબંદર મૂકવામાં આવી હતી. દરિયાકાંઠા વિસ્તારમાં હેમ રેડિયોથી સંદેશા વ્યવહાર કરી તંત્રને રાહત અને બચાવ કાર્યમાં મદદ કરાઇ હતી. ગાંધીનગરથી ભાવનગર, જાફરાબાદ તથા અમરેલી પહોંચી સંસ્થાના મેમ્બર્સ શ્રી કૌશલ જાની, નાનુભાઇ નાદોડા, દીપક આશરા, ધર્મેન્દ્ર ત્રિવેદી તથા સૂરજ કોટેચાએ કપરા સંજોગોમાં ખૂબ સરાહનીય કામગીરી કરી હતી. સંસ્થાના જનરલ સેક્રેટરી ડૉ. જગદીશ પંડયા તથા શ્રી પ્રવિણ વલેરા દ્વારા સમગ્ર આયોજન કરવામાં આવેલ. જયારે રાજકોટથી સંકલન શ્રી નરેન્દ્રસિંહ ઝાલા દ્વારા કરવામાં આવ્યું હતું. ●

# રાજ્યમાં ધોરણ-૧૨ની વાર્ષિક પરીક્ષાઓ તા. ૧ જુલાઇથી યોજાશે



મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્યના ધો-૧૨ના 6.83 લાખ વિદ્યાર્થીઓનાં વ્યાપક હિતમાં એક મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. આ નિર્ણય અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી ધોરણ-૧૨ની વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહની આ વર્ષની વાર્ષિક પરીક્ષાઓ રાબેતા મુજબની પદ્ધતિએ આગામી તા.૧/૭/૨૦૨૧, ગુરુવારથી યોજાશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી ઉચ્ચસ્તરીય બેઠકે રાજ્યમાં પ્રવર્તમાન કોરોના સંક્રમણની વિશિષ્ટ પરિસ્થિતિમાં ધોરણ-૧૨ની બોર્ડ પરીક્ષાઓ યોજવા અંગે વિશદ ચર્ચા-વિચારણા બાદ આ મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી વિભાવરીબહેન દવેએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું હતું કે, સમગ્ર રાજ્યમાં ૧,૪૦,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અને ૫,૪૩,૦૦૦ વિદ્યાર્થીઓ સામાન્ય પ્રવાહના મળી કુલ ૬,૮૩,૦૦૦ વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં બેસવાના છે.

તેમણે જણાવ્યું હતું કે મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના વિદ્યાર્થીઓની ભાવિ કારકિર્દીના ઘડતર માટે મહત્ત્વપૂર્ણ એવી આ ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષાઓ કોરોના સંક્રમણના આ વિશિષ્ટ સંજોગોમાં કોવિડ-૧૯ પ્રોટોકોલના ચુસ્ત પાલન સાથે યોજવા શિક્ષણ વિભાગને આ બેઠકમાં સૂચનાઓ આપી હતી.

શિક્ષણમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આ પરીક્ષા દર વર્ષની પ્રસ્થાપિત પ્રણાલી મુજબ વિજ્ઞાન પ્રવાહ ભાગ-૧ ની ૫૦ ગુણની બહુવિકલ્પ પ્રકારની (MCQ) OMR પદ્ધતિથી અને ભાગ-૨ વર્ણનાત્મક લેખિત સ્વરૂપની ૫૦ ગુણની પરીક્ષા ૩ કલાકની યોજવામાં આવશે.

આ જ પ્રમાણે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં દર વર્ષની પ્રસ્થાપિત પ્રણાલી મુજબ ૧૦૦ ગુણની વર્ણનાત્મક લેખિત સ્વરૂપની ૩ કલાકની પરીક્ષા યોજવામાં આવશે. પરીક્ષામાં બેસનારા વિદ્યાર્થીઓ સોશિયલ ડિસ્ટન્સ જાળવે, માસ્કનો ફરજિયાત ઉપયોગ કરે તેમ જ પરીક્ષા કેન્દ્રો ઉપર પણ સેનેટાઇઝર, થર્મલ ગન સહિતની કોરોના સંક્રમણ નિયંત્રણ ગાઇડલાઇનનું પાલન થાય તે પણ શિક્ષણ વિભાગ સુનિશ્ચિત કરશે એમ શ્રી ચુડાસમાએ ઉમેર્યુ હતું.



શિક્ષણ મંત્રીશ્રીએ એમ પણ કહ્યું હતું કે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ વિદ્યાર્થીઓમાં કોરોના સંક્રમણ ન ફેલાય સાથોસાથ તેમનું ભવિષ્ય પણ ન બગડે તેની ચિંતા સાથે સમગ્ર પરીક્ષા વ્યવસ્થા ગોઠવાય તેવું પ્રેરક સૂચન આ બેઠકમાં કર્યુ હતું.

તદઅનુસાર, વિદ્યાર્થીઓને કોરોનાના આ કપરા કાળમાં પોતાની શાળાથી નજીક પરીક્ષા કેન્દ્ર મળી રહે તે હેતુસર પરીક્ષા કેન્દ્રો વધારવાનો વિદ્યાર્થી હિતલક્ષી નિર્ણય પણ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ કર્યો છે. આ હેતુસર આ વર્ષે રાજ્યમાં પરીક્ષા કેન્દ્રોની સંખ્યામાં વધારો કરવામાં આવશે. જે તાલુકાઓમાં વિદ્યાર્થીઓની પૂરતી સંખ્યા ઉપલબ્ધ હશે અને જો આવા તાલુકામાં પરીક્ષા કેન્દ્ર નહીં હોય તો ત્યાં પરીક્ષા કેન્દ્ર શરૂ કરાશે.

વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહની બન્ને પરીક્ષા માટે દરેક પરીક્ષા ખંડમાં મહત્તમ ૨૦ વિદ્યાર્થીઓ પરીક્ષા ખંડમાં બેસી શકે તેવી વ્યવસ્થાઓ કરવામાં આવશે. એટલું જ નહિ, પરીક્ષા કેન્દ્રોને સી.સી.ટી.વી. કેમેરાથી સજ્જ કરાશે.

આ ઉચ્ચસ્તરીય બેઠકમાં વિદ્યાર્થીઓના ભાવિને લક્ષમાં રાખીને એવો નિર્ણય લેવામાં આવ્યો છે કે જે વિદ્યાર્થીઓ પરીક્ષામાં કોરોનાના સંક્રમણના કારણે ગેરહાજર રહ્યા હોય કે પરીક્ષા દરમિયાન કોરોના સંબંધિત અથવા અન્ય અનિવાર્ય કારણોસર ગેરહાજર રહે તેવા વિદ્યાર્થીઓ માટે મૂળ પરીક્ષા એટલે કે તા.૧/૭/૨૦૨૧થી શરૂ થનાર પરીક્ષાના ૨૫ દિવસ બાદ તમામ વિષયોની નવેસરથી, નવા સમયપત્રક અને નવા પ્રશ્નપત્ર આધારિત પરીક્ષા યોજવામાં આવશે.

શિક્ષણમંત્રીશ્રીએ ઉમેર્યુ કે, ધોરણ-૧૦ના રિપીટર વિદ્યાર્થીઓ માટેની પરીક્ષા પણ આ જ પ્રમાણે લેવામાં આવશે. આ ઉચ્ચસ્તરીય બેઠકમાં મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કે. કૈલાસનાથન, શિક્ષણ અગ્ર સચિવ શ્રીમતી અંજુ શર્મા, મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિનીકુમાર, શિક્ષણ સચિવ શ્રી વિનોદ રાવ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષ શ્રી એ. જે. શાહ પણ ઉપસ્થિત રહ્યાં હતાં. ●

# રાજ્યની વધુ ૯ નગરપાલિકાઓમાં બનશે આધુનિક સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યની નવ નગરપાલિકાઓ સાવરકુંડલા, ગઢડા, કઠલાલ, મહુધા, બાયડ, પાટડી, સોજીત્રા, સિદ્ધપુર અને વલ્લભવિદ્યાનગરમાં અદ્યતન ટેકનોલોજી આધારિત સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની સ્થાપના કરવા માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે રાજ્યની આ નવ નગરપાલિકાઓમાં સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની સ્થાપના કરવાનો અભિનવ નિર્ણય લેવામાં આવ્યો છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ નગરપાલિકાઓની લાંબાગાળાની માંગણીનો સંવેદનાસ્પર્શી પ્રતિસાદ આ સૈદ્ધાંતિક મંજૂરીથી આપ્યો છે.

રાજ્યનાં શહેરો-નગરો સમયાનુકૂળ તમામ સુવિધાયુક્ત બને તે માટેના આયોજનબદ્ધ પ્રયાસો રાજ્ય સરકારે હાથ ધર્યા છે તે અંતર્ગત તમામ નગરો S.T.P.-W.T.P. યુક્ત બને તેમજ વપરાયેલા ગંદા પાણી રિયુઝ ઓફ ટ્રીટેડ વોટરનો પણ ખેતીવાડી, બાગ-બગીચા, તળાવો ભરવા જેવાં કામોમાં પુનઃ વપરાશ થાય તે દિશામાં મુખ્યમંત્રીશ્રીના દિશાદર્શનમાં રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે.



સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રાજ્યનાં તમામ શહેરોમાં પીવાના પાણી તથા ભૂગર્ભ ગટરની સુવિધા પૂરી પાડવા માટેનાં કામો હાથ ધરવામાં આવ્યા છે. તદ્અનુસાર ભૂગર્ભ ગટર યોજનાનાં કુલ ૧૮૩ કામો ૧૫૬ નગરપાલિકાઓ માટે મંજૂર કરવામાં આવ્યાં છે અને ૧૪૪ નગરપાલિકાઓમાં આવાં કામો પૂર્ણ થઈ ગયાં છે.

મુખ્યમંત્રીશ્રીએ હવે મંજૂર કરેલી આ નવ નગરપાલિકાઓનાં S.T.Pના કામો પૂર્ણ થવાથી આ નગરોના લાખોની સંખ્યામાં શહેરીજનોને લાભ મળશે અને શહેરીજીવન સુખાકારીમાં વૃદ્ધિ થશે. એટલું જ નહિ, સાવરકુંડલા, ગઢડા, કઠલાલ, મહુધા, બાયડ, પાટડી, સોજીત્રા, સિદ્ધપુર અને વલ્લભવિદ્યાનગરમાં સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની સ્થાપનાના કારણે ટૂંક સમયમાં જ રાજ્યની તમામ ૧૫૬ નગરપાલિકાઓમાં STP પ્લાન્ટ કાર્યરત કરવાનો રાજ્ય સરકારનો મહત્ત્વપૂર્ણ લક્ષ્યાંક પૂર્ણ થશે. ●

# મ્યુકરમાઇકોસિસ ટ્રીટમેન્ટ અંગે ટાસ્કફોર્સની રચના

કોરોનાના પ્રવર્તમાન એપિડેમિકમાં રાજયભરમાં મ્યુકરમાઇકોસિસના કેસો સામે આવી રહ્યા છે. ભારત સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા એપેડેમિક એક્ટ ૧૮૯૭ અન્વયે આ રોગને મહામારી જાહેર કરવામાં આવેલી છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ મ્યુકરમાઇકોસિસના દર્દીઓની સારવાર માટે સમગ્ર રાજ્યમાં એકસૂત્રતા જળવાય, ઝડપી સારવાર મળે તેવા હેતુથી ૧૧ તજજ્ઞો-તબીબોની એક ટાસ્ક ફોર્સની રચના કરવાનો નિર્ણય કર્યો છે. આ સમિતિ દ્વારા સતત પરામર્શ કરીને સારવારના પ્રોટોકોલ અને માર્ગદર્શિકા નક્કી કરવામાં આવશે.

મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે બધી સિવિલ હોસ્પિટલોમાં ખાસ કરીને અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, જામનગરમાં આ રોગના સંક્રમિતો માટે અલાયદા વોર્ડ્સ શરૂ કર્યા છે. આ રોગની અસર જેમને થઈ છે તેમને ત્વરિત સારવાર આપવાની વ્યવસ્થાઓ આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે. મુખ્યમંત્રીશ્રીએ આ રોગનો વ્યાપ વધે નહિ તે માટે આરોગ્ય તંત્ર શહેરી અને જિલ્લા સ્તરે વિશેષ કાળજી લે તેવી તાકીદ પણ કરી છે.

આ રોગની સારવાર માટે જરૂરી એવા ઇન્જેક્શનની સર્વ વ્યાપી ઘટ હોવા છતાં રાજ્ય સરકારે આગોતરી અને યોગ્ય વ્યવસ્થાઓ કરી છે, જેના કારણે રાજ્યમાં મ્યુકરમાઇકોસિસ રોગને વધુ ફેલાતો અટકાવી શકાયો છે. આ મ્યુકરમાઇકોસિસના રોગચાળા સંદર્ભમાં રાજ્યના આરોગ્ય વિભાગે ગુજરાતમાં રોગગ્રસ્તોની સારવાર, વય અને જાતિ જૂથ તેમજ અન્ય બાબતો અંગે તારણો-નિષ્કર્ષ કાઢ્યાં છે. ●

# રાજ્યમાં સ્કાયરાઈઝડ આઈકોનિક ઇમારતો બનાવવા માટેનો માર્ગ સરળ

અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ગાંધીનગર એમ પાંચ મહાનગરોની આગવી ઓળખ ઊભી થઈ શકે તેવી સ્કાયરાઇઝડ આઇકોનિક ઇમારતોના બાંધકામ માટેના સીજીડીઆર-૨૦૧૭ના રેગ્યુલેશનમાં ફેરફાર કરતા પ્રાથમિક જાહેરનામા અન્વયે આવેલાં વાંધાસૂચનોને ધ્યાને લીધા બાદ આ જાહેરનામાને મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ તાજેતરમાં આખરી મંજૂરી આપી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ તારીખ ૧૮ ઓગસ્ટ ૨૦૨૦ ના દિવસે રાજ્યના પાંચ મહાનગરોમાં હવે સિંગાપોર-દુબઇની જેમ સ્કાય સ્ક્રેપર્સ, ગગનચૂંબી ઇમારતો-આઇકોનિક સ્ટ્રક્ચર્સના બાંધકામને પરવાનગી આપવા માટેની જાહેરાત કરવા સાથે પ્રાથમિક જાહેરનામું-પ્રાયમરી નોટિફિકેશન મંજૂર કર્યું હતું અને આ સંદર્ભમાં વિભાગ દ્વારા વાંધા-સૂચનો મંગાવવામાં આવેલા હતા.

મુખ્યમંત્રીશ્રીએ આ પ્રાથમિક જાહેરનામા સંદર્ભે આવેલાં વાંધા સૂચનો ધ્યાને લીધા બાદ હવે, ગગનચૂંબી ઈમારતો હાઈરાઈઝડ બિલ્ડિંગ સ્ટ્રક્ચરના નિર્માણ અંગેના જાહેરનામાને આખરી-ફાઈનલ મંજૂરી આપી છે. આ મંજૂરી મળતા રાજ્યનાં પાંચ મહાનગરોમાં આભને આંબતા હાઈરાઈઝડ બિલ્ડિંગ્સ સ્ટ્રક્ચરના નિર્માણનો નવો યુગ શરૂ થશે.

ઊંચી ઇમારતો માટેના રેગ્યુલેશન્સનું આખરી જાહેરનામું પ્રસિદ્ધ થવાની સાથે જ અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ગાંધીનગર કોર્પોરેશન અને સત્તામંડળો દ્વારા ગગનચુંબી ઈમારતોને મંજૂરી આપી શકાશે. એટલું જ નહિ, દેશ અને દુનિયાનાં અન્ય શહેરો સાથે ગુજરાતનાં શહેરો પણ પોતાની આગવી ઓળખ ધરાવતા હાઈરાઈઝડ આઈકોનિક સ્ટ્રક્ચર બાંધી શકશે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી કોરોના મહામારીના સંક્રમણની વિકટ સ્થિતિ તથા તાઉતે જેવા વિનાશકારી વાવાઝોડાની પરિસ્થિતિના સફળતાપૂર્વક મુકાબલા માટે સમગ્ર તંત્રનું માર્ગદર્શન કરતા રહ્યા છે.



તેમણે આ આપદાઓ વચ્ચે પણ રાજ્યમાં સુઆયોજિત શહેરી વિકાસની પ્રતિબદ્ધતા સાકાર કરતા સતત નિર્ણાયક અભિગમથી નગર સુખાકારીના નવા સિમાચિહ્નો પ્રસ્થાપિત કર્યાં છે. મુખ્યમંત્રીશ્રીએ ટોલ-હાઈરાઈઝડ ઈમારતોના નિર્માણ અંગેના આખરી જાહેરનામાને મંજૂરી આપીને પ્રજાહિત નિર્ણયોની શ્રૃંખલામાં એક નવી સિદ્ધિ ઉમેરી છે, એટલું જ નહિ, શ્રી વિજયભાઈ રૂપાણીએ આયોજનબદ્ધ શહેરી વિકાસને આગળ ધપાવતા વધુ ત્રણ ફાઇનલ ટી.પી સ્કીમ અને બે ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ પર મંજૂરીની મહોર લગાવી છે.

મુખ્યમંત્રીશ્રી દ્વારા મંજૂર કરવામાં આવેલી બે ડ્રાફ્ટ ટી.પી. સ્કીમમાં ભાવનગર શહેરની ટી.પી.સ્કીમ નં ૩૦(ચિત્રા) તથા શામળાજી મંદિર પરિસર તથા આસપાસના વિકાસ માટે જરૂરી ફેરફારો સાથેની ટી.પી.સ્કીમને મંજૂરી આપવામાં આવી છે. આ ઉપરાંત અમદાવાદની ફાઇનલ ટી.પી.સ્કીમ નં ૫૧, મેમનગર નં-૧ તથા ગાંધીનગરની ફાઈનલ ટી.પી.સ્કીમ નં. ૯/બી (વાસણા-હડમતીયા-સરગાસણ-વાવોલ)નો સમાવેશ થાય છે. ●

# મ્યુકરમાઇકોસિસને મહામારી ઘોષિત કરાઇ

ગુજરાતમાં મ્યુકરમાઈકોસિસ રોગ પર નિયંત્રણ મેળવવા રાજ્ય સરકારએ સુદ્રઢ આયોજન કર્યું છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં મ્યુકરમાઈકોસિસના રોગને મહામારી ઘોષિત કરવામાં આવી છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીની બેઠકમાં આ રોગચાળા અંગે વિશદ ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી. આ વિશદ ચર્ચાઓ દરમિયાન એમ પણ જણાવવામાં આવ્યું હતું કે, એપેડેમિક ડિસીઝ એક્ટ 1897 અન્વયે આ રોગને મહામારી જાહેર કરવામાં આવી છે.

આ સંદર્ભમાં હવે આ રોગની સારવાર કરતી સરકારી અને ખાનગી હોસ્પિટલો અને મેડિકલ કોલેજોએ સ્ક્રિનિંગ ડાયગનોસિસ અને ટ્રીટમેન્ટ માટે ભારત સરકારના આરોગ્ય વિભાગ તેમજ ICMR દ્વારા આ રોગ માટે નક્કી કરવામાં આવેલી ગાઈડ લાઈન્સનું પાલન કરવાનું રહેશે. આ રોગના શંકાસ્પદ તેમજ કન્ફર્મ કેસોની વિગતો ભારત સરકારને સમયાંતરે મોકલવાની રહેશે. ●

# પેન્શનરો માટે હયાતીની ખરાઈની મુદતમાં એક માસનો વધારો



રાજ્યમાં પ્રવર્તી રહેલ કોરોનાની મહામારી સંદર્ભે રાજ્ય સરકારનું પેન્શન મેળવતા તમામ પેન્શનધારકો માટે હયાતીના ખરાઈ પ્રમાણપત્રની મુદત વધુ એક માસ માટે લંબાવવામાં આવી છે.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, નાણાં વિભાગની સ્થાયી જોગવાઈઓ મુજબ રાજ્ય સરકારના તમામ પેન્શનરોને દર વર્ષે હયાતીની ખરાઇ મે મહિનાથી શરૂ કરી જુલાઈ મહિના સુધી કરાવવાની હોય છે. પરંતુ કોરોના મહામારીને ધ્યાને લઈને રાજ્ય સરકારના તમામ પેન્શનરો માટે હયાતીની ખરાઇ વધુ એક માસ એટલે કે ઓગસ્ટ -૨૦૨૧ સુધી લંબાવવાનો રાજય સરકારે મહત્ત્વનો નિર્ણય કર્યો છે એટલે હવે પેન્શનરો તેમની હયાતીના ખરાઈ અંગેની પ્રક્રિયા મે -૨૦૨૧ થી ઓગસ્ટ -૨૦૨૧ સુધી કરાવી શકશે. ●

## ખોટા તબીબી પ્રમાણપત્રો રજૂ કરનાર શિક્ષકોની તપાસ સીઆઇડી કરશે

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વવાળી પારદર્શી સરકારે ગુનાહિત પ્રવૃત્તિઓ અટકાવવા માટે અનેકવિધ પગલાઓ ભર્યાં છે અને સંબધિત અધિકારી- કર્મચારી સામે કડક હાથે કાર્યવાહી કરીને પગલાઓ લીધાં છે. ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, બાળકોના ઘડતરમાં પ્રાથમિક શિક્ષકોનો અપ્રતિમ ફાળો છે. ત્યારે આવા શિક્ષકો માંદગી અંગેના બનાવટી તબીબી પ્રમાણપત્રો રજૂ કરી જિલ્લાફેરની બદલીની માંગણી કરી છે આવા સંજોગોમાં સર્વગ્રાહી તપાસ થાય એ માટે રાજ્ય સરકારે સી.આઇ. ડી. ક્રાઇમને તપાસ સોપવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

મંત્રી શ્રી જાડેજાએ જણાવ્યું હતું કે, રાજ્યના વિવિધ જિલ્લાઓમાં મદદનીશ શિક્ષક તરીકે ફરજ બજાવતા સત્તર જેટલા શિક્ષકો સામે વિવિધ જિલ્લા મથકોએ ફોજદારી તપાસ ચાલી રહી હતી. તેવા સંજોગોમાં શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ તપાસ રાજ્ય કક્ષાએથી થાય તે માટે રાજ્ય સરકારને રજૂઆત કરતા આ મહત્ત્વનો નિર્ણય કરાયો છે. રાજયના આઠેક જેટલા જિલ્લાઓના સત્તર જેટલા શિક્ષકો સામે એફ.આઇ.આર. દાખલ કરવા શિક્ષણમંત્રીશ્રી દ્વારા મંજૂરી અપાતા તેમની સામે સંકલિત તપાસ કરવા માટે સી.આઇ.ડી. ક્રાઈમ ત્વરિત કામગીરી હાથ ધરશે.

તેમણે ઉમેર્યુ હતું કે, વિદ્યાર્થીઓના ભાવી સાથે ચેડા કરનાર આ સત્તર જેટલા પ્રાથમિક શિક્ષકોએ હૃદય રોગ, કિડની, કેન્સર, ડાયાબિટીસ જેવા રોગો સંદર્ભે ખોટા તબીબી પ્રમાણપત્રો રજૂ કરી જિલ્લાફેરની માંગણી કરી છે તેની પણ યોગ્ય તપાસ કરાશે. રાજ્ય સરકારે ગેરરીતિ અટકાવવા ખોટા તબીબી પ્રમાણપત્રો રજૂ કરનાર શિક્ષકો સામે આકરી તપાસનો નિર્ણય લીધો છે. ●

## કોરોના રસીકરણના દૈનિક ડોઝ વધારવા નિર્ણય

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં 10 શહેરોમાં હાલ ચાલી રહેલી 18 થી 44 વય જૂથના લોકોની રસીકરણ કામગીરીમાં રોજના 30 હજાર ડોઝ આપવામાં આવે છે તે વધારી 24મી મેથી એક અઠવાડિયા સુધી રોજના ૧ લાખ ડોઝ આપવાનો નિર્ણય કર્યો છે. રાજ્યમાં 18 થી 44 ની વય જૂથના યુવાઓનું રસીકરણ ઝડપથી અને વ્યાપકપણે થાય તેમજ વધુને વધુ યુવાઓને કોરોના સામેના શસ્ત્ર એવા રસીકરણનો લાભ આપી શકાય એવો નિર્ણય કરવામાં આવ્યો છે. કોરોનાથી સુરક્ષિત રાખવાના આરોગ્ય રક્ષાના ભાવ સાથે શ્રી વિજયભાઈ રૂપાણીએ આરોગ્ય વિભાગને એક સપ્તાહ સુધી રોજના 1 લાખ ડોઝ રસીકરણ કરવા સૂચવ્યું છે.



મુખ્યમંત્રીશ્રીના યુવા આરોગ્ય હિતકારી આ નિર્ણયથી 30 હજાર યુવા નહીં પરંતુ રોજના એક લાખ યુવાઓને રસીકરણમાં આવરી લેવાશે. આ નિર્ણયને પરિણામે એક અઠવાડિયામાં અંદાજે 8 લાખ યુવાઓને કોરોના રસીકરણનો લાભ મળતા કોરોના સામે વધુને વધુ યુવાઓને રક્ષણ મળશે. આરોગ્ય અગ્ર સચિવ ડૉ.જયંતી રવિના માર્ગદર્શનમાં આરોગ્ય વિભાગે આ રસીકરણ વ્યવસ્થા સુઆયોજિત રીતે પાર પડે તે માટેનું આયોજન કર્યું છે. ફ્રંટલાઈન વોરિયર્સ, 45 થી વધુ વયના લોકોના રસીકરણમાં અગ્રેસરતા મેળવ્યા બાદ હવે 18 થી 44 વય જૂથના લોકોનું પણ વ્યાપક અને ઝડપી રસીકરણ કરીને યુવાઓની આરોગ્યરક્ષા ક્ષેત્રે પણ દેશમાં અગ્રેસર રહેવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. ●

# સાયન્સ સિટીમાં નવલું નજરાણું : એક્વેટિક-રોબોટિક ગેલેરી



મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અમદાવાદ સાયન્સ સિટી ખાતે એક્વેટિક-રોબોટિક ગેલેરી અને નેચર પાર્ક ની મુલાકાત લીધી હતી. આ મુલાકાત બાદ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, અમદાવાદ સાયન્સ સીટી ગુજરાત જ નહીં દેશ આખાનું આકર્ષણ છે. રાજ્યના બાળકો યુવાનોમાં વિજ્ઞાન પ્રત્યેની જીજ્ઞાસા ને વધુ પ્રબળ બનાવવા સરકાર કટિબદ્ધ છે. સાયન્સ સિટીમાં તૈયાર થનારા વિવિધ વિજ્ઞાન પ્રકલ્પો એ તરફના જ કદમ છે. અમદાવાદ સાયન્સ સીટીમાં ૨૫૦ કરોડના ખર્ચે નિર્માણ પામનારી એક્વેટિક ગેલેરી દેશ અને રાજ્યના મુલાકાતીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ સાયન્સ સિટી ખાતે નિર્માણાધિન એક્વેટિક ગેલેરીમાં અંડરવોટર વોક-વે ટનલની મુલાકાત લીધી હતી. આ એક્વેટિક ગેલેરીમાં દુનિયાના વિવિધ મહાસાગરો, ઝોનમાંથી વિશિષ્ટ પ્રકારની માછલીઓ અને વિવિધ પ્રજાતિની માછલીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. અમદાવાદના સાયન્સ સિટીમાં ટૂંક સમયમાં જ દેશની સૌથી મોટી એક્વેટિક ગેલેરી આકાર પામવા જઈ રહી છે ત્યારે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે આ એક્વેટિક ગેલેરીનું આવનારા દિવસોમાં ઉદઘાટન કરાવીને રાજ્ય અને દેશના નાગરિકો માટે સમર્પિત કરવામાં આવશે, તેમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતુ.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી સાયન્સ સિટીના વિવિધ પ્રકલ્પોની કામગીરીની સમીક્ષા અને નિરીક્ષણ મુલાકાતે આવ્યા હતા. મુખ્યમંત્રી શ્રી રૂપાણીએ જણાવ્યું કે, સાયન્સ સિટીમાં ટૂંક સમયમાં જ ગ્લોબલ રોબોટિક ગેલેરી અને દેશનું સૌથી મોટી એક્વેટિક ગેલેરી તૈયાર થવા જઈ રહ્યું છે. તે આવનારા દિવસોમાં આગવું આકર્ષણ બનશે સાયન્સ એન્ડ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટના સચિવશ્રી હરિત શુક્લાએ સાયન્સ સિટીમાં તૈયાર થઇ રહેલ અને પ્રગતિમાં રહેલ મ્યુઝિકલ ફાઉન્ટેન, નવા થિયેટર, પ્લેનેટ અર્થ વિભાગ, એનર્જી પાર્ક, લાઈફ સાયન્સ વિભાગ અંગેની જાણકારી મુખ્યમંત્રીશ્રીને આપી હતી.●

# ગાંધીનગરમાં પંચતારક હોટલનું નિરીક્ષણ કરતા મુખ્યમંત્રીશ્રી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગર રેલવે સ્ટેશન સંકુલમાં નિર્માણના આખરી તબક્કામાં પહોંચેલી પંચતારક હોટલની મુલાકાત લઈને વિવિધ સુવિધાઓ તેમજ આનુસાંગિક વ્યવસ્થાનું નિરીક્ષણ કરીને જાણકારી મેળવી હતી. ૩૧૮ રૂમની સુવિધા ધરાવતી આ હોટલ રાજ્ય સરકાર અને ભારત સરકારના સંયુક્ત સાહસ ગરુડ દ્વારા નિર્માણ કરાઈ છે. આ હોટલમાં ક્લબ હાઉસ બેંન્કવેટ હોલ સ્પા હેલ્થ સેન્ટર સ્વિમિંગ પુલ જેવી સગવડો ઉપલબ્ધ છે.



આ હોટલ પ્રોજેક્ટના અનુભાગોમાં મુખ્યત્વે ગાંધીનગરના હયાત રેલ્વે સ્ટેશન ને અદ્યતન બનાવવાની કામગીરી ગાંધીનગર નજીકના વાવોલ ગામ ને મહાત્મા મંદિર ને સાથે જોડતા અંડર પાસ તેમજ ૩૧૮ માળની હોટલમાં ઉપર જવા આવવા માટેના અપ ડાઉન રેમ્પના નિર્માણ નો સમાવેશ થાય છે. મુખ્યમંત્રીશ્રીની આ મુલાકાત વેળાએ મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ કે. કૈલાસનાથન અને ગુજરાત મેટ્રો રેલ કોર્પોરશનના ચેરમેન શ્રી એસ એસ રાઠોર પણ જોડાયા હતા. ●



# જામનગરના ઝાખરમાં 100 બેડનું કોવિડ કેર સેન્ટર કાર્યરત



કોરોનાના કપરા કાળમાં લોકોને ઘર આંગણે જ ઝડપી સારવાર મળી રહે તેની ગુજરાત સરકારે કાળજી લીધી છે. રાજ્ય સરકારે સરકારી હોસ્પિટલમાં બેડની સંખ્યામાં વધારો કરી નાગરિકોને સારી આરોગ્ય સુવિધા પૂરી પાડી છે. સરકારની સાથોસાથ સામાજિક સંસ્થાઓ, કંપનીઓ, ઉદ્યોગગૃહોએ પણ કોરોનાની સારવાર માટે કોવિડ સેન્ટર શરૂ કર્યાં છે. તાજેતરમાં જામનગરના ઝાખર ખાતે નાયરા એનર્જી દ્વારા નિર્મિત 100 બેડના કોવિડ કેર સેન્ટરનું મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. લોકાર્પણ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ નાયરા ગ્રૂપને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે ઝાખરમાં 100 બેડનું અત્યાધુનિક કોવિડ કેર સેન્ટર ઊભું કરી નાયરા ગ્રૂપે આવા કપરા સમયે પોતાનું સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવ્યું છે.

ગુજરાતમાં કોરોનાની બીજી લહેરમાં કેસો ઘટતા જાય છે પરંતુ વૅક્સિનેશન પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી સૌએ સાવચેત રહેવાનું છે. નિષ્ણાતો કોરોનાની ત્રીજી લહેરની શક્યતાઓ પણ વ્યક્ત કરી રહ્યા છે ત્યારે એ સંભાવનાઓને ધ્યાને લઈને સરકાર દ્વારા પૂર્ણ તૈયારીઓ સાથે તમામ વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી રહી છે. રાજ્ય સરકાર PSA પ્લાન્ટ થકી હોસ્પિટલોમાં મેડિકલ ઓક્સિજનનો પૂરતો જથ્થો સુનિશ્ચિત કરી રહી છે તેની ભૂમિકા મુખ્યમંત્રીશ્રી એ આપી હતી. મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે PSA પ્લાન્ટ થકી લિક્વિડ ઓક્સિજન પર નિર્ભર રહ્યા વગર સીધો હવામાંથી જ સક્શન પ્રક્રિયા વડે મેડિકલ ઓક્સિજન બનાવી શકાય છે. આનાથી 300 ટન જેટલી ઓક્સિજન ક્ષમતા વધશે. રાજ્ય સરકારે રાજ્યમાં આવા 36 પ્લાન્ટ સ્થાપવાના શરૂ કર્યા છે. નાયરા એનર્જી દ્વારા આવા બે પ્લાન્ટ જામનગર તથા દ્વારકા ખાતે જનસેવામાં સમર્પિત થતાં સ્થાનિક આરોગ્ય તંત્ર કોરોનાની બીજી લહેર સામે વધુ સક્ષમ અને સંભવિત ત્રીજી લહેર સામે સજ્જ બન્યું છે.

હાલ મ્યુકરમાઇકોસિસનો આપણે સામનો કરી રહ્યા છીએ ત્યારે આ રોગની સારવાર માટે દર્દીઓ માટે અલગ વોર્ડ તથા પૂરતા પ્રમાણમાં ઈન્જેકશન દવાઓ મળી રહે તેની પણ રાજ્ય સરકારે ચિંતા કરી છે. 'મારું ગામ કોરોનામુક્ત ગામ' અભિયાનને લઈને જામનગર જિલ્લામાં સુંદર કામગીરી ચાલી રહી છે ત્યારે લોકો પણ સતત જાગૃત રહે અને તમામ ગામો કોરોનામુક્ત બને તેવી તકેદારી રાખવા મુખ્યમંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો.

કૃષિ મંત્રી શ્રી આર.સી.ફળદુએ જામનગર જિલ્લાની જનતા વતી નાયરા ગ્રૂપને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે કોવિડ મહામારીના સમયમાં માનવતાની વ્હારે આવવા માટે નાયરા એનર્જી આગળ આવી છે તે અભિનંદનીય બાબત છે. જામનગરની જનતાને આ મહામારીના સમયમાં નાયરા ગ્રૂપ દ્વારા કોવિડ કેર સેન્ટર શરૂ કરવાથી ઘર આંગણે જ શ્રેષ્ઠ સારવાર ઉપલબ્ધ થશે. 'મારું ગામ કોરોનામુક્ત ગામ'ના જન અભિયાનમાં આ કોવિડ કેર સેન્ટર આ જિલ્લા માટે આરોગ્ય સેવાનું માધ્યમ બનશે એમ પણ તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે અન્ન અને નાગરિક પુરવઠા રાજ્યમંત્રી શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા, સાંસદ શ્રીમતી પૂનમબહેન માડમ, શ્રી રમેશભાઈ મુંગરા, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ધરમશીભાઈ ચનિયારા, નાયરા ગ્રૂપના સી.ઈ.ઓ. શ્રી એલ્યોસ, રિફાઇનરી ડાયરેક્ટર શ્રી પ્રસાદ પાનીકર, સહિત પદાધિકારીઓ, અધિકારીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં. ●






કિશોરભાઇ જિકાદરા



## 'પ્રવાસનનું સમાજશાસ્ત્ર' પુસ્તકનું વિમોચન

ગુજરાત યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના પ્રોફેસર ડૉ. ચંદ્રિકાબહેન રાવલ અને એસોસિયેટ પ્રોફેસર અને એસ. એલ. યુ. આર્ટ્સ એન્ડ એચ. એન્ડ પી. ઠાકોર કોમર્સ કોલેજ ફોર વિમેનના સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. શૈલજા ધ્રુવ દ્વારા લિખિત 'પ્રવાસનનું સમાજશાસ્ત્ર' પુસ્તકનું વિમોચન કરતા ગુજરાત રાજ્યના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત. ●

## ગીર સોમનાથમાં વાવાઝોડાથી અસરગ્રસ્ત ખેડૂતો સાથે સંવાદ



ગીર સોમનાથ જિલ્લામાં તાઉતે વાવાઝોડાથી પ્રભાવિત થયેલા કૃષિ અને બાગાયતી ખેતી વિસ્તારોની કૃષિમંત્રી શ્રી આર.સી. ફળદુએ મુલાકાત લઈ ખેડૂતો સાથે સંવાદ કર્યો હતો.

કૃષિમંત્રીશ્રીએ ઉના ગીર ગઢડા અને આકોલવાડી વિસ્તારોમાં વાવાઝોડાથી આંબા, નાળિયેરી સહિતના અન્ય બાગાયતી પાકો અને ખેતીવાડી વિસ્તારના પાકોમાં થયેલા નુકસાન અંગેની માહિતી મેળવી હતી. કૃષિ વિસ્તારોમાં થયેલા નુકશાન અંગે ખેડૂતો સાથે સંવાદ કરીને કૃષિ મંત્રીશ્રીએ કહ્યું હતું કે, રાજ્ય સરકાર ખેડૂતોની પડખે ઊભી છે અને તાત્કાલિક સર્વે કરીને નિયમાનુસાર મદદ સહાય માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પણ આ વિસ્તારની મુલાકાત લઈ ગ્રામીણ વિસ્તારના ખેડૂતો ગ્રામજનો સાથે પણ સંવાદ કરીને ખેડૂતો તેમજ ગ્રામજને થયેલા નુકસાન અંગે મદદની કામગીરી માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. ●

## ધન્વંતરિ કોવિડ હોસ્પિટલમાં સારવાર સુવિધા

કોરોનાની બીજી લહેરમાં ભારત સરકાર, ગુજરાત સરકાર, સેવાભાવી સંસ્થાઓ, કાર્યકર્તાઓ, તબીબો, પેરામેડિકલ સ્ટાફ અને સફાઈ કામદારો સૌ કોઈ ફરી લડત આપી રહ્યા છે. અમદાવાદના જી.એમ.ડી.સી. ખાતે ડી.આર.ડી.ઓ દ્વારા નિર્મિત ધન્વંતરિ કોવિડ હોસ્પિટલના કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરમાં મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલે ધન્વંતરિ કોવિડ હોસ્પિટલના તબીબો, દર્દી અને દર્દીના પરિવારજનો સાથે વીડિયો કોલથી વાર્તાલાપ કરી ખબરઅંતર પૂછ્યા હતા.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યના ગ્રામીણ વિસ્તારોને કોરોના સામેની લડતમાં સજ્જ કરવા માટે 'મારું ગામ, કોરોનામુક્ત ગામ' અભિયાન રાજ્ય સરકારે શરૂ કર્યું છે. ઉપરાંત રાજ્યના શહેરી વિસ્તારોને પણ કોરોના સામેની લડતમાં સજ્જ અને સક્ષમ બનાવવા 'મારો વોર્ડ, કોરોનામુક્ત વોર્ડ અભિયાન' શરૂ કરાયું છે. સોસાયટી, પોળ, ચાલીઓમાં રહેતી શહેરી જનતામાં જાગૃતિ વધે, તેઓને આવશ્યક દવા મળે અને સમયસર નિદાન થાય તે આ અભિયાનનો આશય છે.

આ પ્રસંગે અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમાર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી હિતેન્દ્રભાઈ બારોટ, ગુજરાત યુનિવર્સિટી કુલપતિ શ્રી હિમાંશુ પંડ્યા, ધન્વંતરિ હોસ્પિટલના અગ્રણી તબીબો ઉપસ્થિત રહ્યા હતા. ●



## ભાવનગરમાં વાવાઝોડાથી સર્જાયેલી ખાનાખરાબીને યુદ્ધના ધોરણે દુરસ્ત કરાઇ



વાવાઝોડાને પગલે ભાવનગર શહેર સાથે જિલ્લાના જેસર, તળાજા અને ખાસ કરીને મહુવામાં મોટા પાયા પર વીજ પુરવઠાને અસર થઇ. આવા કપરા સંજોગોમાં કોરોનાની ડેઝિગ્નેટેડ હોસ્પિટલોમાં વીજ પુરવઠો સતત અકબંધ રાખી દર્દીઓની જિંદગીઓ બચાવવા સાથે તંત્રએ વીજ પુનઃ સ્થાપનનું કાર્ય અનેક મુશ્કેલીઓ વચ્ચે સફળ રીતે પાર પાડ્યું. ભાવનગર ખાતે યોજાયેલી સમીક્ષા બેઠકમાં ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઇ પટેલે તાઉતે વાવાઝોડાથી થયેલી ખાના-ખરાબી વિશે માહિતી મેળવી હતી. મંત્રીશ્રીએ આ બેઠકમાં જણાવ્યું કે, વાવાઝોડાથી અસરગ્રસ્ત ભાવનગર, અમરેલી અને ગીર-સોમનાથમાં આ માટે ઊર્જા વિભાગના ૫ હજાર કર્મચારીઓએ રાત- દિવસ ફરજ બજાવી હતી.

ભાવનગરમાં વીજ પુરવઠો સ્થાપિત કરવાં માટે 'રોપેક્ષ ફેરી' મારફતે દક્ષિણ ગુજરાત વીજ કંપનીના કર્મચારીઓ ભાવનગરમાં બોલાવીને પણ આ કામને અગ્રતા આપીને પૂરું કરવામાં આવ્યું છે. વાવાઝોડામાં ૨૨૦ કે.વી. સાથે ૬૬ કે.વી. ના સબ સ્ટેશનોને પણ ભારે નુકશાન થયું છે. વીજ વિભાગની કટિબદ્ધતાને કારણે આ કામ આપણે ખૂબ ટૂંકા સમયમાં પૂર્ણ કરી શકાયું.

વાવાઝોડાના કારણે જ્યોતિગ્રામથી વીજળી મેળવતાં રાજ્યના ૩૦૦ ગામોમાં વીજ થાંભલાઓ પડી ગયા છે. ભાવનગરમાં ૩૭૭ મોબાઇલ ટાવરમાંથી ૨૨૪ ને ફરીથી ચાલુ કરી દેવામાં આવ્યા છે. સિહોરમાં પણ વીજ પુરવઠો શરૂ કરી દેવામાં આવશે. ઓક્સિજનના ૧૫ પ્લાન્ટને તાત્કાલિક વીજળી પૂરી પાડવામાં આવી હતી.

આ બેઠકમાં શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી વિભાવરીબહેન દવે, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી ભરતસિંહ ગોહિલ, મેયર શ્રીમતી કિર્તીબાળાબહેન દાણિધરિયા, ડેપ્યુટી મેયર શ્રી કુમાર શાહ સહિત પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા. ●



## ધ્રાંગધ્રામાં ૧૦૦ બેડનું કોવિડ કેર સેન્ટર કાર્યરત

સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા ડી.સી.એચ.સી. તેમજ થાનગઢ, ધ્રાંગધ્રા અને પાટડીના કોવિડ કેર સેન્ટરમાં સુવિધાઓ અને સારવારની પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઇ બાવળિયાએ જાતમાહિતી મેળવી હતી.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, થાનગઢ તાલુકાના દરેક ગામડામાં પ્રાથમિક દવાઓ ઉપલબ્ધ બનાવવામાં આવી રહી છે, ધન્વંતરિ રથના માધ્યમથી સારવાર પણ સારી રીતે આપવામાં આવી રહી છે. મંત્રીશ્રીએ ધ્રાંગધ્રા ડેડિકેટેડ કોવિડ હોસ્પિટલ અને સંસ્કારધામ કોવિડ કેર સેન્ટરની મુલાકાત લઈ સંસ્કાર ધામમાં ૧૦૦ બેડનું કોવિડ કેર સેન્ટર કાર્યરત કરવા બદલ સંતો પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી. ●

## જૂનાગઢમાં પ્રવાસન મંત્રીશ્રીનો કોરોનાના દર્દીઓ સાથે લાગણીસભર સંવાદ

જૂનાગઢ, પોરબંદર અને ગીર સોમનાથ જિલ્લામાંથી જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં સારવાર લેવા આવેલા દર્દીઓના સગા સંબંધી તેના પરિવારજનો સાથે દર્દીની તબિયત તેમજ સિવિલ હોસ્પિટલમાં પ્રવાસન મંત્રી શ્રી જવાહરભાઇ ચાવડાએ સારવાર અંગે દર્દીઓના સગા સંબંધીઓને ધરપત આપવા સાથે તેમની સાથે લાગણી સભર સંવાદ સાધ્યો હતો.

પ્રવાસન મંત્રી શ્રી જવાહરભાઇ ચાવડાએ આર.એમ.ઓ ડૉ.પી.એચ. લાખણોત્રા,. ડૉ.સોલંકી અને શહેર અગ્રણી શ્રી પુનીતભાઇ શર્મા સાથે હોસ્પિટલના દરેક વોર્ડની મુલાકાત લઇ ઓકિસજન પુરવઠો વેન્ટિલેટર, દવા, હેલ્પ ડેસ્ક સહિતની વ્યવસ્થાની માહિતી મેળવી હતી. ●



# અમદાવાદમાં અશક્તોના રસીકરણ માટે એમ્બ્યુલન્સ સેવા

કોરોના મહામારીમાં રસીકરણ અમોઘ શસ્ત્ર સાબિત થઇ રહ્યું છે ત્યારે રાજ્યના ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ જગન્નાથ મંદિરના પ્રાંગણથી ઇસનપુર વોર્ડના વૃદ્ધ, દિવ્યાંગ, અશક્ત વ્યક્તિઓને વિનામૂલ્યે રસીકરણ કરાવવા માટે એમ્બ્યુલન્સ સેવાનો પ્રારંભ કરાવ્યો હતો. ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ ૧૪૪ મી રથયાત્રાની પ્રથમ પૂજન વિધિ - ચંદન પૂજા કરી જગન્નાથ મંદિરના મહંત શ્રી દિલીપદાસજીના આશીર્વાદ મેળવીને સમગ્ર દેશને કોરોનામાંથી મુક્ત કરાવવા પ્રાર્થના કરી હતી.

કોરોનાની પ્રવર્તમાન સ્થિતિમાં ઇસનપુરવોર્ડના વૃદ્ધ, અશક્ત અને દિવ્યાંગજનોને સરળતાથી નિશુલ્ક રસીકરણની ઉપલબ્ધતા કરાવવાના સેવાભાવ સાથે દેશના ગૃહ રાજ્યમંત્રીશ્રી અમિત શાહની પ્રેરણાથી ઇસનપુર વોર્ડના કાઉન્સિલર શ્રી ગૌતમ પટેલના સહયોગ દ્વારા જગન્નાથ મંદિરના પ્રાંગણથી એમ્બ્યુલન્સ સેવાનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો .



આ વેળાએ ધારાસભ્ય શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, અમદાવાદ મેયર શ્રી કિરીટભાઈ પરમાર, ડેપ્યુટી મેયર શ્રી ગીતાબહેન પટેલ, સહ કોષાધ્યક્ષ શ્રી ધર્મેન્દ્રભાઈ શાહ, દંડક શ્રી અરુણ રાજપૂત સહિત શહેરના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા. ●

## ધાણેટીમાં બે ઓક્સિજન કોન્સન્ટ્રેટરનું લોકાર્પણ

વર્તમાન મહામારી કોવિડ-૧૯ની પરિસ્થિતિને અનુલક્ષીને ભૂજ તાલુકાના ધાણેટી ખાતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ રાજ્ય મંત્રી શ્રી વાસણભાઇ આહિર દ્વારા સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડાની ઉપસ્થિતિમાં ધાણેટી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે અંદાજે બે ઓક્સિજન કોન્સન્ટ્રેટર લોકાર્પણ કરવામાં આવ્યા હતા. કંપનીની સામાજિક જવાબદારી દાખવવાના ભાગરૂપે સી. એસ.આર. હેઠળ બી.કે.ટી. કંપની દ્વારા ઓક્સિજન કોન્સન્ટ્રેટર અર્પણ કરાયા હતા. સમાજ કલ્યાણ માટે વિધાનસભા દીઠ આરોગ્યક્ષેત્રે ધારાસભ્ય ગ્રાન્ટ ફાળવવાના રાજ્ય સરકારના નિર્ણયના પગલે રાજ્ય મંત્રી શ્રી વાસણભાઇ આહિરે પણ અંજાર વિધાનસભાને રૂપિયા બે કરોડની ગ્રાંટ ફાળવી છે. આ તકે રાજ્યમંત્રીશ્રી અને સાંસદશ્રીએ ધાણેટીમાં વિવેકાનંદ વિદ્યાર્થી ભવન બક્ષીપંચ કુમાર છાત્રાલય ખાતે તૈયાર કરાયેલા ૩૦ બેડના કોવિડ આઇસોલેશન સેંટર તેમજ અંજાર તાલુકાના વરસામેડી ખાતે શરૂ કરાયેલા કૉમ્યુનિટી કોવિડ કેર સેન્ટરની મુલાકાત પણ લીધી હતી. ●



## સહિયારા પ્રયાસોથી “મારું ગામ, કોરોનામુક્ત ગામ” અભિયાનને સફળ બનાવવા નિર્ધાર



રાજ્ય કક્ષાના અન્ન નાગરિક અને પુરવઠા મંત્રી શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના વિવિધ ગામની મુલાકાત લઇ સહિયારા પ્રયાસોથી 'મારું ગામ, કોરોનામુક્ત ગામ' અભિયાનને સફળ બનાવવાના રાજ્ય સરકારના નિર્ધારને સફળ બનાવવા ગ્રામજનોને આહવાન કર્યું હતું. તેમણે લાંબા ગામે સ્વ.શ્રી અરશીભાઇ લગધીરભાઇ ચેતરીયા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત કોવિડ કેર સેન્ટરનો પ્રારંભ કરાવ્યો હતો. લાંબા ગામે ૧૦ બેડની ઓક્સિજન સહિતની સુવિધાઓ ભોગાત ગામે ૫ બેડની અને ભાટીયા ગામે ૨૦ બેડના કોવિડ કેર શરૂ કરવામાં આવ્યા છે.

મંત્રી શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ગામો કોરોનામુક્ત બને એ માટે ગામમાં હળવાં લક્ષણો ધરાવતા દર્દીઓ હોમ આઈશોલેશનમાં રહે કે ઘરમાં અન્ય વ્યક્તિને ચેપ ન લાગે એની તકેદારીરૂપે કોવિડ કેર સેન્ટરમાં સારવાર લે એ માટે ગ્રામજનોને સમજાવ્યા હતા. ●

## કોરોનાકાળમાં નિરાધાર થયેલા બાળકો માટે

# “મુખ્યમંત્રી બાલ સેવા યોજના” ની મહત્વપૂર્ણ જાહેરાત

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ વિશ્વ વ્યાપી મહામારી કોરોના સમયમાં અનાથ-નિરાધાર બનેલા બાળકોની વેદના પ્રત્યે સંવેદના દર્શાવતા આવા બાળકોને આર્થિક આધાર સહિત અભ્યાસ અને ભવિષ્યની કારકિર્દી માટે સહાયરૂપ થવા મુખ્યમંત્રી બાલ સેવા યોજનાની મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. મુખ્યમંત્રીશ્રીએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વની NDA સરકારના સાત વર્ષ પૂર્ણ થવાના અવસરે સંવેદનાપૂર્ણ અભિગમ સાથે નિરાધાર- અનાથ બાળકોના આર્થિક આધાર અને ભવિષ્યની કાદકિર્દી માટે પ્રધાનમંત્રીશ્રીએ કોરોનામાં પોતાના માતા-પિતા ગુમાવનારા બાળકો પ્રત્યે સંપૂર્ણ સંવેદના સાથે તેમના ભવિષ્યનો વિચાર કરીને PM Care Fund માંથી જે સહાય જાહેર કરી છે તે માટે પ્રધાનમંત્રીશ્રીને અભિનંદન પાઠવ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આ મુખ્યમંત્રી બાલ સેવા યોજનાની વિસ્તૃત ભૂમિકા આપતાં જણાવ્યું કે, કોરોનાની મહામારી એ એવી પરિસ્થિતિ ઉભી કરી છે કે અનેક લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. કોઇ એ પોતાના વ્હાલ સોયા દિકરા-દિકરીઓ ગુમાવ્યા છે તો કોઇ એ ભાઇ-બહેન-પત્નિનો સાથ ખોયો છે અને રાજ્યમાં કેટલાય બાળકો આ કોરોના સમય દરમિયાન પોતાના માતા-પિતા બંને ગુમાવવાને કારણે અનાથ અને નિરાધાર બન્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં જણાવ્યું કે, ગુજરાતની સંવેદનશીલ સરકાર કોરોનાના આ કપરાકાળમાં આવા નિરાધાર અને માતા-પિતા બંને ગુમાવી ચુકેલા બાળકોની વેદનામાં પૂરી સંવેદનાથી પડખે ઉભી રહી છે અને મુખ્યમંત્રી બાલ સેવા યોજનાથી આવા બાળકોને આર્થિક આધાર આપવાનો સેવાભાવ પ્રગટ કર્યો છે. આ મુખ્યમંત્રીશ્રી બાલ સેવા યોજનાના લાભો અને અન્ય વિશેષતાઓની વિગતોમાં જણાવ્યું કે, રાજ્યમાં એવા બાળકો જેમણે પોતાના માતા-પિતા બંને ગુમાવ્યા છે તેવા બાળકોને આર્થિક સહાય- આધાર આપીને તેમને જીવન નિર્વાહ માટે રાજ્ય સરકારની “મુખ્યમંત્રી બાલ સેવા યોજના”નો લાભ મળશે.

કોરોના મહામારીના આ સંક્રમણ દરમિયાન જે બાળકોના પરિવારના મુખ્ય કમાનાર પિતા અથવા માતા કે પિતા બંનેનું અવસાન થયું છે તેવા બાળકોના ભરપોષણ, શિક્ષણ, આરોગ્ય અને સ્વરોજગારી માટે તાલીમ- લોન અને સહાય પૂરી પાડવા આ યોજના શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ મુખ્યમંત્રી બાલ સેવા યોજનાના જે લાભો જાહેર કર્યા છે તદઅનુસાર,

- ૧૮ વર્ષ સુધીની ઉંમર ધરાવતા બાળકો કે જેમના માતા- પિતા બંનેનું કોરોનાના સમયગાળા દરમિયાન અવસાન થયું હોય તેવા બાળકોને આવક મર્યાદા ધ્યાને લીધા વિના દર મહિને પ્રત્યેક બાળક દીઠ રૂ. ૪,૦૦૦ આપશે.
- જે બાળકોનો ૧૮ વર્ષ પૂર્ણ કર્યા પછી પણ અભ્યાસ ચાલુ હશે તેવા બાળકને ૨૧ વર્ષ સુધી આફ્ટર કેર યોજનામાં આવરી લઈને આવકની મર્યાદાના બાધ સિવાય દર મહિને રૂ. ૬,૦૦૦ની સહાય અપાશે.
- ૨૧ વર્ષ પૂર્ણ કર્યા બાદ પણ જે યુવક- યુવતીઓ ઉચ્ચ અભ્યાસ સાથે જોડાયેલા હોય તેમને અભ્યાસના વર્ષ અથવા તેમની ૨૪ વર્ષની ઉંમર પૂરી થાય એમાંથી જે વહેલું હોય ત્યાં સુધી આફ્ટર કેર યોજના અન્વયે દર મહિને રૂ. ૬,૦૦૦ની સહાયનો લાભ મળશે.
- રાજ્યના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત વર્ગો, એન.ટી.ડી.એન.ટી અને આર્થિક રીતે પછાત વર્ગના બાળકોને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને આદિજાતીના બાળકોને આદિજાતી વિકાસ વિભાગ દ્વારા નિયત થયેલ શિષ્યવૃત્તિ જે તે વિભાગના ઠરાવો, પરિપત્રો, નિયમોને આધીન રહીને મંજુર કરાશે.
- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના અને આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકના તમામ નિગમોની તમામ યોજનાઓના લાભો આવકમર્યાદાને ધ્યાનમાં લીધા સિવાય પાત્રતા ધરાવતા બાળકોને આપવાના રહેશે.
- એટલું જ નહી, રાજ્યમાં અભ્યાસ માટેની શૈક્ષણિક લોન તેમજ વિદેશ અભ્યાસની લોન કોઇપણ જાતની આવકમર્યાદા ધ્યાનમાં લીધા સિવાય અગ્રતાના ધોરણે અપાશે.
- આવા અનાથ અને નિરાધાર બાળકોને ઉચ્ચશિક્ષણ માટે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના(MYSY) અન્વયે આવરી લેવામાં આવશે અને તેના લાભો કોઇપણ જાતની આવકમર્યાદા સિવાય પ્રાયોરિટીના ધોરણે અપાશે.
- આ યોજનાનો લાભ લેતા બાળકોના પાલક વાલીઓને રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા (NFSA) અન્વયે અગ્રતાના ધોરણે આવરી લેવાશે. જેથી આવા પરિવારોને દર મહિને રાહત દરે ઘઉ, ચોખા, ખાંડ વગેરે મળવાપાત્ર અનાજ મળી રહે.

મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલ, ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઇ પટેલ, ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા તેમજ મુખ્ય સચિવ શ્રી અનિલ મુકિમ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવ શ્રી કે. કૈલાશનાથન અને વરિષ્ઠ સચિવોની ઉપસ્થિતિમાં મળેલી કોરકમિટિની બેઠકમાં આ બાલ સેવા યોજના જાહેર કરવામાં આવી હતી. ●

## અમદાવાદમાં રૂ. ૫૮૫ કરોડના વિકાસ કામોના ઇ-લોકાર્પણ- ખાતમુહૂર્ત



# આપત્તિમાં પણ ગુજરાતની વિકાસની ગતિ બરકરાર

કોરોનાની મહામારીનાં કાળમાં રાજ્ય સરકારે નાગરિકોનાં આરોગ્યની સુખાકારીની સતત ચિંતા કરી છે. આ સાથે, રાજ્યમાં વિકાસના કાર્યોને પણ ગતિવંત રાખ્યા છે. કોરોના મહામારી વચ્ચે પણ ગુજરાતમાં 27 હજાર કરોડનાં વિકાસકાર્યો પૂર્ણ કરવામાં આવ્યા છે. આ વિકાસકાર્યોથી નાગરિકોની સુવિધામાં વધારો થયો છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ અમદાવાદ રીવરફ્રન્ટનાં બીજા ફેઇઝના પ્રથમ તબક્કામાં ડફનાળાથી સદર બજાર સુધીના રૂ. ૯૫ કરોડના કામોનું ઇ-ખાતમુહૂર્ત સહિત અમદાવાદ મહાનગરપાલિકાના કુલ રૂ. ૫૮૫ કરોડના વિવિધ ૨૫ વિકાસ કામોનું ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સ દ્વારા ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યા હતા.

અમદાવાદ મહાનગરના સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટના ફેઇઝ-૨ના પ્રથમ તબક્કાના ડફનાળાથી સદર બજાર સુધીના કામોનું ઇ-ખાતમુહૂર્ત કરતાં મુખ્યમંત્રીશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના આ ડ્રીમ પ્રોજેકટમાં શહેરી વિકાસની આગવી પ્રતિકૃતિ સમાયેલી છે. સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ ફેઇઝ-૨ નો ડફનાળાથી ઇન્દિરાબ્રીજ સુધીનો આ સંપૂર્ણ પ્રોજેકટ નદીની બેય તરફ મળીને કુલ ૧૧ કિ.મી.માં રૂ. ૮૫૦ કરોડના અંદાજિત ખર્ચે નિર્માણ પામવાનો છે.

તદ્અનુસાર, રૂ. ૨૪૮ કરોડના ખર્ચે બ્રિજ, ઈલેક્ટ્રીક બસ, વોટર પ્રોજેક્ટ, ગાર્ડન પ્રોજેક્ટ, અર્બન હેલ્થ સેન્ટર, સબ-ઝોનલ ઓફિસ, આંગણવાડીનું નવીનીકરણના કામોનું ઈ-લોકાર્પણ તેમજ રૂ. ૩૩૭ કરોડના ખર્ચે તૈયાર થનાર બ્રિજ પ્રોજેક્ટ, સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ ફેઝ-૨, સ્પોર્ટસ સંકુલ અને વ્યાયામ શાળાનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદ મહાનગરપાલિકાને કોરોના કાળમાં પણ આ વિકાસ કામોની તેજ રફતાર જાળવી રાખવા માટે અભિનંદન આપતાં કહ્યું હતું કે અમદાવાદ મહાપાલિકા દેશની શ્રેષ્ઠ નગરપાલિકાઓમાં સ્થાન ધરાવતી મહાનગરપાલિકા છે.

મહાનગરની શ્રેષ્ઠતાને છાજે તેવા વિકાસ કામો એક પછી એક હાથ ધરીને અમદાવાદના નગરજનો માટે હેપીનેસ ઈન્ડેક્ષ અને ઈઝ ઓફ લીવીંગમાં વધારો કરી અમદાવાદને લીવેબલ નગર મહાપાલિકાએ બનાવ્યું છે એમ તેમણે મહાપાલિકાની નવનિયુકત ટીમને અભિનંદન આપતા જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ દેશ અને દુનિયાના લોકો માટે જોવાલાયક સ્થળ બન્યો છે, ત્યારે હવે તેનો બીજો તબક્કો પણ એટલો જ ઉત્કૃષ્ટ, પર્યાવરણપ્રિય બનશે. તેમણે ઉમેર્યુ હતું કે, આ પ્રોજેકટની વિશેષતા એ છે કે સમગ્ર અમદાવાદ શહેરની મધ્યમાંથી ૩૫ કિ.મી. લાંબો આ રિવરફ્રન્ટ નગરની શોભા બન્યો છે.

શ્રી વિજયભાઇ રૂપાણીએ સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટના આ ફેઇઝ-૨ ના પ્રથમ તબક્કા માટે ૧ લાખ ૩૦ હજાર ચોરસ મીટર જમીન

અમદાવાદમાં આર્મી-ડિફેન્સ કોન્ટનમેન્ટ બોર્ડે આપી છે તે માટે ભારત સરકાર, રક્ષામંત્રાલય, સેનાના વરિષ્ઠ અધિકારીઓ અને અમદાવાદના આર્મી કેન્ટોમેન્ટ બોર્ડનો આભાર વ્યક્ત કર્યો હતો.

સાબરમતી રિવરફ્રન્ટ ફેઈઝ-૨ ના પ્રથમ તબક્કાના કામોની વિશેષતા એ છે કે, આ ફેઈઝ-૨ ગ્રીન પ્રોજેકટ બનશે એટલે કે તેમાં હાલના સાબરમતી રિવરફ્રન્ટ કરતા વધુ હરિયાળી હશે. એટલું જ નહિ, નાગરિકો-લોકોને રોડ પરથી જ નદી અને ગ્રીનરી દેખાઈ શકે તે રીતનું બાંધકામ થશે.

રિવરફ્રન્ટ ફેઈઝ-૨ માટે નદીમાં પાણી ભરેલું રહે તે ખૂબ જ આવશ્યક હોઈ બેરેજ કમ બ્રીજનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આકસ્મિક સંજોગોમાં તથા નર્મદા કેનાલના મેઈન્ટેનન્સ દરમ્યાન ૧૦ થી ૧૫ દિવસ સુધી અમદાવાદ શહેર માટે પાણીનો સંગ્રહ આ બેરેજમાં કરી શકાશે.

એટલું જ નહિ, બેરેજ કમ બ્રીજ બનવાના કારણે શહેરના સાબરમતી, ચાંદખેડા, મોટેરા જેવા વિસ્તારોને હાંસોલ વિસ્તાર તથા એરપોર્ટ સાથે સીધી કનેકટીવીટી મળશે જેથી ટ્રાફિક સમસ્યા ઘણી જ હળવી બનશે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી કાળ દરમ્યાન ગુજરાતને ઉત્તમ બનાવ્યું છે, આપણે સૌ સાથે મળીને રાજ્યને સર્વોત્તમ બનાવવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ.

તેમણે કહ્યું હતું કે, રાજ્યના વિકાસમાં શહેરી અને ગ્રામીણ બંને વિસ્તારનું ૫૦-૫૦ ટકા એટલે કે એકસરખું જ યોગદાન હોય છે, ગુજરાતમાં ૫૦ ટકા નાગરિકો શહેરોમાં ૫૦ ટકા નાગિરકો ગ્રામીણ વિસ્તારમાં વસવાટ કરી રહ્યા છે. જેથી રાજ્ય સરકાર સંતુલિત વિકાસને મહત્વ આપી રહી છે. શહેરો અદ્યતન બને અને ગામડાઓમાં શહેરો જેવી સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે.

જ્યાં ‘માનવી ત્યાં સુવિધા’, ‘વિવાદ નહિ સંવાદ’, ‘લઘુત્તમ સાધનોનો મહત્તમ ઉપયોગ’ના સૂત્ર સાથે સરકાર કામ કરી રહી છે તેમ મુખ્યમંત્રીએ જણાવ્યુ હતું. કોરોના સંક્રમણના કપરા કાળમાં પણ વિકાસની ગતિ રૂકવા કે ઝૂકવા નથી દીધી અને રૂ. ૨૭ હજાર કરોડના વિકાસકામો સરકારે કોરોના કાળમાં કર્યા છે તેમ તેમણે ઉમેર્યુ હતું.


મુખ્યમંત્રીશ્રી એ ઉમેર્યું કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને કોરોનાકાળમાં પણ સરાહનીય કામગીરી કરી છે, કોરોનાના દર્દીઓની સાર-સંભાળ કરીને એસ.વી.પી હોસ્પિટલે પોતાની આગવી ઓળખ ઉભી કરી છે. સંજીવની રથ, ધન્વંતરી રથ, કોરોના વેક્સિનેસનના સુવ્યવસ્થિત આયોજનથી કોરોના સંક્રમણને ઝડપથી કાબુ લેવામાં અમદાવાદ મહાનગરપાલિકાએ ઉત્કૃષ્ટ સહયોગ આપ્યો છે.

તેમણે કહ્યું કે, ગુજરાતમાં પ્રતિદિન સવા લાખ યુવાનોને નિઃશુલ્કમાં વેક્સિન આપી રહ્યા છીએ. આઠ દિવસમાં ૧૦ લાખ યુવાનોને વેક્સિન આપીને ઝડપથી ગુજરાતમાં વેક્સિનેશનની કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

રાજ્યના ૫૦ ટકા લોકો વેક્સિન લઈ લેશે ત્યારે કોરોનોને ઝડપથી હરાવી શકીશું. આપણે કોરોનાની બીજી લહેરને ઝડપી મ્હાત આપી દીધી. ત્રીજી લહેર માટેની પૂર્વ તૈયારીઓ રાજ્ય સરકારે આરંભી દીધી છે. સમગ્ર ભારતમાં ગુજરાત સૌપ્રથમ કોરોનામુક્ત બને તે દિશામાં ગુજરાત સરકાર કામ કરી રહી છે તેમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યુ હતું.

અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમારે કહ્યું હતું કે નવી ચૂંટાયેલી પાંખ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શનમાં અમદાવાદ મહાનગરમાં વિકાસના નાકામોથી નવા કીર્તિમાન સ્થાપવા સદાય તત્પર રહેશે. મ્યુનિસિપલ કમિશનર શ્રી મુકેશકુમારે અમદાવાદ મહાપાલિકાના રૂ. ૫૮૫ કરોડના ખર્ચે લોકાર્પિત-ખાતમુહૂર્ત થયેલા વિકાસ કામોની વિસ્તૃત વિગતો આપી હતી.

અમદાવાદ મહાનગરમાં આ વિકાસ કામોના સ્થળોએ મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલ, ગૃહરાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા, અમદાવાદ શહેર-જિલ્લાના સર્વે ધારાસભ્યશ્રીઓ, કોર્પોરેશનના પદાધિકારીઓ-અધિકારીઓ તથા નગરસેવકો ઉપસ્થિત રહ્યા હતા. ●










## શહેરોને કોરોનામુક્ત બનાવવા

# 'મારો વોર્ડ, કોરોનામુક્ત વોર્ડ' અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ

રાજ્યના શહેરી વિસ્તારો, મહાનગરપાલિકા અને નગરપાલીકાઓમાં કોરોના મહામારીનું સંક્રમણ અટકે તથા દરેક નાગરિક મહામારીથી સુરક્ષિત થાય, પોઝિટિવ રેટમાં ઘટાડો થાય, હોસ્પિટલમાં અગ્નિશમન વ્યવસ્થાપન, વેક્સિનેશન, સેનિટેશન, ટેસ્ટિંગ સુવિધા વગેરેનું મોનીટરીંગ થાય અને આવનાર સમય માટે આગોતરા આયોજનના હેતુથી 'મારો વોર્ડ કોરોનામુક્ત વોર્ડ' અભિયાનનો મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ શુભારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ભાવનગરમાં મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવે, મેયર શ્રી તથા અન્ય પદાધિકારીઓ અને મ્યુનિસિપલ કમિશનર શ્રી, જિલ્લા કલેકટર શ્રી, આરોગ્ય અધિકારીઓની બેઠકમાં વહીવટી તંત્રની કામગીરીની સમીક્ષા કરી માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત તેઓએ જિલ્લામાં 'મારો વોર્ડ, કોરોના મુક્ત વોર્ડ' અભિયાનની કામગીરીની વિગતો મેળવી હતી.

રાજ્યભરની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં રાજ્યના મંત્રીશ્રીઓ, સંસદ સભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ તેમજ મહાનગરપાલિકાના મેયરશ્રીઓ, સ્ટેન્ડિંગ કમિટીના અધ્યક્ષશ્રીઓ અને અન્ય પદાધિકારીઓની સાથે કમિશનરશ્રીઓ, કલેકટરશ્રીઓ, આરોગ્ય વિભાગના અધિકારીઓ તથા પદાધિકારીઓ 'મારો વોર્ડ કોરોનામુક્ત વોર્ડ' અભિયાન અંતર્ગત રાજ્યના શહેરી વિસ્તારના જુદા જુદા ૭૭ સ્થળોએ હાજર રહ્યા હતા. તેઓએ કોવીડ કેર સેન્ટર, ટેસ્ટિંગ લેબ, હોસ્પિટલ ઈત્યાદિની મુલાકાત લઇ કામગીરીની સમીક્ષા કરી માર્ગદર્શન આપ્યુ હતું.







રાજ્યના ગ્રામીણ વિસ્તારો બાદ શહેરી વિસ્તારોને પણ કોરોના સામેની લડતમાં સજ્જ અને સક્ષમ બનાવવા 'મારો વોર્ડ કોરોનામુક્ત વોર્ડ અભિયાન' શરૂ કરાયું છે. સોસાયટી, પોળ, ચાલીઓમાં રહેતી શહેરી જનતામાં જાગૃતિ વધે, તેઓને આવશ્યક દવા મળે અને સમયસર નિદાન થાય તે આ અભિયાનનો આશય છે. રાજ્ય સરકારના 'મારો વોર્ડ કોરોનામુક્ત વોર્ડ' અભિયાનનો હેતુ કોવિડ કેર સેન્ટર, કોવીડ હોસ્પિટલ અને આનુષાંગિક વ્યવસ્થાઓ ઊભી કરી જનભાગીદારી થકી શહેરી ક્ષેત્રે કોરોનાની બીજી લહેરને ખાળવાનો અને સંભવિત ત્રીજી લહેર સામે શહેરોને સુસજ્જ બનાવવાનો છે.

### રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકાની 'મારો વોર્ડ-કોરોનામુક્ત વોર્ડ' અભિયાન અંગેની સમીક્ષા બેઠક કૃષિ મંત્રી શ્રી આર.સી.ફળદુ અને અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી જયેશભાઇ રાદડિયાના અધ્યક્ષ સ્થાને યોજાઇ હતી. મંત્રી શ્રી આર.સી.ફળદુએ રાજકોટ શહેરમાં કોરોનાના મહાયુધ્ધની સામે લડનારા સૌ કોરોના વોરિયર્સની કામગીરીને બિરદાવી જણાવ્યુ હતું કે, કોરોનાનું સંક્રમણ હવે ઘટયુ છે ત્યારે તે સંપૂર્ણ રીતે ઘટે તે માટે હજુ આપણે લડાઇ લડવાની છે. નિષ્ણાતોએ હજુ કોરોનાનાં ત્રીજો ઘાતકી ફેસ આવવાની સંભાવના વ્યકત કરી છે ત્યારે આપણે હાલની કોરોનાની ચેઈનને તોડવી ખૂબ આવશ્યક છે. કોરોનાની બીજી લહેરને અટકાવીએ ને કોરોનાના ત્રીજા ફેસને અટકાવવાના પ્રયાસો કરીએ. દરેક વોર્ડ અને દરેક ગામ કોરોનાથી મુકત કરવા માટે રાજય સરકાર તમામ પ્રયાસો કરી રહી છે ત્યારે આપણે સૌ સાથે મળીને કોરોનાના સંક્રમણને કાબુમાં લાવીએ, નેસ્તનાબુદ કરીએ.

મંત્રી શ્રી જયેશભાઇ રાદડિયાએ નગર પાલિકાઓ વિસ્તારની કોરોનાની પરિસ્થિતિ પણ દરેક નગરપાલિકાના ચીફ ઓફિસરો પાસે તથા પ્રાદેશિક નગરપાલિકા કમિશનર શ્રી સ્તુતિ ચારણ પાસે જાણી હતી. તેમજ ચોમાસુ નજીક હોઇ પ્રિ-મોનસુનની કામગીરી ઝડપથી કરવા સુચના આપી હતી.

તેમજ જામનગર શહેરના ટાઉનહોલ ખાતે કૃષિ મંત્રી શ્રી

આર.સી.ફળદુના અધ્યક્ષ સ્થાને તથા અન્ન નાગરિક પુરવઠા રાજ્યમંત્રી શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા તથા સાંસદ શ્રી પૂનમબેન માડમની પ્રેરક ઉપસ્થિતિમાં મારો વોર્ડ-કોરોના મુક્ત વોર્ડ અભિયાનનો જિલ્લા વ્યાપી પ્રારંભ કરાયો હતો.

## વડોદરા

શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ વડોદરામાં મારો વોર્ડ કોરોનામુક્ત વોર્ડ અંતર્ગત નર્મદા વિકાસ રાજ્ય મંત્રી શ્રી યોગેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં જિલ્લાના પદાધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓ સાથે વડોદરા શહેર જિલ્લામાં કોરોના સંક્રમણને અટકાવવા થયેલ કામગીરીની ઉચ્ચ સ્તરીય સમીક્ષા કરી હતી. કોરોનાની બીજી લહેરમાં રાજ્ય સરકારના સંકલિત અને સર્વગ્રાહી પ્રયાસોથી રાજ્યમાં કોરાના કેસોમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. કોરોનાની સંભવતઃ ત્રીજી લહેરનો અસરકારક રીતે સામનો કરવા માટે જરૂરી તમામ પગલાં લેવામાં આવ્યા છે. શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે મારું ગામ કોરોનામુક્ત ગામ અભિયાનના સફળ પ્રયોગ બાદ આજથી રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં મારો વોર્ડ કોરોનામુક્ત વોર્ડ અભિયાનની શરૂઆત થઈ છે.

## મહેસાણા

રાજ્યમાં કોરોના સંક્રમણ અટકાવી રીકવરી રેટ વધારી શકાય તે માટે સરકાર દ્વારા શરૂ કરેલું મારૂ ગામ કોરોના મુક્ત ગામ અભિયાનને જનસહયોગ થકી બહોળો પ્રતિસાદ મળ્યો છે . ગામની જેમ શહેરી વિસ્તારોમાં “મારો વોર્ડ કોરોનામુક્ત વોર્ડ” અભિયાનની આગેવાની મહેસાણા જિલ્લો લે તેવી આશા શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કડી ખાતે યોજાયેલ બેઠકમાં વ્યક્ત કરી હતી.

## બનાસકાંઠા

મારો વોર્ડ કોરોનામુક્ત વોર્ડ અભિયાન અંતર્ગત શ્રમ અને રોજગાર તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગના મંત્રી શ્રી દિલીપકુમાર ઠાકોરના અધ્યસ્થાને બનાસકાંઠા જિલ્લાના પાલનપુર અને ડીસા શહેરમાં કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું કે, કોરોનાનું સંક્રમણ અટકાવવા કયા કયા પગલાં લઇ શકાય તેની વિસ્તૃત ચર્ચા-વિચારણા બાદ સમગ્ર રાજ્યમાં ગ્રામ્ય વિસ્તારમાં મારું ગામ કોરોના મુક્ત ગામ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું. આ અભિયાન હેઠળ રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં કોવિડ કેર સેન્ટરો શરૂ કરી કોરોના સંક્રમિત લોકોને પોતાના ગામમાં જ હોમ આઇસોલેશન અને કોરોનાની સારવાર મળી રહે તેની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે.

## દાહોદ

રાજયકક્ષાના મંત્રી શ્રી બચુભાઇ ખાબડે ‘મારો વોર્ડ કોરોનામુક્ત અભિયાન’ અર્તગત ઝાલોદ તેમજ દાહોદ ખાતેના





કોવિડ સેન્ટરની મુલાકાત લીધી હતી. અહીંના કોવિડ સેન્ટરની રૂબરૂ મુલાકાત લઇ વ્યવસ્થા તેમજ દર્દીઓની મળતી સુવિધાઓની જાતતપાસ કરી હતી. તેમણે આ મુલાકાત દરમિયાન જનપ્રતિનિધિઓ પોતાના વોર્ડને કોરોનામુક્ત કરવા સઘન અભિયાન આદરે તેમ જણાવ્યું હતું. મંત્રી શ્રી ખાબડે જણાવ્યું હતું કે, જિલ્લાના તમામ નગરોના વોર્ડને કોરોનામુક્ત વોર્ડ બનાવવા સૌ જનપ્રતિનિધિઓએ લોકભાગીદારી થકી આ અભિયાનને સફળ બનાવવાનું છે.

## પંચમહાલ

કૃષિ, પંચાયત અને પર્યાવરણ રાજ્યમંત્રી શ્રી જયદ્રથસિંહ પરમારે ‘મારૂ ગામ કોરોના મુક્ત ગામ’ અને ‘મારો વોર્ડ કોરોનામુક્ત વોર્ડ’ અભિયાન અંતર્ગત જિલ્લામાં હાથ ધરાયેલ કામગીરીની સમીક્ષા હાથ ધરી ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. ગોધરાના સર્કિટ હાઉસ ખાતે યોજાયેલ આ સમીક્ષા બેઠકમાં કામગીરીની વિગતો મેળવતા રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે કોરોના સંક્રમણની સ્થિતિમાં પોતાના પરિવારને અને આસપાસ લોકોને ચેપથી બચાવવા માટે આઈસોલેટ થવું અતિ અગત્યનું છે ત્યારે ગ્રામ્ય વિસ્તારના લોકો આ બાબત સમજે અને આઈસોલેટ થવાની સુવિધા ન ધરાવતા લોકો માટે ગામે-ગામ શરૂ કરાયેલ કોવિડ કેર સેન્ટરનો મહતમ ઉપયોગ કરે, તે અંગે જાગરૂક બને તે અતિ જરૂરી છે. તેથી સ્થાનિક-સામાજિક અગ્રણીઓનો સહયોગ મેળવી તલાટીશ્રી-આશાવર્કર સહિતના ગ્રામ્ય સ્તરે કામગીરી કરતા કર્મચારીઓ-અધિકારીઓ આ અંગે અસરકારક કામગીરી કરે તે અંગે મંત્રીશ્રીએ સૂચના-માર્ગદર્શન આપ્યા હતા. ●

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા

# શિક્ષણનો સેવા યજ્ઞ

દેવાંગ મેવાડા



ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી રાજ્યની એકમાત્ર ઓપન યુનિવર્સિટી છે. ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરજીના નામથી વિભૂષિત આ યુનિવર્સિટીના દરેક નિર્ણયોમાં કે નીતિ વિષયક બાબતોમાં ઉચ્ચ શિક્ષણથી વંચિત કે સમાજના છેવાડાના સમુદાયને સામાજિક ન્યાય, સદભાવ અને સમરસતાના સમ્યક્, સમાનતાલક્ષી અભિગમથી શક્યતમ્ સગવડો ઉપલબ્ધ કરાવવા માટે કટિબદ્ધ રહેવું એ સૌનું સહિયારું દાયિત્વ છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી સૌને માટે શિક્ષણની સમાન તક પૂરી પાડવાના બંધારણીય હેતુ પ્રત્યે કટિબદ્ધ છે.

કોરોના મહામારીના કપરા કાળમાં કેન્દ્ર અને રાજય સ્તરે લેવાયેલા પ્રજાલક્ષી નિર્ણયોથી પ્રેરિત થઈને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીએ શૈક્ષણિક સુવિધા ઉપલબ્ધ કરાવવાના પોતાના અનેકવિધ ઉપક્રમોમાં એક નવો ઉમેરો કર્યો. યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયના નેતૃત્વમાં સર્વોચ્ચ સત્તામંડળ – બોર્ડ મેમ્બર્સના સહચિંતનના પરિણામ સ્વરૂપે એવો નિર્ણય લેવામાં આવ્યો કે કોરોના કાળમાં જે સંતાનોએ પોતાના માતા-પિતા ગુમાવ્યા હોય કે ઘરનું ગુજરાન ચલાવનાર પિતા – પતિ કે પુત્રની જાનહાની વેઠવી પડી હોય તેવી માતા – પત્ની કે દીકરીને નિઃશુલ્ક ઉચ્ચશિક્ષણની સુવિધા પૂરી પાડવી. આ નિર્ણય દ્વારા સમાજના દરેક સ્તરમાં કોરોનાગ્રસ્ત કે કોરોનાપીડિત પરિવારોને સાંત્વના મળશે. અસરગ્રસ્ત પરિવારની મુશ્કેલી ઘટાડી તેમને સન્માનપૂર્વક યુનિવર્સિટીના વિશાળ વિદ્યાર્થી સમુદાયમાં કે વિદ્યા પરિવારમાં સામેલ કરવાનો આ નમ્ર પ્રયાસ છે. આર્થિક સંકડામણ વેઠી રહેલ વ્યક્તિને ઉચ્ચશિક્ષણની તક દ્વારા જીવનના મુખ્ય પ્રવાહમાં સામેલ કરીને, જીવનને વિશે નવો ધ્યેય પૂરો પાડવાનો આ નિર્ણય શિક્ષણ પ્રત્યેની નિષ્ઠા અને જવાબદારીને ધ્યાને લઈ વ્યાપક આવકાર પામ્યો છે એ બાબત સમગ્ર યુનિવર્સિટી પરિવાર જવાબદારીના અહેસાસ સાથે આ નિર્ણયના મૂળ હેતુને પાર પાડવા મક્કમ છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરજીના જીવન – ઉદ્દેશ અને ધ્યાનમંત્રને સિદ્ધ કરવા, સામાજિક તથા શૈક્ષણિક પ્રતિબદ્ધતા સાથે પ્રદાન દ્વારા સતત નવોન્મેષ સાથે સક્રિય રહેવાના સંકલ્પને ચરિતાર્થ કરીએ. સામાજિક પ્રતિબદ્ધતાના વિચારને અમલમાં મૂકવા માટે ચિંતનશીલ સક્રિયતા અનિવાર્ય છે. રાજ્ય સરકાર પ્રોત્સાહક અભિગમથી શિક્ષણને વિશે કટિબદ્ધ છે. નવી શિક્ષણ નીતિના અમલીકરણ માટે ટાસ્કફોર્સની રચના સહિત આપણે તૈયારી કરી રહ્યા છીએ. સર્વાંગી ઉપક્રમમાં છેવાડાનો માણસ ભૂલાય નહિ કે હાંસિયામાં ધકેલાઈ ના જાય તેની આપણે તકેદારી રાખવાની છે.

સંવેદનશીલ સરકારના નિર્ણાયક નેતૃત્વથી પ્રેરિત થઈ સમાજના છેવાડાના માણસ કે વંચિત સમુદાય માટે ઉચ્ચ શિક્ષણને સુલભ બનાવવાના એકાધિક પ્રકલ્પો દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી કામગીરી કરી રહેલ છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના પરિસરમાં અત્રિ લર્નર સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે. આ સેન્ટર દ્વારા ટ્રાન્સ જેન્ડર સમુદાયના લોકો, દિવ્યાંગ સમૂહના માનવમિત્રો કે ભિક્ષુગૃહોમાં ઉચ્ચ શિક્ષણ મેળવવા ઈચ્છતી વ્યક્તિ માટે શિક્ષણની સુવિધા સંભવ કરવાનું કામ જવાબદારીપૂર્વક કરવામાં આવે છે. યુનિવર્સિટી દ્વારા વંચિતોને સન્માનપૂર્વક આવકારવામાં આવે છે. ઉચ્ચશિક્ષણ સૌને માટે સુલભ બને તેવો વિનમ્ર આશય ફળિભૂત થઈ રહ્યો છે. સમાજના મુખ્ય પ્રવાહથી વંચિત આ પ્રકારના અનેક લોકો ઉપરાંત જેલના કેદીઓ અને વીર શહીદોની વિધવા માટે પણ નિઃશુલ્ક શિક્ષણના દ્વાર ખુલ્લા છે. રાજ્યના ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે ૨૫ વર્ષની સાર્થક વિદ્યાયાત્રા પસાર કરી ચૂકેલ આ યુનિવર્સિટી દૂરવર્તી શિક્ષણના માધ્યમથી સ્થળ, સમયની અનુકૂળતા સાથે શિક્ષણ સૌને દ્વાર પહોંચાડવા માટે કૃતસંકલ્પ છે. રાજ્ય સરકાર દ્વારા પ્રજાલક્ષી, વિદ્યાર્થીલક્ષી અનેકવિધ યોજનાઓ પૂરી પાડવામાં આવે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી રાજ્ય સરકાર દ્વારા ઘોષિત સહાય યોજનાઓના મૂળ ધ્યેયને સાર્થક પરિણામ આપવા માટે તેના લાભાર્થી સુધી યોજનાઓ પહોંચે તે માટે પ્રયત્નશીલ રહે છે. રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ સાથે સંકલન સાધી પરિણામલક્ષી કામગીરી માટે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી હંમેશા સક્રિય છે. ●

# રાજકોટમાં '૭ લેયર' માસ્કનું માસ પ્રોડક્શન

રાજકુમાર

એકે હજારા ગુજરાતી મુશ્કેલીના સમયમાં પણ રસ્તો કાઢી અન્યોને પણ સફળ બનવાની પ્રેરણા પૂરી પાડે છે. આવું જ એક ઉદાહરણ પૂરું પાડે છે રાજકોટની મેટોડા જી.આઈ.ડી.સી.માં લાડેક્સ અપિરિયલ નામે ગારમેન્ટ ફેક્ટરી ધરાવતા યુવા ઉદ્યોગસાહસિક ભાવેશભાઈ બુસા. આફતને અવસરમાં પલટાવવાની ગુજરાતીઓની આગવી ખૂબી મુજબ ગત વર્ષે કોરોના આવતા સ્પોર્ટ્સ વેર બનાવતી કંપનીને ઓર્ડર મળતા બંધ થયા. આ સમય દરમિયાન રાજકોટ કલેકટર શ્રી રેમ્યા મોહને ઉદ્યોગપતિઓને વેન્ટિલેટર, પી.પી.ઈ કીટ તેમજ માસ્કનું ઉત્પાદન કરવા પ્રેરણા પૂરી પાડી હતી.

ભાવેશભાઈએ પણ માસ્ક ઉત્પાદન કરવાનું નક્કી કર્યું. બજારમાં તે સમયે એન-૯૫ માસ્કની માંગ હતી. પણ તે મોંઘા હોવાથી દરેકને ન પોસાય તે સ્વાભાવિક છે. આથી ભાવેશભાઈએ નક્કી કર્યું કે સૌને પરવડે તેવા ભાવે ચીલા-ચાલુ નહિ પરંતુ ગુણવત્તાસભર અને કંઈક અલગ આપવું. બજારમાં મળતા એન-૯૫ માસ્કની સામે વધુ ટકાઉ અને સુરક્ષિત માસ્ક બને તે માટે ભાવેશભાઈ અને તેની ટીમે ડબલ ફીલ્ટર્ડ, સેવન લેયર માસ્કની ડિઝાઈન તૈયાર કરી. જેમાં બેક્ટેરિયા ફીલ્ટર્ડ મટીરીયલ તરીકે મેલ્ટ બ્લોન અને સ્પિન બાઉન્ડેડ લેયર ફાઈવ ઈન વન મટીરીયલ જે માત્ર સમગ્ર ભારતમાં બે જ કંપની બનાવે છે. તેમાંથી જિન્દાલ કંપનીનું સ્ટાન્ડર્ડ મટીરીયલમાંથી માસ્ક બનાવવાનું નક્કી કર્યું. ઉપરાંત ટ્રિપલ પ્રોટેક્શન માટે આગળ પોલિયેસ્ટર ફેબ્રિક અને અંદર તરફ કોટન લેયર જોડી તેને સેવન લેયરનું બનાવી 'પાઈટેક્સ' બ્રાન્ડ સાથે માસ્કના માસ પ્રોડક્શનનો યજ્ઞ પ્રારંભ કરાયો.





કંપની પાસે અત્યાધુનિક ઓટોમેટેડ કટિંગ મશીન સહીત ૫૫ જેટલા જાપાની સિલાઈ મશીન પહેલેથી જ ઉપલબ્ધ હતાં પરંતુ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને મટીરીયલ્સ માટે વધુ મૂડીની જરૂર હોઈ તેઓને લોન લેવાની ફરજ પડી. જેમાં સાથ મળ્યો જિલ્લા ઉદ્યોગ કેન્દ્રનો. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા તેઓને ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ હેઠળ એમ.એસ.એમ.ઈ ઉદ્યોગને લોન ઉપરાંત કેપિટલ અને ઈન્ટરેસ્ટમાં સબસિડી પણ પૂરી પાડવામાં આવે છે. જે ધોરણો મુજબ કંપનીને રૂ. ૬૦ લાખની લોન સામે રાજ્ય સરકાર દ્વારા ઔદ્યોગિક નીતિ હેઠળ રૂ.૧૦.૫૪ લાખની કેપિટલ સબસિડી તેમજ ૫.૨૩ લાખની ઇન્ટરેસ્ટ સબસિડી રાહત રૂપે પુરી પડાઈ છે.

સિલાઈ કામમાં ચોકસાઈ અને ખંતથી મહિલાઓની હથરોટી હોઇ ભાવેશભાઈએ આ કામ માટે પણ મહિલા કારીગર પર ભાર મૂકી ફેક્ટરીમાં કામ કરતી અને અન્ય મળી ૩૦ જેટલી મહિલાઓની ટીમ બનાવી દરેકને અલગ અલગ ટાસ્ક સોંપવામાં આવ્યું. માસ્કની પ્રોસેસમાં મટીરીયલનું લેયિંગ, ડ્રોઈંગ, કટિંગ, સિલાઈ, બોર્ડર અલગ મટીરીયલ્સમાંથી બનાવવી, તેમાં ઈઅર રબર લગાડવા, લોગો ચોટાડવા, માસ્ક ટેસ્ટિંગ અને પેકીંગ સહિતની કામગીરી આ મહિલા દ્વારા કરવામાં આવે છે.

ટૂંકા ગાળામાં આઈ.એસ.ઓ. સ્ટાન્ડર્ડ સાથે માસ્કની ચોક્કસ ગુણવત્તા જાળવી રાખતા પાઈટેક્સ માસ્કની ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં ડિમાન્ડ ઉભી થઈ. રોજના ૩૫૦૦ જેટલા માસ્કનું ઉત્પાદન હાલ કંપની દ્વારા કરવામાં આવે છે. માત્ર એટલું જ નહીં સાત સમન્દર પાર અમેરિકા, ઓસ્ટ્રેલિયા તેમજ લંડન ખાતે પણ તેમના માસ્કની ડીમાન્ડ થાય છે. જાણીતી કંપનીઓ દ્વારા તેમના લોગો સાથેના માસ્કની મોટા પાયે ડિમાન્ડને કંપની દ્વારા વિશેષ ધ્યાન આપી તેઓની માંગ મુજબના માસ્ક પુરા પાડવામાં આવે છે.

હાલ સિંગલ યુઝ માસ્કની પણ તેટલી જ ડિમાન્ડ છે જે થ્રિ લેયર માસ્ક તરીકે ઓળખાય છે. જેમાં એડિસન કરી આજ મટીરીયલ સાથે કંપની દ્વારા સિંગલ યુઝ ફોર લેયર માસ્ક અને તે પણ કિફાયતી ભાવે માર્કેટમાં મૂકવા પ્રોસેસ ચાલી રહી છે. આ ઉપરાંત બાળકો માટે વિવિધ સાઈઝ અને કલરના માસ્ક માર્કેટમાં મુકવામાં આવ્યા છે. માસ્કના માસ પ્રોડક્શન માટે પ્રોડક્શન મેનેજર ધર્મેન્દ્ર સુદાણી તેમજ માર્કેટિંગ હેડ આશિષભાઇ બુસાનો અનુભવ મદદરૂપ બની રહ્યો છે. ●

## "માનવસેવા ટ્રસ્ટ"ની માનવ સેવા

# ભૂખ્યાંને ભોજન દર્દીઓને દવા-સારવાર





✎ **હિમાંશુ ઉપાધ્યાય**

અમદાવાદ જિલ્લાના સાણંદનું માનવ સેવા ટ્રસ્ટ આરોગ્યસેવા, શૈક્ષણિક પ્રવૃત્તિ, બાળકોને પોષણયુક્ત આહાર ઉપરાંત પર્યાવરણ માટે કાર્યરત છે. આ સંસ્થાએ સાણંદ આસપાસ સેવાનો અનોખો યજ્ઞ ઉપાડ્યો છે. સંસ્થા દ્વારા સાણંદ આસપાસના વિસ્તારમાં વસતા વાદી અને જરૂરિયાતમંદ પરિવારોને રાશનકિટ ઉપરાંત કોરોના દર્દીઓના દવા-સારવારની સાથે દર્દીઓના સગાઓને ભોજન પૂરું પાડવાની અનુકરણીય પ્રવૃત્તિ આદરી છે.

આમ તો આ સંસ્થા નળસરોવર આસપાસના વિસ્તારમાં સગર્ભા માતાઓને આરોગ્ય સુવિધા, મચ્છરદાની વિતરણ, શાળાનાં બાળકોને મફત ચશ્માં, બાળકોને પોષણયુક્ત આહાર, દીકરી જન્મ વખતે ગામમાં ફટાકડા ફોડી દીકરીઓને વધાવવી, વૃક્ષારોપણ, નળસરોવર વિસ્તારમાંથી પ્લાસ્ટિકનો કચરો એકઠો કરવો, પક્ષીઓના શિકાર અટકાવવા ગુલાબ આપીને ગાંધીગીરી કરવી જેવી પ્રવૃત્તિઓ કરે છે.

આ સંસ્થાએ તાજેતરમાં સાણંદ સહિત રાજ્યના અન્ય જિલ્લાઓમાં હોસ્પિટલોમાં દાખલ કરાયેલા કોવિડ પોઝિટિવ દર્દીઓના સગાઓને પણ વિનામૂલ્યે ભોજન પૂરું પાડીને સેવાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. હાલ પણ સાણંદ સ્થિત 'અક્ષયપાત્ર' સંસ્થાના સહયોગથી સ્થાનિક હોસ્પિટલમાં દાખલ થયેલા દર્દીઓના સગા અને અન્ય જરૂરિયાતમંદ હોય તેવા ૧૫૦થી વધુ લોકોને અને ૫૫૦ જેટલા ગરીબ-જરૂરિયાતમંદ છેલ્લા ૭ માસથી ભોજન પૂરું પાડે છે.

'માનવસેવા' ટ્રસ્ટના શ્રી મનુભાઈ બારોટ કહે છે કે, સાણંદ આસપાસના શ્રમજીવી- વાદી પરિવારોને અમારું ટ્રસ્ટ રાશન કિટ પૂરી પાડે છે. છેકછેવાડા સુધી જરૂરિયાતમંદ પરિવારોના ઘર સુધી પહોંચાડવાની પરિણામલક્ષી કામગીરી અમે કરી રહ્યા છીએ... આ અભિયાનમાં 'ફોર્ડ' કંપનીનો પણ આર્થિક સહયોગ મળે છે. કંપની તેની 'કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબીલિટી'ના ભાગ રૂપે આ વિસ્તારમાં શૈક્ષણિક પ્રવૃત્તિ પણ કરે છે એમ તેમણે ઉમેર્યું હતું.

ગુજરાતમાં આ અક્ષયપાત્ર સંસ્થાએ કલોલ, ભૂજ, ભાવનગર, વડોદરા તથા સુરત ખાતે રસોઈઘર કાર્યરત કરીને દૈનિક સાડા ચાર લાખ જેટલા બાળકોને ભોજન પૂરું પાડી રહી છે. હાલ સમગ્ર વિશ્વ જ્યારે કોવિડ-19 મહામારીનો સામનો કરી રહ્યું છે ત્યારે સમાજનો બહોળો વર્ગ મુશ્કેલ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે... કોવિડ-19ને નાથવાના ભાગરૂપે લાદવામાં આવેલ લોકડાઉન અને ત્યારબાદ નિર્માણ થયેલ પરિસ્થિતિઓ આર્થિક રીતે નબળા લોકોને બે ટંકનું ભોજન મેળવવા પણ મુશ્કેલી પડી રહી છે ત્યારે અમારી સંસ્થા 'અક્ષયપાત્ર ફાઉન્ડેશન'ની મદદથી લોકડાઉન શરૂ થયાની દિવસથી જરૂરિયાતમંદોને ભોજન તૈયાર તથા કાચી રાશન સામગ્રી પૂરી પાડીને તેમને મદદરૂપ થાય છે. ●



# માસ્કથી રક્ષા કોરોનાથી સુરક્ષા



**માસ્ક કોરોનાથી બચવા માટેનું એક સશક્ત શસ્ત્ર છે, તેથી માસ્ક પહેરીને જ બહાર નીકળવું.**




સર્જીકલ માસ્ક ફક્ત એક વખત જ ઉપયોગમાં લઈ શકાય, પણ કપડાનું માસ્ક ધોઈને ફરીવાર ઉપયોગમાં લઈ શકાય.



# કોરોના તારી ખેર નથી...
# મહેસાણામાં રસીકરણ માટે જનજાગૃત્તિ




R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10, LPWP No. WPP PMG/HQ/061/2021-23 Valid upto 31/12/2023 • Licensed to Post without Prepayment At Post : MBC, Gandhinagar/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M., Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50. **72 + 4 Cover = Total 76 Pages** • **Editor and Published by** Ashok Kalariya (Director of Information) on behalf of Directorate of Information, Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad & Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**
માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦